

# ગુજરાતનાં લોકનૃત્યો






**પ્રકાશક :** માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**સંશોધન - સંકલન - સંપાદન :** મેઘના ખારોડ

**મુદ્રક :** સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

**વર્ષ :** ૨૦૨૦-૨૧

લેખકના અનુભવ અને સંશોધનના આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે તેમાં વ્યક્ત થયેલા વિચારો કે મંતવ્યો સાથે રાજ્ય સરકાર સંમત જ છે એમ માનવું નહીં.

सत्यमेव जयते



## સંદેશ

ગરવી ગુજરાતની ધરતી એટલે કલા, સંસ્કૃતિ અને સંસ્કારનો અખૂટ ખજાનો. લોકજીવનના ઉર્મિધબકાર જે તે પ્રાંતના લોકનૃત્યોમાં ઝીલાતા જોવા મળે છે.

નૃત્ય એ અભિવ્યક્તિનું એક એવું માધ્યમ છે, જેમાં ભાષા કરતાં ભાવનું વધુ મહત્ત્વ રહેલું છે. ધાર્મિક, સામાજિક પ્રસંગો તથા પર્વો અને મેળાઓમાં નૃત્યોનું આગવું સ્થાન રહ્યું છે. દરેક નૃત્યસ્વરૂપની તેની આગવી ઓળખ હોય છે. શબ્દ, લય અને સંગીતમાં વિવિધ પ્રાંતની સોડમ મહેકતી હોય છે. શાસ્ત્રીય અને લોકનૃત્યોનાં વિવિધ સ્વરૂપો છે. આપણા ગુજરાતનાં લોકનૃત્ય, દાંડિયા રાસ અને આદિવાસી નૃત્યો સમગ્ર વિશ્વમાં લોકપ્રિય છે. શક્તિની ઉપાસના તરીકે અથવા શૌર્યની અભિવ્યક્તિ સ્વરૂપે, પ્રેમ-પીડા, હાસ્ય-રૂદન જેવા તમામ ભાવોની ઝલક આપણાં લોકનૃત્યોમાં જોવા મળે છે.

ગોફગૂંથન, મેર નૃત્યો સહિતનાં વિવિધ લોકનૃત્યોની વિશેષ માહિતી સાથેની પુસ્તિકા ‘ગુજરાતનાં લોકનૃત્યો’ના પ્રકાશન માટે ગુજરાત રાજ્ય માહિતી ખાતાને અભિનંદન. આ પુસ્તક કલારસિકોને તથા ઉત્સવપ્રેમીઓને ઉપયોગી થઈ પડશે તેવો મને વિશ્વાસ છે.

**(વિજયભાઈ રૂપાણી)**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



सत्यमेव जयते

## સંદેશ

લોકનૃત્યો એ માનવીમાં પરમ આનંદ અનુભૂતિ છે. ગુજરાતની વૈવિધ્યસભર સંસ્કૃતિમાં સૌરાષ્ટ્ર, કચ્છ, ઘેડ-નળકાંઠા, ભાલ તેમજ આદિજાતિ વિસ્તારોમાં ભોજન, વસ્ત્ર-પરિધાન, ભાષા, ધર્મ, નૃત્ય અને ગીતોમાં વિવિધતાઓની વિશિષ્ટતા સરળતાથી જોવા મળે છે. આથી જ ગુજરાત રાજ્ય આધુનિકતા સાથે પોતાની આગવી ભાતીગળ સંસ્કૃતિને જાળવી રાખવામાં સફળ થયું છે.

નૃત્ય એ તન-મનને એકાકાર કરતો સંગીતમય માર્ગ છે. લોકનૃત્યો સમૂહમાં એકસાથે સ્થાનિક વાદ્યોના તાલે અને લોકગીતોના લય સાથે ઝૂમતા કરી દેનારો અનેરો અવસર છે. લોકનૃત્યોના માધ્યમથી ચોક્કસ વિસ્તારના લોકોની જીવનશૈલીને નજીકથી જાણવાનો અને માણવાનો અવસર મળે છે. ગુજરાત રાજ્યમાં સ્થાનિક લોકોના રસરુચિ પ્રમાણે ગરબા, રાસ, હુડો, ટીપ્પણી તેમજ તલવાર નૃત્ય જેવા જુદા-જુદા પ્રકારો ખેલૈયાઓ માટે તેમજ તેમને નિહાળતા લોકો માટે જીવનભરની આનંદમય ક્ષણો બની જતી હોય છે.

રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા ગુજરાતભરમાં ખેલાતા લોકનૃત્યો વિષે જાણકારી આપતું માહિતીવર્ધક પુસ્તક ''ગુજરાતનાં લોકનૃત્યો'' પ્રકાશિત કરવામાં આવ્યું છે. ગુજરાતનાં લોકનૃત્યો વિષે રસ દર્શાવતા રસિકજનો તેમજ વાચકો માટે આ પુસ્તક મદદરૂપ થાય તેવી શુભેચ્છા પાઠવું છું. પુસ્તિકાના પ્રગટીકરણ પ્રસંગે પ્રકાશનમાં સહાયક થનારા તમામને અભિનંદન સહ પુસ્તકની સાર્થકતા માટે શુભ કામના.

**(ઈશ્વરસિંહ પટેલ)**
રાજ્યકક્ષાના મંત્રી,
રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

सत्यमेव जयते




## સંદેશ

ગુજરાતના લોકનૃત્ય તરીકે 'રાસ-ગરબા'ની પ્રસિદ્ધિ દુનિયાભરમાં પહોંચી આજે ગુજરાતની આગવી ઓળખ સમા બની ગયાં છે, ગુજરાતની લોકસંસ્કૃતિમાં અને લોકસાહિત્યમાં રાસ-ગરબા સિવાય હુડો, ટિપ્પણી, ગોફ ગૂંથન જોવા અનેક પ્રકારના નૃત્યો પણ લોકનૃત્યો તરીકેનું માનવંતું સ્થાન ધરાવે છે. સમાજના લોકો  વિવિધ નૃત્યો વડે આનંદને વ્યક્ત કરી લોકનૃત્યોના વારસાને સમૃદ્ધ બનાવે છે.

ગુજરાતની સાંસ્કૃતિક લોકકલાના વારસારૂપ લોકનૃત્યો, લોક ઉત્સવો ધાર્મિક પરંપરાઓ સાથે પ્રાચીન કાળથી જ જોડાયેલા છે. દરેક ઋતુ, તહેવાર, પ્રસંગ અને રિવાજના અલગ-અલગ નૃત્યો પ્રચલિત છે. લોકહૈયાં આનંદ વિભોર બનીને નાચે છે ત્યારે જીવનનો થાક ખંખેરી હળવાફુલ બની જતા હોય છે. લોકનૃત્યોનો સંબંધ સામાજિક ઉત્સવ સાથે જેટલો સંકળાયેલો છે તેટલો જ ધાર્મિક પરંપરા સાથે પણ જોડાયેલો છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, ભાલ-નળકાંઠા, વઢિયાર અને કાઠિયાવાડ જેવા વિસ્તારોની ભૌગોલિક તેમજ સામાજિક પરિસ્થિતિઓનું નિરૂપણ આ લોકનૃત્યોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. કોઈપણ સમાજના લોકનૃત્યો પર જીણવટપૂર્વક નજર કરતા તેમાં તેમની રોજીંદી ક્રિયાઓ તેમજ સ્થાનિક ઉત્સવોની વિશિષ્ટતાને ઊંડાણપૂર્વક સમજી શકાય છે.

અનેક સમાજની ભિન્ન-ભિન્ન આંગિક અને લયની અભિવ્યક્તિઓના કારણે ગુજરાતનો લોક-સાંસ્કૃતિક વારસો બેજોડ રહ્યો છે. ગુજરાતના ભીલોના, સીદી સમાજના, માલધારીઓના, ખેડૂતોના તમામના ખાસ દિવસોએ કરવામાં આવતા વિવિધ નૃત્યો આપણા ગુજરાતનાં લોકનૃત્યોના વારસાને અન્યથી વિશેષ બનાવે છે. આવા વિશિષ્ટ લોકનૃત્યો વિશેની રસપ્રદ માહિતીને 'ગુજરાતનાં લોકનૃત્યો' પુસ્તિકા સ્વરૂપે રસિકજનો સમક્ષ પ્રગટ કરવાના પ્રયાસને વધાવું છું. આ પુસ્તિકા વધુને વધુ લોકો સુધી પહોંચી સાર્થક અને લોકપ્રિય બની રહે તેવી શુભેચ્છા સહ...

**અશ્વિનીકુમાર,** આઈ. એ. એસ.
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ



## પ્રકાશકીય...

પ્રત્યેક પ્રજાને પોતીકિ ભૂગોળ, ઇતિહાસ અને સંસ્કૃતિ હોય છે. જે તે પ્રજા કે પ્રાંતને અનુરૂપ આ સંસ્કૃતિ સમાયેલી અને સચવાયેલી હોય છે તેના લોકસંગીતમાં, લોકસાહિત્યમાં અને લોકનૃત્યોમાં !

લોકનૃત્યો પ્રતિબિંબ છે લોકજીવનનું. લોકનૃત્યોની સંગાથે વ્યક્ત થતાં નર્તન, ગાયન, વાદનમાં વહે છે સાંપ્રત લોકજીવનની વૈવિધ્યપૂર્ણ ઘટનાઓ. લોકજીવનના જન્મથી મરણ સુધીના પ્રસંગો, રીતરિવાજ, પરંપરાઓ, સુખ અને દુઃખની લાગણીઓ, હતાશા અને ઉત્સવનો માહોલ લોકનૃત્યોમાં ઝીલાય છે.

એક સમયે આનર્ત સહિતના કેટલાયે નામોથી ઓળખાયેલું ગુજરાત પ્રાચીન ભૂમિ છે. અહીંની ભૂમિના માટીગત સંસ્કારોમાં કલા અભિવ્યક્તિના વિવિધ આયામો અદ્‌ભુત રીતે સચવાયા છે. ગુજરાતનાં વૈવિધ્યસભર ભૌગોલિક વિસ્તારો જેવા કે સમુદ્ર તટ, રણ વિસ્તાર, પર્વતીય તથા જંગલોની વિશેષતાઓ તેનાં લોકજીવન, લોકજાતિ, લોકકલા અને એના લોકનૃત્યોમાં છલકે છે.

આ પુસ્તકમાં ‘લોક’ શબ્દની ઉત્પત્તિ, લોકકલા, ગુજરાતનાં વૈવિધ્યસભર લોકનૃત્યો, તેની સાથે જોડાયેલી કથાઓ અને ઈતિહાસ, લોકનૃત્યોમાં ધબકતાં સાહિત્ય અને સંગીત દ્વારા નિરૂપાયેલું સમાજજીવન વાચકને રસ પડે તે રીતે વણી લેવાયાં છે. પુસ્તકના સંપાદકે આ પુસ્તક તૈયાર કરવા માટે ગુજરાતનાં લોકનૃત્યો વિષય પરના અભ્યાસુ અને અનુભવી લેખકોના આધારભૂત પુસ્તકો અને લેખોનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો છે. આ પુસ્તક ગુજરાતનાં લોકનૃત્યો અને તેને સંબંધિત બાબતોને સાંકળતો માહિતીપૂર્ણ દસ્તાવેજ બની રહેશે.

અશોક કાલરીયા

**(અશોક કાલરીયા)**

માહિતી નિયામક

## સંપાદકીય...

સમગ્ર ભારતવર્ષમાં અદ્વિતીય ભૌગોલિક વૈવિધ્ય ધરાવતું આપણું ગુજરાત તેના સાંસ્કૃતિક કલા વૈભવ અને વૈવિધ્ય માટે પણ એટલું જ ગૌરવ લઇ શકે તેમ છે. દેશનાં અન્ય રાજ્યોની માફક ગુજરાત પાસે ભલે પોતાની કોઇ આગવી શાસ્ત્રીય નૃત્યશૈલી નથી, પરંતુ આપણાં લોકનૃત્યો આપણને વિશ્વ સમક્ષ ગૌરવભેર ઉન્નત મસ્તકે ઊભા રાખી શકે તેટલાં સક્ષમ છે.

રાસેશ્વર શ્રી કૃષ્ણ જેટલી જૂની રાસપરંપરા અને એવાં જ બીજાં લોકનૃત્યોને ગુજરાતનાં જનજીવનમાં જેટલું મહત્ત્વપૂર્ણ સ્થાન મળ્યું છે તેટલું મહત્ત્વ કદાચ કોઇ પ્રદેશમાં તેનાં લોકનૃત્યોને નથી મળ્યું. ગુજરાતની શેરીઓમાંથી નીકળીને જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે તેવા દુનિયાના દરેક દેશ સુધી પહોંચેલો વિશ્વનો સહુથી લાંબો નૃત્ય મહોત્સવ (The Longest Dance Festival) નવરાત્રી તેનું ઉદાહરણ છે.

'ગુજરાતનાં લોકનૃત્યો' જેવા વ્યાપક વિષયને આદિનૃત્યો, આદિવાસી નૃત્યો, સૌરાષ્ટ્ર અને કચ્છનાં લોકનૃત્યો, રાસ - રાસડા, ગરબા - ગરબી જેવા વિભાગોમાં વહેંચીને ન્યાય આપવાનો પ્રયત્ન અહીં કર્યો છે. દરેક પ્રકારના લોકનૃત્યના ગીત, સંગીત, વાદ્યો, વેશભૂષા, અલંકારો વગેરે વિશે હજુ ઘણું લખી શકાય, પરંતુ સ્થળ સંકોચને ધ્યાનમાં રાખીને વધુ ઊંડાણમાં જવાનો લોભ રોક્યો છે.

આમ તો લોકનૃત્ય તે ચાક્ષુષ કલા છે, પ્રસ્તુતિની કલા છે, પણ છતાં એ ક્ષેત્રના તજજ્ઞોના અભ્યાસ ગ્રંથોનો આધાર લઇને તેને શબ્દદેહ આપીને પ્રકરણબદ્ધ કરવાનો આ નમ્ર પ્રયાસ વાચકો, કલારસિકો અને અભ્યાસુઓની જીજ્ઞાસાને સંતોષી શકશે તેવી શ્રદ્ધા છે.


### અમો ઋણી છીએ...

- પ્રા. નિષ્ઠા દેસાઇ - જૂનાગઢ.
- શ્રી લક્ષ્મણભાઈ ગઢવી - જામનગર.
- શ્રી ધરમશીભાઈ શાહ - ભાવનગર.
- શ્રી ભાર્ગવભાઈ જાની - ભાવનગર.
- પ્રા. શ્રી ભરત વસાવા - જૂનાગઢ.
- પ્રા. ડૉ. રમેશ સાગઠિયા - જૂનાગઢ.
- શ્રી સંજીવ મહેતા - જૂનાગઢ.
- શ્રી ચંદ્રકાંતભાઈ ઉપાધ્યાય - ગૂજરાત વિદ્યાપીઠ
- શ્રી ભાવિનભાઈ ત્રિવેદી - ગૂજરાત વિદ્યાપીઠ
- શ્રી બાબુભાઈ રાણપુરા - સુરેન્દ્રનગર.
- શ્રી સોનલ ત્રિવેદી - સુરેન્દ્રનગર.
- શ્રી ગીરીશ બાપલભાઈ ગઢવી - સુરેન્દ્રનગર.
- ચિ. કામાયની અને પ્રા. બીમલ વ્યાસ - જૂનાગઢ.
- શ્રી રાણાભાઈ સીડા - પોરબંદર.
- શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ - રાપર (કચ્છ).
- શ્રી વિષ્ણુ પંડ્યા - અમદાવાદ.
- શ્રી નવીન સોની - ચિત્રકાર (ભૂજ).
- શ્રી બિપીન સોની - ભૂજ.
- શ્રી મુળુભાઈ ચનાભાઈ બારોટ (છાયા) - પોરબંદર.
- શ્રી અબ્દુલ રહેમાન તુર્ક - ભૂજ.
- શ્રી ઉમિયાશંકર અજાણી - ભૂજ.
- શ્રી ગની ઉસ્તાદ - ભૂજ.
- શ્રી જામભા જાડેજા - મુંદ્રા.
- શ્રી ઈશાક જુમા - બન્ની.
- શ્રી દાનાભાઈ ભારમલ - ભૂજોડી.
- શ્રી દાનુભા સોઢા - ભૂજ.
- શ્રી મીરાબહેન દાનાભાઈ આહિર - ધાણેટી.
- શ્રી દેવાંગભાઈ ગઢવી - માંડવી-કાઠડા.
- શ્રી વસીમભાઈ જમાદાર - ભૂજ.
- શ્રી જુમા અલી મહંમદ - ભૂજ.
- શ્રી નવીનભાઈ જોષી - કચ્છમિત્ર.
- શ્રી શૈલેષ સિંઘલ - ભૂજોડી.
- શ્રી મિતુલ રાવલ અને કલા ગુર્જરી - ભાવનગર.
- શ્રી અર્જુન પરમાર - જૂનાગઢ.
- શ્રી અશ્વિનભાઇ પટેલ - જૂનાગઢ.
- શ્રી ધીરૂ કોટવાલ - ગોધરા.

### તસવીર સૌજન્ય :

- શ્રી અમૂલ પરમાર - ભાવનગર .
- શ્રી જી.એચ. માસ્ટર - અમદાવાદ.
- શ્રી રસીક ગલચર - ચોટીલા.
- શ્રી રક્ષા ભટ્ટ - ભાવનગર.
- શ્રી ભાટી એન. - વાંકાનેર.
- શ્રી નફીસખાન - વડોદરા.
- શ્રી અશોક કાલાણી - ચિત્રકાર, ભાવનગર.
- શ્રી કુશલ દિક્ષીત (કલાપથ સંસ્થા, ભાવનગર).


**- મેઘના ખારોડ**





# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | લોક સંસ્કૃતિ અને કલા..................................... | ૯ |
| ૨ | લોકનૃત્ય : સ્વરૂપ અને પ્રકાર................................. | ૧૧ |
| ૩ | આદિનૃત્યો : ................................................ | ૧૫ |
| ૪ | આદિવાસી લોકનૃત્યો :...................................... | ૧૭ |
| ૫ | રાસ-રાસડા :................................................ | ૪૦ |
| ૬ | ગરબા - ગરબી :........................................... | ૬૧ |
| ૭ | સૌરાષ્ટ્રનાં લોકનૃત્યો :........................................ | ૭૩ |
| ૮ | કચ્છનાં લોકનૃત્યો :........................................... | ૮૮ |



# લોક સંસ્કૃતિ અને કલા ૧

લોકકલાના અસંખ્ય વૈવિધ્યના મૂળમાં તો ભારતની સાંસ્કૃતિક એકતા પડી છે. આપણી આ રાષ્ટ્રીય સંસ્કાર-સમૃદ્ધિમાં સર્જનાત્મક શક્તિનો અવકાશ પડ્યો છે. લોકકલાની સૌથી મોટી દેન જન સમસ્તને નિર્વ્યાજ આનંદ આપવાની છે.

**'લોક' શબ્દની પ્રાચીનતા :**

'લોક 'શબ્દ સંસ્કૃતના 'લોકૃ દર્શને' ધાતુથી 'ઘञ्' પ્રત્યય લગાવવાથી બન્યો છે. આ ધાતુનો અર્થ 'જોવું' એવો થાય છે. જેના 'લટ્' લકારમાં અન્ય પુરુષ એકવચનનું રૂપ 'લોકતે' છે. આમ, 'લોક'શબ્દનો અર્થ - 'જોવા વાળો' તેમ થયો. આ પ્રમાણે તે સમસ્ત જનસમુદાય જે કાર્ય કરે છે તે 'લોક'કહેવાય. 'લોક'શબ્દ અત્યંત પ્રાચીન છે.[૧]

**'લોક' શબ્દનો અર્થ :**

શબ્દકોશમાં 'લોક' શબ્દના અનેક અર્થો મળે છે, જેમાંથી સાધારણ સ્વરૂપે બે અર્થો વિશેષ રૂપે પ્રચલિત છે. એક તો જેના દ્વારા ઈહલોક, પરલોક અથવા ત્રિલોકનું જ્ઞાન થાય છે અને 'લોક'નો બીજો અર્થ થાય છે - જનસામાન્ય. આ જ અર્થનો વાચક 'લોક ' શબ્દ સાહિત્યનું વિશેષણ છે, પરંતુ આટલાથી 'લોક'નો તે અભિપ્રાય સ્પષ્ટ નથી થતો, જે સાહિત્યને વિશેષણના રૂપમાં પ્રદાન થાય છે.[૨]

**'લોક' શબ્દની પરિભાષા :**

ડૉ.હજારી પ્રસાદ દ્વિવેદીએ 'લોક' શબ્દ સંબંધમાં પોતાના વિચાર પ્રગટ કરતાં લખ્યુ છે કે, "'લોક' શબ્દનો અર્થ 'જન-પદ' અથવા 'ગ્રામ્ય' નથી, પરંતુ નગરો અને ગામડાંઓમાં વસેલી એ સમગ્ર જનતા છે જેના વ્યાવહારિક જ્ઞાનનો આધાર પુસ્તકો કે ગ્રંથો નથી ! આ લોકો નગરના સુધરેલા, રૂચિ સંપન્ન તથા સુસંસ્કૃત કહી શકાય તેવા લોકોની સરખામણીએ અધિક સરળ અને પ્રાકૃતિક જીવન જીવવાવાળા હોય છે અને સુધરેલી રૂચિવાળા લોકોની સમગ્ર વિલાસિતા તથા સુકુમારિતાને જીવિત રાખવા માટે જે ચીજ-વસ્તુઓ આવશ્યક છે તેને ઉત્પન્ન કરે છે." [૩]

ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાયના મતાનુસાર 'લોક'ની પરિભાષા આ પ્રમાણે છે કે, "જે લોકો સંસ્કૃત અને સાધન



સંપન્ન લોકોના પ્રભાવથી બહાર રહીને પોતાની પ્રાચીન સ્થિતિમાં જીવે છે. તેને 'લોક' કહે છે." અને ડૉ. સત્યેન્દ્ર ના મતે, "લોકસાહિત્યમાં લોક શબ્દથી સમાજનો એક એવો વર્ગ નિર્દિષ્ટ છે કે જે અભિજાત સંસ્કાર, શાસ્ત્રીયતા અને પાંડિત્ય પ્રભાવથી દૂર છે અને જે એક પરંપરાના પ્રવાહમાં જીવિત રહે છે. આવા લોકોની અભિવ્યક્તિમાં જે તત્વ મળે છે તે લોકતત્વ કહેવાય છે." [૪]

**લોકસંસ્કૃતિ તથા લોકસાહિત્યની પૃથક સત્તા :**

પ્રાચીન ભારતીય સાહિત્યના અવલોકનથી એ વાત સ્પષ્ટપણે પ્રતિત થાય છે કે વૈદિકકાળથી જ આ દેશમાં સંસ્કૃતિની બે અલગ-અલગ ધારાઓ પ્રવાહિત થઈ હતી. (૧) શિષ્ટ સંસ્કૃતિ (૨) લોકસંસ્કૃતિ. શિષ્ટ સંસ્કૃતિ એટલે આપણા મતે એવા અભિજાત વર્ગની સંસ્કૃતિ કે જે બૌદ્ધિક વિકાસના ઉચ્ચતમ શિખર પર પહોંચી ગયો હતો; જે પોતાની પ્રતિભાને કારણે સમાજનો અગ્રણી અને પથપ્રદર્શક હતો તથા જેની સંસ્કૃતિનો સ્ત્રોત વેદ અથવા શાસ્ત્ર હતા. લોકસંસ્કૃતિ એટલે આપણા મતે

જનસાધારણની એ સંસ્કૃતિ કે જે પોતાની પ્રેરણા લોકથી પ્રાપ્ત કરતી હતી, જેની ઉત્સવભૂમિ જનતા હતી અને બૌદ્ધિક વિકાસના નિમ્ન ધરાતલ પર ઉપસ્થિત હતી. જો ઋગ્વેદ તથા અથર્વવેદનું સૂક્ષ્મ દૃષ્ટિએ અધ્યયન કરવામાં આવે તો આ જુદાપણું સ્પષ્ટ થઈ જાય છે. પ્રો. બલદેવ ઉપાધ્યાયે આ વિષય પર વિવેચન પ્રસ્તુત કરતાં લખ્યું છે કે, "લોક સંસ્કૃતિ શિષ્ટ સંસ્કૃતિની સહાયક હોય છે. કોઈ પણ દેશનાં ધાર્મિક વિશ્વાસો, અનુષ્ઠાનો તથા ક્રિયાકર્મોના પૂર્ણ પરિચય માટે બન્ને સંસ્કૃતિઓમાં પરસ્પર સહયોગ અપેક્ષિત હોય છે. આ દૃષ્ટિએ અથર્વવેદ, ઋગ્વેદનો પૂરક છે. આ બંને સંહિતાઓ બે વિભિન્ન સંસ્કૃતિઓનાં સ્વરૂપની પરિચાયિકાઓ છે. અથર્વવેદ, લોકસંસ્કૃતિનો પરિચાયક છે તો ઋગ્વેદ શિષ્ટ સંસ્કૃતિનો. અથર્વવેદના વિચારોનું ધરાતલ સામાન્ય જનજીવન છે તો ઋગ્વેદનું વિશિષ્ટ જનજીવન છે." [૫]

### લોકસાહિત્યનો ક્ષેત્ર વિસ્તાર :

લોક સાહિત્યનો વિસ્તાર અત્યંત વ્યાપક છે. સાધારણ મનુષ્યો જે શબ્દોમાં ગાય છે, રૂએ છે, હસે છે, રમે છે, તે બધાને લોક સાહિત્ય અંતર્ગત મૂકી શકાય છે. જન્મથી લઈને મૃત્યુ સુધી જે સોળ સંસ્કારોનું વિધાન આપણા પ્રાચીન ઋષિઓએ કર્યુ છે પ્રાયઃ તે બધા જ સંસ્કારોના અવસર પર ગીતો ગવાય છે; આમ તો બહુ જ પ્રિય વ્યકિતનાં મૃત્યુના અવસરે પણ ગીત ગાવાની પ્રથા છે. વિભિન્ન ઋતુઓ સમયે પ્રકૃતિમાં જે પરિવર્તન દેખાઈ આવે છે એનો પ્રભાવ સામાન્યજનના હૃદય ઉપર પડયા વગર નથી રહેતો. આમ, બાહ્ય ઉલ્લાસ અથવા આનંદની જે અનુભૂતિ થાય છે, તે લોકગીતો રૂપે પ્રગટ થાય છે. ખેતરોમાં વાવણી - કાપણીના સમયે પણ ગીતો ગવાય છે. પ્રજા પોતાના પૂર્વ પુરુષોના શૌર્યપૂર્ણ કાર્યોનો ગાઈ-ગાઈને આનંદ પ્રાપ્ત કરે છે, એમનું યશોગાન કરી શ્રોતાઓના હૃદયમાં વીર રસનો સંચાર કરે છે.

### લોકસાહિત્યનો સામાન્ય પરિચય :

એક સમય એવો હતો, જયારે સમગ્ર સંસારમાં મનુષ્ય પ્રકૃતિ દેવીનો ઉપાસક હતો તથા પ્રાકૃતિક જીવન વિતાવતો હતો. તે સમયે તેના આચાર-વિચાર અને રહન-સહન સરળ, સહજ તથા સ્વાભાવિક હતા. તે આડંબર તથા કૃત્રિમતાથી જોજનો દૂર હતો. તે સ્વાભાવિકતાના ખોળામાં ઉછરતો જીવ હતો. તેની બધી ક્રિયાઓ -ઊઠવું, બેસવું, હસવું, બોલવું સ્વાભાવિક હતું. મિત્રના આહ્લાદ માટે, મનના રંજન માટે સાહિત્યની રચના તે સમયે પણ થતી હતી. આ યુગના સાહિત્યનો મુખ્ય ગુણ હતો સ્વાભાવિકતા, સ્વચ્છંદતા તથા સરળતા. આ સાહિત્ય જંગલમાં ખીલેલાં ફૂલ જેટલું સ્વાભાવિક, ગગનવિહારી પક્ષી જેટલું સ્વચ્છંદ અને ગંગાજળની નિર્મળધારા જેટલું જ સરળ અને પવિત્ર હતું.[૬] આમ, આપણે 'લોક' અને 'લોકસાહિત્ય' માટે કહી શકીએ કે, 'લોક'મનુષ્ય સમાજનો એ વર્ગ છે, જે અભિજાત્ય સંસ્કાર, શાસ્ત્રીયતા અને પાંડિત્યની ચેતના તેમજ પાંડિત્યના અહંકારથી શૂન્ય છે અને જે એક પરંપરાના પ્રવાહમાં જીવિત રહે છે. આવા લોકોની અભિવ્યકિતમાં જે તત્વ મળે છે, તે લોકતત્વ કહેવાય છે. [૭]

### વિવિધ લોકકલાઓ :

કલાની દૃષ્ટિએ લોકજાતિઓ પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. લોકજાતિઓને પોતાના પર્યાવરણ તથા ભૌગોલિક વાતાવરણથી વધારેમાં વધારે પ્રેરણા મળી છે. તેના થકી એમની કલા પ્રભાવિત થઈ છે. સ્થાનિક પરિવેશે જે પ્રમાણે કલાને પ્રભાવિત કરી છે તે જ રીતે ભૌગોલિક તત્વોએ તેનું સીમાંકન પણ કરી આપ્યું છે. [૮] ઈ.આર.લીચના મતે, "લોકજાતિના લોકો કલા તથા કલાની વસ્તુઓનો ઉપયોગ ધાર્મિક ઉત્સવો, અંગત વસ્તુઓની સજાવટ તથા મૃતક પૂર્વજો (જેઓ વિશિષ્ટતા ધરાવતા હતા) ની યાદીમાં સ્મારક વગેરે બનાવવા માટે કરતા હતા. લોકજાતિની કલાનો ઉદેશ્ય ધાર્મિક તથા ધર્મ નિરપેક્ષ બન્ને જોવા મળે છે. તે ઉપયોગીતાવાદી તથા અલંકારીક બન્ને છે એટલે કે શુધ્ધ રૂપે તે સંપૂર્ણ કલાત્મક છે." ડી.એન.મજમુદારના મત અનુસાર, "લોકજાતિઓના કલાત્મક કાર્યવ્યાપારોમાં મૂર્તિકલા તથા ચિત્રકલા, મૌખિક સાહિત્ય, સંગીત તથા નૃત્ય- આ પ્રકારો સર્વત્ર સામાન્ય રૂપે જોવા મળે છે." [૯] ●

**પાદટીપ :**

(૧) સિદ્ધાંત કૌમુદી - પૃ. ૪૧૭
(૨) હિન્દી સાહિત્ય કોશ ભાગ - ૧, પૃ. ૫૯૧
(૩) 'જનપદ' (માસિક) - પૃ. ૬૫
(૪) લોકસાહિત્ય (અભ્યાસ સામગ્રી) - પૃ. ૬-૭
(૫) સમાજ (સામયિક) - પૃ. ૪૪૬
(૬) લોક સાહિત્ય કી ભૂમિકા - પૃ. ૨૦-૨૧
(૭) હિન્દી સાહિત્ય કોશ ભાગ - ૧, પૃ. ૫૯૧
(૮) રેસીઝ એન્ડ કલ્ચર ઓફ ઈન્ડિયા - પૃ. ૧૮૦
(૯) રેસીઝ એન્ડ કલ્ચર ઓફ ઈન્ડિયા - પૃ. ૨૧૬

# લોકનૃત્ય : સ્વરૂપ અને પ્રકાર ૨

ભારતના હરકોઈ પ્રાંતની લોકકલાઓમાં તેનાં લોકનૃત્યો મોખરાનું સ્થાન જાળવે છે. લોકનૃત્યો એટલે લોક જીવનનાં સરળ, સહજ આવિર્ભાવના સંગીત, વાદન અને નૃત્યનો ત્રિવેણી સંગમ.

### લોકજાતિ : સંગીત અને નૃત્ય :

લોકજાતિ સમાજમાં સંગીત તથા નૃત્યનું અત્યંત મહત્ત્વ છે. આ બંનેને તેમના જીવનનાં અભિન્ન અંગો કહી શકાય. સંગીત અને નૃત્ય જ દૂરસુદૂર સ્થાનોમાં મનોરંજન કે આનંદ વ્યકત કરવાનું એક માત્ર સાધન છે. અનેક ધાર્મિક તથા સામાજિક પ્રસંગોએ ગામડાઓમાં વસતી લોકજાતિઓનાં સ્ત્રી-પુરુષ અને બાળકો એકત્ર થઈને, સંગીત તથા નૃત્યનું આયોજન કરે છે. તેમનું સામાજિક બંધારણ જ તેમના સંગીત તથા નૃત્યને પ્રોત્સાહન આપે છે. સ્ત્રી-પુરુષો વચ્ચેની સમાનતાએ તેમની સંગીત તથા નૃત્યકલાનું મહત્ત્વ વધારી દીધું છે. સ્ત્રી-પુરુષ ઘરમાં, ખેતરોમાં, જંગલોમાં તથા નૃત્ય સ્થળે સમાન રીતે જોડાય છે. નૃત્ય સ્થળે માત્ર નૃત્યનું પ્રશિક્ષણ કે મનોરંજન આપવાનું કાર્ય નહોતું થતું, પરંતુ એ વિનોદ સ્થળ પણ હતું જ્યાં સ્ત્રી-પુરુષોની વચ્ચે પ્રેમાંકુરો પણ ફૂટતા રહેતા અને લોકજાતિ સમાજ તેને માન્યતા આપતો હતો. આમ નૃત્યો, પ્રેમ, યુદ્ધ અને ધાર્મિક શ્રદ્ધા-માન્યતા સાથે સંકળાયેલા રહેતા. લોકજાતિના લોકો સંગીત તથા નૃત્યના માધ્યમથી થોડા સમય માટે પોતાની વિપદાઓ, જીવન સંઘર્ષ તથા અભાવ-ગરીબીને ભૂલી જતા હતા તથા તેમનામાં શિસ્ત, સંગઠન તથા ઐક્યની ભાવનાનું સર્જન થતું. આમ, લોકજાતિઓમાં સંગીત તથા નૃત્યને જાગૃત રાખવામાં અનેક સામાજિક તથા ધાર્મિક ઉત્સવો-પર્વોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. સામાન્ય રીતે લોકજાતિમાં સ્ત્રીઓનું સામાજિક સ્તર ઊંચું જોવા મળે છે, પરિણામે નૃત્ય તથા ગીતોમાં તે પુરુષોની સાથોસાથ બરાબર સક્રિય રીતે ભાગ લે છે. કયારેક-કયારેક તો તે આકર્ષણનું કેન્દ્રબિંદુ પણ બની જાય છે.

ટૂંકમાં કહી શકાય કે તેમની સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે પણ સંગીત તથા નૃત્યનું સ્થાન સદૈવ વિશેષ અને મહત્ત્વપૂર્ણ રહ્યું છે.[૧]



### લોકનૃત્યનું સ્વરૂપ :

લોકનૃત્ય વસ્તુતઃ પ્રાકૃતિક નૃત્ય છે. લોકજીવનમાં જ્યાં પણ ભાવુકતાની ક્ષણ આવે છે ત્યાં તેને અનુકૂળ કોઈ-ને-કોઈ પ્રકારના નૃત્યનું સ્વરૂપ પ્રગટ થાય છે. આ નૃત્યોમાં કલા તો સ્વાભાવિક રૂપે હોય જ છે, પરંતુ કલાત્મક હોવાનું ચૈતન્ય નથી હોતું. આમ, આદિમ અને જંગલી જાતિઓમાં આ નૃત્ય જેટલું સશકત હોય છે એટલું અન્ય જાતિઓમાં નથી હોતું. એનો અર્થ એ નથી કે અન્ય ક્ષેત્રો અથવા જાતિઓમાં લોકનૃત્ય હોય જ નહિ. સભ્ય જાતિઓમાં પણ લોકમાનસતાનો એક અંશ હોય છે આથી એમના જીવનની અસાધારણ ક્ષણોમાં પરંપરાના ફળસ્વરૂપ એવાં લોકનૃત્યો પ્રગટી જાય છે, પરંતુ તે એટલાં સશકત નથી હોતા અને કેટકેટલાંય સંશોધનોથી યુકત હોય છે. લોકનૃત્યોના વિષય જીવન-ચક્ર જ હોય છે. યૌન સંકેત, કૃષિ તથા સંતાનવૃદ્ધિ, ભૂત-પ્રેત નિવારણ, જાદુ-ટોના, ઋતુ આહવાન, લગ્ન, જન્મ-મૃત્યુ આ બધુ જ કોઈ ને કોઈ રૂપે સંકેત મુદ્રાઓ અથવા પ્રતિકો દ્વારા નૃત્યમાં પ્રગટ થતું રહે છે. સામાન્ય રીતે લોકનૃત્ય સામૂહિક હોય છે , પરંતુ વ્યકિતગત પણ હોઈ શકે છે. જીવન તથા પ્રકૃતિ સાથેનો ઘનિષ્ઠ સંબંધ હોવાનો કારણે લોકનૃત્યોના રૂપો કોઈ પણ વર્ગના વ્યવસાયને અનુકૂળ



થઈ જાય છે. કૃષકોનું નૃત્ય પશુપાલકોથી અલગ હોય છે અને આહિરોનું વળી કંઈક જૂદું જ હોય છે. લોકનૃત્યનો જન્મ ત્રણ ઈચ્છાઓની પ્રક્રિયાઓમાંથી થયો છે-આકર્ષક ને મેળવવાની ચેષ્ટાથી - અનાકર્ષકથી બચવાની ચેષ્ટાથી તથા આ ચેષ્ટાઓ માટે ટોના (ત્રાટક)ના રૂપે પ્રત્યેક નૃત્યમાં કોઈ ને કોઈ પ્રકારે ટોના સંકેતથી મેઘ વર્ષા માટે નૃત્ય કરવામાં આવે છે. અતિ વર્ષા થાય તો રોકવા માટે પણ નૃત્યવિધાન હોય છે. દેવી-દેવતાઓને પ્રસન્ન કરવા માટે, દેવતાનું શરીરમાં આહ્વાન કરવા માટે, પાકની ઉપજ સારી થાય તેને માટે નૃત્ય કરવામાં આવે છે. આવાં નૃત્યો સાથે કોઈ ને કોઈ અનુષ્ઠાન હોય છે. વિવાહના પ્રસંગે પણ આનુષ્ટાનિક નૃત્યનું વિધાન રહેતું હોય છે. લોકનૃત્યની ઉદામતાને અનુશાસિત કરીને અને તેને એવા સિદ્ધાંતોમાં બાંધીને પ્રસ્તુત કરવામાં આવે છે, જે તેના આવેગોને અભિપ્રાયની દૃષ્ટિએ સૌંદર્ય-પ્રાપ્તિના એક સ્તર પર મૂકી આપે છે. લોકનૃત્ય આવા કોઈ પણ કૃત્રિમ સિધ્ધાંતની સીમાઓ સ્વીકારતું નથી. [૨]

નર્તન પ્રાણીમાત્રનો સહજ પ્રત્યાઘાત છે. ઈ.સ.પૂ.૨૦ થી ૨૫ હજાર વર્ષ પહેલાં આદિ અવસ્થાના અંતભાગે માનવ વ્યકિતગત અને સામૂહિક રૂપે નાચતો થઈ ગયો હતો. એ નૃત્યનો સ્વયંભુ પ્રકાર હતો. નર્તન ધન આપનાર, કીર્તિ આપનાર, આયુષ્ય વધારનાર, સ્વર્ગ અપાવનાર, મોટા લોકોની વિલાસા, પીડિતોની પીડા દૂર કરનાર, ઉપદેશ આપનાર, સ્ત્રીઓનું સૌભાગ્ય વધારનાર, શાંતિદાયક, પુષ્ટિદાયક અને કામના સિદ્ધ કરનારું મનાયું છે. નર્તન હંમેશા જે તે પ્રદેશની ભૌગોલિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક પરિસ્થિતિ પર અવલંબિત છે. લોકોના જીવન વ્યવહાર, સંસ્કાર, સંસ્કૃતિ, ખાસિયતો, પરંપરા અને રિવાજની અસર નર્તન ઉપર પડે છે. નર્તન સમાજનું લાક્ષણિક અંગ છે. નર્તનમાં ચક્ષુગ્રાહ્યતા અને શ્રવણગ્રાહ્યતા બન્ને તત્વોનો સમન્વય સધાયો છે. નર્તનકલા પ્રસ્તુતીકરણ સાથે સીધો સંબંધ ધરાવે છે.

### નર્તનના પ્રકારો :

શાસ્ત્રોએ નર્તનને **नाट्यं नृत्यं तथा नृत्तं त्रेधा तदिति कीर्तितम्** એમ કહી નૃત, નૃત્ય તથા નાટ્ય ત્રણ વિભાગમાં વર્ણવ્યા છે.

नाट्य : वाक्यार्भिनय रसाश्रयं नाट्यम् ।

રસ પ્રધાન નૃત્ય એટલે નાટ્ય

नृत्य : पदार्यभनय भावाश्रयं नृत्यम् ।

ભાવ પ્રધાન નર્તન એટલે નૃત્ય

नृत्त : नृत तालककयाओम ।

તાલ પ્રધાન નૃત્ય એટલે નૃતઃ [૩]

જેમાં માત્ર અંગચલન, અંગવિક્ષેપ હોય છે અને જે કોઈ પણ પ્રકારના ભાવ અને અભિનયથી વર્જિત હોય છે. તેને નૃર્ત કહેવામાં આવે છે. **गात्र विक्षेपमात्रं तु सर्वाभिनयवर्जितम्। आंगिकोकत नृत्त नृत्तविदो विदुं ।** (સંગીત રત્નાકર) વળી તે, **नृतंताललयश्रयं**(દશરૂપકમ) નૃત્ત માત્ર તાલ અને લયને આધારે જ હોય છે. નૃત્ત માત્ર ગીતના લયને અને તાલને અનુસરતી હાથની તાળી અને પગના ઠેકડાઓની ચેષ્ટાઓ હોય છે. મુદ્રા, ભાવ કે અભિનય વગરનું તાલ લયાશ્રયવાળું નર્તન 'નૃત્ત' છે. આનંદની અનુભૂતિમાં અંતરના પ્રબળ આનંદાવેગને રોકી ન શકતા હાથ-પગ વગેરે હલાવવા મંડી જવાની પ્રક્રિયા તે નૃત્ત છે. તેમાં કોઈ પ્રકારનો વ્યવસ્થિત અભિનય કે શાસ્ત્રીય પદ્ધતિ હોતી નથી. નૃત્ત એ ઋગ્વેદકાળથી જ સ્વતંત્ર અને નિરપેક્ષ રૂપે પ્રચલિત છે. તેનો સમાવેશ 'દેશી'માં થાય છે. આ નૃત્તને આપણે લોકનૃત્તની



સંજ્ઞા આપી છે. લોકનૃત્ત લોકજીવનનાં બહુજન સમાજનું નર્તન હોઈ સર્વ સામાન્ય જનતાના વિવિધ સ્તરમાં પ્રચલિત લોકપ્રિય લોકનર્તન હોય છે [૪]

ખલિલ જિબ્રાને કહ્યુ છે કે : ‘‘ગાનારનો આત્મા એના કંઠમાં હોય છે. ચિત્રકારનો એની પીંછીમાં અથવા આંગળીઓમાં, કવિનો એના મસ્તિષ્કમાં પણ નર્તનકારનો કે નર્તકનો આત્મા એના અંગે અંગમાં હોય છે.’’ ગોળાકાર નર્તન લેવાથી નર્તકના મસ્તિષ્કનાં વિચારો વિલિન થઈ જાય છે, કેવળ તેની ઉર્જા રહેતી હોય છે એટલે લીન બની જતા ઊંડા ધ્યાનનો સાક્ષાત્કાર અનુભવાય છે. વર્તુળ પૂર્ણત્વનું પ્રતિક છે. પ્રદક્ષિણા એ વિશ્વનું- બ્રહ્માંડનું પ્રતિક છે, જેથી ગોળાકાર નર્તન આધ્યાત્મનું સાધન મનાય છે. યૌગિક દૃષ્ટિએ પણ સર્વથા ઉચિત છે. ગોળાકારમાં જેટલો વેગ લાવવો હોય તેટલો લાવી શકાય છે. વર્તુળાકારમાં વૃંદની દરેક વ્યકિત અન્ય સાથે સળંગ સંબંધ રહી શકે છે. વર્તુળમાં દરેક નર્તકનું પૂર્ણ દર્શન થઈ શકે છે. નર્તકોને શારીરિક અને માનસિક રીતે ગોળાકાર વિશેષ અનુકૂળ આવે છે. વર્તુળાકાર નર્તનની પ્રથા પૃથ્વી ફરતે તારામંડળના પરિભ્રમણના અનુકરણરૂપે આવ્યાની એક માન્યતા છે. [૫]

લોકનૃત્ય લોકસમૂહ સાથે પૂર્ણપણે જોડાયેલી પ્રસ્તુતિ કલા છે. લોકસમૂહમાં જ તે ઉદ્ભવે, વિકસિત થઈ અને લોકસમૂહ દ્વારા જ સંરક્ષિત પણ થાય છે, વળી લોકનૃત્ય ગાયન અને વાદન બન્નેમાં સ્વાયત હોય છે અને પૂર્વ આયોજન - નિમંત્રણ કે ગુંથણી વગર જ મેદાનમાં (મેળા, ખેતરના ખળે, છત નિર્માણ જગ્યાએ, ધાર્મિક ઉત્સવોના ચોકમાં) એકઠો થતો લોકસમૂહ હર્ષ, ઉલ્લાસ, શ્રદ્ધા, પ્રેમ,ભકિત જેવી ભાવોર્મિઓને નૃત્ય દ્વારા અભિવ્યકત કરે તે લોકનૃત્ય. આમ, લોકનૃત્ય મનોરંજન નહીં, આત્મરંજન તરફ ઝુકે છે.



સામાન્ય જનસમુદાયના લોકનૃત્ત-નર્તન લોકનૃત્ય તરીકે પ્રચલિત છે. આ લોકનૃત્યને નર્તનકલાનું પ્રાથમિક સ્વરૂપ માનવામાં આવે છે. જે વિશ્વની સર્વે જાતિઓમાં પ્રચલિત હતું. આદિમકાળમાં હિંસક પશુઓથી બચવા કે





અન્ય જાતિઓથી રક્ષણ પામવા કે કુદરતી આપત્તિકાલીન પરિસ્થિતિમાં માનવીને જૂથમાં રહેવું પડતું તેથી તેની નર્તનકલાનું સ્વરૂપ પણ મુખ્યત્વે સામૂહિક છે. યુધ્ધની તાલીમમાં જુસ્સો પેદા કરવા અને તાકાત ટકાવી રાખવા માટે નર્તન એ એક અનિવાર્ય અંગ ગણાંતુ. લાઠી , તલવાર, બરછી, તીર, કટાર, ભાલા કે ગદાથી યુધ્ધ ખેલાતાં ત્યારે ઘા ઝીલવા, ઘા મારવા, ઘા સામે રક્ષણ મેળવવા અને પ્રમાણબદ્ધ રીતે શરીર તોળવા માટે આગળ-પાછળ ડગલા ભરવાં જ પડે, એમા અંગની સમતુલા જાળવવા, શરીરના અંગોનો સંકોચ-વિકાસ, અમુક અંશનો અંગમરોડ, પગલાંનું વધતું ઘટતું પ્રમાણ, વધતા-ઓછા ગતિ, વેગ અને સ્ફૂર્તિ જળવાય તો જ યુધ્ધના મોરચે ધાર્યા પ્રહારો કરી શકાય, ઝીલી શકાય ને વિજય મેળવી શકાય. કેટલીક કોમોમાં ક્ષાત્રત્વનો વારસો કૂળ પરંપરામાં આવતો તેથી લોકનૃત્યના મૂળ લોકપરંપરામાંથી મળી આવે છે. આદિકાળથી આજ સુધી માનવસમુદાયને લોકનૃત્ય વગર ચાલ્યુ નથી. પરિશ્રમના થાકને ઓગાળવા માટે નર્તન પર્યાપ્ત હતા. નૃત્યો માટે એટલે જ  કહેવાય છે કે નૃત્યો  લાગણીઓ અને ઉર્મિઓના આવિર્ભાવ અને આનંદની અભિવ્યકિતમાંથી નીપજયાં છે. [૬]

### લોકનૃત્યનાં લક્ષણો :

લોકજીવનના ચાર મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો : મૌખિક સાહિત્ય, ભૌતિક લોકજીવન, સામાજિક લૌકિક રીતરિવાજ તથા રજૂઆત પામતી કલાઓ છે. આ રજૂઆત પામતી કે ભજવાતી લોકકલાઓ દ્વારા આપણે એમ માનીએ છીએ કે રૂઢીગત સંગીત, નૃત્ય અને નાટક, લોકગીતનું ગાન અને વાર્તાના કથનને નિઃશંક રીતે પ્રત્યક્ષ રજૂઆત કે ભજવણી લેખાવી શકાય, પરંતુ જેમ ડોર્સન કહે છે તેમ, "They are more casual in nature than the conscious presentation or these arts by individuals of groups with folk instruments, dance, costumes, scenario props."

અર્થાત્ વ્યકિતગત રીતે અથવા તો સામૂહિક રીતે લોકવિદ્યા, લોકનૃત્યો, લોકવેશભુષા અને દશ્યાત્મક અન્ય ઉપકરણો દ્વારા થતી આવી પ્રત્યક્ષ રજૂઆત કે ભજવણી લોકવિદ્યારૂપે અનૌપચારીક સાહજિક પ્રકૃતિની હોય છે. તેની રજૂઆત પ્રશિષ્ટ કલાની જેમ સહેતુક સભાનતા ધરાવતી હોતી નથી. [૭]

### લોકનૃત્યના પ્રકારો :

લોકનૃત્યની ગુંથણી (કોરિયોગ્રાફી), વેશભૂષા, આભૂષણો, મુદ્રાઓ, ગવાતા ગીતોની બોલીઓ અને તેમાં ભાવ નિરૂપણ, હાથમાં કે માથા પર લઈને અથવા શરીરના ઉપાંગો પર બાંધીને રમાતા ઉપકરણો (સામગ્રી) વગેરેનો આધાર ભૌગોલિક, પર્યાવરણ, સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક પરિસ્થિતિ તથા પરંપરા અને લોકવ્યવહાર પર આધારિત હોય છે. આજ કારણોથી ગુજરાતમાં જીવાતું લોકજીવન ભલે સમાન હોય પણ તેની કલા અભિવ્યકિતમાં અંતર-વૈવિધ્ય કે વિશેષતા અનુભવાય છે. આમ, લોકનૃત્ય સામાન્ય રીતે સમાજ જીવનનું દર્શન (જીવનધારા કે જીવનને જોવા-અનુભવવાની દષ્ટિ) છે, નહીં કે પ્રદર્શન. લોકનૃત્ય પ્રકારના વિકાસનું પહેલું સ્વરૂપ આદિનૃત્ય હતું. •

**પાદટીપ :**

(૧) ભારતીય જનજાતિયાં : સંરચના એવમ્ વિકાસ - પૃ. ૨૫૩-૨૫૫
(૨) હિન્દી સાહિત્ય કોશ ભાગ - ૧, પૃ. ૫૯૫-૫૯૬
(૩) નર્તન દર્શન ભાગ-૧  - પૃ. ૩૦
(૪) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૧૯૩
(૫) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૧૯૨
(૬) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૧૯૪-૧૯૫
(૭) લોક સાહિત્ય (અભ્યાસ સામગ્રી) - પૃ. ૧૦



## આદિનૃત્યો 3

લોકજીવન પ્રકૃતિ પરાયણ છે. સહસ્ત્રમુખ વૈવિધ્યવાળી પ્રકૃતિને ખોળે રમતાં લોકબાળો જન્મથી જ પ્રકૃતિમાતાની સાથે એકરૂપતા કેળવે છે એટલે એમનાં જીવનમાં અને જીવનના આવિષ્કારમાં પ્રકૃતિના અનેકવિધ તત્વને સ્થાન હોય જ. આવી રીતે જન્મેલું અને પ્રેરાયેલું જે જીવન છે તેમાં ભક્તિ, શક્તિ અને સૌંદર્યનો અનુપમ સમન્વય થયો છે.

**આદિનૃત્ય :**

આદિમાનવ જ્યારે શિકારી અવસ્થામાં જીવતો હતો ત્યારે શિકારની ખોજમાં તેને જ્યારે શિકાર કરવામાં સફળતા મળતી ત્યારે તે આનંદથી નાચી ઊઠતો કારણ કે આ શિકારથી તેને અને તેના કુટુંબને ખોરાક પ્રાપ્ત થતો. આથી જ્યારે શિકાર લઈને પાછો ફરતો ત્યારે નાચતો-નાચતો આવતો આમ, આદિનૃત્યની શરૂઆત શિકાર મળ્યાનો આનંદ વ્યકત કરવામાંથી થઈ. વળી, તેઓ જૂથમાં શિકાર કરવા જતા હોવાથી આ આનંદની અભિવ્યકિત પણ સામૂહિક નૃત્યથી વિકસી.

આદિમાનવ વાવાઝોડું, વંટોળ, આગ વગેરેથી ખૂબ ડરતો. આ કુદરતી તત્વો સામે પોતાની લાચારી વ્યકત કરવા માટે પણ તે સમૂહમાં નૃત્ય કરતો. આમ, આ શિકારી નૃત્ય ભાવાભિવ્યકિતમાં તદ્દન જુદું પડી જતું. આદિમાનવ અન્ય જાતિની વ્યકિત કે અન્ય જાતિથી હંમેશા ડરતો રહેતો. આથી અન્ય જાતિની વ્યકિતને કે ટોળીને જોઈને તે હાથમાં પોતાના શસ્ત્રો લઈને સામાને ડરાવવા માટે નૃત્ય કરતા. આમ, સમૂહ નૃત્યનો પ્રારંભ શિકારનો આનંદ વ્યકત કરવા માટે, કુદરતી તત્વો સામેની લાચારી વ્યકત કરવા માટે તથા દુશ્મન જાતિ સામે પોતાનો ગુસ્સો વ્યકત કરવા માટે થયો હતો. સમય જતા આદિમાનવો ઈશ્વરી તત્વમાં માનવા લાગ્યા. તેઓ વૃક્ષ, અગ્નિ, સર્પ, સિંહ તથા વાઘ જેવા પ્રાણીઓને ઈશ્વર તરીકે પૂજવા લાગ્યા. એમને નૈવેદ્ય અર્પણ કરવા માટે જુદા જ પ્રકારનું નૃત્ય વિકસાવાયું.[૧]

જનજાતિઓના અનેક સમૂહોનો ઘણો ખરો સમય યુદ્ધ તથા સંઘર્ષમાં જ વિતવાને કારણે તેનો પ્રભાવ તેમની કલા પર પણ પડયો. યુધ્ધ નૃત્યનું પ્રચલન અનેક જાતિઓમાં છે. કોનયક નાગાજાતિમાં 'યુધ્ધ નૃત્ય' નું ખૂબ મહત્ત્વ છે. લુસાઈ પર્વત (આસામ) ઉપર વસવાવાળી લાખેર જનજાતિનું 'સૌલાકિયા નૃત્ય' તથા પ્રાચીનકાળમાં 'સૈલાનૃત્ય' (Sailor) પણ યુધ્ધનૃત્યનું સ્વરૂપ માનવામાં આવે છે. ઉરાંવ જનજાતિનું 'પૈકી નૃત્ય' (Paiki) યુધ્ધનૃત્યનું જ રૂપ છે, જેમાં કન્યાને બળજબરીથી ઉપાડીને વરના ઘરે લઈ જવામાં આવે છે.

**પશુ નૃત્ય :** (Animal Dance)

આંદામાન ટાપુની જનજાતિઓમાં આ નૃત્યનું વિશેષ પ્રચલન છે તથા કે ગોંડ તથા બૈગા ગોંડ લોકોમાં પણ એક કાળે આ પ્રચલિત હતું. ઓરીસ્સાની જ એક અન્ય જનજાતિ

'જર્વાગ'માં પશુ-નૃત્ય(પશુઓની ક્રિયાઓનુ અનુકરણ કરતાં)નો રિવાજ છે. મધ્યપ્રદેશની કેટલીક જનજાતિઓમાં 'સુવા-નૃત્ય' આજે પણ મહત્ત્વપૂર્ણ મનાય છે.

**શિકાર નૃત્ય :** ( Hunting Dance)

ભિન્ન-ભિન્ન પ્રકારે શિકાર કરવાની ક્રિયાને નૃત્ય દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે. લાકડી તથા હથિયારોનો આવા નૃત્યોમાં વિશેષરૂપે પ્રયોગ કરવામાં આવે છે. ઉરાંવ,ખડિયા વગેરે જનજાતિઓ શિકાર નૃત્યમાં વિશેષ રસ ધરાવે છે. મુન્ડા લોકોના શિકાર નૃત્યને 'જાપી' કહેવામાં આવે છે.

**કૃષિ નૃત્ય :** (Agriculture Dance)

ઉરાંવ તથા મુન્ડા જનજાતિના કર્મ નૃત્યો ખાસ કરીને કૃષિ નૃત્યની સંજ્ઞા પ્રસ્તુત કરે છે. ભીલ જનજાતિના સ્ત્રી-પુરુષ પોતાના કૃષિ નૃત્યમાં કૃષિ કાર્યની તે બધી જ પ્રક્રિયાઓને સંપૂર્ણપણે પ્રસ્તુત કરે છે, જે વાસ્તવિક રીતે કૃષિ કાર્યમાં કરવામાં આવે છે, જેમ કે ખેતર ખેડવું, બીજ રોપવું (વાવણી), ગોડવું તથા પાકની લણણી/ કાપણી કરવી વગેરે...

**ધાર્મિક નૃત્ય :** (Religious Dance)

લગભગ બધી જ જાતિઓમાં ધાર્મિક નૃત્યોનું આયોજન કરવામાં આવે છે. ઓરિસ્સાની 'સોરા' જનજાતિ માને છે કે નૃત્ય માત્ર મનોરંજન માટે જ નથી, પરંતુ તેનુ વધુ ગંભીર મહત્ત્વ છે.

'બોન્દો' જનજાતિમાં નૃત્યને સંસ્કારગત આચરણ રૂપે માનવામાં આવ્યું છે. અનેક અવસરોમાં શમન (Shamon) સ્વયં નૃત્ય કરે છે. એલ્વિને 'સોરાનૃત્ય' વિશે પોતાનો મત દર્શાવતા કહ્યુ છે કે, 'શમન સર્વ પ્રથમ નૃત્યકાર હતા તથા તેના નૃત્યો ઉલ્લાસિત કરે તેવા હોય છે'.

**વિવાહ નૃત્ય :** (Marriage Dance)

વિવાહ નૃત્ય અત્યંત હર્ષોલ્લાસભર્યુ હોય છે. આથી તમામ આદિવાસી આ મંગળ અવસરે નૃત્યમાં મગ્ન બની જાય છે.[૨]

**વિસ્તાર વર્ગીકરણ :**

લોકજીવન ઋષિ પરંપરા કે શાસ્ત્રોથી પણ આગળ અને સંસ્કારથી પણ ઉપર જઈ શકે છે. જીવનમાં પ્રાપ્તિના આનંદની અભિવ્યકિત સ્વર, તાલ અને નર્તનના સહજ ત્રિવેણી સંગમ થકી ઉત્સવો દરમિયાન જોવા મળે છે.

લોકનૃત્યો શાસ્ત્રીયનૃત્ય કે સમૂહનૃત્યની નૃત્યકલાથી તદન ભિન્ન લક્ષણોવાળા લોકજીવનના પરંપરાગત લોકપ્રિય લોકનર્તનો છે. તેને શીખવા માટે ખાસ તાલીમની આવશ્યકતા રહેતી નથી. નાચવું તે પ્રાણીમાત્રનો એક સહજ પ્રત્યાઘાત છે. દરેક પશુ, પક્ષી અને પ્રાણી નાચે છે. માનવ હંમેશા નર્તનશીલ રહ્યો છે. નર્તન એ ઊર્મિ કે સંવેદનનો સાહજીક પ્રતિભાવ છે. નર્તન કાયા-શરીર સાથે સંકળાયેલી કલા હોવાથી લોકનૃત્યો સ્વયંભૂ અને સ્વાયત્ત સ્વયં વિકસિત છે. તેમાં શિરસંચાલન, હસ્ત સંચાલન, પદચાલન, અંગભંગ સાદા, સીધા અને સરળ હોય છે. તેમાં કોઈ પ્રકારના અટપટાં, નવીનતાભર્યાં કે નાટયાત્મકતાભર્યાં ચલન હોતા નથી. લોકકલા હોઈ, લોકોના નિજાનંદ માટે હોઈ, લોકોને નર્તનનો ઊભરો જાગૃત થતાં પગ, કેડ, હાથ વગેરેનું તાલબદ્ધ નિયમિત હલન-ચલન સહજતા અને સ્વાભાવિકતાથી શરૂ થઈ જાય છે ત્યારે શરીરના દરેક અવયવને ઉત્તેજન મળે છે. મસ્તી વધતાં એ ઉત્સાહ સમગ્ર કલેવરમાં વ્યાપે છે અને આડંબર કે કૃત્રિમતા વગર, પ્રેક્ષકવર્ગ કે રંગભૂમિની જરૂરિયાત વગર ભાન ભૂલીને આખુ શરીર ચલિત બનીને લોકો લોકનૃત્ય કરે છે.[૩]

પ્રાદેશિક ભિન્નતા સાથે કેટલાંક નર્તનો સર્વદેશીય અને સર્વકાલીન બની ગયાં છે. તમામ લોકનર્તનો સામાન્ય રીતે એકસરખાં જોવા મળે છે. આ લોકનૃત્યો ચાર વિભાગમાં વહેંચાયેલાં છે.

૧) સામુદ્રતટીય લોકનૃત્ય, ૨) મેદાની લોકનૃત્ય, ૩) પહાડી લોકનૃત્ય, ૪) રણવિસ્તારનાં લોકનૃત્ય

**પાદટીપ :**

(૧) નર્તન દર્શન ભાગ-૧ - પૃ. ૯૧
(૨) ભારતીય જનજાતિયાં : સંરચના એવમ્ વિકાસ - પૃ. ૨૫૬-૨૫૭
(૩) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૧૯૫



# આદિવાસી લોકનૃત્યો ૪

“આદિવાસી પ્રજાના સમુદાયોની વિશિષ્ટ અને આગવી શૈલી છે એમના ધાર્મિક ઉત્સવો, સામાજિક તહેવારો, બોલી, પહેરવેશ, આભૂષણો, રહેણીકરણી, આહાર, કલાઓ, આર્થિક પ્રવૃત્તિઓ, વાદ્યો. આ બધી બાબતો વૈવિધ્યપૂર્ણ અને નિરાળી છે. ૨૧મી સદીનાં આટલાં પરિવર્તનો પછી પણ આ પ્રજાજનોએ પોતાની સંસ્કૃતિને સાચવી છે અને તેનું જતન પણ કર્યું છે. એ એમની એક આગવી ઓળખ છે.”

**- પ્રા. ધનસુખભાઇ આહિર (‘યોજના’ જૂન - ૨૦૦૯)**

**આદિવાસી પરિચય :**

વિવિધ કલાઓની અભિવ્યક્તિ કોઈ પણ સમાજ કે જાતિની સંસ્કૃતિની પારાશીશી છે. માનવ માત્રમાં રહેલી સૌંદર્યની ઝંખના અને સંવેદનશીલતાનું પ્રતિબિંબ તેની કલા અને સાહિત્યમાં પડતું રહે છે. પોતાની આસપાસનાં પરિવેશનું, સામાજિક કે પ્રાકૃતિક ઘટનાઓનું, આનંદજનક કે આઘાતજનક પ્રતિબિંબ એમાં પડે છે; બલ્કે જીવન અને જગતની અનેક ઘટનાઓ અંગેના આઘાત - પ્રત્યાઘાતમાંથી જ કલા અને સાહિત્યનો ઉદ્‌ભવ થાય છે અને કાલાંતરે તે એક સાંસ્કૃતિક ઘટના રૂપે પરિણમે છે. આપણી અંબાજીથી આહવા સુધી વસતી આદિજાતિઓની બહુવિધ સંવેદનાઓ અને આનંદની અનુભૂતિઓનો આવો આવિષ્કાર જોવા-માણવા જેવો છે.

આનંદની અભિવ્યક્તિ ગીત - સંગીત અને નૃત્ય દ્વારા કોઈ પણ પ્રજા વિશેષપણે કરતી જોવા મળશે. આદિમ જાતિઓમાં સમાજ સર્વોપરી ગણાય છે. એમાં વ્યક્તિનો મહિમા અલ્પ છે. જે કાંઈ અભિવ્યક્ત કરવાનું તે જાણે કે સમૂહમાં જ કરવાનું. એમના સામૂહિક નાચગાનમાં એમની સંસ્કાર સમૃદ્ધિ અને વિશિષ્ટ જીવન-પ્રણાલીનો પરિચય સહજ રીતે મળે છે. એમા પરંપરા અને રૂઢીનું પ્રતિબિંબ પડે છે.[1]

ગુજરાતના આદિવાસીઓ લોકસંગીત, લોકનૃત્યો, લોકકલાઓ અને લોકસાહિત્યના ભવ્ય વારસાના પ્રહરીઓ છે.[2]

ખાવું - પીવું, નાચવું -ગાવું એ પ્રત્યેક પ્રજાનાં ઉત્સવનું અભિન્ન અંગ છે. તેમાંય નૃત્ય-નાચણું તો આદિવાસી જાતિઓના ઉત્સવોનું એક અનેરૂં આકર્ષણ બની રહે છે.[૩]

આદિવાસીઓ પોતાની બોલીમાં નૃત્યને 'ચાળો' કહે છે. વળી નૃત્યને 'નાચ' પણ કહે છે. 'ચાળો' જૂનો શબ્દ છે અને 'નાચ' એ નવો શબ્દ છે. 'ચાળો' એટલે ચાલવું. આદિવાસી નૃત્યમાં સતત ચાલવું પડે છે. આદિવાસીઓ નાચવા જવાના કાર્યને 'ઠેકવા કે કૂદવા જવું' પણ કહે છે. ચરોતર પ્રદેશનાં ઠાકોરો નૃત્યને 'ચાળો' કહે છે. સૂરત જિલ્લાનાં આદિવાસીઓમાં ડોબરૂ વાદ્ય સાથે સ્ત્રી-પુરુષોનું છ રીતિનું મિશ્ર નૃત્ય થાય છે તેને 'છો ચાળા' કહે છે એટલે કે એ નૃત્યમાં જુદી જુદી છ રીતિ થાય છે.

આદિવાસી નૃત્યોમાં ઘણાં ગીત નૃત્યો હોય છે. આદિવાસી માને છે કે, 'ગીત વના ચાળો ન હોય' - ગીત વિના નૃત્ય ન હોય. તાલે-તાલે તથા ગીતે ગીતે નૃત્ય-ચાળો બદલાય છે. આદિવાસીઓ લોકગીત, લોકસંગીત કે લોકનૃત્યને કલા તરીકે ઓળખતા નથી. ગીત, સંગીત કે નૃત્યને તેઓ એક જીવન વ્યવહાર તરીકે જ મૂલવે છે.[૪]

સમગ્ર ગુજરાતમાં અંતરિયાળ પ્રદેશો, જંગલો તથા ડુંગરોને ખોળે વસતી વિવિધ આદિવાસી પ્રજાએ તેમની એક આગવી જીવનરીતિથી સંસ્કૃતિને ધબકતી રાખી છે.

આદિવાસી પ્રજા ઉત્સવપ્રિય પ્રજા છે. તેથી ઋતુ, તહેવારો, મેળા, સામાજિક પ્રસંગો, દેવની બાધા - માનતા પણ ઉત્સવો બની રહે છે. આ પ્રસંગો, તહેવારો આદિજાતિઓને ગીતો ગાવાનું અને નાચવાનું કારણ પૂરું પાડે છે.[૫]



**આદિવાસી નૃત્ય વૈવિધ્ય :**

ભૌગોલિક વસવાટ સ્થાનો, જાતિ વૈવિધ્ય, વાદ્ય વૈવિધ્ય, રીવાજો તથા પરંપરાઓને ધ્યાનમાં લઈને આદિવાસી નૃત્યોનું વૈવિધ્ય વર્ગીકરણ આ પ્રમાણે કરી શકાય.

**(૧) આદિવાસી નૃત્યો (જાતિ)**

**(૨) ઉત્સવ નૃત્યો**

(ક) વસંત ઋતુનાં નૃત્યો

(ખ) હોળી ઉત્સવનાં નૃત્યો

(ગ) ઘેરૈયા નૃત્યો

**(૩) મેળા નૃત્યો**

**(૪) દેવ નૃત્યો**

(ક) ઈંદ નૃત્ય (ઈન્દ્ર)

(ખ) ભાદરવા દેવ

(ગ) માતાનાં ખેળા

(ઘ) ગૌર્યો (ગૌરી - પાર્વતી) વ્રત

(ચ) ઠાકર્યા

(છ) ભાયા

**(૫) લગ્ન નૃત્યો**

(ક) લગ્ન નૃત્યો

(ખ) લગ્નનાં પ્રાસંગિક નૃત્યો.

**(૬) ગરબા - રાસડા નૃત્યો**

**(૭) વાદ્ય નૃત્યો**

**(૧) આદિવાસી નૃત્યો (જાતિ) :**

ગુજરાતની વિવિધ આદિવાસી જાતિઓ જેવી કે તડવી, ભીલ, રાઠવા, નાયક, ગામીત, વારલી, ચૌધરી, કુંકણા, કુણબી, ધોડિયા, કાથોડી (માઈલાભીલ) (કાતકરી), હળપતિ, કોટવાળિયા, ગોંડ, વસાવા, ડુંગરી ગરાસિયા, ઠાકરે આદિવાસી, ઢોડિયા વગેરેનાં વસવાટ, રહેણી-કહેણી અને પરંપરા, રીત રીવાજમાં જે થોડો ઘણો ફેરફાર જોવા મળે છે તે વૈવિધ્ય સ્વરૂપે તેમનાં નૃત્યોમાં જોવા મળે છે.

બનાસકાંઠાના આદિવાસીઓમાં 'અરેલો' લોકખંડકાવ્ય, ભીલોનું રામાયણ, હોળીના નૃત્યો, ગીતો, લોકવાણીઓનું ભરપૂર સાહિત્ય જોવા મળે છે તે જ રીતે સાબરકાંઠાના આદિવાસીઓનું મહાદેવના મેળામાં થતું જવારા નૃત્ય, પઢારોનું નૃત્ય, રાઠવાઓનું ઘૂઘરા નૃત્ય, ડાંગના ભીલો અને ભરૂચના ભીલોના ટેરેસ નૃત્યો આગવી વિશિષ્ટતા ધરાવે છે. ભરૂચના ભીલો અને ગામીતોના સંગોડા, ડાંગ અને ધરમપુરના ભીલ તથા વારલીઓનો પવાડો, ચૌધરી, ગામીત, વારલી, હળપતિ નૃત્યોના જુદા જુદા તાલ-ચાલા, રાવણ-નૃત્ય, પંચમહાલના ભીલોનો ગોળ ગધેડો, રાઠવાઓમાં જોવા મળતો વિશિષ્ટ ગળફર્યો, પંચમહાલ અને



દક્ષિણ ગુજરાતમાં હોળીના અગ્નિ (અંગારા) પર ચાલવાનો ચૂલનો રિવાજ, વિવિધ દેવ-દેવીઓની પૂજાવિધિઓ અને નૃત્ય ક્રિયા વખતે બોલાતા ભગતના બોલ, લોક-કહેવતો, ઉખાણા, દંતકથાઓ વગેરેનો વિપુલ કલાવારસો આદિવાસી પ્રજા પાસે સંગ્રહાયેલ છે. [૬]

**(૨) ઉત્સવ નૃત્ય :**

લોકજીવન જયારે જયારે થાકે છે ત્યારે ત્યારે તેને આનંદ અને ઉત્સાહથી તર કરવા લોક સમાજ લોકઉત્સવની રચના કરે છે. આદિવાસી જાતિઓનું જીવન પ્રકૃતિ પરાયણ છે. વૈવિધ્યસભર પ્રકૃતિને ખોળે ઉછરતાં, ઋતુઋતુનાં સંક્રાંતિકાળ દરમિયાન તેઓ વસંત, હોળી, અખાત્રીજ, મેઘ ઉજાણી જેવા વર્ષની ઋતુમાં વહેંચાઈ ગયેલા ઉત્સવોની ઉજવણીનો આનંદ માણે છે. [૭]

**(ક) વસંતઋતુનાં નૃત્યો :**

તડવી અને ભીલ જાતિમાં આ નૃત્યો વિશેષ રૂપે થાય છે. વસંતઋતુનાં સમયે મહા અને ફાગણ માસમાં નૃત્યો થાય છે અને ગીતો ગવાય છે. એ ગીતોને વસંત નૃત્યગીતો કહી શકાય. તડવીઓમાં ગીતોને 'રોળા' અને ભીલોમાં 'આલેણિયા' (હાલેણિયાં) કહે છે.

શિયાળાની હાડગાળતી ઠંડી પડતી હોય છે ત્યારે રાત્રે, સરખે સરખી યુવતીઓ ભેગી મળે છે. એક બીજાની કેડે હાથના કંદોરા ભીડી નાચે છે અને નાચતી નાચતી ગીતો ગાય છે. તેઓ પોતાની યૌવનમાં રહેલા ભાવોને ગીતો દ્વારા વહેતા મૂકે છે.

નૃત્યગીતોમાં કૌમાર્યજીવનનાં યૌવનમસ્તી, સાંસારિક જીવનનાં સુખદ-દુઃખદ સ્મરણો, પ્રેમગીત કથાઓ તો ખરી જ, પ્રજા જીવનનાં ઈતિહાસની સાથે સ્વરાજની એંધાણી જેવા ત્રુટક બનાવોનાં અંકોડા પડેલા છે, જેમ કે

**ટોપીવાળાનું રાજ સાલેરે, ઓ ટોપીવાળા !**
**ટોપીવાળાનું રાજ સાલે રે લોલ.**
**અંગરેજી રાજ ડુબી જે'લુ રે, ઓ ટોપીવાળા !**
**ટોપીવાળાનું રાજ સાલે રે લોલ.**

**તડવી યુવતીઓનાં રોળા :**

મહા ફાગણમાં તડવી યુવતીઓ હાલેણી જેવું નૃત્ય કરે છે, પણ તેમાં ખૂબ ધીમે ફરે છે, કૂદવાનું જરાયે આવતું નથી.

રોળામાં ત્રણ ડગલે અટકે અને ફરી ચાલે. આ રીતે એક ગીત પૂરું થાય એટલે બીજું ગીત ગાઈને નાચે. દરરોજ રાત્રે ગીતો પૂરાં થતાં સુધી નાચે, આમ સળંગ એકધારૂં યુવતીઓ નાચ્યા કરે છે.

તડવી યુવતીઓના રોળા નૃત્ય વખતે ગવાતા ગીતોમાંથી એક ઉદાહરણ :

**સાગની સોટી સીસમની ડાંડી રે**
**ઓ શણગીવાળા !**
**મારું દણ ઓંબલે ગુંજારા મારે રે લોલ.** [૮]

**ભીલ યુવતીઓનાં આલેણિયાં :**

ભીલ યુવતીઓનાં શિયાળુ નાચને 'આલેણિયા' કહે છે. 'આલેણિયા' રમનારી બધી સ્ત્રીઓનું આખું વર્તુળ બની જાય છે. જો ગોળાકારે થાળી તેમનાં માથા ઉપરથી ઘુમાવવામાં આવે તો ગોળ ચક્કર મારી આવે !

આલેણિયા નૃત્ય ગીતનું ઉદાહરણ :

**એકલાંની છાપરી.**

**કાનમિયા માંગાં આઈવાં, હો રામ ઝરમરિયું મા એ માંગા**
**નખે ઝીલે, હો રામ ઝરમરિયું**
**મા એ ડુંગરીએ એકલાની શાપરી, હો રામ ઝરમરિયું**
**મા દા'ળીની ડાંગેર ખંડાવે, હો રામ ઝરમરિયું**
**મા ડાંગેરો ખાંડતાનું આવળે, હો રામ ઝરમરિયું**
**મા સાંબેલે સાંબેલે મારી ! હો રામ ઝરમરિયું** [૯]

## (ખ) હોલીકોત્સવ :

શિયાળાની હિમભરી ઠંડીથી થીજી ગયેલું વસુંધરાનું ધરાતલ વસંતનાં કુમળા રવિ કિરણોથી તૃપ્ત બને છે. હોલીકોત્સવ એટલે શીત ઉપર ઉષ્માનો વિજય. એવા સમયે કુદરત પ્રેર્યા આનંદમાં મસ્ત બનેલા લોકો હોલીકોત્સવ ઉજવે છે. હોળીના ઉત્સવમાં રંગરાગને ઘણી અગત્યતા અપાતી હોય છે. યૌવનના - ઉલ્લાસના ઉત્સવને ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

ડુંગરી ગરાસિયા, ડાંગી, ઠાકરે, ગામીત, ચૌધરી, હળપતિ, તડવી, ભીલ, રાઠવા વિશેષ વૈવિધ્ય સાથે એક મહિના સુધી સતત નૃત્યો કરતાં, ગોઠ ઉઘરાવતા ફરે છે. હોળીના તહેવારમાં ગામડે - ગામડે મોટી હોળી પ્રગટાવાય છે. આ પ્રસંગમાં હોળીબાઈનું લગ્ન કરે છે. બધી આદિવાસી વસાહતોમાં ગામમાંથી વધામણું આવતાં પહેલા જુવાનિયા મોટો ઢોલ લઈને ગોંદરે આવી ટોળે વળે છે. ઢોલ, થાળી વગાડતાં નૃત્ય કરે છે. હોળી પ્રગટાવ્યા પછી જાતજાતનાં નૃત્યો થાય છે. ઓરસંગ કાંઠાના તડવીઓ હાથમાં ઘાસના કડબના પૂળા લઈ નાચે છે. ભીલ ભાઈ - બહેનો આ પ્રસંગે તીર નૃત્ય પણ કરે છે. જગપ્રસિદ્ધ પીરામીડ નૃત્ય ડાંગીઓ હોળી દરમિયાન કરે છે. ભીલ અને રાઠવાઓની વસાહતોમાં મોટો ઢોલ, થાળી અને પીહવાઓ વગાડતાં જઈ આખી રાત ધીમે ધીમે નાચે છે. સ્ત્રી અને પુરુષ એકમેકની કમરમાં હાથ નાખીને કુંડાળામાં ફરતાં, નાચતાં, ગીતો ગાતાં - ગાતાં આખીય રાત પસાર કરે છે.

હોળી, ગામીતોનો માનીતો તહેવાર છે. હોળી પ્રગટાવતાં પહેલાં બાજુમાં સ્થાપેલ પથ્થરના દેવ સમક્ષ ભગત અને બીજા પુરુષો માથે પૂળો મૂકી નાચ કરે તે પૂળા નૃત્ય.

હોળીને હુલાવવી, મનાવવી, રીઝવવી અનિવાર્ય મનાય છે. ગાણાંમાં - નાચણાંમાં કૂદતાં - ખેલતાં એને રીઝવવાની. હોળી માતાને પ્રગટાવે ગામનો મુખી. એ ન આવે ત્યાં સુધી હોળીબાઈ રીઝે નહીં પછી એને ઘુંઘરાળુ ખાંડણિયું આપો કે સૂંપડું...

**હોળીબેન રિસાળી, પટેલનું ઘર શોધે**
**ઘુંઘરાળું ખાંડણિયું, તે પટેલનું ઘર શોધે**

લાકડાં - છાણાં ને ઘાસફૂસ સિંચીને બનાવેલી હોળીને સૂપડા - ટોપલાંથી શણગારવામાં આવે છે. હોળી ઢુંકડી આવે એટલે હોળી ગીત લોલરા ગાવા નિકળી પડવાનું. નાનાં નાનાં છોકરાઓ લાકડાનો ઘોડો બનાવીને નાચતાં - કૂદતાં હોળીની વધામણી ગાતાં - ગાતાં આંગણે - આંગણે ફરે...

**હોળી જ બાય તું કાય કાય લે'ની વા**
**જરા જરા કોપરિયા લેય લેય એની વા**

હોળી નૃત્યના તાલ અને તરલ લય આ હોળી ગીતમાં કેવી સદ્ય રીતે શ્રવણ ગોચર બને છે ! હોળી આવી, શું શું લાવી ? રંગ લાવી, કોપરાની વાટી લાવી, હારડા, ખજૂર ને બટાટા એમ કેટકેટલી ચીજોનો મહિમા લાવી. હોળીને વધાવવાનાં આવાં અનેક રમતીલાં નૃત્યો અને ગમતીલાં ગીતોનો વૈભવ ભર્યો છે.[૧૦]

હોળી પ્રગટાવ્યા પછી તલવાર નૃત્ય કરવામાં આવે છે. ભીલ અને રાઠવા વસાહતમાં હોળી પ્રગટાવ્યા પછી જમી પરવારીને પુરુષો હોળી - ચકલે આવે છે. પછી હોળીનો દેતવા સાચવવા આખી રાત નાચતા રહે છે. ઢોલ, થાળી અને પીહવી વગાડતા જઈ, હોળી ફરતા ફરીને નાચે છે. [૧૧]





### (ગ) ઘેર, ઘેરૈયા નૃત્ય :

હોળીની રાખ ચોળીને પુરુષો ઘેરૈયા બને છે. એક વાર જે ઘેરૈયો થાય તેને લાગલગાટ પાંચ વર્ષ સુધી ઘેરૈયો બનવું પડે છે. આ ઘેરૈયા નૃત્ય જાત જાતના હોય છે.

ડાંગી, ઢોડિયા, કુંકણા, કણબી, રાઠવા, હળપતિ, ગામીત, તડવી, ભીલ, રાઠવા, ડુંગરા ભીલ, ડુંગરી ગરાસિયા વગેરે આદિજાતિઓ હોળી ઉત્સવ દરમિયાન ઘેર ઘાલે છે.

હોળી ઘેર નૃત્યમાં ડુંગરી ગરાસિયાઓ ઢોલ સાથે એક હાથમાં લાકડી અને બીજા હાથમાં તલવાર લઈને ઢોલના તાલ સાથે ભાઈ-બહેનો નાચે છે

### તડવી ઘેર :

પહેલાંના વખતમાં તડવી વસાહતના દરેક ગામમાંથી એકાદ ઘેર પાંચ દિવસ સુધી ઘેરૈયા બનીને ગામે ગામ નાચતા. આ ઘેરમાં નાના છોકરા, જુવાનો અને વૃદ્ધો પણ ભાગ લેતા. ઘેરમાં ગામના ઢોલી પણ જોડાતા. કેટલાક ગામોની ઘેર ખૂબ વખણાતી.

ઘેરૈયા થનારા શરીરે રાખ ચોળે, દિલે ચૂનાનાં ગોળ ટપકાં કરે. ભોરીંગણીની માળા પહેરે. લીમડાનાં પાનનો ટોપો (હેટ) કરે. ટાટિયા (ગુણપાટ)ની પાઘડી પહેરે. કેડે ઘૂઘરા બાંધે. આવા વેશ લઈને બાવા બને. તેઓ તાલ માટે કરતાલ રાખે. કોઈ પીહવી રાખે. કેટલાક જુવાનો સ્ત્રી વેશ લઈને ઘેરાણી બને ઘેરાણી બનનારા સ્ત્રીઓ પેઠે ઘરેણાં પહેરે. આંખો આંજે અને ચાંલ્લા કરે. કોઈ ઘોડાવાળો બને. વાંસના કાંબળાં (વાંસની ચીપો)નો ઘોડો બનાવે. આગળનો ભાગ ઘોડા જેવો બનાવે. પાછળ પૂંછડું બનાવે. ઘોડા ઉપર ઘેરૈયો બેસે. ઘોડાના માથાથી પૂંછડા સુધી બંને બાજુ એવી રીતે લૂગડું બાંધે કે ઘોડા ઉપર બેસનારનું કેડથી પગ સુધીનું શરીર ઢંકાઈ જાય. ઘેરૈયો પગે ઘૂઘરા બાંધે ને ઘોડા પેઠે નાચે છે.

એક જણ બ્રાહ્મણ બને તે ટેલિયા બ્રાહ્મણ જેવો વેશ લે. ગળામાં માળા, માથે ટોપી ને કપાળે તિલક કરે. હાથમાં થાળી, કંકુ અને દીવો લે. ખભે ઝોળી લટકાવે તે ઘેર ઘેરથી ઘી ઉઘરાવે છે.

કાલીમાસીનો વેશ જોવા જેવો હોય છે. કોઈને પણ અચંબો લાગે એવાં ફાટેલા-તૂટેલાં  કપડાં પહેરે. કાલીમાસી બનનાર પોતાના ધોતિયાનો કછ્છ મારી તેની ઉપર ફાટેલો ઘાઘરો પહેરે. ફાટેલું કપડું કે કબજો (બ્લાઉઝ) પહેરે ને માથે છોગલું (ફાટેલા લૂગડાનો ટૂકડો) ઓઢે. મોં ગાડાની મેંશથી કાળું રંગે. એક હાથમાં તૂટેલું સૂપડું અને બીજા હાથમાં તૂટેલી સાવરણીનું ઠૂંઠું, અને ભાંગેલો ચાટવો રાખે. ઘેરૈયા ગોળ ગોળ નાચે ત્યારે કાલીમાસી નાચતી આમ-તેમ ફરે. દાંતિયા કરે. જોનારા છોકરાં પજવે એટલે સૂપડું ભરીને 'દડ' (ધૂળ) નાખે. જે 'ઘેર' ના આપે તેની પાછળ પડે છે.

આખી 'ઘેર' માંથી એકાદ બે જણ બાવા બનીને ઘરેથી દાણા કે પૈસા ઉઘરાવે. ઘેર એક વર્તુળ બનાવીને નાચે. ઢોલીઓ ટીમલી વગાડે ને બધા નાચે. વચમાં ઘેરાણી અને વિદૂષક બનેલા નાચે. આવી 'ઘેર' માંડવા નૃત્ય પણ કરે છે.

### ભીલોની ઘેર :

ભીલોની ઘેરમાં ઢોલ-ઢોલી ઉપરાંત મોટો ઢોલ, થાળી અને પીહવીઓ પણ હોય છે. વળી 'મોહેં-જો-દડો' જેવાં કાચિંડા, વાંદરાનાં રમકડાં હોય છે તે એકાદ જણ ઊંચા-નીચા કરીને નાચે છે.

ભીલોમાં પુરુષો સ્ત્રીવેશ લે ત્યારે કછ્છ મારીને ઘાઘરો પહેરતા નથી, પણ 'છૂટા લૂગડાં' રાખે - સામાન્ય ગુજરાતી



સ્ત્રી જેવો પહેરવેશ રાખે, પણ ઘરેણાં ભીલ સ્ત્રીનાં પહેરે. ગળામાં હાંસડી, પગમાં ઝાંઝરાં ને તોડા કે સાંકળાં અને હાથે કડાં પહેરે. આ ઘેર પણ ગોળાકારે નાચે છે.

ઘેરૈયાઓ કાલું કાલું બોલીને જાત જાતના ચાળા કરીને લોકોને ખૂબ હસાવે છે. પાંચ દિવસ સુધી ઘેરૈયા ગામે ગામ ફરી, નાચે ને દાણા ઉઘરાવે. નવા ગામે જાય ત્યારે ત્યાંના હોળી ચકલે જઈ રાખનો ચાંલ્લો કરે અને હોળી ફરતા નાચે. પછી ગામમાં પ્રવેશ કરે. જે કોઈ સારી રકમ આપે કે પટેલ - મુખી જેવા આગેવાનો કંઈ આપે ત્યારે તેનું માન કરવા 'જે' બોલાવે છે અને અંજલિરૂપે સરસ નાચે છે.

**રાઠવા અને ડુંગરા ભીલની ઘેર :**

નસવાડી તાલુકાના ડુંગરોમાં રહેતા ભીલ અને છોટા ઉદેપુરના રાઠવા લોકો ઘેરૈયા બને છે. તેમની ઘેર એક સરખી હોય છે.

પુરુષો કેડે લંગોટી પહેરે છે. કેડે ઘૂઘરા બાંધે છે. તેઓ વાદ્યોમાં મોટા પીહવા, ઢોલ અને થાળી રાખે છે. તેઓ પણ ગોળાકારે નાચે છે. નાચતી વખતે તેમની અનોખી અદા નજરે પડે છે.

આ ઘેરૈયાઓમાં પણ કાલીમાસી બને છે. આ ઘેરૈયા કેડે ઘૂઘરા, માથે મોરપીંછ અને તેની ઉપર લાલ રંગનો ઊનનો રૂમાલ બાંધે છે.

**માંડવા નૃત્ય :**

ઘેરૈયા ટીમલી નાચ ઉપરાંત માંડવા નૃત્ય પણ કરે છે. તડવી, ભીલ અને રાઠવા દરેકમાં માંડવા નૃત્ય થાય છે. ભીલ અને તડવીઓના માંડવા નૃત્યમાં ઘેરૈયા ગોળ કુંડાળું વળીને નીચે બેસી જાય છે. તેમના ખભા ઉપર પગ મૂકીને એકેક જણ ઊભો રહે છે. બેઠેલા ઘેરૈયા ધીમે રહીને ઊભા થઈ જાય. ઉપરના ઘેરૈયા હાથમાં રૂમાલ કે ઉઘાડી છત્રી રાખે. બધા ગોળ ગોળ નાચે. આથી ગોળાકારે આખો માંડવો નાચતો હોય એવો દેખાવ નજરે પડે છે.

માંડવા નૃત્ય મુખી કે ગામના શેઠને ઘરે કરે છે અને તેમની પાસેથી પાંચ-દશ રૂપિયાની 'ઘેર' લે છે.

**કૂંકડદા :**

પીસાયતાના ડુંગરા ભીલ અને રાઠવાઓનું માંડવા નૃત્ય ખૂબ આકર્ષક લાગે છે. તેઓ ઉઘાડા શરીરે માથા ઉપર મોરપીંછ રાખે છે. ખાસ કરીને કવાંટ નજીકના રાયસિંગપુરાના રાઠવાઓનું નૃત્ય દિલ્હીમાં પ્રજાસત્તાક દિને પણ પ્રદર્શિત થઈ ચૂક્યું છે.

ક્વાંટમાં હોળી પછી ત્રીજા દિવસે ગામે ગામથી ઘેરૈયા આવે છે. ત્યાં નૃત્યમેળો જામે છે. આ નૃત્યમેળાને 'મોટી ઘેર' કહે છે.

પાંચમની રાત્રે ઘેરૈયા પોતાના ગામ આવે છે અને નદી, કોતર કે કૂવાએ નાહીને પછી પોત પોતાના ઘરે જાય છે. દાણા કે પૈસા ઉઘરાવી લાવ્યા હોય તેના ભાગ પાડી વહેંચી લે છે.[૧૨]

### (૩) મેળા નૃત્યો :

**મેવાસનું ઢોલ નૃત્ય :**

સંખેડા અને નસવાડી તાલુકામાં શિવરાત્રી, તેલાવ અને ચૂલના મેળા ભરાય છે. આ મેળામાં ગામે ગામથી મોટો ઢોલ લઈને પુરુષો નાચવા આવે છે.

બધા મેળામાં નૃત્ય થતાં નથી. ઢોલ નૃત્ય થતાં હોય એવા મેળા આ પ્રમાણે છે. :

**તેલાવન મેળા :** ઘંટોલી (તા. સંખેડા), રાનેડા, જેમલગઢ (તા. નસવાડી)ગામોમાં.

**ચૂલના મેળા :** નસવાડી, કવાંટ, જેતપુર-પાવી અને છોટાઉદેપુરમાં લગભગ તમામ ગામોમાં

**શિવરાત્રીના મેળા :** સિંધિયાપુર, નસવાડી, તણખલા (તા. નસવાડી)માં.

આ મેળાઓમાં ઢોલ નૃત્ય થાય છે. આ ઢોલ નૃત્ય પુરુષો કરે છે. સ્રીઓ મેળામાં નૃત્ય કરતી નથી.

મેળામાં એક જગ્યા નક્કી કરેલી હોય છે. તે જગ્યાએ બધા ઢોલ લઈને જાય છે. દરેક ટુકડી પોતાનો ઢોલ સારો વાગે તેની કાળજી રાખે છે. એ માટે મેળામાં આવતા અગાઉ બે ત્રણ દિવસ પહેલાં ઢોલ બરાબર છે કે કેમ તેની ચકાસણી કરે છે. ઢોલ ફૂટી જાય એટલી હદે વગાડવામાં આવે છે અને એ રીતે વગાડવામાં દરેક પોતાની પ્રતિષ્ઠા માને છે.

આ ઢોલ સાથે મોહેં-જો-દડો જેવાં કાચિંડા અને વાંદરાનાં રમકડાં પણ લાવે છે ને તેને ઊંચા-નીચા કરીને નાચે છે.

ઢોલવાળાના મોંમાં લાલઘૂમ પાનબીડું તો કાયમ હોય જ. ઢોલના એક સામટા ટીમ ટીમ કે ઢચીમ ઢચીમ અવાજથી આકાશ ભરાઈ જાય છે. ઢોલ, થાળી અને પીહવાનાં અવાજમાં કોઈનો બોલ કાને સંભળાતો નથી.!

**પાલનું મેળા નૃત્ય :**

પાલ પ્રદેશમાં બે મહામેળા ભરાય છે : (૧) તેલાવ માતાનો મેળો બારાવાડ પાસે તેલાવમાં અને (૨) પાંચમનો મેળો જેતપુર-પાવીમાં ભરાય છે. આ મેળામાં છોટાઉદેપુર, જેતપુર-પાવી, જાંબુઘોડા, હાલોલ અને સંખેડા તાલુકાની પ્રજા ભાગ લે છે.

મેવાસ અને પાલની કેટલીક અનોખી વિશિષ્ટતાઓ આ મેળાઓમાં છતી થાય છે. વળી મેવાસ અને પાલનાં લોકનૃત્યો કયાં જુદાં પડે છે, તેનો સાચો પરિચય આ મેળાઓ આપે છે. પાલપ્રદેશ પન્નાલાલ પટેલના ઈશાનિયા ડુંગરાના દેશ સાથે કેવું સામ્ય ધરાવે છે તે આ પાંચમનો મેળો સાબિત કરે છે.

આ મેળામાં આદિવાસીઓ નાત-જાતના, નાના-મોટાના, સ્ત્રી-પુરુષનો ભેદ રાખ્યા વિના મુક્ત મનથી નૃત્યમાં જોડાય છે.

શાંત સરોવર જળની વચ્ચે કાંઈક પડે અને તેના જળતરંગો ચારેકોર કાંઠા સુધી પહોંચે તેવું દશ્ય અહીંનું લોકનૃત્ય રજૂ કરે છે. જેમ જેમ નાચનારાં વધતાં જાય તેમ તેમ નૃત્ય ફલકની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. નવાં આવનારા ગોળાકારે પંક્તિ (હાર) માં ગોઠવાતાં જાય અને થાકે તે નાચતું નાચતું હળવે રહીને વર્તુળમાંથી સરકી જાય છે.!

સ્ત્રીઓ ને પુરુષો ગોળાકારે, સમૂહમાં નાચ્યે જ જાય, બસ નાચ્યે જ જાય! પુરુષો પેઠે સ્ત્રીઓ પણ હાથમાં કરતાલ લઈને તાલ પૂરે. પુરુષો પીહવા વગાડતા નાચે. કોઈ એમ ને એમ નાચે.

આ નૃત્યમાં અજબની નવાઈ છે. મરણ અને લગ્નમાં વપરાતા ઢોલનું નામ-નિશાન ન મળે ! છતાં બધાં અજબ તાલથી નાચે, જ્યારે મેળો બંધ કરવાનો સમય થાય અને કોઇ રોકે નહિ, ત્યાં સુધી આ નૃત્યનું વર્તુળ અટકતું નથી.

**દશેરાના મેળાનું નૃત્ય :**

આદિવાસી પ્રદેશમાં ગઢબોરિયાદ, ચોરંગલા અને છોટા ઉદેપુરમાં દશેરાના મેળા ભરાય છે. ચોરંગલાના મેળામાં નૃત્ય થતું નથી. ગઢબોરિયાદ અને છોટા ઉદેપુરના મેળામાં આદિવાસીઓ નાચે છે.

છોટા ઉદેપુરના મેળામાં જે નૃત્ય થાય છે તે પાંચમના મેળા જેવું થાય છે. સ્ત્રી-પુરુષો ગોળાકારે નાચે છે. વાદ્યોમાં પીહવા અને કરતાલ હોય છે. આ મેળો રાજાબાવાના ઘર આંગણે ભરાતો એટલે આદિવાસીઓ પોતાના રાજાબાવાને ખુશ કરવા જુદી જુદી રીતે નાચતાં. એટલે આ મેળાની અનોખી અદા છે. ઘણીવાર પતિ-પત્ની મેળામાં સાથે નાચતાં હોય છે. પત્ની આગળ અને પતિ પાછળ. પત્નીના ખભા ઉપર પતિનો પીહવો હોય એ રીતે નાચે. આવી અદા દશેરાના મેળા સિવાય બીજા કોઈ મેળામાં જોવા મળતી નથી !

**વાઘવાના મેળામાં નૃત્ય :**

આસો સુદ આઠમનો વાઘેશ્વરી માતાનો મેળો વાઘવા, તા. પાવી-જેતપુરમાં ભરાય છે. ચોમાસાના ચતુર્થ માસ પછી સૌથી પહેલો મેળો આ વાઘવાનો ભરાય છે. ચાર માસની શાંતિ પછી આદિવાસીઓનું મન દેશાટને નિકળે છે. ચાર માસના રૂંધામણ પછી, નવી ફસલના ઉત્પાદન ટાણે આ મેળો આવતો હોવાથી આદિવાસી પ્રજા ઓર આનંદમાં આવી જાય છે.

દૂર દૂરથી આદિવાસીઓ આ મેળો મહાલવા આવે છે. ત્રણ-ચાર તાલુકાની વચ્ચે આ એક જ મેળો ભરાતો હોવાથી માનવ મહેરામણ છલકાય છે.

આદિવાસીઓ પીહવા વગાડતા નાચતા નાચતા, દોડયા આવે છે. પુરુષોની આગળ અથવા પાછળ સ્ત્રીઓ દોડતી હોય છે. પુરુષો પીહવો વગાડતા વગાડતા, નાચતા નાચતા દોડે છે. જાણે હરણો ઠેકડો મારતાં દોડતા હોય !! [૧૩]

**(ૐ) દેવ નૃત્યો :**

આદિવાસી ઉત્સવ પ્રિય પ્રજા છે. તેઓ પોતાના ઉત્સવો આગવી શૈલીથી ઉજવતા હોય છે. આદિવાસીઓ હોળી, અખાત્રીજ, તેરા, નાગપંચમી, પોળા પિતરા, વાઘ બારસ, દશેરા અને દિવાળી જેવા ઉત્સવો ખૂબ જ આનંદથી ઉજવતા હોય છે.

જંગલમાં અળુ નામના કંદના પાંદડા બાફી તેનું શાક બનાવે છે. આ દિવસે આ પાંદડાને દેવ માની નવું પાણી અને શાક દેવને ચડાવવામાં આવે છે. રાત્રે નાચ-ગાન થાય છે. આ દિવસથી જ ઠાકર્યા નામનું નૃત્ય ચાલુ થાય છે. હોળીના તહેવારમાં જંગલમય વિસ્તાર હોવાથી ગામડે ગામડે મોટી હોળી પ્રગટાવાય છે. આ પ્રસંગમાં હોળીબાઈનું લગ્ન કરે છે. સ્ત્રી અને પુરુષ એકમેકની કમરમાં હાથ નાખીને કુંડાળામાં ફરતાં, નાચતાં, ગીતો ગાતાં ગાતાં આખી રાત પસાર કરે છે. ઢોલક આદિવાસીઓનું અભિન્ન અંગ છે. થાપ મારીને વગાડવાના વાદ્યો જેને અંકિક વાદ્યો કહે છે. તેમાં ઢોલક મહત્ત્વનું વાદ્ય છે. આખો દિવસ તનતોડ મહેનત કર્યા બાદ રાત્રે ઢોલકના તાલમાં પોતાનું દેહભાન ભૂલી નાચે છે. [૧૪]

(ક) ઈંદ નૃત્યો

ઈંદ કે બાબો ઈંદ એ આદિવાસીઓનો મોટો દેવ છે. ઈંદ એટલે ઈન્દ્ર, ઈન્દ્રપૂજા વેદકાળથી હિંદુ સમાજમાં ચાલી આવે છે. તેનું જ અવતરણ આદિવાસીઓની આ ઈન્દ્રપૂજામાં થયેલું છે.

ઈન્દ્રદેવની માનતા વ્યક્તિગત કે ગામાત કરવામાં આવે છે. ઈન્દ્રદેવની માનતાના પ્રસંગે આદિવાસીઓનો જબરો નૃત્યમેળો જામે છે. એ નૃત્યમાં નાચવા વિના આમંત્રણે ગામે ગામથી પુરુષો માથે મોટો ઢોલ મૂકીને આવે છે. કોઈ ને કોઈ નૃત્ય ધર્મ સાથે સંકળાયેલું છે તે આ ઈન્દ્રદેવની માનતાના પ્રસંગે યોજાતા નૃત્યમેળામાં સાક્ષાત થાય છે; તેનો સાક્ષાત્કાર કરી શકાય છે.

**મેવાસનાં નૃત્યો :**

ઈન્દ્રદેવની માનતા પ્રસંગે સ્ત્રી-પુરુષોની અલગ અલગ હાલેણી, ટીમલી અને ઢોલ નૃત્ય જેવાં નૃત્યો થાય છે.

તડવી જાતિમાં પુરુષો અને સ્ત્રીઓ અલગ અલગ વર્તુળોમાં હાલેણી નાચે છે. એ વખતે સ્ત્રી-પુરુષો ગીતો ગાય છે. જેના ઘરે ઈન્દ્રની માનતા થતી હોય તે પતિ-પત્નીને તેમનાં સગાવ્હાલાંને સંબોધીને ગીતો ગાય છે. પુરુષના સગાવ્હાલાં વહુને તથા તેની બહેનોને સંબોધીને ગાય છે અને પુરૂષની સાળીઓ - સાળા, પુરુષને તેની બહેનો-ભાઈઓને સંબોધીને ગાય છે.

**એ...એહે**
**ક્યો છોરો, ઈન્દ કરી બેઠો ?**
**ના ના કીધું ને, છોરો ઈન્દ કરી બેઠો ?**
**એ...એહે**
**નું'તી સંપત, છોરો ઈંદ કરી બેઠો.**
**એ...એહે**
**કોળિયો કે'ય, મારો ચડવો ભરેલો દારૂ**
**એ...એહે**
**એવો દારૂ તો, મારી ઠોકરે ઉડાડી મેલું !**
**એ...એહે**

ઢોલ, થાળી અને પીહવી વગાડે. ઢોલ લઈને ધીમે ધીમે ચાલે. નાચનારા પણ ધીમે ધીમે નાચે. ભવાઈ પેઠે ભાંડ બોલાય છે. એટલે નાચનારા કોઈના વાડામાં કે ગામને પાદરે ખુલ્લી જગ્યામાં નાચે છે. આ નાચ માટે કોઈ ચોક્કસ મુદ્રા હોતી નથી. જેને જેમ ફાવે તેમ હાથ-પગ હલાવીને નાચે છે એટલે નાચનારાં જુદા જુદા નાચનું વૈવિધ્ય રચે છે. આ ઢોલ નૃત્ય ભીલ વસાહતમાં અને નસવાડી તાલુકાના રાઠવા લોકોમાં થાય છે.

**પાલનું ઈંદ નૃત્ય :**

પાલમાં ઈંદની માનતા વખતે ઢોલ, પીહવા, કરતાલ વગાડતા જઈ નાચે છે. વળી ઢોલીઓ પણ પોતાના ઢોલ-શરણાઈ વગાડતા જ નાચે છે. આ નૃત્ય વખતે ગીતો ગવાતાં નથી. સ્ત્રીઓ, પુરુષો અને બાળકો બધાં નાચનારાં એક વર્તુળને બદલે પગર કરવા (અનાજ ડૂંડામાંથી છૂટું પાડવા) બળદોને જોડીને હાંકવામાં આવે છે. તેવી રીતે જોડાઈને ચાલે છે. આ વર્તુળ નાચનારાં વધે તેમ મોટું બનતું જાય છે. જાણે કોઈ શિસ્તબદ્ધ લશ્કર ગોળાકારે કૂચ કરતું હોય એવો ભાસ થાય છે.

**કુંવારિયોનું નૃત્ય :**

પાલમાં કુંવારાની માનતા રાખેલી હોય તેને 'કુંવારિયો' કહે છે. એ પણ ઈંદની માનતા જેવી માનતા છે. માત્ર એ નાના પાયા ઉપર થાય છે. 'કુંવારિયો'માં ઢોલીની એકાદ બે જોડ હોય છે. જ્યાં મોટા ઢોલ હોય ત્યાંથી લઈને નાચવા આવે.

કુંવારી માતાના સ્થાનને કેન્દ્રમાં રાખીને તેની ફરતાં ફરીને સ્ત્રી-પુરુષો ભેગાં નાચે છે. તેમની વચ્ચે કેટલાક પુરુષો છૂટા છૂટા પણ આગવી રીતે નાચે છે.

'કુંવારિયો' અને 'ઈંદ'માં થતાં નૃત્ય સાથે ગીતો ગવાતાં નથી. બધા ગીતો વગર નાચે.જાણે નૃત્યનો નશો ચડયો હોય એમ બસ નાચ્યા જ કરે, સવાર થતાં સુધી નાચ્યા જ કરે છે.! [૧૫]

### (ખ) ભાદરવાદેવ :

આદિવાસી લોકનૃત્યો ઋતુઓમાં વહેંચાઈ ગયેલા છે. નવું વર્ષ શુભેચ્છાઓ લઈને આવે છે. નવા વર્ષે આદિવાસીઓના નૃત્યની ઉષા પ્રગટે છે, આદિવાસી પ્રદેશમાં કારતક સુદ ૧૫ ને દિવસે ભાદરવા, તા. તિલકવાડામાં ભાદરવાદેવનો મોટો મેળો ભરાય છે. આ મેળામાં ભીલ, તડવી, રાઠવા અને બારિયા જાતિના લોકો ઉમટે છે અને મેળો મહાલે છે.

આ મેળામાં ભાથુજી મહારાજની વાડી (જવ-જવારા) વાવે છે. આ બધા જવારા ભાદરવાદેવના સ્થાનકે આવે છે.

જે ગામમાં ભાથુજી-ભાદરવાદેવના નામની વાડીઓ નાખેલી હોય, જવ વાવેલા હોય તે ગામના લોકો ટોપલામાં જવારા મૂકી, માથે લઈ ને ઢોલ શરણાઈ વગાડતા આવે છે. સ્ત્રીઓ ગીતો ગાતી હોય છે :

**કે'વ રે ભાથુદેવ !**
**તમારાં બેસણાં ?**

જાગરિયા ડૂન ડૂન ડાકલી વગાડતા ભાથુજીદેવની હાવેળો ગાતા ચાલતા હોય છે. આ સંઘની સાથે બીજા યુવાનો પણ દેવના ખેળા બનીને નાચતા, ગાતા અને હાથમાં નિશાનો (ધજાઓ) લઈને હલાવતા હલાવતા ગાય છે :

**ખેળા ! ખેળા !**
**મહારાજ ! ભલે નાના તારા ખેળા !**

આ ખેળા મહોરમમાં મસ્ત બનીને નાચતા મુસ્લિમો પેઠે નાચમાં મગ્ન બની જાય છે.

### (ગ) માતાના ખેળા :

મહારાજના ખેળા ઉપરાંત માતાના ખેળા પણ બને છે. ભીલપ્રદેશમાં નવરાત્રિના દિવસોમાં, કારતક સુદ નોમ કે તેરસ-ચૌદશ ઉપર માતાના જવારા વાવવામાં આવે છે. માતાના જવારા નદીએ પધરાવવા લઈ જતી વખતે પુરુષો ખેળા બને છે. ખેળા એ પુરુષ નૃત્ય છે.

માતાના ખેળા ગીત ગાતા, નાચતા ચાલે છે. તેમના હાથમાં ધજાઓ હોય તો તેઓ તેને ઊંચી-નીચી કરીને નાચે છે. બીજા પુરુષો તાલ માટે કરતાલ, કાંસીજોડા અને ઢોલકી વગાડે છે. પુરુષો નાચતા ચાલે ત્યારે આ પ્રમાણે ગીત ગાય છે.



**ખેળા ! ખેળા !**
**ઓ માતા ! ભલે નાચે તારા ખેળા !**
**ખેળા રમવા નીસરાં**
**ઓ માતા ! ખેળા રમવા નીસરાં.** [૧૬]

### (ઘ) ગોર્યોત્સવના નાચ :

કુંવારી કન્યાઓ ગૌરી (પાર્વતી)નું અલૂણાવ્રત અષાઢ માસમાં કરે છે. ગૌરીમાતાના પ્રતિક તરીકે જવારા વાવે છે. સાત ધાન્ય અથવા પોતાને ત્યાં જે અનાજ ખાવા માટે પ્રાપ્ત થઈ શકે એમ હોય તેના દાણા એક ટુંગલી (નાની ટોપલી) માં વાવે છે. આ જવારા ઉગે તેને 'ગોઈરો' કહે છે. ગોર્યો વખતે કન્યાઓ ભૂખી રહે છે અને સાંજે એક ટંક મીઠા વગરનું અનાજ ખાય છે.

દરરોજ ગોરમાના પાટલા પાસે અથવા જાગરણના દિવસે કન્યાઓ જાતજાતનાં ગીતો ગાય છે. કેટલાંક ગીતો ક્રિયાત્મક હોય છે, તે ગાઈને નાચે-કૂદે છે. કેટલાંક ગીતોને 'ગોરમાનાં કુદણિયાં' કહે છે તેને જ અહીં ગોર્યોત્સવના નાચ કહ્યા છે.

સંખેડા, નસવાડી અને જેતપુર તાલુકાની તડવી, ભીલ અને નસવાડી તાલુકાની રાઠવા કન્યાઓ આ વ્રત કરે છે. પાલપ્રદેશની રાઠવા કન્યાઓમાં આ વ્રતનો પ્રચાર નથી.



પક્ષ સામે આવે તો એક પક્ષ પાછો હઠે એમ આખું ગીત પૂરું કરે છે. આ રીતે 'ઓ આશાકુંવર, તમે કેટલા ભાઈ કુંવારા લાલ ! અચકો મચકો કારેલી' એ ગીત ગવાય છે.

(૫) ઊભી ઊભી એક તાળી પાડીને ગાય અને છેવટની કડી આવે ત્યારે કૂદે. આખું વાતાવરણ ધમધમી ઊઠે. 'સાસુ જઈ'તી શેરીએ, હું જઈ'તી બજાર, ઝોલો લાઈગો રે મારી જેઠાણી' અને 'માડીને આંગણે આંબલો રે, મારા નંદાના લાલ !' એ ગીતો ગવાય છે.

(૬) સામે-સામે નીચે બેસી બે પક્ષ પાડે. ગોર્યોની સામે હાથના થાપડા ભોંય પર મારતાં જઈ ગીત ગાય. સામસામી એક-બીજીનું નામ લઈ ગાય છે. 'ડોહા, ડોલ રે ડોલ, મેંદલી ગલાલ!' પવનથી ગોરમાના જવારામાં ઉગેલા વાલોળના રોપ હાલે તે જોઈ રાજી થાશે.

**ભીલ કન્યાનાં કૂદણિયાં :**

ભીલોમાં બાવા-બાવી બની દૈનિક ક્રિયાઓનો અભિનય કરે છે ને બાવાનું ગીત ગાય છે. 'બોરે બોરેનાં ફૂલડાં મે વીઈણાં' એ ગીત ગાય છે. તડવી કન્યાઓ પણ આ ગીત સભિનય ગાય છે. 'જોબન રે, જોબન', 'હુકલો મેં ભઈ રો રે, ઠીંકે મોરલિયો', 'ઓ રાજા કુંવર ! તમે કેટલા ભાઈ કુંવારા, રાજ' જેવાં ગીતો પણ અભિનય સાથે ગાઈને કૂદે છે.

**રાઠવા કન્યાના નાચ :**

નસવાડી તાલુકાની રાઠવા કન્યાઓ પહેલી 'ગોર' દાણા વાવીને કરે છે. બીજી ગોર ખેતરમાં વાવેલી ડાંગરના છોડ ઉપાડી લાવીને તેની બનાવે છે. તેઓ બીજા નાચણિયા ગીતો ગાય છે. ઉપરાંત 'ગોર્યો' લઈને 'ભલીઓ નાચે રે ભલીઓ નાચે, મારી ગોઈ રો માતા' એ ગીત ગાઈને નાચે છે. [૧૭]

**(ચ) ઠાકર્યા નૃત્ય :**

આદિવાસી પ્રજા નિસર્ગને દેવ માની તેને પ્રસન્ન કરવા નૃત્ય દ્વારા પોતાની ભકિતભાવના વ્યકત કરતી હોય છે. આ નૃત્યોમાં ડુંગર દેવના ભાયા નાચ અને ઠાકર્યા નાચનો સમાવેશ થાય છે. લોકનૃત્યના સામાન્યતઃ સમૂહ નૃત્ય, દ્વંદ્વ નૃત્ય અને એકેરી નૃત્ય એમ ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છે. ઠાકર્યા એ નૃત્યકલાનો જુદો જ પ્રકાર છે. આ

**તડવી કન્યાના કૂદણિયાં :**

(૧) છોકરીઓ ગોળાકારે ઊભી રહી એક-બીજીનો ઘૂંટણ ઝાલીને ગીત ગાય છે. પછી એકાદ બે કડી રહે ત્યારે તે ગાઈ ને કૂદે છે. 'બાજરીનાં રાડામેં ટીંડુંરૂં રમીએ' અને 'તુંબડી તુંબડી' જેવાં ગીતો ગવાય છે.

(૨) એક તાળી પાડી, નીચા નમી, પગનાં ઠેકડા મારતાં જઈ કૂદે અને ગીત ગાય. 'મારી ખડકીમાં કછિયો, વાલો વણઝારો રે' અને 'આપણા વાડામેં, વોવ ! કારેલી રે.' એ ગીત ગવાય છે.

(૩) 'ભોળો વીંછુડો રે' માં વીછી ક્યાં ક્યાં કરડે છે અને તેની વેદના કેવી થાય છે તે વ્યક્ત કરે છે. 'રિસાઈ જાવ, બે'ની ! રિસાઈ જાવ' અને 'ભટક તુંબડી દાબે, ભટક તુંબડી દાબે' તથા સાસુની ક્રિયાના ચાળા પાડવા માટે ગવાતું 'પોમચો પે'ર' એ ગીતો ક્રિયાત્મક છે. બોલ પ્રમાણે સામસામા પક્ષ ક્રિયા કરે છે. 'વીંછુડો' માં ગોળાકારે એક-બીજીનો હાથ ઝાલીને ઊભી રહી ગીત ગાય અને વચમાં ઊભી રહેલી છોકરી કેડ ઉપર બે હાથ રાખી ડોલતી વીંછી ચડ્યાની વેદના વ્યક્ત કરે છે.

(૪) સામસામી ઊભી રહીને બે પક્ષ પાડી ગાય છે. એક



નૃત્યને ખાસ કરીને સમય મર્યાદા હોય છે. તેરા ઉત્સવ પછી આ નૃત્ય શરૂ થઈ દિવાળી સુધી જોવા મળે છે. (એમાં તેરા ઉત્સવની ઉજવણી અખાત્રીજ પછી થાય છે.) આ દેવ પૂજક નૃત્ય છે. સવાલ અને જવાબ, જેને આદિવાસીઓ ઠાકર્યા ગીતોમાં ચડ અને ઉતાર કહે છે. તે ઠાકર્યાની વિશેષતા છે.

**(છ) ભાયા નૃત્ય :**

ઠાકર્યા નૃત્ય જેવું બીજું દેવ નૃત્ય તે ભાયા નૃત્ય છે. આ નૃત્યની ખાસિયત એ છે કે, આ નૃત્યમાં સ્નાન કર્યા વિના કોઈ પણ જોડાઈ શકતું નથી. આ નૃત્યમાં વાદ્ય તરીકે દૂધીની બનાવેલી પાવરી વપરાય છે. આદિવાસીઓ ઘેરૈયા નૃત્ય કરે છે. નવરાત્રીમાં માતાજીની પૂજા કરવા ઘેર નામની વીસ-પચ્ચીસ જુવાનોની મંડળીઓ જમાવે છે. આ મંડળી રોજ ઘેર રમવા જાય છે અને સાંજે પાછી ફરે છે. ઘેરૈયાની ટુકડીના નાયકને 'કવિઓ 'કહેવામાં આવે છે. કવિઓ ગીત ગાય છે અને બીજા ઘેરૈયાઓ તેને ઝીલે છે અને નાચે છે. ઘેરૈયા નૃત્ય માતાના તહેવારનું એક અંગ છે. [૧૮]

નવરાત્રી વેળા થતા ઘેરિયા નાચમાં તો વળી સ્ત્રી, ટોપલીવાળો, ઘોડાવાળો, વિદૂષક, બ્રાહ્મણ જેવા વિવિધ વેશ પણ લેવાય છે. આ નાચ કોઈ એકલ-દોકલ વ્યકિતનો નહીં, સમૂહનો હોય, પરસ્પરની કમર ઉપર હાથ મૂકીને એક કતારમાં કે એક કુંડાળામાં તાલબદ્ધ રીતે નવા નવા ઉન્મેશો પ્રગટાવતાં પગલાંની ગતિને માણવી એ એક લહાવો છે. પગલાંની વધતી જતી ગતિ સાથે એમનાં ખુલ્લાં ગળામાંથી ઉઠતા ગીતના સ્વરો તારસપ્તક પર પહોંચવા કરતા હોય એ રીતે આનંદનો મહેરામણ છલકાવી દે છે. [૧૯]

નવરાત્રીમાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ 'માતા કરવા' જાય ત્યારે નાચણું પાડે છે અને નાચણાની ચાલ તે ચાળો, થોડે થોડે સમયે ચાળો બદલાતો રહે છે. ઘડીમાં ઘો ચાળો, ઘડીમાં મરઘી ચાળો તો ઘડીમાં ઈંડા ચાળો, ગામ ગામના લોકોની વળી નાચણાની ખાસ ચાલ હોય જેમકે તિરછાડી ગામના લોકોની ખાસ નર્તન શૈલી-ચાળો તે તિરહાડિયેવાળા હા ચાળો, આંબાસે ગામના લોકોનો ચાળો તે આંબાસેવાળા હા ચાળો, પગ પર પગ મૂકી નાચવાની રીત તે ધોવાય ધોત્યા ચાળો અને લગ્નમાં ખાસ જેનો ઉપયોગ થાય તે વોરડયા હા ચાળો. આવા વિવિધ ચાળાઓમાં રાતની રાત વીતી જાય નાચણું ચાલ્યા કરે છે. નાચણાનો સર્વમાન્ય નાયક મુખથી જ એકાદ સિસોટી મારે, ચાળો બદલે અને આખો સમૂહ તત્ક્ષણ તેને અનુસરે છે. કયાંય નૃત્યની સંવાદિતાને, તાલને, લયને આંચ નથી. બે મોઢાળી પાવરી વાગતી હોય, તાડપત્તી અને દૂધીમાંથી બનાવેલું ડોબરૂં વાગતું હોય, ઢોલક ઉપર થાપ પડતી હોય અને કાંસીજોડને તાલે તાલે એક-બીજાની કમરમાં હાથ વીંટાળીને તાલબદ્ધ રીતે કંઈ કેટલાય પગ એકસરખી ગતિથી પડતા-ઉપડતા આગળ વધતા હોય, વચમાં વચમાં ગીતના બોલ ઉપડતા હોય એ એક અપૂર્વ દૃશ્ય-શ્રાવ્ય ઘટના બની રહે છે. સૂર-તાલની આ સૃષ્ટિમાંથી માનવમાત્રમાં રહેલી આદિમતાને ઢંઢોળતું આદિમ સંગીત એના તાર સપ્તકમાં પ્રગટે અને એ જાણે કે સમૂહ હૃદયોની લાગણીઓને સાકાર કરતું હોય એમ લાગે છે. ગામીત યુવાન-યુવતીઓને હળવાફૂલ થઈને સંપૂર્ણ મુકતતા અને મસ્તીથી આમ તાલબદ્ધ રીતે એકરાગીતાથી કલાકોના કલાકો, કેટલીક વાર તો આખી રાત એક સાથે એક-બીજાની કમરમાં હાથ પરોવીને નાચતા જોઈએ અને મંત્રમુગ્ધ થઈ જવાય અને હૈયું હર્ષવિભોર બની જાય છે. આ ઉત્તેજનાપૂર્ણ ગતિશીલ નૃત્યમાં એમના આનંદાતિરેક અને શકિતસામર્થ્ય તો પ્રગટે જ, પરંતુ તે સાથે એમની નૈસર્ગિક કલાસૂઝ અને મુકત સંસ્કૃતિનું દર્શન પણ થાય છે. આવી આનંદપૂર્ણ ક્ષણોમાં માણસો પોતાના અહમને, જુદાપણાને ભૂલી જાય છે અને અનાયાસ એક સમૂહ-માનવરૂપે સ્વની અનુભૂતિ કરે છે. માનવપ્રકૃતિ જાણે કે વિશ્વપ્રકૃતિ સાથે તન્મય બનીને નિર્વ્યાજ શુદ્ધ આનંદ માણી રહે છે. [૨૦]

**(૫) લગ્ન નૃત્યો :**

જેમ બાબા ઈંદની માનતા, મેળા અને હોળી નૃત્યો સર્જે છે તેમ લગ્ન પણ નૃત્ય ઉત્સવ બની જાય છે. લગ્નોત્સવમાં નૃત્યમેળો જામે છે.

લગ્નમાં હાલેણી, આંબલીગોધો, કૂદણિયું, ઘમ્મરિયું, માટલી, રોળા, ડીંડિયાંનાચ, જાનૈયાનૃત્ય જેવાં ઘણાં નૃત્યો થાય છે.

કેટલાંક નૃત્યો લગ્નપ્રસંગોમાં લગ્નની ક્રિયાવિધિ સાથે થતાં હોય છે. આવાં નૃત્યો સીમાડાનું 'ઘોડીલો' અને ચોરીનું 'ગોરમટીનૃત્ય' છે. વળી ભીલ અને રાઠવામાં કન્યાવિદાય વખતે વર-કન્યાને ખભે બેસાડીને નચાડે છે.

**આમ લગ્નનાં નૃત્યોનાં બે ભાગ પડે છે.**

(ક) લગ્ન નૃત્યો અને

(ખ) લગ્ન પ્રસંગનાં નૃત્યો.

## (ક) લગ્ન નૃત્યો

### માટલી નૃત્ય :

લગ્ન પ્રસંગે હાથમાં લોટા કે પિત્તળના ઘડા લઈને સ્ત્રીઓ નાચે છે, તેને માટલી નૃત્ય કહે છે. માટલી નૃત્ય એ સ્ત્રી નૃત્ય છે. આદિવાસી સિવાયની ઉજળિયાત અને વસવાયા જાતિઓમાં પણ માટલી નૃત્ય પ્રચલિત છે.

**માટલી નૃત્યના બે પ્રકાર છે.**

(૧) ઊભી માટલી અને (૨) આડી માટલી

ઊભી માટલી એ આખા ગુજરાતનું સ્ત્રી નૃત્ય છે. વચમાં ઢોલી રહે અને નાચનારા તેની ફરતાં ફરીને નાચે તેને ઊભી માટલી કહે છે.

આડી માટલી એ આદિવાસીઓમાં જ પ્રચલિત નૃત્ય છે. ઢોલી ઢોલ વગાડતા વગાડતા નાચતા આગળ ફરે છે. ઢોલી ફળિયામાં જાય તો સ્ત્રીઓ ફળિયામાં જાય, ઢોલી ગામમાં ફરે તો સ્ત્રીઓ ગામમાં ફરે છે તેને આડી માટલી કહે છે.



આ નૃત્યમાં ઢોલી અને રમનાર વચ્ચે શરત પણ લાગે છે. રમતાં રમતા રમનાર હારે તો રમનાર દંડ આપે અને ઢોલ વગાડતાં વગાડતાં ઢોલી હારે તો ઢોલી દંડ આપે છે.

આ સ્ત્રી-લોકનૃત્ય છે, પણ તેમાં જવાન પુરુષો પણ ભાગ લે છે. તેમના નાચને 'માટલિયું નૃત્ય' કહે છે.

માટલી નૃત્ય કરતી સ્ત્રીઓની વચ્ચે પુરુષો નાચવા પેસે છે. આ રમનાર પુરુષો એક હાથમાં રૂમાલ અને બીજા હાથમાં ઉઘાડેલી છત્રી હોય છે. તે રૂમાલ હલાવતાં જઈ, છત્રી વીંઝીને નાચે છે. તો કોઈ માત્ર હાથ ઊંચા-નીચા કરીને નાચે છે. ચલતીમાં આવે ત્યારે નાચતા નાચતા ઘૂમરી ફરે - ફુદડી ફરે છે.

માટલી નૃત્યમાં ઢોલ-શરણાઈના વાદ્યની જરૂર પડે છે. નાચનારની વચમાં ઢોલી રહે છે ને ઢોલ - શરણાઈ વગાડે છે. શરણાઈમાં ગરબી જેવાં ગીતો વગાડાય છે. નાચનારાં તેની ફરતાં ગોળાકારે નાચે છે.

નાચનાર સ્ત્રીઓએ ઘરેણાં પહેરેલાં હોય છે. હાથની આંગળીઓએ ઘૂઘરિયાળી વીંટીઓ અને બેડી (બેરખી) પહેરેલી હોય છે. પગના અંગૂઠે અગૂઠિયાં, આંગળીઓએ ફૂલાં, ગેંદા, માછલીઓ અને જોડવાં પહેરેલાં હોય છે. પગની પાની ઉપર ઘૂઘરીવાળાં ઝાંઝરા કે ટોટા પહેરેલા હોય છે.

આ નૃત્ય માટે માટીની માટલી નથી વપરાતી, પણ પિત્તળના લોટા કે ઘડા વપરાય છે. સ્ત્રીઓ કેડમાંથી નીચી નમી, ગોળ ફરતી જઈ લોટો કે ઘડો બે હાથમાં રમાડી, માથા ઉપર જમણી બાજુથી ડાબી બાજુ ઉતારે અને ડાબી બાજુથી જમણી બાજુ ઉતારે. હાથમાં પહેરેલી વીંટીઓ અને કરડાનો તાલ આપે. ઢોલના ડાંડિયાના ઘાવનો અને વીંટીનો એક તાલ થાય છે. રમનારાં ચગે ને રમઝટ જામે છે.

માટલી નૃત્ય વખતે ઢોલી જે જાતના ઢોલ વગાડે છે, તેને 'ટીમલી વગાડી' કહે છે. લગ્નના દિવસોમાં માટલી નૃત્ય રાત્રે થાય છે. તડવીઓમાં ખાસ કરીને ગ્રહશાંતિ પતાવી દીધા પછી રાત્રે સ્ત્રીઓ માટલી નૃત્ય રમે છે.

### હાલેણી :

નાચનાર એક-બીજાને ખભે હાથ મૂકી, ગોળાકાર ફરીને, ગીતો ગાતાં નાચે છે તેને હાલેણી કહે છે.

હાલેણી પુરુષો અને સ્ત્રીઓ બંનેનું નૃત્ય છે. સ્ત્રીઓ અને મરદો જુદાં જુદાં વર્તુળોમાં પોતપોતાનાં નોખાં જૂથો જમાવીને નાચે છે.

હાલેણીને લોકબોલીમાં 'આલેણી' કહે છે. હાલેણીના જુદા જુદા પ્રકારો છે. તડવી જાતિની યુવતીઓ વસંતઋતુમાં રોળાગીત ગાઈને હાલેણી નાચે છે, તેને 'રોળા'

કહે છે. ભીલ યુવતીઓ વસંતઋતુમાં ગીત ગાતાં જઈ હાલેણી નાચે છે. તે વખતે ઢોલની જરૂર પડતી નથી. પુરુષો લગ્ન પ્રસંગે જ હાલેણી નાચે છે. પાલપ્રદેશમાં પુરુષોના હાલેણી નૃત્યને 'રોળા રમવા' કહે છે.

હાલેણી નાચતી વખતે એક હાથ ખભે અને બીજો હાથ સાથીદારની કેડે કંદોરા પેઠે વીંટાળે છે. વચમાં હોય તેના બંને હાથ આગળ-પાછળના સાથીની કેડે સાંકળ પેઠે વીંટળાયેલા રહે છે.

હાલેણી નૃત્ય પ્રાચીન નૃત્ય છે. નાચનાર એક-બીજાની કેડે હાથના કંદોરા વીંટે છે. એવું ચિત્ર રાધા અને કૃષ્ણનું મળે છે. એક એક રાધા અને એક એક કહાન, એકબીજાની કેડે કંદોરા વીટીને ગોળાકાર નાચે છે. જેના ઉલ્લેખો શ્રી મંજુલાલ રે. મજમુદારે આપ્યા છે. 'રાસક' એ પ્રાચીન નૃત્ય છે. આ રાસકના ત્રણ ભેદ અથવા પ્રકાર ગણાય છે. : (૧) લત્તારાસક, (૨) દંડરાસક અને (૩) મંડલરાસક અથવા તાલીરાસક કે તાલરાસક. આમાનો દંડરાસક તે દાંડિયારાસ, તાલરાસક તે તાળીઓના તાલે ખેલાતો રાસ અને લત્તારાસકમાં બબ્બેનાં યુગલમાં ગૂંથાઈ ને લતા જેમ વૃક્ષને વીંટાઈ જાય છે તેમ - ગૂંથાઈને રમાતો રાસ. પશ્ચિમના 'બોલડેન્સ'નું સ્મરણ આ પ્રકારથી થાય છે. આ લત્તારાસકમાં હાલેણી લોકનૃત્યનું જૂનું ચિત્ર જોઈ શકાય છે. આ લત્તારાસકનું ચિત્ર બારમાં કે તેરમાં સૈકામાં લખાયેલ 'બાલગોપાલસ્તુતિ' ગ્રંથમાં છે.

પ્રાચીન ચિત્રમાં રાધાકૃષ્ણને જોડીને નાચતાં બતાવ્યાં છે, પરંતુ હાલેણી નૃત્યમાં સ્ત્રી-પુરુષો એક-બીજાની કેડે હાથ વીંટીને નાચતાં નથી. સ્ત્રી-પુરુષો અલગ અલગ નાચે છે.

હાલેણી નૃત્ય સામાન્ય રીતે ઢોલ-શરણાઈની મદદ વિના થાય છે, પરંતુ લગ્નના દિવસોમાં ઢોલ-શરણાઈનાં વાદ્ય વપરાય છે. હાલેણી નૃત્યમાં ગીતો ગવાય છે.

લગ્નગાળામાં નૃત્ય સાથે ગવાતાં ગીતોને 'નાચનાં ગીતો' કહે છે. આ ગીતો આદિવાસી સિવાયની તળપદા, ગરાસિયા વગેરે જાતિઓમાં પણ નૃત્ય વખતે ગવાય છે. [૨૧]

**કૂદણિયું :**

આ પણ લગ્ન પ્રસંગનું સ્ત્રીઓનું નૃત્ય છે. હાલેણીમાં પુરુષો ભાગ લે છે પણ કૂદણિયામાં ભાગ લેતા નથી.

આ નાચમાં ઢોલ-શરણાઈની જરૂર પડતી નથી.

હાલેણી પેઠે આ નૃત્યમાં સ્ત્રીઓ ગીતો ગાય છે. આ નૃત્યમાં હાલેણી પેઠે જોડાઈને અથવા છૂટી બે-ત્રણની જોડીમાં સ્ત્રીઓ નાચે છે. આ નૃત્યમાં ગીત પૂરું થવા આવે એટલે ત્વરિત ગતિએ નાચે-કૂદે. કૂદણિયુંમાં નાચનાર આગળ-પાછળ ડગલાં ભરીને ગોળાકાર નાચે. બે ડગલાં ચાલીને



અટકે પછી કૂદે, આમ આખું નૃત્ય ચાલ્યા કરે. લગ્નગાળામાં 'હાલેણી' અને 'કૂદણિયું' એ બે નૃત્યો મુખ્ય હોય છે અને આખા લગ્નગાળા દરમિયાન દરરોજ રાત્રે થાય છે.

ઢોલીને લગ્નના દિવસોમાં જ બોલાવે છે. એટલે આખા લગ્નગાળામાં દોઢ-બે માસ ઢોલની મદદ વગર થતાં હાલેણી અને કૂદણિયાની મજા આદિવાસીઓ માણે છે.

આ નૃત્યમાં પંદરેક ગીતો ગવાય છે. એમાં નવયુગના બનાવો પણ ઝીલાયા છે. જેમ કે,

**તારી સડકે પર ચાલે ગણગાડી (અગનગાડી)**
**ટોપીવાળો મા'લે છે, હાં રે ટોપીવાળો મા'લે છે !**

**કૂદણિયું નૃત્યનાં ગીતો :**

હાલેણી પેઠે ઢોલ-શરણાઈના વાદ્ય વગર થતાં કૂદણિયાં નૃત્ય વખતે ગવાતાં ગીતો આ પ્રમાણે છે :

**ડુંગરીએ રે જીરું વાવેલું,**
**વાસેલમેં રે મેથી વાવેલી .**
**પેલી વેવાણ હરારી રે હરીચરી જાય.**
**ડુંગરીએ રે જીરું વાવેલું,**
**મારા ભાયોની બાઈડી રે હરીચરી જાય,**
**ડુંગરીએ રે જીરું વાવેલું.**[૨૨]

**ટીમલી :**

આ નૃત્યમાં ઢોલ-શરણાઈની જરૂર પડે છે એટલે આ નૃત્ય લગ્નના દિવસોમાં રાત્રે થાય છે. ટીમલી એ કૂદણિયુંને મળતું નૃત્ય છે.

ઢોલી વચમાં રહે છે. માટલી નૃત્યમાં ઢોલની એક દાંડી પડે છે. ટીમલીમાં બે-ત્રણ દાંડી પડે છે. નાચનારાં ઢોલીની ફરતાં, મનગમતા જૂથમાં જોડાઈને નાચે છે. નૃત્ય કરનાર એક-બીજાને કેડે હાથના કંદોરા બાંધીને નાચે છે.



આ નૃત્યમાં સ્ત્રી-પુરુષ બંને ભાગ લે છે. આ નૃત્ય સ્ત્રીઓમાં ખૂબ પ્રિય છે. સ્ત્રી-પુરુષો ભેગાં નાચતાં હોય ત્યારે સ્ત્રી અને પુરુષનાં અલગ અલગ જૂથ બને છે. ઘણી વાર સ્ત્રીઓ ટીમલી નાચતી હોય તેની વચમાં પુરુષો હાથમાં રૂમાલ રાખીને, વચ્ચે વચ્ચે ઘૂમરી મારીને નાચે છે.

ટીમલી નૃત્યમાં સ્ત્રી-પુરુષો ગીત ગાતાં નથી.

**પાલની ટીમલી :**

જેતપુર-પાવી તાલુકામાં લગ્ન પ્રસંગે થતી ટીમલીમાં થોડો ફેર હોય છે. એમાં બે ડગલાં ભરીને અટકે અને નાચે. લગ્નમાં ઘર આંગણે જે ટીમલી નાચે તેને ડોલકીચાળો કહે છે અને જાન જતી હોય તે વખતે જે નાચ નાચે છે તેને ટીમલી કહે છે. આ ટીમલીમાં હારમાં જોડાઈને નાચતાં નાચતાં ચાલે. આખી હાર જ નાચતી નાચતી ચાલે છે.

**આંબલીગોધો :**

આંબલીગોધો પણ લગ્ન પ્રસંગનું નૃત્ય છે અને લગ્નના પ્રસંગો વખતે રાત્રે થાય છે આથી તેમાં ઢોલ-શરણાઈની જરૂર પડે છે. વચમાં ઢોલ-શરણાઈ વાગે અને તેમની ફરતાં નાચનારાં નાચે છે.

આ નૃત્યમાં પુરુષો બે ડગલા હડી કાઢીને દોડે અને ઘૂમરી મારે છે. આ નૃત્યમાં સ્ત્રીઓ પણ જોડાય છે, પરંતુ આ પુરુષ નૃત્ય છે. ચલતીમાં પુરુષો અવળા-સવળા ફરીને, ઘૂમરી મારીને નાચે છે. પહેલાંના વખતમાં પુરુષો ખભે ડાંગ મૂકીને નાચતા. આ નૃત્યમાં નૃત્યકારો ગીત ગાતા નથી.

આ નૃત્યમાં 'ટીમ ટીમ ટીમ ઢચીમ ઢચીમ' એવા ઢોલ વાગે છે અને આ નૃત્યના ઢોલ સાથે તાલ મીલાવે એવાં ગીતો શરણાઈમાં વગાડાય છે.

**ઘમરિયું :**

ઘમરિયું એ પણ લગ્નના પ્રસંગોમાં થતું રાત્રિ નૃત્ય છે. આ નૃત્યમાં સ્ત્રી-પુરુષ બંને ભાગ લે છે.

પુરુષો ટીમલી પેટે ઘૂમરી મારીને નાચે. સ્ત્રીઓ, ખાસ કરીને આધેડ સ્ત્રીઓ અને જુવાન છોકરીઓ આ નૃત્યમાં વિશેષ ભાગ લે છે. આ નૃત્ય વખતે સ્ત્રીઓ માથા પર લોટો કે ઘડો ઊંધો મૂકીને સાદી રીતે ગોળાકાર ફરે છે. સ્ત્રીઓ પુરુષો પેઠે ઘૂમરી મારતી નથી, પરંતુ કોણીમાંથી હાથ વાળીને ઊંચાં-નીચા કરીને નાચે છે.

**ડાંડિયા નૃત્ય :**

વસંત ઋતુના સમયમાં અને લગ્ન પ્રસંગે પુરુષો રંગીન કે સાદા ડાંડિયા લઈને નાચતાં આ નૃત્યને ડાંડિયા નૃત્ય કહેવાય છે.

આ નૃત્ય સંખેડા મેવાસની ભીલ અને ગઢબોરિયાદ વિસ્તારની રાઠવા જાતિમાં આજથી સિત્તેરથી પચ્ચોત્તેર વર્ષ પહેલાં પ્રચલિત હતું.

ભીલજાતિમાં આ ડાંડિયા નૃત્ય વખતે પુરુષો સીસમના ડાંડિયા લઈને ગોળ નાચે છે.

આ નૃત્ય વખતે ગીતો ગવાય છે. રાઠવા જાતિમાં ગવાતા ગીતની એક સેર પ્રાપ્ત થઈ છે. આ ગીતસેર સીમેલ, તા. નસવાડીના વૃદ્ધ રાઠવા ભગન વીંછિયાભાઈ પાસેથી તા.૧૫-૭-૧૯૮૫ના દિવસે પ્રાપ્ત થઈ હતી. ગીતમાં ગવાતાં લાંબા સૂરને સાખીઓ કહે છે અને ચલતીને ચોપાઈઓ કહે છે, પણ ગુજરાતમાં પ્રચલિત સાખી-ચોપાઈઓનું સ્વરૂપ જુદું છે. સાખી અને ચોપાઈ ખોટા અર્થમાં વપરાય છે.

ગીતસેર આ પ્રમાણે છે.

**એ...છતરસંગ રાજા રે...**
**તારોં તૈડકાં ઘોડાં...**
**તરાંબે કૂંડે પાંણી પીય (૨)**
**એ......કૂંડું દેખીને ઘોડી ચમકી,**
**કંઈ ઘોડો દેખી મલકાય(૨)**
**(જુદો ઢાળ)**
**કોરી ગાગેર કંઈ મંધ ભરી**
**કંઈ ઉપેર લખીયો મોર...**
**હો સાલ મારૂં નાનેરું ભાણજું !**
**પઈણો જ્યો રે કંઈ પલમેં રે**
**પડોશી જ્યો ગુજરાતમેં-હો સાલ ૦**
**પઈણો લાઈવો કંઈ કોપરાં**

પડોશી લાઈવો ગોળ-હો સાલ ૦
પઈણા ! તારાં કોપરાં ખોરાં-તૂરા રે
મને ગળીયો લઈ ગો ગોળ-હો સાલ ૦
કોરી ગાગેર કંઈ મંધ ભરી
કંઈ ઉપેર લખિયો મોર... હો સાલ ૦
પઈણો જ્યો રે કંઈ પાલમેં
પડોશી જ્યો ગુજરાતમેં... હો સાલ ૦
પઈણો લાઈવો કંઈ ઓઢણો
પડોશી લાઈવો શેલ-હો સાલ ૦
પઈણા ! તારા ઓઢણો ફાઈટો તૂઈટો
મારી પાવલીએ રોળાંતી શેલ-હો સાલ ૦
કોરી ગાગેર કંઈ મંધ ભરી
કંઈ ઉપેર લખિયો મોર હો સાલ ૦
પઈણો જ્યો રે કંઈ પાલમેં
પડોશી જ્યો ગુજરાતમેં-હો સાલ ૦
પઈણો લાઈવો કંઈ ઘોડુલા રે
પડોશી લાઈવો વે'લ-હો સાલ ૦
પઈણા ! તારા ઘોડુલોથી લટી પડુ
મારી શેરીએ મલકતી વે'લ !
હો સાલ મારૂં નાનેરૂં ભાણજું !

**ડીંડિયા નાચ :**

ડાંડિયા નૃત્ય જેવું જ પાલપ્રદેશનું આ પુરુષ નૃત્ય છે. આ નૃત્ય જેતપુર-પાવી તાલુકામાં કોઈ કોઈ સ્થળે લગ્ન પ્રસંગે થાય છે. જે દિવસે 'માંડવો' હોય, ગ્રહશાંતિ વગેરે હોય તે દિવસે રાત્રે પુરુષો આ નાચ નાચે છે. પુરુષો ડાંડિયા લઈને ગોળાકારે ગીત ગાતા જઈ નાચે છે.

આ નૃત્ય વખતે ગવાતાં ગીતોને ડીંડિયોનાં ગીતો કહે છે. આ ગીતોમાં લગ્ન સમયનો સામાજિક વહેવાર, વેવાણ સાથેની પ્રેમમસ્તી વગેરે ગવાયા છે.

ડીંડિયાં નૃત્યમાં થાળીનું ઘણું મહત્ત્વ છે. પાલવાસીઓ કહે છે કે, થાળી વિના ચાળો ની આવે ! (થાળી વિના નૃત્યની મજા ન આવે.)

ડીડિયો નૃત્યનાં ગીતો છે. એ પૈકીનાં કેટલાક ગીતોની પ્રથમ પંક્તિઓ આ પ્રમાણે છે.

સરકારી બંગલો સૂનો'લા સેલિયા !
સૂનો મેલીને કાં જેલો રે લોલ ?
○○○
ગડગડીયું નાળિયેર, હો મારા લે'રી રે
અંધારી રાઈતનો મેળો રે લોલ.
○○○
કણજી કુવલીયોમેં વેરી રે ભીલડી
ખસ નથી મોનંતી !
○○○
પોપીંદરું પાંજરે ઘેરાયેલું રે.
○○○

**રોળા :**

રોળા એ જેતપુર-પાવી અને છોટા ઉદેપુરના પાલ પ્રદેશનું હાલેણી નૃત્ય જ છે. સ્ત્રીઓ કે પુરુષો એક-બીજાની કેડે હાથના કંદોરા ભીડીને ગીતો ગાતાં જઈ નાચે છે. આ હાલેણી નૃત્યમાં સ્ત્રીઓ આગળ પુરુષો આઠ-નવની સંખ્યામાં ટુકડી બનાવીને ગોળાકારે નાચે છે.

આ નૃત્યમાં સ્ત્રી-પુરૂષો અલગ અલગ પોતપોતાના નોખાં જૂથમાં જોડાઈને એક જ વર્તુળમાં નાચે છે.

આ નૃત્ય લગ્ન વખતે જ થાય છે.

રોળા નૃત્ય વખતે ગવાતાં ગીતો આ પ્રમાણે છે.

જળમેં ઊઈગો જળજોંબુ રે
જોંબુ તારો તોળો મેલાવી-દેંમ
વેવોણી મારી શું સગી લાગે રે ?
જોંબુ તારો તોળો મેલાવી દેંમ !

**પાલનાં બીજા લગ્ન નૃત્યો :**

પાલમાં રોળા, ડીંડિયાં નૃત્ય, ટીમલી ઉપરાંત બીજાં નૃત્યો થાય છે. આ નૃત્યો ગીત અને ઢોલના તાલ પ્રમાણે બદલાય છે. બદલાતી નૃત્યરીતિને ચાળો કહે છે.

જૂના વખતમાં સ્ત્રી-પુરુષો એક-બીજાનો હાથ પકડીને ગોળાકારે નાચતાં, આ નૃત્ય હાલ જોવા મળતું નથી.

છોટા ઉદેપુરના પાલપ્રદેશમાં લગ્ન વખતે જુદી જુદી રીતે નાચે છે. હાલેણી પેઠે જોડાઈને ગીતો ગાતાં નાચે છે. ગોળ ગોળ આગળ-પાછળ ફરીને નાચે. કેડે ઘૂઘરા બાંધી સીધા નાચે, ઢોલ વાગે તેમ નાચે, 'પાળીનાચ'માં આમ તેમ ફરીને નાચે, સ્ત્રીઓ અને પુરુષો હાથમાં કરતાલ લઈને પણ નાચે છે. [૨૩]

**(ખ) લગ્નનાં પ્રાસંગિક નૃત્યો :**

લગ્ન વખતે કેટલાંક નૃત્યો લગ્ન પ્રસંગના એક ભાગરૂપે થાય છે. આવાં નૃત્યો તડવીઓનાં ગોતરિજો નૃત્ય, ભીલોમાં ફૂલેકા નૃત્ય, નસવાડીના રાઠવાઓનું ગોરમટી અને ચોરીનું નૃત્ય, ભીલ અને રાઠવામાં કન્યાવિદાય વખતનું વર-કન્યાને ઘોડીલો રમાડવાનું નૃત્ય અને પાલનાં ગોતરિજો અને ગોરમટીનાં તથા સીંભોડીનાં નૃત્ય ગણી શકાય.



**ઘોડીલો નૃત્ય : ફૂલેકાનું :**

ભીલોમાં હસ્તમેળાપના આગલા દિવસે રાત્રે વર કે કન્યાનો વરઘોડો કાઢવામાં આવે છે તેને 'ફૂલેકું' કહે છે. ફૂલેકા વખતે વર કે કન્યાને ઘોડા ઉપર બેસાડવામા આવતાં નથી, પરંતુ કોઈ પુરુષના ખભે બેસાડે છે. ફરતી વખતે ઘરે ઘરે બેઠકો થાય છે. દરેક ઘરે વર કે કન્યાને ખભે બેસાડીને નચાડે છે. કન્યા કે વરને જે ઘરે બેઠક હોય તે ઘરવાળાં ઢોલી રમાડવા પૈસા આપે છે. ખભા ઉપર રહીને તે બંને હાથમાં પૈસા રાખી હાથ લંબાવે છે. ખભા ઉપર બેસાડીને નચાડનાર પુરુષની આજુબાજુ ઢોલી પણ ઢોલ વગાડતો જઈ નાચે છે અને નાચતાં નાચતાં પરણનારના હાથમાંથી પૈસા લે છે. જેમ વધારે નચાડે તેમ ઢોલીને સારો તડાકો પડે છે.

આવી રીતે નચાડતાં નચાડતા આખા ગામમાં ફરે છે તે છેક મળસ્કે વર કે કન્યાને ઘરે પાછાં ફરે છે.

**ઘોડીલો નૃત્ય : કન્યાવિદાય વખતનું :**

ભીલ અને રાઠવા લોકોમાં કન્યાવિદાય વખતે વર અને કન્યાને ખભે બેસાડીને નચાડે છે. ફૂલેકા વખતના નૃત્ય પેઠે આ નૃત્ય થાય છે. વરને જાનવાળા અને કન્યાને તેનાં સગાં પૈસા આપે છે. આ નૃત્ય વખતે કન્યા રડતી હોય છે એટલે તેને નૃત્યનો આનંદ મળતો નથી.

**સીંભોડીનો ઘોડીલો :**

સંખેડા તાલુકાના ઓરસંગ કાંઠાના તડવીઓથી શરૂ કરીને પાવી-જેતપુર, છોટા ઉદેપુર, હાલોલ, જાંબુઘોડા અને બીજા પ્રદેશોમાં લગ્નના આગલા દિવસે વર કે કન્યા સીમાડા પૂજન માટે જાય છે તેને 'સીંભોડી' કહે છે. પૂજન થઈ રહ્યા પછી વર અથવા કન્યાને ખભે બેસાડીને નચાડે છે તેને 'ઘોડીલો' કહે છે. તે વખતે સ્ત્રીઓ ગીતો ગાય છે :

**ચડી જા, ગોરાં બે'ની !**
**ઘોળીલે રમાડે**
**ઉતરેલા, જોણ શોરા !**
**ગધેળે રમાડે !**

ooo

**શોડો શોડો, પૈસા શોડો રે**
**શપડું ફગોટી દીજો રે**
**ગોરાં બે'ની !**

**ગોરમટી - ચોરી નૃત્ય :**

નસવાડી તાલુકાના રાઠવા લોકોમાં ચોરી કરવા ગોરમટી લાવીને માંડવા વચ્ચે મૂકે છે. પછી સ્ત્રીઓ એક-બીજાના ખભા પકડી, વેવાણને ઉદ્દેશી ગીત ગાઈને નાચે છે. તેને ચોરી નૃત્ય કહી શકાય. સ્ત્રીઓ આમ ગાય છે અને કૂદી કૂદીને ગોળ નાચે છે.

**તુરી તુવેરનો વેલો,**
**ટુવેએ ટુવેએએ !**

પાલપ્રદેશમાં કેટલીક જગ્યાએ ગોરમટી લાવીને ચોરી કરે છે. આ ગોરમટી લઈને આવતાં નાચે છે. પાલપ્રદેશમાં કેટલાક ભાગમાં માટીની ચોરી કરવામાં આવતી નથી, પણ ચોખાની ચોરી-રંગોળી પેઠે ચિતરવામાં આવે છે.

**વરઘ હાલેણી :**

મેવાસમાં જાન જવાના સમય પહેલાં અને કન્યાને ત્યાં વરનું સામૈયું થઈ ગયા પછી વરઘ ભરવા જાય છે. તે વખતે વાવ, કૂવા કે નદીકિનારે વરઘ ભરવા ગયેલી સ્ત્રીઓ ઓવારા પર બેડાં મૂકીને ગીતો ગાતાં જઈ હાલેણી નાચે છે. કૂવા ઉપરથી પાણી ભરવાનું હોય ત્યારે એકાદ બે પાણી ભરે છે અને તેટલો સમય બાકીની સ્ત્રીઓ હાલેણી નાચે છે.

વળી જાન જાય તે દિવસે ગામમાં ઘણા ઓછા પુરુષો ઘરે હોય છે. તે રાત્રે સ્ત્રીઓ જાગવા માટે હાલેણી નૃત્ય કરીને આખી રાત કાઢી નાખે છે.

**કન્યાને ગોંદરે નૃત્યો :**

કન્યાને ત્યાં સામૈયાની વાર હોય, કલાવાની વાર હોય ત્યારે નવરા પડેલા જાનૈયા ટીમલી, આંબલીગોધો કે ઘમ્મરિયું વગેરે નાચ નાચે છે. તેમની સાથે કન્યાના ગામવાળા પણ નાચવા ભળે છે.

પાલમાં જાન આવે ત્યારે જાણે જાનવાળા હલ્લો લઈને છાપો મારવા જઈ રહ્યા હોય એવી જાતના ઢોલ વગાડતા ને નાચતા કન્યાના ઘર ભણી જાય છે. ત્યારે આપણને પેલું 'ઘેરી લીધું રે અમે વેવાઈનું ઘર, ઘેરી લીધું રે' સાચું પડતું લાગે છે. આવા ઢોલ પાલના વાવકી-કાંસિયા વગેરે ગામો તરફ વાગે છે.[૨૪]

**(૬) ગરબા-રાસડા નૃત્ય :**

ગુજરાત-સૌરાષ્ટ્રના ગરબા, ગરબી, રાસ અને રાસડાને મળતું આદિવાસી નૃત્ય ગરબા-રાસડા નૃત્ય છે. રાસ માટે 'રાસ રમાડવા'લ' એ ગીત પંક્તિથી આ નૃત્યનો ખ્યાલ આવે છે. ગરબા-રાસડાને વિવેચકો નૃત્ય નહિ પણ નર્તન કહે છે.

બધી આદિવાસી જાતિઓમાં નવરાત્રિમાં ગરબા-રાસડા ગવાતા નથી. ગરબા-રાસડાને આદિવાસીઓ 'ગરબે રમવું' નામે ઓળખે છે. તેઓ બધાં ગીતોને ગરબા નામે જ ઓળખે છે. 'રાસડા' કે 'રાસ' નામ કોઈ બોલતું નથી.

આદિવાસીઓના ગરબા-રાસડા તદ્દન સાદા છે. એમાં વેશભૂષાની કોઈ રંગત હોતી નથી. માથે ગરબો મૂકીને કે માંડવડી મૂકીને ગરબા ગવાતા નથી.

વર્ષાઋતુના આરંભકાળે મેઘની સ્તુતિ પૂજા માટે ઉજાણી કરવામાં આવે છે ને એ ટાણે કન્યાઓ અને સ્ત્રીઓ માતાને સંબોધીને ગરબા ગાય છે. પછી તો સૌ રંગમાં આવે છે અને ગરબાને નામે રાસડાની રમઝટ બોલાવે છે.

ગરબા ગાવા ને 'ગરબો ગાવો' કે 'ગરબે રમવા' જેવા પ્રયોગોથી ઓળખાવે છે.

સંખેડા મેવાસમાં મેઘ ઉજાણીથી માંડીને જન્માષ્ટમી સુધી આ ગરબા-રાસડા ગવાય છે. છોટાઉદેપુર પાલના આદિવાસીઓમાં ઉજાણી અને દિવાસાના દિવસે માત્ર એક રાત પૂરતા ગવાય છે. વળી એ પ્રદેશમાં ઉજાણી અને દિવાસાનો તહેવાર જુદા જુદા દિવસોએ વારાફરતી ઉજવાય છે. એ ઉજાણીમાં ભાગ લેવા સગાવહાલાને આમંત્રણ અપાય છે. એટલે આદિવાસીઓને ચાર-પાંચ દિવસ ગરબા ગાવાનો લહાવો મળે છે.

સંખેડા મેવાળમાં મેઘઉજાણીથી શરૂ થયેલા ગરબા દરરોજ રાત્રે ગવાય છે. દિવાસો, શીતળાસાતમ અને જન્માષ્ટમીના દિવસે તો જમ્યા પછી આખો દિવસ અને રાત ગરબા ગવાય છે.

મેઘઉજાણીથી શરૂ થતા ગરબામાં ગરબો, માંડવણી અને ગરબા ગાનાર-જોનારનું શબ્દચિત્ર ઉપસી આવે છે. 'માતા ! મેવલિયો વે'લા લાવો રે, ગોરીનાં રે માતાનાં બેસણાં' થી શરૂ થાય છે.

ગામના કુંભારને ગરબો ઘડવા, માળીને ગરબો શણગારવા, ઘાંચીને તેલ લાવવા, પીંજારાને દિવેટો લાવવા આમંત્રે છે. શ્રમજીવીઓનું ભાવભીનું આદરમાન થાય છે. આ ગીત અવશેષોથી ગુજરાતના પ્રાચીન ગરબાનું સ્વરૂપ જાણવા મળે છે.

ત્રણસો ને સાઠ દીવડા મૂકાય છે, વરસના પ્રત્યેક દિવસના પ્રતીક સરખા ગરબાની માંડવડી સરોવરપાળે - તળાવપાળે કે ચૌટા વચ્ચે રોપાય છે. ગામના મોભી પટેલ-મુખીને ગરબો ઘૂમાવવાની ધુરા ધારણ કરવી પડે છે :

**મારા ગામના સુથારી વીરા ! વીનવું રે,**
**મારી માંડવડી ઘડી આલ રે, નાનું સરવરિયું.**
**અરે દીવડા મેલ્યા છે ત્રણસેં ને સાઈઠ રે,**
**જોગમાં ! નાગરવેલમેં રે લોલ.**
**ગામના પટેલ, તને વીનવું રે લોલ,**
**મારો ગરબડીયો ઘુમાવ રે, જોગમાં**
**નાગરવેલમેં રે લોલ.**

પછી આદિવાસીઓમાં પૂજાતી વીજળી, ફેણાય, કાજળ, અંબા, ધરતી જેવી દેવીઓને આમંત્રણ અપાય છે અને આગ્રહ કરે છે.

**વેરાયમાતા રે, તને વીનવું રે લોલ,**
**અરે ! માતા ! ગરબે રમવા વે'લા આવ રે, જોગમા !**
**નાગરવેલમેં રે લોલ** [૨૫]

મા કાળકાના ગુણગાન ગાતો અને હિંચકે હિંડોળા ખાતા મા કાલીકાનું વર્ણનનો આ ગરબો છે.

**હીંદળો ડોલર બાંધ્યો મારી કાળકા મા...**

**કાસા હુતરનો દારો, હીંદળો ડોલર બાંધ્યા મારી મા.**
**હીંચકે હીસે મારી કાળકા માતા મારી મા, હીંદળો ડોલર બાંધ્યોમા**
**નાનડિયોને રમતાં પરણાવો, હીંદળો ડોલર બાંધ્યો મા**
**હીસે મારી હુધલ માતા, હીંદળો ડોલર બાંધ્યો મા**
**સેલાં ને ફૂલનો ભાર દીજો, હીંદળો ડોલર બાંધ્યો મા**
**હીંસતાં હીંદળ ડોલ તૂટયો, હીંદળો ડોલર બાંધ્યો મા**
**(મા કાળકાના ગુણલા)** [૨૬]

o

**જોવા આયવાં ને રમવા આયવાં રે,**
**રંગમેં રંગતાળી,**
**ગરબે આયવાં છે ધરતીમાડી રે,**
**રંગમે રંગતાળી**
**ગરબે આયવાં છે ફેયાણમાડી રે**
**રંગમેં રંગતાળી**

ગરબા ગાવા નણંદો શેરીઓમાં સાદ પાડી ભાભીઓને બોલાવે છે :

**ક્યાં ભઈની ગોરી ! તમે ગરબે રમવા આવો**
**હો નંદલાલજી રે !**
**મોટાભાઈની ગોરી ! તમે ગરબે રમવા આવો**
**હો નંદલાલજી રે !**

ગરબા ગાવાનો ઉમંગ હોય છે તેવી રીતે ગરબા ગાનાર માટે સવલતો ઊભી કરવાનો પણ ઉમંગ હોય છે. એક ગોરીનો પરણ્યો પોતાની ગોરીને પોતાનું આગણું વાળવા, ઢોલિયા ઢાળવા અને હુક્કા ભરી મૂકવા કહે છે.

**ગોરી રે મોરી ! હળવી તાળી પાડજો,**
**હાથોની હથેળી રે ગોરી ! તારી દુખશે રે લોલ**
**ગોરી રે મોરી ! હળવા ફેરા ફરજો,**
**હીરના ચીર રે ગોરી ! તારાં ફાટશે રે લોલ.**



તો વળી કોઈ ગોરીનો પરણ્યો પોતાની ગોરીને ગરબા ગાવા જતી રોકે છે. તે કામને બહાને મોડું કરાવે છે. ગરબા ગાવા જવાને ઉત્સુક નારીની વેદના, પતિને નમ્રતાથી કરતી આરઝૂ સાંભળનારના હૈયાને હલાવી નાખે છે :

**મારા ઘર પછવાડે સૈયરો રમે**
**મને રમવા જવા દો મોરા સાહેબ !**
**માગશર મહિનો વહી જશે રે.**
**મને દાતણ આલતાં જાવ મોરી ગોરી !**
**માગશર મહિનો વહી જશે રે**

આમ આ ગીતોમાંથી પ્રાચીન ગરબાની આખી પરંપરાનું શબ્દચિત્ર આપણને પ્રાપ્ત થાય છે.[૨૭]

પંચમહાલના ભીલો પૂ. બાપુથી પ્રભાવિત થયા ને તેમની કાર્યપ્રણાલીને અનુરૂપ લોકમુખે ગીતો સરી પડયા.

**લડે... લડે... રે... ગાંધીનું રાજ...**

**ધીરૂં ધીરૂં રે, ગાંધીનું રાજ ધીરૂં લડ !**
**તારી ઓરવડાની જેલ'રેને લડ'રે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**તારી રેંટિયાનો ટેંકો લે ને લડ'રે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**તારો રેટિંયો તે ભમરો ગુંજારે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**તારી તકલીના ટેકે લડ'રે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**તારી તકલી તે કૂદકી ફરીકે રે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**તારી હુતર ને તાંતે તું લડ'રે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**તારી સતે અહંસ્યાથી લડ'રે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**તારી મેંમાઈ વાળી સડકે રેને લડ'રે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**તારી અંદાવાદની સડકે રે ને લડ'રે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**તારા ટેકીલાનો ટેકો લે ને લડ'રે...**
**ગાંધીનું રાજ ધીરૂં લડે !**
**ધીરૂ ધીરૂં રે, ગાંધીનું રાજ ધીરૂં લડે !** [૨૮]

આ ગીતમાં યરવાડા જેલમાં પૂ. બાપુને પૂર્યા તેમ છતાં તેમની લડત અવિરત લડે છે, તેનું વર્ણન કર્યું છે. રેંટિયાથી સ્વરાજ સુધીની વાત વણી છે. તેમાં તકલી, રેંટિયો, સત્ય-અહિંસાના ગુણોથી લડે છે તેનું વર્ણન તથા અમદાવાદ - મુંબઈની સડકો પર ફરીને લડે છે, તેનું વર્ણન કરાયું છે.

ગરબી નૃત્ય અલગ થતું નથી. ગરબા ગવાતા હોય ત્યારે ગરબીનાં ગીતો ગવાય છે. ગરબી પેઠે રાસ પણ રમાતા નથી.

ગરબા રાસડામાં કોઈ વાદ્ય વપરાતું નથી. તેમ ડાંડિયા જેવું સાધન પણ વપરાતું નથી.

સ્ત્રી-પુરુષો ભેગા અથવા અલગ અલગ વર્તુળ બનાવીને ગરબા ગાય છે. સામાન્ય રીતે ગરબામાં ત્રણ તાળીઓ પડે છે અને ગાતાં ગાતાં ગોળ ફરે છે.

ગરબા-રાસડા એ ગોળાકારે થતું સંઘ નૃત્ય છે અને એ આદિમાનવ જેટલું જૂનું ગણાય છે. હાલનું ગરબા નૃત્ય એ જૂના સંઘનૃત્યના કુટુંબમાં જન્મેલું લોકનૃત્ય છે.

કોઈ થાવરકાકાના આંગણામાં, તો કોઈ સંગલાદાદાના ચોકમાં, કોઈ ગંજાવર આંબલા નીચે, તો કોઈ તાડ નીચે ગરબા ગાવા કુંડાળે પડી જાય છે. જોત જોતામાં સ્ત્રીઓ અને પુરુષો, જુવાન અને પ્રૌઢો, નાના-મોટા સૌ કોઈ ગામ લોકો મંડળીમાં જોડાઈ જાય છે.

આદિવાસીઓમાં ગવાતા ગરબાના ઢાળ, તાલ અને લય પણ રાસડાના જ રહે છે. આ ગરબા-રાસડા



અનેક પ્રકારના છે. આ ગરબા-રાસડા (૧) રમતગીતો (૨) ઉર્મિગીતો (૩) દામ્પત્યજીવન (૪) સંસારગીતો (૫) કુટુંબકથા ગીતો (૬) ઈતિહાસકથા ગીતો અને (૭) કટાક્ષગીતો એવા વિભાગો પડી શકે છે.

રમતગીતોમાં કન્યાની રમતોમાં રમતગીતો અને જોડકણાંનું મહત્ત્વનું સ્થાન છે. રમતગીતો ગોરમાનાં વ્રત વખતે ગવાય છે. એમાં સંસારજીવનનાં ખટમધુરાં સ્વપ્નો આલેખાયેલા છે. મસ્તીખોર વહુ માતાને વહાલ કરે છે ને સાસુને પજવે છે. સસરો વહેલ જોડીને આણે આવે તે ના ગમે ને પરણ્યો ઝરડું જીંસી લાવે તો ઝરડે બેસીને સાસરે જાય! આવા આવા મધુર ભાવ એમાં ગવાયા છે.

ઉર્મિગીતોમાં પતિ-પત્નિનાં રીસામણાં મનામણાં, નણંદોની ઠેકડી, પતિના અબોલા ગવાયા છે. દામ્પત્યજીવનનાં ગીતોમાં પતિ-પત્નીની મસ્તી ગવાઈ છે.

સંસારગીતોમાં સંસારની વિતકથાઓ ગવાઈ છે. પળ પહેલાં ધીંગામસ્તી કરતાં પતિ-પત્ની ક્યારે એક-બીજાની વિરૂદ્ધ સ્વભાવના બની જશે; સુખી સંસારમાં વંધ્યત્વ ક્યારે પૂળો મૂકી દેશે તે કલ્પી શકાતું નથી. વળી હિંદુ સંસારની સંયુક્ત કુટુંબની રૂઢિમાંથી ઊભાં થતાં દુઃખનો સામનો કરતાં વહુને જીવવું પડે છે, એ બધું સંસારગીતોના રાસડામાં ગવાય છે.

કુટુંબ જીવનની ગીત કથાઓમાં કુટુંબજીવનના કલેશોના ભોગ બનતાં માનવોની, મૂંગા બલિદાનોની, વહેમને કારણે લેવાતા ભોગની કથાઓ ગવાયેલી છે. આ ગીત કથાઓ ખૂબ કરૂણ છે.

ઈતિહાસ કથાગીતોમાં ઐતિહાસિક યુગ પહેલાંની પુરાણકથાઓ, મધ્યકાળના રજપૂત અને મુસ્લિમકાળની કથાઓ, ગ્રામિણ ઈતિહાસ અને અપહરણના બનાવો ગવાયા છે. એ ગીતોમાં લોકજીવનનો વિષાદ, ભય અને ઉન્નતિના પડઘા ઝીલાય છે. ઈતિહાસ કથાગીતોમાં રામકથા છે, શિવજીની કથા છે, રાધા-કૃષ્ણની વાતો છે, ગામો જીતવા જતા સરદારો અને ધીંગાણામાં મરાતા ઠાકોરોની વાતો છે, ગાંધીજી અને કસ્તૂરબાની વાતો છે, નવી થયેલી રેલવે-સડકોની વાતો છે. આમ આ ગીતોમાં પ્રાચીન પુરાણકાળથી આધુનિક યુગના બનાવો વણાઈ ગયા છે.

કટાક્ષગીતો એ રાસડા-ગરબાનો છેલ્લો વિભાગ છે. આ કટાક્ષગીતોમાં કુટુંબની દૂષણ નીતિ, અક્ષમ્ય સંબંધો, કુટુંબના વેરઝેર, નણંદ-ભાભીની વેરવૃત્તિ, સાસુનો જુલમ, સાસુ-વહુના ઝઘડા, સામાજિક કુરૂઢિઓ, પ્રેમીઓની પ્રેમઘેલછા વગેરે ઉપર લોકકવિએ કરેલા આકરા કટાક્ષ પ્રહારો છે.

આમ, આ ગરબા-રાસડા માનવીના સમગ્ર જીવનમાં



ફરી વળે છે. એમાં માનવીનાં સુખ-દુઃખ, એષણાઓ, મહત્ત્વકાંક્ષાઓ ગવાઈ છે. એ માનવજીવનનો ગીતમાં સચવાયેલો સાચો ઈતિહાસ છે. આ ગરબા ઘડી બે ઘડી માટે રજૂ થતા નથી. કશી તૈયારી કરવી પડતી નથી. પ્રેક્ષકોને તેડવા જવું પડતું નથી. એના પ્રોગ્રામોની જાહેરાત કરવી પડતી નથી. ઈનામોની લાલચ આપવામાં આવતી નથી. એમાં સૌ સ્વયં આવે છે. પ્રેક્ષક તરીકે, નટ તરીકે સૌ પોતપોતાનું મનોરંજન પોતે સક્રિય રહીને પ્રાપ્ત કરે છે. એટલે આ ગરબા-રાસડાના કાર્યક્મો એકાદ બે કલાકમાં સમાપ્ત થતા નથી.!

ગરબા-રાસડા મેવાસના આદિવાસીઓમાં ઘણા લાંબા સમય સુધી ગવાયા કરે છે. પાલના આદિવાસીઓ દરેક મોસમમાં બહારગામ શ્રમ અર્થે જતા હોવાથી અને તેમનાં ઘર છૂટાંછવાયાં હોવાથી ઉજાણી કે દિવાસા જેવા પર્વને દિવસે ઘેર રહે છે. તેથી એ પ્રદેશમાં ચાર-પાંચ દિવસ ગરબા ગવાય છે.

**ડાંડિયા રાસ :**

મેવાસ પ્રદેશમાં વિશ્વનાથ મહારાજના આગમન પછી તેઓએ યજ્ઞોની પ્રવૃત્તિ શરૂ કરી. આ યજ્ઞોમાં લોકો ગામેગામથી ભજનમંડળી લઈને આવતા. યજ્ઞોની ધાર્મિક પ્રવૃત્તિને લીધે ડાંડિયારાસની અને ઊભી ભજનમંડળીઓની પ્રવૃત્તિ ખૂબ જોરશોરથી ચાલવા લાગી.

આ ભજનમંડળીઓમાં વચમાં ઢોલક અથવા નરઘાં અને કાંસીજોડા વગાડનારા બેસે. તેની ફરતા ગોળાકારમાં હાથમાં કરતાલ લઈને ભજન ગાનારા ફરે. ગાનારા વિવિધ રચનાઓ કરે. ઊભા રહી માથા સામે કરતાલ રાખે. ડાબો હાથ પણ કરતાલ પેઠે રાખે અને બંને પગ જોડીને ધીમે ધીમે ચાલે. વળી અવળા ફરીને પાછા ચાલે. પછી કેડમાંથી નીચા નમીને આગળ ચાલે. પાછળ ફરીને પાછા ચાલે. આવી રીતે આખું ચક્કર ફર્યા કરે. આવી રીતે ફરતા ફરતા નીચે બેસીને



ચાલે, નીચે બેસીને આગળ પાછળ ઘૂમીને ચાલે, ફરી પાછાં ઊભા થઈને કેડમાંથી નીચા નમીને આગળ ચાલે. ફરી પાછા પાછળ ફરીને થોડાં ડગલાં પાછળ ફરે. આવી રીતે અનેક રચનાઓ કરે.

ભજનમંડળીમાં ડાંડિયારાસ રમે ત્યારે ઢોલક, મંજીરા અથવા કાંસીજોડાનો ઉપયોગ કરે છે. આ પ્રવૃત્તિ હવે કોઈ-કોઈ સ્થળે અને તેય ઓરસંગ કાંઠાના તડવીઓ અને મેવાસમાં કોઈ કોઈ સ્થળે ચાલે છે.

**ગોફગૂંથન :**

આ નૃત્ય પણ ડાંડિયારાસ જેવું નૃત્ય છે. આ નૃત્ય ફક્ત સંખેડા તાલુકાના આદિવાસીઓમાં જ પ્રચલિત છે. આ પુરુષ નૃત્ય છે.

આ નૃત્યમાં માંડવા, વૃક્ષ કે સ્તંભની મદદ લેવાય છે. આ નૃત્યમાં રંગીન દોરી કે સફેદ દોરી અથવા રાશ વપરાય છે. ખુલ્લામાં રમાય છે.

રમવા માટે માંડવો બનાવે છે. માંડવા ઉપર નાખેલા વાંસે દોરીઓ બાંધવામાં આવે છે. માંડવો ન બનાવે તો એક થાંભલો રોપી તેને દોરીઓ બાંધી અથવા શેરી વચ્ચે કોઈ ઝાડ હોય તો તેની ડાળીએ રાશ બાંધે છે.

ગુચ્છામાં બાંધેલી રાશનો એક છેડો નીચે સમૂહમાં, ગોળ ઊભેલા નૃત્યકારો હાથમાં પકડી રાખે ને વેલ આકારમાં એક અંદર અને એક બહાર જઈ, ગોળ ફરતાં નૃત્ય કરે છે. ઉપર દોરીઓની સુંદર ગૂંથણી થાય છે. ફરી પાછા જે દિશામાં ફરતા હોય તેનાથી ઊંધી દિશામાં ગૂંથણી છોડતાં જઈ એ જ રીતે નૃત્ય કરે છે.

આ નૃત્ય વખતે કૃષ્ણને લગતાં ગીતો ગાય છે. કોઈ કોઈ વખત અંબામાતાનો ગરબો પણ થાય છે.

આ નૃત્યને 'રાસ રમવું' કહે છે. [૨૯]

**(૭) વાદ્ય નૃત્યો :**

ઉત્તર ગુજરાતમાં ભીલોમાં મધ્યમકદના ઢોલ મુખ્ય વાદ્ય છે. શરણાઈ, કરતાલ, સારંગી, તંબૂરો જેવાં લોકવાદ્યો પણ જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ, ડાંગ અને ધરમપુરના ભીલ તથા વારલીઓનું થાળીતરંગ વાદ્ય અને બેસૂરવાળી વાંસળી, ગામીતોની ગાંધળી, મધ્ય ગુજરાતના પંચમહાલના રાઠવાઓના પાવા તથા ભરૂચના ભીલોનો સૂરકો, કૂંકણાની ઢોલકી, પાવરી વગેરે અગણિત લોકવાદ્યોનો વિપુલ કલા વારસો આદિવાસીઓ માંહે સંગ્રહાયેલો છે.

**(ક) ભેરી નૃત્ય :**

બે તૂંબડાં જોડીને વાદ્ય બનાવે છે તેને 'ભેરી' કહે છે. આ ભેરીને મોતી મણકાથી, રંગીન કપડાના ટુકડાથી કે મોરપીંછથી શણગારે છે. નૃત્યકાર પગે ઘૂઘરીઓ બાંધે છે. ભેરીમાં નૃત્યગીતો ગવાઈને વગાડે છે અને કળા કરતા મોર પેઠે નાચે છે ! આવા ભેરીવાળા પણ ઘેરૈયા બનીને વ્યક્તિગત 'ઘેર' માગવા નીકળે છે.

**(ખ) ઘાંઘરી નૃત્ય :**

ઘાંઘરી એ વાંસની ચીપનું વાદ્ય છે. નાની સરખી વાંસની ચીપને વચ્ચેથી ચીરીને એક દાંડી જુદી પાડે છે. એક છેડે ખાંચો પાડી તેને દોરી બાંધે છે. દોરીએ ઘૂઘરીઓ બાંધી છે. મોં આડે ધરીને દોરી ખેંચે છે અને ધીમો ધીમો સૂર કાઢે છે.

ખેતર જતાં કે આવતાં; ઢોર ચારતાં ઘાંઘરી વગાડીને નાચે છે.

ઘાંઘરીની દોરી આકડાની છાલના રેસામાંથી બનાવેલી હોવાંથી ખૂબ સુંવાળી હોય છે. વચ્ચે જે ચીપ છૂટી રહે છે તેને મધમાખીનું મીણ ચોપડે છે.

આ ઘાંઘરીનું વાદ્ય દરેક આદિવાસી જાતિઓમાં વપરાય છે. ઘાંઘરીમાં ગમે તેવાં લાંબા સૂરનાં ગીતોને પણ વગાડી શકાય છે.

આ ઘાંઘરીથી સૂરત જિલ્લાના આદિવાસીઓનું ઘાંઘરી વાદ્ય જુદી જાતનું હોય છે. [૩૦]

ઘણીવાર નાચણું ગીતના આધાર વિના પણ ડોરાનાં વિશિષ્ટ નાદધ્વનિ અને ઢોલકના તાલે તાલે કલાકો સુધી નાચ્યા કરે છે અને નાચનાર - જોનાર બંને ને આદિમતાની અનુભૂતિમાં લીન કરે છે. ગીતોના ભાત ભાતના લયઢાળ

સાથે વિવિધ વાજિંત્રોની સૂરતાલની જુગલબંધી અભિનવ વાતાવરણ રચી આપે. ઢોલ, પીહવો, ગાંગળી, થાળી, કાંસાજોડ, ડોબરું, ટારપું જેવા અનેક વાજિંત્રો એમાં ખપમાં લેવાતા હોય છે. ઘણા વાજિંત્રો આદિવાસીઓએ પોતે જ જહેમત લઇને બનાવ્યાં હોય છે. એમાંનાં કેટલાંકનો વિશિષ્ટ મહિમા પણ હોય જેમ કે, તાડનાં પાનની પીપૂડી અને વાંસની બે કામડીનું બનાવેલું ટારપું, માથે સફેદ પાઘડી બાંધીને દેવ કરવા જાય ત્યારે 'ટારપુ બનેલો' માણસ હાથથી ટારપું વગાડતો વગાડતો અને નાચતો નાચતો જાય છે, આવું જ એમનું બીજું એક વિશિષ્ટ ફૂંક વાદ્ય - સુષિર વાદ્ય તે ડોબરું કે ડોવડું. સૂકાયેલી દૂધી, તાડનાં પાન અને ચામડાનો ઉપયોગ કરીને બનાવેલા અર્ધગોળ જેવા લાંબા - મોટા કદના આ વાદ્યને મોરનાં પીછાંથી સરસ રીતે શણગારવામાં આવે છે. હાટમાં કે મેળામાં જવાનું હોય ત્યારે ડોબરું વગાડતાં વગાડતાં જવાની મોજ ન્યારી હોય છે. લગ્નપ્રસંગે કે અન્ય તહેવારો એ નાચણું પાડ્યું હોય ત્યારે ડોબરાના ઘેરા ગંભીર ધ્વનિ અને કાંસાના તાલ સાથે વચમાં વચમાં હોકારા - દેકારા સાથે થતું નર્તન ઘડીભર આંખ અને કાનને રોકી લે છે. ડોબરું કરતાં નાનું, એ જ પ્રકારનું પણ બે પીપૂડીવાળું વાદ્ય ડોવળી કે દેવડોવાળી કહેવાય. દેવપૂજા વખતે એનાં સૂરીલા ધ્વનિઓ વાતાવરણને આંદોલિત કરી મૂકે છે. નાળિયેરની કાચલી વાંસની ચીપ, ઝીણો તાર કે આંકડાની છાલની દોરીમાંથી બનાવેલું, નાનકડાં તંબૂરા કે સારંગી જેવું તંતુવાદ્ય ગાંગળી - ધાંગલું કે કિંગરી પણ વાજીંત્ર શોખીનો પોતે જ બનાવી લેતા હોય છે. એમાં નાળિયેરની કાચલી પર દેડકા, ખિસકોલી કે સસલાનું ચામડું મઢવામાં આવે છે.

ઢોલ એમનું એક મહત્ત્વનું વાદ્ય છે, બીજક, લીંબડો, આંબો, સેવણ - સામર કે મહુડાનાં થડમાંથી બનાવવામાં આવેલું મોટા કદનું ઢોલ અનેક ઉપયોગમાં આવે છે. આ અનવદ્ધ - ચર્મનાં વાદ્ય પર સામાન્ય રીતે વાંદરા કે બકરીનું ચામડું ચઢાવવામાં આવે છે. ઢોલનાં જમણાં હાથ ભણીનાં પડને અંદરથી ગાડાની મેશ - હમાર લગાવવામાં આવે છે. વગાડવા માટે જમણા હાથમાં આંબલી, સાગ, મેંદીનો જરા વાંકો દાંડિયો અને ડાબા હાથમાં વાંસની ચીપનો દાંડિયો હોય છે. લગ્ન - મરણ પ્રસંગે ઢોલીને ખાસ બોલાવાય છે. ઢોલમાંથી ઊઠતા જૂદા જૂદા બોલની એક ખાસ સાંકેતિક ભાષા દ્વારા આગ લાગી, બાળક જન્મ્યું, મરણ થયું, હથિયાર બંધી, ગામમાં અમલદાર આવ્યા હોય જેવા સંદેશા - સમાચાર આખા ગામને પહોંચે છે. આ ઉપરાંત ઢોલકી, ઢોલક, નગારું, દંડુકી, કાક, ડાકલું જેવાં અનેક ચર્મ વાદ્યો પ્રચલિત છે. ભૂવાનાં શરીરમાં દેવનો પવન લાવવા ખાસ ડાકલું કે ડાકલી જ વગાડાય છે. પોલા વાંસમાંથી બનાવેલ પીહવો- પીહવી - વાહળી, બે તુંબડાં જોડીને બનાવેલી ભેરી, નાળિયેરની કાચલી અને તાડપાનનો ઉપયોગ કરી બનાવેલ શરણાઇ જેવાં ફૂંકવાદ્યો, થાળી, ઘૂઘરા, કાંસા, મંજીરા જેવા ઘનવાદ્યો અને તંબૂરા જેવું તંતુવાદ્ય આદિવાસીઓમાં વિવિધ પ્રસંગે ઉપયોગમાં લેવાય છે. ભજન મંડળીઓ વિકસતા હારમોનિયમ, તબલા પણ હવે ઘણાં લોકપ્રિય બનતા જાય છે.[૩૧]

**(૮) નાચણાનો રંગ :**

હોળી, દિવાળી, દશેરા કે દિવાસો જેવા ઉત્સવો હોય, સગાઈ-લગ્ન જેવાં સામાજિક અવસર હોય, નાચણું પાડવાનું જ. ગામીત સમૂહનૃત્ય કેવળ ડોબરાના સંગીત અને ઢોલકી-કાંસા જોડ કે થાળીના તાલ પર કલાકોના કલાકો ચાલે છે. એમાં ગાણું અનિવાર્ય નથી, પણ મનની મોજ પ્રમાણે એમા ગાણાં ઉમેરાતાં જાય છે. નાચણાના આવા નાના નાના ઉર્મિકાવ્યો જેવા અસંખ્ય ગીતો મળી આવે છે. નાચવા જવાનું એટલે વાંજિત્રો લઈને નિકળવાનું. જયાં ઢોલ વાગતું હોય તે જ નાચણાનું સ્થળ, યુવાનો અને યુવતીઓના ત્યાં જુદા ચોકા ન હોય. એક ગીતમાં ઢોલ લઈને નાચવા આવવાનું આમંત્રણ આ રીતે અપાય છે.

**રી'ગી ઢોલ વાજા વાજે મારૂ બેના**
**રી'ગી ઢોલ લીયા આખે મારૂ બાયા**

નાચવા આવવા માટેનું આમંત્રણ વાર્તાલાપ શૈલીમાં અપાય છે. નાચવા આવશે કે ભાઈ ? નાચવા આવે છે કે બહેન ?- અને જવાબ મળે છેઃ શા માટે નાચવા ન આવુ ?

**કોહડા વાકે વા બેના**
**નાચા નાચ યેને વાને**

સંવાદ રીતિને કારણે આવા ગીતો અત્યંત જીવંત બને છે. નાચવા માટે કયાં જવાનું ? નાચવા જવાનું સામાન્ય રીતે કોઈ વિશિષ્ટ સ્થળે જ હોય. બહેનપણીને આમંત્રણ આપતી વખતે સખી કહે છે કે, તું મોગરાના ફૂલો વચ્ચે ઊભી રહેજે અને તબલા વાગે એટલે નાચવા આવજે.

**મોગરા ફૂલ્હામાય ઊભી રેજે વા જોડીદાર બેના**
**તોબલ વાજે નાચા યે જેવા જોડીદાર બેના**

આમ, નાચણાનું સ્થળ તે કેળની કે ફૂલોની વાડી હોયઃ કેળની વાડીમાં ઢોલ વાગે છે, વાંસળી વાગે છે, ડોબરું વાગે છે, બહેન, ચાલ આપણે નાચવા જઈએ.

**કેલહા વાડીએ માય ડોલે વાજે ને વા બેના**
**ડોલે વોનાય ને નાચા જાદુ વા બેના**

નાચણું ભરી ભરી પ્રકૃતિ વચ્ચે ચાલતું હોય. પ્રકૃતિ સાથેનો એમનો ગાઢ અનુબંધ નાચણાંના અનેક



સ્વરતાલની સંગત વિના નાચણાની રંગત ન જામે. પાવરી, ડોબરું, કોલકી જેવા વાજિંત્રો ઉપર વહાલ વરસાવતા નાચણાનાં એક એકથી ચઢિયાતાં ગીતો મળી આવે છે. એ ગીતોની સુસંવાદિતા, મધુરતા અને લયાન્વિતતા મનને હરી લે એવી હોય છે. કોમલ-મધુર રણકાર સાથે ઉપડતું આ નાચણાનું ગીત જુઓઃ

**ઝીણી ઝીણી પાવી વાજે હે વા બેના**
**પાવીએ સોંદે સોંદે નાચે હે વા બેના**

યુવતી પોતાની સખીને કહે છેઃ બેન, ઝીણી ઝીણી પાવી વાગે છે. ઝીણી ઝીણી ડોવરી વાગે છે. એના તાલે તાલે નાચવાની કેવી મઝા આવે છે ! કયારેક નાચણાની આ ખુશીમાં આધુનિક પરિસ્થિતિ વિગત કે સામગ્રી ઉમેરાય છે.

**આદિવાસી પ્રગતિ કેંદરો મેરાલી**
**વીઆરા કોલેજમાંય ડોલ વાજે વા મોરલી.**

ઢોલને તબલાં વાગતા હોય ને આનંદથી ઉછળી ન ઊઠે તે આદિવાસી શેનો ? આ સમૂહનૃત્યમાં તાલબદ્ધ રીતે નાચવાનું હોય છે. શિક્ષણના પ્રભાવે નાચણાના ગીતમાં પણ તાલની ગણતરી પ્રવેશે છે.

**એક દો તીન ચાર પાંચ છે સાત આઠ**
**ચાલ બેના રોમી લેજે, ચાલ બેના રમે વા...**

નાચણામાં દારૂડિયાના ઘરસંસારના રોજબરોજના કંકાસ માટે એને વેઠવા પડતા નુકસાનને માટે ઠપકો અપાયઃ તને દારૂ પીને લાજ કેમ નથી આવતી ? દારૂ પીને વગડામાં પડી રહે છે તેથી ત્યાં કાંટા ઉગે છે, ભૂંડ ભરાય છે અને જયારે જયારે દારૂ પીએ છે ત્યારે ત્યારે વળી પાછો છેલછબીલો બનીને સ્ત્રીને મારે છે !

**કેહે નાય યેની લાજ...**
**હરો તાડી પીતાહા તુમ્હાન**
**કેહે નાય યેની લાજ**

રાજા-રજવાડાના સમયમાં રાજાની સમક્ષ નાચવા જવાનો રિવાજ હોવો જોઈએ. ગાડીમાં રાજા આવે ને સ્ટેશન પર તંબુ તાણે એટલે જુવાનિયાઓ ત્યાં નાચવા જાય. સાથે યુવતીઓ જોડાય છે.

**નાચા જાહુ વાં બેના નાચા જાહું રેલવે**
**નાચા યે જે રા રમણ લાત મારૂં રેલવે.**

ધાર્મિક પ્રસગે યોજાતા નાચણામાં દેવી-દેવતા, ભૂતપ્રેત વગેરેનું સ્મરણ પણ જોડાઈ જતું હશે. ગામ-સીમાડે કાળકા માતાના પ્રતિક તરીકે રહેતો કાળિયો ભૂત 'નાનો દેવ' તરીકે પૂજાય છે. એક ગીતમાં તેને નાચવાનું કહેવામાં આવે છેઃ

ગીતોમાં પ્રકટ થાય છે. કયારેક એમાં કોઈ ઘટનાનું તત્વ પણ ઉમેરાય. જંગલમાં ભૂતકાળમાં બનેલો કોઈ પ્રસંગ ફરી તાજો થાય છે.

**ઊંચે હોરે હોરે પાકયે કાય**
**આવે હે બેના વા.**

જંગલમાં ઊંચા જાંબુડા ઉપર જાંબુ પાડવા ચડવાનું, આદિવાસી, કિશોર-કિશોરીઓ આ રીતે જાંબુ પાડવા જતા હશે ત્યારે કોઈ દુષ્ટ છોકરો મહેનત કર્યા વગર એકલપેટો બની જાંબુ ખાઈ જતો હશે. એ પ્રસંગને આવા ગીતમાં તેઓ તાજો કરી લે છે. ગીતમાં યુવતી કહે છે : ઊંચા જાંબુડા પરના જાંબુ પાડયા, પણ પેલો ચાટો રંગલો તે ખાઈ ગયો. છેલ્લા કેટલાક વરસોમાં નીલગીરીનું રોપાણ વધવા માંડયુ છે, જે જીવનમાં આવે તે પછી કવિતામાં યે આત્મસાત થવા માંડે. એક ગીતમાં યુવતી પૂછે છે, મારી બેન, શેનો રોપો રોપાવે છે ? જવાબ મળે છે : "નીલગીરી રોપાણ રોપાવે મારું બેના વા" ગાતાં ગાતાં નીલગીરીની ઉપમા યોજાઈ જાય છે. જેવી નીલગીરી ઊંચી તેવી જ મારી બહેન ઊંચી છે.

નાચણામાં જવાનું એટલે સારાં સારાં વસ્ત્રાભૂષણોથી સજીધજીને જવાનું. ચરણમાં સાંકળાં શોભતા હોય, હાથમાં બંગડી શોભતી હોય અને મનગમતી જોડી સાથે નાચવાનું હોય એની મજા કોઈ ઓર હોયઃ

**પાગજે હાકાલ પગજે હાકાલ પાગજે શોભારી**
**મેરાલી જોડી મેરાલી જોડી નેંદણે જાતે.**

નાચ બોલારા-નાચ બોલા કાળ્યાભૂત નાચનારા પોતે કોણ છે, કયાના છે તેની ઓળખ આપીને નાચવામાં ગૌરવ અનુભવતા જણાય છે. જેમકે વ્યારાના જુવાનિયાની ટોળી હોય તો તે આખી ભેળી થઈને નાચવા જાય, નાચણામાં પોતાની ઓળખ આપે છે.

**આપા બદે વીઆરાવાળે રા બાયા**
**આપા બદે નાચણે હેજે રા**
**આપા બદે નાચહુ કૂદહુંરા બાયા**

ધાર્મિક ઉત્સવોમાં, હાટમાં કે લગ્ન પ્રસંગે આવી ગામે ગામની ટોળીઓ ભેગી થતી હોય ત્યારે સામસામી હુંસાતુંસી થાય. એ વખતે ફટાણાની રીતે મજાક મશ્કરીમાં એક-બીજા પર આક્ષેપો યે કરી શકાય. દૃષ્ટાંત લેખે, સૂરત-નવાપુર-વ્યારા-નવસારી જેવા જુદા જુદા નગર-શહેરની ટોળી આવી હોય અને એમાં બે ભાગલા પડી જાય ત્યારે ગવાય કે સૂરતવાળાની સૂરત જોઈને નાચવાનું મન થાય છે જયારે આ નવાપુરવાળાને જોઈને તો બીક લાગે છે:

**હુરતાવાળા રા, તે હુરતાં દેખીલે, માને નાચ લાગી યે**
**નોપરાવાળા રા, તો નોપરા દેખી લે, માને નાચ લાયી યે** [૩૨]

આ ગીતોમાં કથાતત્વ, સવાલ-જવાબની પદ્ધતિ અર્થાત નાટયાત્મકતા કે સંવાદ, રવાનુકારી શબ્દ પ્રયોગો, અર્થ કરતાં શબ્દના અલંકારો અને સંગીત તરફ જવાનું વલણ આગળ તરી આવે છે, પણ કાવ્યત્વની એકંદર અલ્પતા વર્તાય છે.

એમના લગ્ન કે સાસરવાસી વહુના ગીતો, હોળી અને દળણાંના ગીતો અને બીજા ગીતો સૂચવે છે કે તેઓ ઉત્સવોમાં ઉત્સાહઘેલા તાલબદ્ધતાથી નાચતા જાય છે. દ્રુત લયે ને ઊંચા સાદે ગીતો ગાતાં જાય છે ને વાતાવરણ ગજવી મૂકે છે. જો કે એમના કેટલાંક ગીતોમાં અર્થનો મહિમા નથી. કેટલાકમાં અન્ય ભાષાઓની છાંટ વર્તાય છે. તો કેટલાક ગવાતાં-ગવાતાં નરસિંહ-મીરાંના પદોની જેમ સાવ અર્વાચીન ગુજરાતી ભાષાના બની ગયા છે. [૩૩]

### (૯) નાચણાની વિશિષ્ટતા :

દરેક જાતિની આ નાચણાની વિશિષ્ટતા ન્યારી હોય છે. ઢોડિયાના ઘેરિયા નાચ; દૂબળાઓનાં બેલડી નૃત્ય, સમૂહ નૃત્ય; રાઠવાઓનાં કે ભીલોના વરાડ નાચ; ઈંદ નાચ; કૂકણાઓનું પાદડ નૃત્ય, થાળીકૂંડી નૃત્ય, તાડવા નૃત્ય; કોટવાળિયાઓનાં વૈવિધ્યભરી છટાઓવાળા દીહેડિયા, બાવડિયા, પારણિયા નૃત્ય અને ચૌધરી - ગામીતોનાં હોળીનાચ અને અન્ય સમૂહનાચ હોળી-દિવાળી-નવરાત્રી-દિવાસો જેવા તહેવારોમાં દેવ-દેવીની બાધા મૂકવાનાં પ્રસંગે અને સગાઈ-લગ્ન જેવા પ્રસંગોએ આવા નાચ અનિવાર્ય લેખાય છે. [૩૪]

**પાદટીપ :**

(૧) ગામિત જાતિ : સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન - પૃ. ૯૭
(૨) અર્થાત્ (ત્રૈમાસિક) - પૃ. ૪૫
(૩) ગામિત જાતિ : સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન - પૃ. ૯૮
(૪) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૫ થી ૭
(૫) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૯
(૬) યોજના (માસિક) - પૃ. ૫૮
(૭) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૯૯
(૮) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૧૬, ૧૭, ૧૯
(૯) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૩૦
(૧૦) આદિવાસી લોકનૃત્યો
(૧૧) ગામિત જાતિ : સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન - પૃ. ૧૧૨
(૧૨) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૫૩
(૧૩) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૫૪ થી ૫૬
(૧૪) યોજના (માસિક) - પૃ. ૪૬
(૧૫) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૪૬ થી ૪૯
(૧૬) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૧૧૫-૧૧૬
(૧૭) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૧૦૩ - ૧૦૪
(૧૮) યોજના (માસિક) - પૃ. ૪૭ - ૪૮
(૧૯) ગામિત જાતિ : સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન - પૃ. ૯૮
(૨૦) ગામિત જાતિ : સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન - પૃ. ૯૯-૧૦૦
(૨૧) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૫૯ થી ૬૨
(૨૨) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૮૨ - ૮૩
(૨૩) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૮૫, ૮૭, ૮૯, ૯૧, ૯૯
(૨૪) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૧૦૦ થી ૧૦૨
(૨૫) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૧૦૫ થી ૧૦૭
(૨૬) પુરુષાર્થી પંચમહાલ (પરિચય પુસ્તિકા ) - પૃ. ૬૦
(૨૭) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૧૦૫, ૧૦૯, ૧૧૦
(૨૮) પુરુષાર્થી પંચમહાલ (પરિચય પુસ્તિકા ) - પૃ. ૬૦
(૨૯) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૧૧૦ થી ૧૧૪
(૩૦) આદિવાસી લોકનૃત્યો - પૃ. ૫૭, ૫૮
(૩૧) ગામિત જાતિ : સામાજિક - પૃ. ૯૮, ૯૯
(૩૨) ગામિત જાતિ : સામાજિક - પૃ. ૧૧૩ થી ૧૧૬
(૩૩) ગામિત જાતિ : સામાજિક - પૃ. ૧૨૩
(૩૪) ગામિત જાતિ : સામાજિક - પૃ. ૯૮



## રાસ - રાસડા ૫

"રાસ શબ્દ દેવકીનંદન કૃષ્ણકનૈયા જેવો બહુરૂપી છે. રાસ અને કૃષ્ણ, કૃષ્ણ અને રાસ એક બીજાના પર્યાયરૂપ બની ગયા છે. એટલે જ એ માધવ મુરલીધરને રાસેશ્વર કહ્યા છે. મુરલીધર નટવરના અનેકરૂપ છે તેમ રાસનાં પણ અનેક રૂપ છે. રાસ તો કૃષ્ણની લીલાનો જ વિસ્તાર !

રાસડા સૌરાષ્ટ્રની ગ્રામ્યનારીઓ માટે અજવાળી રાતનો અણમૂલો આનંદ બની ગયેલ છે. કૃષ્ણનાં ગીતો ગવાતાં-ગવાતાં આ રાસડાઓમાં નારી હૃદયના મનોભાવ અને મનોમંથન ઉતર્યા, સુખ-દુ:ખની સરિતાઓ ઠલવાણી, ઉર્મિઓના સંઘર્ષ ઉતર્યા અને એમ કરતાં કરતાં સમગ્ર લોક-જીવન આ રાસડે ઝીલાઈ રહ્યું. નારી હૃદયના આવેગોને મુક્તપણે મોકળકંઠે વ્યક્ત કરવાનું એક જ સાધન - આ રાસડા !"

**- જયમલ્લભાઈ પરમાર**

### રાસ-ઉદ્‌ભવ; પરિભાષા; સ્વરૂપ :

આપણે સૌ જાણીએ છીએ કે નૃત્યના અનેક પ્રકારો છે, પણ નૃત્યના સૌથી મોટા વ્યાપક પ્રકાર બે : ભગવાન શંકર સાથે સંકળાયેલું નૃત્ય તે 'તાંડવ' અને પાર્વતી સાથે સંકળાયેલું નૃત્ય 'લાસ્ય'. શંકર અને કૃષ્ણને અલગ કરીને કેવળ આ નૃત્ય વિશે વિચારવું હોય તો એમ કહી શકાય કે જે નૃત્ય રૌદ્ર ભાવને પ્રગટ કરે તે તાંડવ અને જે રમ્યને લાલિત્યપૂર્ણ રીતે વ્યકત કરે તે લાસ્ય.

આપણી પુરાણકથામાં જેમ શંકર નટરાજ તરીકે ઓળખાય છે તેમ કૃષ્ણ ઓળખાય છે રાસેશ્વર તરીકે. રાસ એ સામૂહિક લોકનૃત્યનું સૌથી પ્રાચીન સ્વરૂપ છે. કૃષ્ણને કારણે એની સાથે ભકિત અને રસિકતાનું તત્ત્વ સંકળાયું છે, પણ ગોપજીવનને કારણે એમના જીવનના નાનાં નાનાં આનંદ-ઉલ્લાસ પણ એમાં વણાયેલા છે.

રાસ અને ગરબામાં પ્રથમ શું એ વિશે કોઈ આધારભૂત એકવાક્યતા મળતી નથી. સામાન્ય રીતે મોટાભાગના વિદ્વાનો એમ માનવા પ્રેરાય છે કે રાસ કૃષ્ણ સાથે સંકળાયેલો હોવાને કારણે અને હરિવંશ કે ભાસમાં એનો ઉલ્લેખ મળતો હોવાને કારણે એ આપણું પ્રાચીનતમ સ્વરૂપ છે, એમ કહી શકાય [૧]

સંસ્કૃતમાં **लास्य** શબ્દ નૃત્ય માટે વપરાયેલો છે. પાણિની એ **रसयोः अभेद** સૂત્ર આપ્યુ તેથી **लास्य** પરથી **लास** અને પછી

**રાસ** શબ્દ બન્યો. શ્રીધર સ્વામીએ લખ્યું છે કે, **रासक्रीडां रासो नाम बहुनर्तकी युक्तो नृत्यविशेषस्तां कीडाम् । अन्योन्यमाबध्धाः संग्रथिता बाहवो यैस्तै सह । नटै गृहीत कण्ठानामन्योन्या ताकरश्रियम् । नर्तकीनां भवेद्रासो मण्डलीभूय नर्तनम् ।। ईति रास लक्षणम् !** જેમાં અનેક નટ અને નર્તકીઓ સાથે મળીને, વર્તુળાકાર ઘૂમે અને એક-બીજા સાથે પોતાના હાથ જોડીને નૃત્ય કરે તેવી વિશેષ પ્રકારની ક્રીડા એટલે રાસ.

**रासनां समूहो रास :** (ભાગવત વિચાર દોહન) અહીં રસ તરંગિત થયા કરે છે, રસનું તરંગિત થવું એનું નામ જ રાસ.

રાસ એટલે દિવ્ય રસ (આધ્યાત્મ ભાગવત)

રાસધારીઓ શ્રી કૃષ્ણની વ્રજભાષામાં લખાયેલી ગેય રચનાઓને ભજવી બતાવે છે તે, એવી તે તે રચના અને એનું પ્રદર્શન (બૃહદ ગુજરાતી કોશ ખંડ બીજો)

રાસ સંજ્ઞા શબ્દ છે. હલ્લીસક મૂળમાં દશ્ય શબ્દ છે. આ પાછલો શબ્દ કવિ ભાસ જેટલો જૂનો છે. જ્યારે રાસ શબ્દ વિષ્ણુપુરાણ જેટલો જૂનો છે. આ બન્ને શ્રીકૃષ્ણના ગોપ બાલિકાઓ સાથેના વિહારને માટેના નૃત્ત, નૃત્યવાચક શબ્દો છે. આ નૃત્ત-નૃત્યમાં દાખલ થયેલી ગેય રચનાઓને 'રાસ', ગરબી, ગરબો સંજ્ઞાઓ મળી. કવિ નાનાલાલે નાની ગેય રચનાને રાસ સંજ્ઞા આપી. (ડૉ. કે. કા. શાસ્ત્રી,પત્ર)

રાસ શબ્દની વ્યુત્પતિ પર વિદ્વાનોએ ઘણાં અનુમાનો કર્યા છે. રાસ એક પ્રકારનું ગેય પદ્યરૂપ સાહિત્ય સ્વરૂપ છે, તેમજ એક પ્રકારનું ગેય સમૂહનૃત્ય પણ છે. માનવ દેહમાં રહેલો ચેતન અંગ અભિવ્યકત થાય છે ત્યારે તે દેહની હલચલ રૂપે દેખાય છે. એ હલચલ જયારે લયબદ્ધ, છંદોબદ્ધ અને તાલબદ્ધ થાય છે ત્યારે રાસ રૂપે વ્યક્ત થાય છે . રાસમાં નર્તનકલા અને સાહિત્યકલાનો સુભગ સમન્વય થયો છે. ક્રમે ક્રમે એનાં સ્વરૂપ બદલાતાં રહ્યા છે. દરેક કલામાંની જેમ રાસનર્તનમાં પણ રાસ રમનાર સમૂહોના જીવન સંસ્કારો ઉતર્યા છે.[2]

## રાસ-હલ્લીસક નૃત્ય :

'હરિવંશ' માં તેને 'હલ્લીસકક્રીડન' તરીકે વર્ણવ્યું છે. 'છાલિકયક્રીડા' નામના અધ્યાયમાં વર્ણવેલ છે કે શ્રી કૃષ્ણે બંસી લીધી, અર્જુને મૃદંગ લીધું અને અન્ય ગોપજનોએ બીજાં વાદ્યો લીધાં. આ સમૂહ ગીતનૃત્ય સાથે ચિત્તથી એકાગ્રતા સધાય એવા છ ગ્રામરાગના નિયત સ્થાનવાળી વિણા નારદે બજાવી. સમૂહ ગીત નૃત્યનો 'હલ્લીસક' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

'હરિવંશ'માં હલ્લીસકના બે પ્રકાર છેઃ ગોળાકારે નર્તન કરી ગોપીઓની મધ્યમાં વેણુ વગાડતા શ્રીકૃષ્ણ અને સ્ત્રી-પુરુષનું સમૂહગત રીતે ગોળાકારે થતું ગીત-નર્તન.[3]

સૌરાષ્ટ્રની દૃષ્ટિએ વિચારતાં રાસ, રાસડા, ગરબા, અને ગરબી એ ભિન્ન ભિન્ન પ્રકારો છે. એનાં ગીતો પણ જુદાં જુદાં છે. આ રાસની પરંપરા સૌરાષ્ટ્રમાં યાદવકુળથી ચાલી આવે છે. આમ, યાદવોમાં બે પ્રકારના હલ્લીસક પ્રકારનું નર્તન થતું હતું. જલક્રીડા વખતે સમુદ્ર કિનારે પણ આ પ્રકારનું



છાલિક્યગાન થતું. વૃષ્ણી અને સાત્વત કુળના યાદવો તે સૌરાષ્ટ્રના. આ સમુદ્ર કિનારો તે દ્વારકાનો ને પ્રભાસનો (સોમનાથ).આમ હલ્લીસક નર્તન શુભ પ્રસંગોએ, ધાર્મિક પ્રસંગોએ અને જલક્રીડા વખતે પ્રચલિત હતું. હલ્લીસક તે નટવર કૃષ્ણે આપેલું નૃત્ય.

## હલ્લીસકના નર્તન-પ્રકાર :

'હલ્લીસક' એટલે **गोपलोकानाम् क्रीडाप्रकारः !** રાસ શબ્દનો પ્રથમ ઉલ્લેખ 'હરિવંશ' માં થયો છે. 'હલ્લીસક'ના નર્તન પ્રકારો 'હરિવંશ'માં દંડરાસક, તાલરાસક ને લલિત રાસક તરીકે વર્ણવાયા છે. દંડ રાસક તે દાંડિયારાસ, તાલરાસક એટલે ત્રણ તાલથી ગવાતો સ્ત્રી-પુરુષ સમૂહગત રાસ અથવા રાસડો અને સુંદર વેશપરિધાન સાથે, મુખાકૃતિના માંગલિક ભાવો

સાથે, વારાંગનાઓ હાથતાળીથી નર્તન કરતી તે લલિત રાસ.

દંડરાસક અને તાલરાસક બન્ને પ્રકારો ગોળાકારે સમૂહગત ગીત-નર્તનના છે. એકનું પ્રતિક છે દંડ-દાંડિયા અને બીજાનું પ્રતિક છે કરતાલ એટલે કે હાથતાળી. એકમાં શ્રી કૃષ્ણ વાંસળી વગાડે છે ને ગોપીઓ ગીત નૃત્ય કરે છે. બીજામાં સ્ત્રીઓ અને પુરુષો સમૂહગત નૃત્ય કરે છે. ત્રીજા પ્રકારમાં એક એક પુરુષ અને એક એક સ્ત્રી હોય છે. એમાં હાથમાં હાથ મેળવીને એક-બીજાની કેડે હાથ ભરાવીને પણ ગોળાકાર ગીતનર્તન કરે છે. આ ગોળાકાર ગીતનર્તન વખતે કૃષ્ણલીલાનાં ગીતો ગવાતાં હતા. ભગવાન કૃષ્ણે આપેલ હલ્લીસક એ આર્યોની ગીત-નર્તન પરંપરા હોવાનું માની શકાય.

**હલ્લીસક અને લાસક(લાસ્ય) :**

દંડરાસક અને તાલરાસક ને હલ્લીસકના જ પ્રકારો માનીએ તો ભેદ રહેતો નથી, પણ આગળ જતાં હલ્લીસક અને રાસકના બે ભેદ પડે છે અને રાસક અથવા લાસ્ય ગણવામાં આવે છે, ત્યાંથી એટલે કે મધ્યયુગથી એ ભેદને સ્વીકારીએ તો દંડરાસક અને તાલરાસકના ભેદે દંડરાસક એટલે હલ્લીસક અને તાલરાસકને લાસ્ય ગણવું જોઈએ. હલ્લીસક અને લાસ્યના આજે ભિન્ન ગણાતા પ્રકારો વચ્ચે સંમિશ્રણ કયાંથી થયું તે અંગે નંદિકેશ્વરજીના (ભરતમુનીના સમકાલીન/પુરોગામી) અભિનય દર્પણમાં સૌ પ્રથમ લાસ્ય પ્રકારનો ઉલ્લેખ મળે છે.:-

**पार्वती त्वनुशास्ति स्म लास्यं बाणात्मजामूषाम् ।**
**तथा द्वारवती गोप्यस्ताभिः सौराष्ट्रयोषित :।।**
**ताभिस्तु शिक्षिता नार्यो नानाजनपदारुपदा :।**
**एवं परंपराप्राप्तमेतल्लोके प्रतिष्ठितम् ।।**

પાર્વતીએ બાણાસુરની દીકરી ઉષાને લાસ્ય શીખવ્યું, ઉષાએ દ્વારકાની ગોપીઓને શીખવ્યું અને દ્વારકાની ગોપીઓએ સૌરાષ્ટ્રની સ્ત્રીઓને શીખવ્યું. સૌરાષ્ટ્રની સ્ત્રીઓએ વિવિધ દેશોમાં વસનારી નારીઓને શિખવાડયું અને એવી રીતે પરંપરાએ વહી રહેલું લાસ્ય નૃત્ય જનસમૂહમાં પ્રતિષ્ઠિત બની રહ્યું.

ઉષા તે અનાર્ય બાણાસુરની પુત્રી, યાદવોના કાળ દરમિયાન આર્યો અનાર્યોની પુત્રીઓ અપનાવતી થઈ ગયેલી, એમના ધર્મ અને કળાને પણ અપનાવતા થઈ ગયેલા. આ ઉષાની સાથે લાસ્ય પ્રકાર સૌરાષ્ટ્રમાં આવ્યો અને વિસ્તાર પામ્યો.

**અર્જુનનો મણિપુરી સંસ્કાર :**

કૃષ્ણના હલ્લીસકમાં ઉષાનું લાસ્ય ભળ્યું તેમ એક ત્રીજો પ્રવાહ પણ એમાં આવી મળે છે અને ગીત-નર્તનનો ત્રિવેણી સંગમ રચાય છે.

યુધિષ્ઠિર અને દ્રૌપદીના એકાંતવાસને ભંગ કરવા માટેના પ્રાયશ્ચિત તરીકે અર્જુને બાર વર્ષના તીર્થાટને નીકળવું પડયું. મણીપુર રાજયમાં રાજાની પુત્રી ચિત્રાંગદાને પરણ્યા. તેના ત્રણ વર્ષના રોકાણ દરમિયાન તેમના કલા સંસ્કાર પર મણીપુરી નૃત્ય-સંગીતનો પ્રભાવ પડયો. અર્જુન સમુદ્ર માર્ગે પ્રભાસ જાય છે, કૃષ્ણને મળે છે, સુભદ્રા હરણ અને અભિમન્યુનો જન્મ થાય છે.

તીર્થાટનના સમય દરમિયાન ઈન્દ્ર પાસે રહીને ચિત્રરથ ગંધર્વ પાસેથી ગીત, વાદન અને નૃત્યકળાઓનું શિક્ષણ પ્રાપ્ત કરે છે, જે તેને વિરાટનગરમાં અજ્ઞાતવાસ દરમિયાન વિરાટ પુત્રી ઉત્તરાને સંગીત-નૃત્યનું શિક્ષણ આપવામાં ઉપયોગી બને છે. વિરાટ રાજાના ગોધનને અર્જુન પાછું વાળે છે. રાજા પ્રસન્ન થઈ ઉત્તરાનો સ્વીકાર કરવાનું કહે છે, પણ ઉત્તરાના ગુરુ અર્જુન ઉત્તરાને પુત્રીસમ માની પોતાના પુત્ર અને કૃષ્ણના દોહિત્ર અભિમન્યુ સાથે એને પરણાવે છે. ઉત્તરા દ્વારકામાં આવે છે અને શેષ આયુષ્ય દ્વારકામાં જ ગાળે છે.

આમ, કૃષ્ણના હલ્લીસકમાં ઉષાનું લાસ્ય, અર્જુન-ઉત્તરાના ગાંધર્વ ગાન-નર્તન અને મણીપુરી નૃત્યનો સુમેળ સધાય છે. સૌરાષ્ટ્રમાં ગીત, વાદન અને નર્તન આટલા પૌરાણિક સંસ્કારોથી સમૃદ્ધ છે.[૪]





**રાસના પ્રકારો-ભેદો :**

રાસના નર્તનમાં દંડરાસક, તાલરાસક, લલિતરાસ, લતારાસક, નાટ્યરાસક, મંડલરાસક એટલા રાસના પ્રકારો શાસ્ત્રોએ દર્શાવ્યા છે.[૫]

**અન્ય પ્રદેશના રાસના પ્રકારો :**

રાસ ગુજરાતી છે, છતાં તે ગુજરાત પૂરતો મર્યાદિત નથી. મણીપુરની પ્રજા વૈષ્ણવધર્મી છે. તેમના વસંતરાસ, મહારાસ વગેરેમાં વિદ્યાપતિ, જયદેવ, ચંડીદાસના ગીતો હોય છે, જેમાં કૃષ્ણનું નૃત્ય ઉધ્ધત-તાંડવ પ્રકારનું હોય છે. રાખાલ રાસમાં કૃષ્ણ અને ગોવાળો ગોષ્ટભંગી કરે છે. એ રીતે ગોપી-ગોપાલરાસ, ઉત્ખલ રાસ અને સ્ત્રીઓ ગોળાકારે નર્તન કરતાં હાથની તાળીઓ વગાડીને જે ગીત નર્તન કરે છે એને 'ખૂબાઈસઈ' કહે છે. આ બધા રાસ તાંડવ અને લાસ્ય પ્રકારના ખરા, પણ એ શાસ્ત્રીય સ્વરૂપ પામેલા અને મહાભારત અને રામાયણની કથાઓમાં ઉતરે ત્યારે નાટ્યાત્મકતાને કારણે નાટ્યરાસક પણ ખરા. મણીપુરના રાખાલ અને ઉત્સવરાસમાં તો દાંડિયા પણ હોય છે, પણ સૌરાષ્ટ્રની જેમ દાંડિયાના સામસામા આઘાતો નથી હોતા જયારે ગોપી-ગોપાલરાસમાં સ્ત્રી-પુરુષોના યુગલ રચાય છે. ઉત્તર પ્રદેશમા ખાસ કરીને મથુરા-વૃંદાવન (વ્રજ)માં હોળી વખતે સંગીત સાથે ગદ્ય અને પદ્યમય સંવાદોવાળી રાસલીલામાં આખી કૃષ્ણલીલા ભજવાય છે તે પણ નાટ્યરાસ કહી શકાય. આસામના કછાર જિલ્લામાં સૌરાષ્ટ્રના લાસ્ય-પ્રકાર જેવા નૃત્ય-પ્રકારો છે. જેમ કે કરતાલી. ત્રિપુરા રાજયમાં પણ આ જ પ્રકારો થોડા શૈલીભેદ સાથે પ્રચલિત છે. પૂર્વ બંગલાની કેટલીક નીચલા થરની કોમોમાં 'ધામાઈલ' નામનો ગરબા જેવો જ એક પ્રકાર થાય છે. પશ્ચિમ બંગાળના વીરભૂમ / બિરભૂમ જિલ્લામાં કાઠી નૃત્ય-રાસ જેવો પ્રકાર થાય છે. બિહાર અને બંગાળના સાંથાલોમાં પણ આવો કોઈ મંડલાકાર નૃત્તપ્રકાર પ્રચલિત છે. ગઢવાલમાં 'ચોફૂલો' નામના નૃત્તપ્રકારમાં કુમારિકાઓ સામસામી હારોમાં ઊભા રહી તાલી વગાડીને તથા બીજા એક પ્રકારમાં મંડલાકારે ફરતાં-ફરતાં આ નર્તન કરે છે. હિમાચલ પ્રદેશમાં પણ હાથની તાળી વગાડતાં ગોળ ઘૂમતાં કરાતો નૃત્યનો આ પ્રકાર જાણીતો છે. માળવામાં 'ગર્બા' નામથી જ પ્રચલિત ગર્ભદીપની આસપાસ નવરાત્રિમાં એ નૃત્ય થાય છે. રાજસ્થાનના 'ગેર' મારવાડની ગુજર જાતિની સ્ત્રીઓમાં હાથતાળી રાસ, 'આટ્યા-પાટ્યા' નામના એક નૃત્ત પ્રકારમાં માળવાના ભીલો એક-બીજાના દાંડિયા સાથે તાલ દેતા નૃત્ત કરે છે. મહારાષ્ટ્રમાં 'કાતખેલ' અને 'ટીપ્રો' નામથી જાણીતા દાંડિયાથી રમાતા તથા 'ઝીમ્મા' જેવા તાળી વગાડીને થતા નૃત્ત પ્રકારો છે. દક્ષિણ ભારતમાં પણ આવા પ્રકારો વ્યાપક છે . ત્યાં દાંડિયા રાસને 'કોલાટ્ટમ' અને ગરબાને 'કુમ્મી' કહે છે. આંધ્ર, કેરલ તથા મદ્રાસમાં પણ તે પ્રચલિત છે. વસંતઋતુમાં 'થીરૂવાથીર' નામક ઉત્સવ પ્રસંગે કેરલમાં ગરબી જેવું તાળી વગાડીને થતું પુરુષોનું મંડલાકાર નર્તન થાય છે.[૬]

રાસ ભારતના દરેક પ્રદેશમાં ભૌગોલિક, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ પ્રમાણે વિવિધ સ્વરૂપ ધારણ કરતો રહ્યો છે. એમાં પ્રાદેશિક સંગીત, વિશિષ્ટતાઓ અને વેશપરિધાન પણ વિભિન્નપણે વિકસ્યા છે. સૌરાષ્ટ્ર રાસનું ઉદ્‌ગમ સ્થાન હોવાથી ત્યાં રાસ કયાંક એના મૂળ સ્વરૂપે તો કયાંક જુદી

જુદી જાતિઓ, રીતરિવાજ અને ખાસિયતો પ્રમાણે વિશેષ રીતે વિકસેલા છે.[૭]



**ગુજરાતનો રાસયુગ :**

તેરમી સદીથી અઢારમી સદી સુધીનો ગુજરાતનો યુગ તે રાસયુગ ગણાય છે. આ રાસ અથવા રાસો બહુધા જૈન કવિઓએ રચેલા છે. સૌરાષ્ટ્રમાં એ જૈન દેવાલયો સિવાય પ્રચાર નથી પામ્યા. પંદરમી સદીથી તો નરસિંહ મહેતાના રાસની એકધારી પરંપરા સૌરાષ્ટ્રમાં આજ સુધી ઉતરી આવી છે.

**સૌરાષ્ટ્રમાં શુદ્ધ કળારૂપેઃ**

સૌરાષ્ટ્રના રાસ કે રાસડા નાટ્યાત્મક નથી, તેમજ રાસમાં નૃત્યની જે શાસ્ત્રીયતા અન્ય પ્રકારોમાં વિકસી છે તે પણ વિકસી નથી. એક આખી પરંપરાગત શુદ્ધ કળા એમાં જળવાઈ રહી છે.

**નટવર કૃષ્ણનો સંસ્કાર :**

સંસ્કૃતિના તબક્કા બસ્સો-પાંચસો વર્ષના ન હોઈ શકે, એ તો યુગ યુગનું જીવન રસાયણ છે. પાંચેક હજાર વર્ષ પૂર્વે ગુજરાતની પશ્ચિમ દિશાએ જ્યારે ગોપ સંસ્કૃતિનો ઉદય થયો ત્યારે યાદવો અને આહીરોનાં ટોળેટોળાં મસ્ત બનીને દ્વારકા તથા પ્રભાસના સાગર કિનારે જળક્રીડા કરતાં નજરે પડે છે.

આર્યવર્તમાં સંગીત, નૃત્ય અને નાટ્યનો એ ઉષઃકાળ હતો. કૃષ્ણ વેણુ બજાવે છે, નારદ સરગમયુક્ત વિણા વગાડે છે અને આસારિત નૃત્ય કરતી ગોપીઓ સહિત છાલિક્યગાનની શરૂઆત થાય છે. ભારતના જનપદોને આ સંગીત-નૃત્યની મહાન ભેટ ગુજરાતની નારીઓ આપે છે, એને ઘેલડી કહો કે અલબેલડી કહો. રાસ એ ગુજરાતના સર્વપ્રથમ પાટનગર દ્વારકાએ ભારતને આપેલી અણમોલ ભેટ છે.

બધી કોમોના રાસનૃત્યોમાં રાધા-કૃષ્ણનો સંસ્કાર ઉતર્યો છે. તમામ રાસગીતોનું ચરમબિંદુ પણ રાધાકૃષ્ણ જ છે. કૃષ્ણ એ રાસના એટલે હલ્લીસક તથા લાસકના દેવ હોવાથી, એને આપણે નટવર કહીએ છીએ. શિવ દરેક હિન્દુના ઉપાસ્ય દેવ છે, પણ પ્રણાલીકાગત ભાગ પડયા છે. દક્ષિણ હિન્દમાં શિવ અને વિષ્ણુ તથા પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર ભારતમાં કૃષ્ણ રાસના છંદ, દુહા, ગીત નૃત્યએ બધા કૃષ્ણને જ સમર્પિત છે.

રાસ શબ્દ દેવકીનંદન કૃષ્ણ-કનૈયા જેવો બહુરૂપી છે. રાસ અને કૃષ્ણ, કૃષ્ણ અને રાસ એક-બીજાના પર્યાયરૂપ બની ગયા છે. એટલે જ માધવ મુરલીધરને રાસેશ્વર કહ્યા છે. મુરલીધર, નટવરના અનેક રૂપ છે, તેમ રાસના પણ અનેક રૂપ છે. રાસ તો કૃષ્ણની લીલાનો જ વિસ્તાર છે.

રાસમાંથી રાસડા, ગરબામાંથી ગરબી, હીંચમાંથી હમચી, દાણલીલામાંથી ટીયા વગેરે કૈંક સ્વરૂપો આ રાસ પામ્યો છે. આવા બધા સ્વરૂપો તો માત્ર સૌરાષ્ટ્રનાં જ થયાં. એક એક સ્વરૂપના પાછા અનેકાનેક પ્રકાર, પ્રકારે પ્રકારે વાણી અને ગીત વૈવિધ્ય, તાલ અને લય વૈવિધ્ય, ઢાળ અને હલકવૈવિધ્ય, અંગ મરોડ અને અંગભંગ, પદ લાલિત્ય અને ભાવ મધુરતા. અરે, વાદ્યો અને વેશભુષાનું પણ અપરૂપ વૈવિધ્ય. રાસના એ અનેક વૈવિધ્ય વચ્ચે બિરાજે છે નંદકિશોર, માધવ મુરલીધર.[૮]

**રાસનું લોક સંગીત :**

રાસનું સંગીત સંપૂર્ણપણે લોકતાલ, લોકઢાળ, લોકરાગ, લોકવાદ્ય અને લોકનૃત્યને અનુસરે છે. રાસના લોકઢાળ, લોકતાલ, લોકરાગ અને લોકવાદ્યમાં તેની પરંપરાગત હલક અને લઢણ વિશેષ નિયમબદ્ધ અતૂટ અને અફર હોય છે. તેમાં તાલનુ લય તત્વ પ્રાધાન્ય ભોગવે છે. ગતિ દ્રુત-વિલંબિત ચાલ ચાલે છે. એકનું એક ગીત રાસ રમતી વખતે પ્રથમ વિલંબિત, પછી મધ્ય અને ત્યાર પછી દ્રુતલયમાં સામાન્ય રીતે લેવાય છે. રાસમાં ગવાતાં ગીતોમાં ત્રણેય લય આવી શકે છે. સૂર, તાલ, લય અને હલક શરીરને નૃત્તનો આવિર્ભાવ આપે છે. ઢાળ સાદા, સોંસરવા, શ્રમરહિત ઘૂંટાયેલા, આરોહ-અવરોહવાળા ને બહુધા પરંપરાગત સ્ત્રીજાતિના અંગોવાળા દાદરા, હીંચ, કેરવા, દીપચંદી

અને મણિયારાના તાલ પ્રવાહમાં હોય છે. વિશેષતઃ સોરઠ, કાફી, ખમાજ, મહાડ, પીલુ, કલ્યાણ, સારંગ એ રાગોના અંગો વારંવાર લોકરાસોમાં દેખાય છે. ધ્રુવપંક્તિનો ઉઠાવ રૂઆબદાર અને કર્ણપ્રિય હોય છે. જેનો ભાવ આખા રાસ ઉપર છવાયેલો રહે છે.

**રાસના વાદ્યો :**

હારમોનિયમ, તબલા, શરણાઈ, ઢોલ, મંજીરા, ઝાંઝ, બંસી, પાવો, રાવણહથ્થો, સુંદરી જેવા વાદ્યો રાસમાં મુખ્ય હોય છે. રાસના ગીતો-વિષયવસ્તુ પેઢી દર પેઢીથી લોકકંઠે સચવાયેલા ગેયકાવ્યો, લોકગીતો અને લોકરાસ રહ્યા છે, જેમાં મુખ્યત્વે કૃષ્ણ- ગોપીની વિવિધ લીલાઓના દર્શન જોવા મળે છે. મણિયારા ઢંગના ગીતોમાં શૌર્ય અને કરુણરસોમાં કોઈ કરુણ પ્રસંગનો કિસ્સો કે શૌર્ય પરાક્રમને નિરૂપવામાં આવેલ હોય છે. આધુનિક કવિઓના ગીતો પણ રાસમાં ગાઈ શકાય છે, પરંતુ પ્રાચીન કવિઓની જ કૃતિઓનો સમાવેશ કરવો હોય તો દયારામ સુધીનાં કવિઓની કૃતિઓ લઈ શકાય.

**નર્તન :**

શાસ્ત્રોકત મત મુજબ જ્યારે પુરુષ નર્તનનો પ્રારંભ કરે છે ત્યારે સૌ પ્રથમ જમણો પગ ઉપાડીને કરે છે, નર્તન અનેક પ્રકારની પદગતિઓમાં વિભાજીત હોય છે. કેટલાકની પુનરૂક્તિ થતી રહે છે. જેમકે ડાબેથી જમણે અને એ જ જમણેથી ડાબે, ગતિ તરલ હોય છે. નર્તનમાં પગ પાછો લે ત્યારે પંજાની ઠેસ મારે છે. શરૂઆતમાં આખું પગલું ઉપયોગમાં લેવામાં આવે છે. એક વખત બે પગ પહોળા થાય અને બે વખત ભેગા થાય પગ ડાબી-જમણી તેમ ઉત્તર-દક્ષિણ દિશામા પડે છે. આ પદગતિમાં ચલતી અને હીંચ જ વાગતા હોય છે. ઝડપ બે ગણી કરી શકાય છે.

ચલનમાં એક પાદ, બે પાદ, ત્રણ પાદ અને ચાર પાદનું ચલન સપ્રમાણ સુનિયોજીત અને સમાંતર હોય છે. જેમ વધુ પગલાં તેમ રાસમાં વધુ ચપળતા, વધુ સાવધતા અને વધુ એકાગ્રતા કેળવવી પડે છે. [૯]

**રાસડો/રાસડા :**

રાસડો એ સ્ત્રીનું તાલરાસક પ્રકારનું પ્રાચીન લોકનૃત્ત છે. (૧) સંગીત રત્નાકરમાં જણાવ્યા પ્રમાણે **केडपि उतालतालाकुलम् रासकम्** કેટલાંક ઊંચા તાલવાળાઓથી આકુળ બન્યો તે રાસડો. (૨) શ્રી ઝવેરચંદ મેઘાણીના જણાવ્યા પ્રમાણે, જેમાં નૃત્ય, સંગીત અને કાવ્ય એ ત્રણેય તત્વોની મિલાવટ થઈ છે એ સ્ત્રીઓના રાસડા (૩) રાસડો સ્ત્રીઓના મર્માળા ગીતોવાળું, તાલીઓના જોમવાળું, મુકત ગીતપ્રધાન નૃત્ત છે. (૪) રાસડો એ સ્ત્રીઓ દ્વારા ગવાતો, રમાતો દેશગાન નૃત્ત છે.[૧૦]

**રાસ અને રાસડાનો ભેદ :**

સૌરાષ્ટ્રમાં ગરબા સ્ત્રીઓ ગાય છે અને ગરબી પુરુષો ગાય છે. રાસ અને રાસડા વચ્ચે પણ એવો જ તફાવત છે. રાસ મોટેભાગે પુરુષો લે છે. જે દંડરાસકનો જ પ્રકાર છે, જેને હલ્લીસક કહી શકીએ અને રાસડા એકલી સ્ત્રીઓ પણ લે છે ને સ્ત્રી-પુરુષો ભેગા મળીને પણ લે છે. આ ત્રણ તાલીના મોટા ભાગના રાસડા એ રાસક-લાસ્યના પ્રકાર છે. સૌરાષ્ટ્રમાં રાસ એટલે સામાન્યપણે દાંડિયા રાસ પણ દાંડિયારાસ રમતા પહેલા મંડળીઓ ત્રણ તાલીના રાસ જેવા ખમીરવંતા રાસ પણ લે છે. એમાં કરતાલ જેવો દેખાવ થાય છે પણ તાળીઓ ભાગ્યે જ પાડે છે. જ્યારે ગરબીમાં પુરુષો તાળીઓ પણ લે છે. દાંડિયા વગરના રાસ પણ પગના ઠેકા સાથે, હાથના હિલોળા અને અંગના મરોડ સાથે લે છે અને ચલતીમાં આવે ત્યારે વેગભર અંગભંગ સાથે શરીર ફંગોળે છે. દાંડિયા વગરના આ રાસમાં અનેક પ્રકારના નર્તન રચાય છે.[૧૧]

રાસ એ પ્રધાનતઃ લોકનૃત્ય છે, જયારે રાસડામાં નૃત્ય ખરું, પણ પ્રધાનતઃ એ લોકસંગીત છે. રાસડાએ તાલી રાસકનો એક પ્રકાર છે. ધીરે ધીરે આ તાલીરાસ સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે બે પ્રકારનો બની ગયો છે. એક ત્રણ તાલીનો અને બીજો બે તાલીનો. રાસડામાં પગલાં પણ ત્રણ ત્રણ અને ચાર ચાર ઉપડતાં આવે છે. મુખ્યત્વે ખેતી અને પશુપાલનનો વ્યવસાયી કરતી કોમોમાં રાસડા વિશેષ લેવાય છે. ધીરે ધીરે રાસડા રાજકર્તા કોમ અને એની આશ્રિત કોમોમાં પણ ઉતર્યા અને દલિત સહિત તમામ કોમોમાં આજે તો એકધારા રાસડાની રમઝટ બોલતી હોય છે.





હોય છે. કાંટીયા વરણની કોમોના રાસડા વિશેષ હલકદાર, સ્વસ્થ, ખુમારીભર્યા અને રસમસ્તીના એકધારા આંદોલન ઊઠાવે છે.

રાસડાના શબ્દો સાદા, સરળ અને ભાવવાહી ખરા, પણ એના પ્રમત્ત ભાવના આંદોલન ધ્વનિ સિવાય ઊઠતા જ નથી. ધ્વનિ એ જ એનો આત્મા છે. માત્ર શબ્દોથી રાસડાનું સ્વરૂપ ન સમજાય, એનો અર્થ કે ભાવ પણ ન ઊઠે ! રાસડામાં રહેલાં સંગીતને કારણે જ કરુણ, ગંભીર, પ્રસન્ન અને આહ્‌લાદક એવા ભાવનાં મોજાં ઉછળે છે ને રાસડા પૂરા થયા પછી ત્રીસ ત્રીસ, ચાળીસ ચાળીસ કે પચાસ પચાસ કંઠમાંથી જાગેલો ધ્વની વાતાવરણમાં ગુંજ્યા કરે છે. હૃદયના ઉદ્‌ગાર સાથે વહેતું આ સંગીત અનેક હૃદયોને ભીંજવી દે છે અને અનેકમાં એક જ લાગણીના પડઘા જગાડે છે.

કોળી અને ભરવાડ કોમોમાં સ્ત્રી અને પુરુષો રાસડા સાથે લે છે મુખ્યત્વે તો રાસડા સૌરાષ્ટ્રની ગ્રામનારીઓ માટે અજવાળી રાતનો અણમૂલો આનંદ બની ગયેલ છે. કૃષિજીવન, ગોપજીવન, શ્રમજીવન, સાગરજીવન, સમાજજીવન, અને કૌટુંબિક સુખ-દુ:ખના કૈં કૈં ભાવોને ઝીલતા ઝીલતા રાસડા લોકજીવનનું રસાયણ બની ગયા છે. નજીકના કે દૂરના ઈતિહાસના વિશિષ્ટ અને વિરલ પ્રસંગો આ રાસડે શોભ્યા છે.[૧૨]

**લોકસંગીત :**

રાસડા ગીત પ્રધાન નૃત્ત છે. રાસડો સમૂહમાં વર્તુળમાં ફરતે ગાવાની રચના છે. ગીતોમાં લોકજીવનના સુખ, દુ:ખને વાચા આપતા ઉર્મિગીત અને કથાગીત મુખ્યત્વે હોય છે.

લોકસમાજમાં લાગણીઓનું રસાયન હૃદયમાં ઘોળાતા ઘોળાતા એમાંથી સ્વર અને શબ્દ સાથોસાથ જન્મ્યા છે. ગીત ગોતીને એનું કંપોઝીશન નથી કરવું પડતું પછી એ ગીતો ગોવાળીયાનાં હોય કે નાવિકોનાં, ખેડૂતોનાં હોય કે ક્ષત્રિવટના, આત્મહત્યાના હોય કે આત્મગૌરવના, જુલમોના હોય કે બલિદાનના, વીરરસના હોય કે શૃંગારના, આકાંક્ષાઓના હોય કે મત્ત આનંદના. રાસડાના ઢાળમાં હલકનું જોમ હોય છે. એકના એક રાસડા જુદી જુદી કોમમાં જુદા જુદા ઢાળથી ગવાય છે. ક્યારેક એના શબ્દોમાં પણ ફેર હોય છે. ખેડુ કોમના રાસડા ભરતી-ઓટ જેવા એકસરખા નીચેથી ઊંચે હિલોળ લેતા વેગભર્યા હોય છે. એ રાસડાનું સંગીત આદિવાસીઓના સંગીતને મળતું હોય છે. નાવિકોના રાસડામાં મસ્તી અને કરુણતા વિશેષ

જાતિગત સંસ્કારો મુજબ કોમ કોમમાં લેવાતા રાસડાનાં સ્વર આંદોલનો અને ઉચ્ચારણમાં પણ ફરક પડે છે. વિવિધ સંસ્કારો પ્રમાણે એકનો એક રાસડો વિવિધ લાગણીઓનો પડઘો પાડે છે. જુદી જુદી જાતિઓનાં જુદાં જુદાં ગીતો હોવા છતાં દરેક કોમમાં એ રાસડા ગવાય છે. એકના સંસ્કાર અનેકના બને છે. સંસ્કારોનું આવું સુમિલન રાસડામાં સધાયું છે. શબ્દની જેમ સંગીતનું વૈવિધ્ય પણ એકરૂપ ધારણ કરતું અનેક સ્વરૂપે વહેતું રહે છે.[૧૩]

**નર્તન :**

રાસડાનું નર્તન સરળ અને સહજ હોય છે એટલે સૌ કોઈ સમાન રીતે તેમાં ભાગ લઈ શકે છે. રાસડામાં એક સરખી તાલીનું અને એક પ્રકારનું ડોલન તેમજ દિલના ઉલ્લાસ ને ઉમંગનું પ્રભુત્વ પથરાયેલું હોય છે. તાલીમાં રાસડાનો બધો જ રસ સમાઈ જાય છે. તાલની મદદથી ગીતની મસ્તી વધતા તાલબદ્ધ સાદા નર્તનનો જ રાસડો એક પ્રકાર બની જાય છે. તેમા ઉર્મીઓ અને લાગણીઓ તાલબદ્ધ વહે છે. રાસડામાં જે તાકાત, જોમ, જુસ્સો, આવેશયુક્ત વેગ છે, મુક્ત કંઠની જે મીઠાશ છે, અંગ હિલોળવાની જે વારસાગત આવડત છે એ જ રાસડાનું મુખ્ય અંગ છે અને એ જ એનું આકર્ષણ અને વિશિષ્ટતા છે.

સમ પછી રાસડાની શરૂઆત એ એનું આગવું લક્ષણ છે. તાલીમાં વપરાતું વજન કે બળ સમ પછી વપરાય છે. રાસડામાં રમનારમાંથી કોઈ ગાય છે અને નર્તન કરતાં કરતાં અથવા ઊભા ઊભા ઝીલનારા ઝીલે છે. આડંબર કે કૃત્રિમતા



વગર ભાન ભૂલીને રાસડા લેનારને કોઈ પણ પ્રકારના સંગીતના વાદ્યોની જરૂરિયાત હોતી નથી. રાસડામાં વિશિષ્ટતાસભર લહેકો હોય છે. કડીના કેટલાક લોકબોલીનાં શબ્દોનાં ઉચ્ચાર ઉપર વજન આપી એક માત્રા છોડી દઈને આંચકો અપાતો હોય છે. રાસડામાં ભાવાનુસાર પદબંધ હોય છે. તેનું ધ્રુવપદ વેધક ને મર્મસ્પર્શી હોય છે. તે જ ચાલકબળ પૂરું પાડે છે. તેમાં શબ્દ અને ભાવનું માધુર્ય હોય છે. ઢાળ-લય વેગીલો હોય છે . ધ્રુવપદ/પંક્તિનું સમગ્ર રાસડામાં પુનરાવર્તન થતું રહે છે. જલ્દી જીભે, કંઠે ચડી જાય એવા સુગેય ઢાળમાં રચાયેલા ઢાળમાં ઢાળેલા હોય છે. સૌરાષ્ટ્રના ગ્રામપ્રદેશમાં રાસડાનું તત્વ વિશેષ છે. લોકજીવનમાં માલધારીઓ અને ખેડૂતોમાં રાસડા વિશેષ લેવાય છે.

**રાસડાની સરળતા અને વિવિધતા :**

ગામડાની બહેનોએ પોતાના રાસડામાં વગર સાધને વૈવિધ્ય આણ્યું છે. ત્રણ, ચાર, પાંચ ને સાત પગલાંના રાસડા લે છે. એકતાલી , ત્રણ તાલી અને આઠ તાલીના રાસડા લે છે. વળી એમાં ટીટોડો, હમચી, મટકી, વીછીડો, ટીપણી, હાજા વગેરે ઘણા ઘણા નૃત્ય પ્રકારો આણ્યા છે.

લોકબોલીના શબ્દોની જેમ એનું લોકસંગીતનું વૈવિધ્ય પણ એકરૂપતા ધારણ કરતું અનેક સ્વરૂપે વહેતું જ હોય છે. ધ્વનિ એ રાસડાનો આત્મા છે. ઉલાળિયા રાસડામાં ગતિ, જોમ, આવેશ, જુસ્સો, આનંદ અને ધબકારનો એક રૂદ્રલય પ્રગટે છે. નારીવૃંદ વર્તુળકારે કે અર્ધ વર્તુળાકારે ફરતાં, તાલબદ્ધ પગના ઠમકારા અને હાથતાળી દેતાં દેતાં, એક તાળી કે ત્રણ તાળી લઈને ફરતાં અથવા એક જગ્યાએ ઉભા રહીને રાસડો લે છે. કોઈ પણ વાદ્ય વગર માત્ર તાળીના તાલ ઉપર લેવાતા રાસડામાં સ્ત્રીઓ ડાબો પગ સ્હેજ આગળ લઈને ડાબી તરફ એક તાળી પાડે છે ને કમરને એવી લચક આપે છે કે આખી કાયા એક હિલોળે ચડે છે. પછી ડાબો પગ હતો ત્યાંજ મૂકીને સ્હેજ તાલબદ્ધ ખસી જઈને બીજી તાળી હળવેથી પોતાના ઉર પ્રદેશ પાસે પાડે છે. આ જ પ્રમાણે જમણી તરફ પગ આગળ લઈ જઈ અંગને હિલોળે ચડાવે છે. ત્યારે પદગતિ અને હાથની ગતિ ખૂબ ઝડપી બને છે. કોળી બહેનોના ત્રણ તાળીના રાસડામાં સો સો શરણાયું એક સામટી વાગતી હોય એવી મીઠી હલકે ને લોકઢાળે, મોકળે કંઠે રાસડા ગાતી અને વાયુવેગે ગોળાકાર તાળીના તાલે ઘૂમતી હોય ત્યારે મંત્રમુગ્ધ બની જવાય છે. તરણેતરના મેળામાં બહેનો ત્રણ તાળી અને સાત તાળીના રાસડા વધુ લેતી હોય છે. સાત તાળીના રાસડાને હાજા કહે છે.

આમ, રાસડામા ઉર્મીનો ઉછાળો સામુદાયિક હોય છે. સંઘોર્મી અંગ અંગમાં પ્રસરીને શબ્દ દ્વારા મૂર્ત બનીને સ્વરમાં છલકાઈને સાદા તાલબદ્ધ નર્તનમાં પરિણમે છે. તે રાસડો બની જાય છે. હીંચ કે તહેવારમાં રાસડા વિશેષ રમાય છે. ઢોલ અને શરણાઈ તાલને લયની જાળવણીમાં પૂરક બને છે.

શ્રી ઝવેરચંદ મેઘાણી રાસડા અંગે લખે છે કે - “એ રસ પ્રચુર રાસડાઓના મીઠાં ગળા હતા તેમ ધારેલી અસર ઉપજાવનારા લોકઢાળો પણ એ ગળામાંથી જન્મતા, એના હાથ અને પગની અંદર એ ઢાળ અને તાલ સાથે ઐકય સાધવાની કળા પણ આપો-આપ નિરૂપાઈ જતી. અરે લોહીનું દરેક બિન્દુ તાલને અનુસરતુ હોય ત્યાં હાથ-પગની વાત જ કયાં કરવાની રહી ? એ અંગ અંગના ઐકયમાં પહેરવેશનું ઐકય પણ ભળી જતું. રાસડા ગાતી વખતે સુંદરીઓના શરીર હીલોળે ચડતા તે સાથે એ ઘેરદાર ઘાઘરા પણ ઝૂલી ઉઠતા, પગ અને કમર ઉપર બંધનરૂપ ન બનતા બલ્કે નૃત્યને વધુ બહેલાવતા. વહાણને જેમ સઢ વેગ આપે તેમ આ ઘેરદાર પહેરવેશ રાસડાઓને ગતિ આપતો અને છતાં અંગે અંગની એબને પૂરેપૂરી ઢાંકતો. એ જ રીતે કમરની ઉપર પણ કસકસતુ વસ્ત્ર હાથને મોકળાશ આપતું. ચારે છેડે છૂટ્ટા ઓઢણાને છાતી ઉપર બાંધી લેતાં છેડા સિવાયનો ભાગ બંને બાજુએ ઝુલીને પીઠ ઉપર કમાનવાળા પડદાનો

આકાર ધારણ કરતો. આમ સગવડ જ નહીં કળા પણ હતી, યુક્તિદાર ગોઠવણી હતી. હાથમાં ઝીણી કેવળ નાજુકતાનો દેખાવ કરનારી બંગડી નહોતી, પણ રાસડાના સ્વર સાથે રણઝણી ઊઠે એવા તાકાતવાન ઘૂઘરી જડીત ઘરેણા હતા. પગમાં રૂપાના કડલાં અને કાંબીઓ હતા. પ્રત્યેક ઠુમકાની સાથે પરસ્પર અથડાઈને તે રણકતો સ્વર પુરાવતાં, આંગળીઓમાં અણવટ અને વીછિંયા હતા, તેનો અવાજ પણ જાણે કે અલંકારોના સારેગમ-પધનીસાં એકરૂપ બની જતો, માથે પહેરાતી દામણી, કાને હીચકતી પાંદડીઓ અને ગળામાં હીડોળાતા વિધ વિધ હારોની કરામત પાછળ પણ જીવનનાં આ નૃત્યની રઢિયાળી દૃષ્ટિ હતી.''[૧૪]

રાસ કે રાસડા પ્રેક્ષકોના કોઈ તમાશાનો વિષય ન હતો. શેરીએ, ચૌટે કે આંગણામાં વિશાળ પટમાં લેવાતા રાસ-રાસડા તો નિજાનંદ માટેના હતા. એની એકધારીતાથી થોડી પળમાં કંટાળી જતા પ્રેક્ષકોનું એ મનોરંજન ન હતું, પણ એ તો ગતિએ ચડેલા મન-પ્રાણનું ગીત, સંગીત કે નૃત્ય હતું. જેમાં સ્વર, શબ્દ અને નૃત્યના તાલે જીવન પણ ઘડીભર એકરૂપ બનીને સ્વર્ગીય આનંદ પ્રાપ્ત કરતું. હજી પણ જ્યાં લોકસમાજ ખાસ અસરોથી ખરડાયો નથી ત્યાં લેવાતા રાસ કે રાસડામાં એ જ આનંદ વિલસે છે.

### રાસડાની જૂજવી જાતો :

**(૧)ગીતકથાઓ અથવા કથાગીતોઃ- (બેલેડ્સ)**

- **(ક) ઐતિહાસિક** :- જસમા ઓડણ, રાણકદેવી, રાજીરાજની કુંવરી, સોનલ ગરાસણી, કાદુ મકરાણીના રાસડા
- **(ખ) કૌટુંબીક** :- મોટાખોરડા, પાતળી પરમાર, વીરને વખડાં, વાંઝીયા મેણા વગેરે કુટુંબજીવનમાંથી, કલેશમાંથી જન્મતી અબોલ આત્મસમર્પણ અથવા અનુકંપાજનક જીવન અંતની ઘટનાઓ.
- **(ગ) ઈતિહાસ** :- યુગ પૂર્વેના કાળની કથાઓ કહેતાં ગીતો હરચંદ રાજા, રામ-સીતા, સીતાવનવાસ, રાધા-કૃષ્ણ એને Legendary Ballads કહી શકાય.

ગરવી ગુજરાતણો જે રાસડા લઈ રહી છે અને સ્ત્રીઓ તથા પુરુષો સાથે જે રાસ લઈ રહ્યા છે તે પણ જીવનને હળવા ફૂલ બનાવવાનો એક અણમોલ વારસો છે. જીવન વ્યવહારનો એક પણ પ્રસંગ એવો નથી કે જેના આઘાત-પ્રત્યાઘાતો, ઉર્મી-આવેગો, પ્રેમ અને શૌર્ય,શક્તિને સૌંદર્ય, દુઃખ અને વેદના રાસ-રાસડાના પ્રમત્ત ઝુલે ન ઝુલ્યા હોય.

કેટલાંક ઉદાહરણો જોઈએઃ-

### ઐતિહાસિક :

**જસમા ઓડણ માટી થોડી રે ઉપાડ**

o

**રૂડા કચ્છદેશમાં ભૂજનગર રળિયામણાં રે,**
**ત્યાં તો રહેતો હુડમત નામે એક કુંભાર રે,**
**તેને જંગલમાંથી સુંદર કન્યા સાંપડી રે,**
**રાખ્યું તેનું પ્રેમે રૂડું રાણકદેવી નામ રે,**

o

**રમતા ઝલાણી સોનલ ગરાસણી**
**આડો આવ્યો રે સોનલ દાદાનો દેશ જો**
**સોનલે જાણ્યું કે દાદા છોડાવશે.**

o

**ડુંગરે ડુંગરે કાદુડાના ડાયરા**
**દારૂગોળાની વાગે ઠારમઠોર રે મકરાણી કાદુ!**

### કૌટુંબિક :

**દાદા તે દીકરી વઢીયારે ના દેજો જો**

o

**વહુએ વગોવ્યા મોટા ખોરડા રે લોલ**

o

**માડી, નવ દીઠી પાતળી પરમાર્ય રે.**

o

**ઓતરખંડમાં દીકરી જનમ્યા, પાટણમાં પરણાવ્યા જી રે,**
**પરણાવી સાસરે વળાવ્યા ને, રાંધણીયામાં નાખ્યા જી રે,**

o



ઉંચે રે ટીંબે માડી મારૂં સાસરૂં,
નીચા છે કાંઈ મહિયરના નેસ રે
વીરને રે કહેજો આણા મારા મોકલે

o

મહેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે
મહેંદી રંગ લાગ્યો.

o

**ઈતિહાસ યુગ પૂર્વેના કાળની કથાઓ :**

નાગર ઉભા રો', રંગ રસિયા

o

રાધાજીના ઉંચા મંદિર નીચા મોલ

o

રૂદૈ કમળમાં રામ રમે

o

રામે તે સરોવર ખોદીયાં

o

**પ્રચલિત રાસડાઓ :**

વા વાયા ને વાદળ ઉમટ્યાં

o

છેલ છોગાળો હોય તો મૂલવે

o

શેરી વળાવી સજજ કરૂ ઘરે આવો ને

o

દિકરો ને વહુ પધરાવોજી

o

છલકાતું આવે બેડલું, મલકાતી આવે નાર જો

o

મોર બોલે મધુરી રાત રે, નીંદરા નાવે રે

o

આવશે રે ચોમાસાના દા'ડા

o

સોના ઈંઢોણી રૂપા બેડલું

o

સૌરાષ્ટ્રમાં એક રૂપાળી બાનો રાસડો ગવાય છે:
**સોનલા વરણી બાની ચેહ બળે રે**
**રૂપલા વરણી ઉડે છે કોઈ ઘુંસ રે**

o

રાસડામાંથી કેટલાંક ગીતોના મૂળ ૧૬મી-૧૭મી સદી સુધી તો સળંગ મળી આવે છે. ગુજરાતની સંસ્કાર લક્ષ્મીએ લોકગીતોમાં પોતાના અડગ આસન જમાવ્યા છે.



લોકગીતો એ સંઘજીવનનો પરિપાક છે. એના સર્જનહારો એક નહીં પણ અનેક હોય છે. ઘાટ પકડતાં પકડતાં છેવટે એમાં એવું સંવેદન ઘુંટાય છે કે એમાંથી સાર્વજનિકતાનું-સમસંવેદન પેદા થાય છે. [૧૫]

**ચારણ રાસ નર્તન :**

મૂર્ધન્ય ભાષાશાસ્ત્રી શ્રી હરિવલ્લભ ભાયાણી લખે છે કે, આંધ્રપ્રદેશના કાકતીય વંશના રાજા ગણપતિના ગજદળના સેનાપતિ જાયે ઈ.સ.૧૨૫૩માં નૃત્યશાસ્ત્ર ઉપર એક મહત્ત્વનો ગ્રંથ 'નૃત્તરત્નાવલિ' રચ્યો છે. સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન સદ્‌ગત વી.રાઘવને તે સંપાદિત કરીને સવિસ્તાર અધ્યયન સાથે ઇ.સ. ૧૯૩૫માં પ્રકાશિત કરેલો છે. નૃત્તરત્નાવલિમાં વિવિધ પ્રદેશના દેશી નૃત્તોનો પરિચય સાતમા અધ્યાયમાં આપ્યો છે. તેમાં સૌરાષ્ટ્રના ચારણ નૃત્યનું જે વર્ણન છે તેનો અનુવાદ આ પ્રમાણે થાય છે.

"સૌરાષ્ટ્રવાસી ચારણો જે ચારણનૃત્ય કરે છે તેમાં અનુપ્રાસ અને પ્રાસવાળા દોહા ગવાય છે. નર્તકો મુખથી વાદ્યોને અનુસરતા ઉદ્‌ગાર કાઢે છે. પગથી વેગીલા ઠેકા દે છે અને ફુદરડીઓ ફરે છે. અનેક છટાઓમાં હાથથી સુંદર તાલ આપે છે. તેમાં ભાગ લેતી સ્ત્રીઓ પહેરેલા વસ્ત્રના પલ્લવથી અવગુંઠન કરે છે. આ મંડલાકાર ચારણ નૃત્ય લલિત ઉદ્ધત હોય છે."

આપણા રાસનૃત્યના બધા જ પ્રમુખ લક્ષણો સાથેના આ વર્ણન પરથી જોઈ શકાશે કે તેરમી શતાબ્દીની પહેલાથી જ સૌરાષ્ટ્રનો રાસ નૃત્ય વિખ્યાત થઈ ચૂકયો હતો અને તેનું વિશિષ્ટ સ્વરૂપ બંધાઈ ચૂકયું હતું. આંધ્રપ્રદેશ સુધી તેની ખ્યાતિ પ્રસરેલી હતી.

**તુંબેલ ચારણ રાસ :**

જામનગર જિલ્લાના જામખંભાળિયા અને કલ્યાણપુર તાલુકાઓમાં આવેલ ચારણજ્ઞાતિના ગામોમાં પરંપરાગત તાલબદ્ધ મરદાનગીભર્યા, જોડીબદ્ધ રાસ રમાય છે, જે



પુરુષ પ્રધાન છે. ચારણજ્ઞાતિનું લડાયક ખમીર, શૌર્ય અને બાહુબળ રાસમાં નવું જ સ્વરૂપ ધારણ કરે છે. બબ્બે ઢોલ અને બબ્બે શરણાયુંના સૂર સાથે મણિયારા તાલના સૂરથી શરૂ થાય છે અને અંતમાં વીજળીની ગતિ પકડે છે. અત્યંત તેજીલી ગતિ સાથે અને સૌષ્ઠવભર્યા અંગ મરોડ સાથે રાસ તાકાતભર્યો દેખાય છે. દ્રુતગતિમાં ચાબખી ફુદરડી, સામસામી પલોઠીવાળી બેસીને ચાલુ રમતમાં તાલ પલટામાં રસભંગ કે રસક્ષતિ થયા વગર ઊંચા કૂદકાની ઠેક લે છે. જે અન્ય કોઈ રાસમંડળીમાં જોવા મળતી નથી. એકી સાથે સામસામે જોડીઓ આવીને ઠેક લઈ લડાયક જોમ સાથે રાસની જમાવટ જાળવી રાખે છે. આ રાસમાં ઢોલ અને શરણાઈ પ્રલંબ શૂરાતનને બિરદાવતા હોય તેમ વિલંબિત વાગે છે. હાથમાં રૂમાલ પણ ક્યારેક રાખે છે.

જામખંભાળિયા, ભાટિયા અને દ્વારકાના આજુબાજુના વિસ્તારોનું આ અણીશુદ્ધ પ્રાચીન રાસનર્તન હોવા છતાં તેનો પ્રચાર અને પ્રસાર કદાપિ થયો નથી. જામજોધપુર, ખંભાળિયા, પરોડિયા ગામોમાં આ ચારણરાસના રાસ મંડળો શુભ અવસરોએ રાસ રમે છે. આ રાસમાં ગીતો મોઢેથી ગવાતા નથી, પરંતુ શરણાઈઓમા ગીતો ગવાય છે. તાલ પ્રધાન નર્તન છે. સોનલબીજના ઉત્સવે જામખંભાળિયામાં આ રાસ ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.[૧૬]

**કૃષિ સંસ્કૃતિનો વારસો :**

**પટેલોના રાસ(કણબી રાસ)**

કૃષિ સંસ્કૃતિના વારસદાર મુખ્યત્વે કણબી હોવાથી એમના રાસ બાકીની ત્રણેય સંસ્કૃતિ સાગર અને શિકારની અસરવાળા, ગોપ સંસ્કૃતિવાળા અને ક્ષત્રિય સંસ્કારવાળાથી ભિન્ન સ્વરૂપના છે.

સૌરાષ્ટ્રના ખેતી પ્રધાન પ્રદેશમાં કૃષિ વ્યવસાય સાથે જોડાયેલી અન્ય કોમના રાસની સરખામણીમાં કણબીના રાસમાં ઘણી વિવિધતા હોય છે.

કણબી જુવાનિયા એકરંગા હોય છે અને કલાની વૃધ્ધિ કરવા માટે એકરંગા પોષાક ધારણ કર્યા હોય છે. તેમના પગની ઠેસી, દાંડિયાનો ટપોરો અને ઢોલકની થાપી સાથે હીચનો એવો એકલઠો ને તાલબદ્ધ ઉપાડ થાય કે જુવાનોનાં ઘૂઘરાના ઘમકારા, દાંડિયાની ઘૂઘરિયુંના ઝણકારા, તબલાના રણકારા અને પગના ધમકારા જોઈને પ્રેક્ષકોના હૈયામાં આનંદનો હિલ્લોળ ચઢે છે.

રાસ નર્તનનુ વૈવિધ્ય રાસ ગુંથણીમાં રચાતા સ્વસ્તિક, મંડળો તથા ચોકડી, ઝૂલા અને અવળા -સવળા ચલન લે તેમાં દેખાય છે. બેઠક મારવી, ફૂદરડીઓ લગાવવી એ કણબી રાસમાં સહજ હોય છે. રાસ લેતાં જલ્દી તપે છે ને પ્રમત્ત થઈને ઘૂમે છે. દાંડિયા રાસમાં પંચિયા ને અઠિયા સ્વાભાવિક હોય છે. એમના રાસ ભાવવાહી હોય છે. રાસ ચગે ત્યારે શરીરની સહેજ પણ દરકાર ન કરે. બેઠક અને ફૂદરડી એ કણબીના રાસનૃત્યોની લાક્ષણિકતા છે.

**રાસ અને ટપ્પા :**

રાસમાં એ પહેલાં ગરબી (તાળીરાસ) લે છે ને પછી દાંડિયારાસ લે છે. ઘણીવાર દાંડિયારાસમાં ચગ્યા પછી દાંડિયા પડતા મેલીને એ જ દ્રુત ગતિએ ગરબી લે છે. ગરબીમાં એમના ઝૂલતાં શરીર વીજળીક ગતિએ ફરે છે.

રાસ લેતા લેતા જ ટપ્પા લેવા માંડે છે ત્યારે ગીત બદલાઈને ટપ્પાનું ગીત શરૂ થાય છે. રાસ લેતા ભાઈઓ પગની બેસણી રચીને બેસે છે અને બે જણ ટપ્પા લેવા માંડે છે ત્યારે ક્યારેક ખભે ખેસ પણ ઝૂલાવતા જાય છે. ટપ્પાની ફીરતમાં એક પાછળ બીજો, બીજા પાછળ પહેલો એમ દોડ પકડ રમતા જાય છે ને શરીરના અંગ વિક્ષેપ સાથે તાલબદ્ધ ગતિએ ચડે છે. ટપ્પા જુદા જુદા સ્થાને જુદી જુદી રીતે લેવાય છે. કણબીરાસમાં તરલતા ઓછી અને હિલોળતા ઉર્મિ આવેગ વધારે હોય છે. પગમાં ઘૂઘરા પણ કણબીરાસની વિશિષ્ટતા છે. શ્રી મીઠાભાઈ પરસાણાના જણાવ્યા પ્રમાણે, "રાસમંડળની કલાને રસિક અને આકર્ષક બનાવવા માટે પુરુષો પોતાના પગે ઘૂઘરા બાંધે છે અને દાંડિયાને ઘૂઘરિયું જડાવીને જડથર બનાવે છે. ખ્યાલ, ટપ્પા અને ઠુમરી લેનારો કોઈ કણબી કાનુડો મોતી અને ફૂમકાંજડિત બંસરી ધારણ કરીને ચટકભર્યુ નૃત્ય કરે છે." [૧૭]

કણબીરાસ પણ શ્રમહારી નૃત્ય છે. દિવસ આખો ખેતીનું કામ કર્યા છતાં રાતના એક વાગ્યા સુધી રાસ લેતાં થાક વધતો નથી, પણ શરીર ને મન હળવાં થાય છે, પ્રફુલ્લ બને છે એથી રાસ એ લોકજીવનનું અંગ બની ગયેલ છે. કોઈ ધાર્મિક



અવસર ટાણે-જળઝીલણી, ભાગવત પારાયણની કથા, ગુરૂ પધરામણી જેવા પ્રસંગો ઉત્સવરૂપ બને છે ને વરઘોડા, પાલખી, ફુલેકાં, સામૈયાં વગેરે પ્રસંગે ભજનો સાથે ઝાંઝ વગાડતાં નર્તન ચાલુ હોય છે.[૧૮]

જન્માષ્ટમીના તહેવારોમાં જુવાનિયાઓ રાસમંડળ રમતી વખતે હીંચ, ચલતી, નમણ અને ઝીલણિયાની વિવિધતા બતાવીને જે રંગ જમાવે છે. તેમાં મોટી ઉંમરના લોકો પણ ભાગ લે છે. દાંડિયારાસમાં સીધી તૂક, પાછી તૂક, દોઢી અને ડોકો લીધા પછી અઠંગા અને સોળંગાની આંટીઘૂટી જુવાનિયાઓની શિસ્તબદ્ધતા અને કુનેહ બતાવે છે. કાન-ગોપીની વડચડ વખતે ચાબખીની બેસણી સાથે જ થનગનાટ ભર્યું નૃત્ય બતાવવામાં આવે છે. તે જોનારના દિલને હેલારે ચડાવીને થનગનતું કરી મૂકે છે. [૧૯]

કૃષિ વ્યવસાયને કારણે હાકલા કરીને જ બોલવાની ટેવ એટલે એ રીતે કણબી ગીતો ગાતા હોય છે ત્યારે પણ ખુલ્લે ગળે, પૂરા શ્વાસથી ગાય છે. એમના ગીતો સૌરાષ્ટ્રમાં ગવાતાં લોકગીતોથી જુદા નથી હોતા, છતાં ભકિત પ્રધાન વિશેષ હોય છે. વાદ્યોમાં તબલા, બે ઝાંઝ, મંજીરાં, હારમોનિયમનો ઉપયોગ થાય છે.

કણબીઓનાં રાસનૃત્યોનું વૈવિધ્ય આ રીતે બધાથી અલગ તરી આવે છે.[૨૦]

**કોળીઓના રાસ :**

કોળી સૌરાષ્ટ્રની ઉત્સવપ્રિય કોમ છે. ભલે એ હોય અર્ધઘરડો આદમી, પણ ઉત્સવ ટાણે આંખમાં સુરમો, માથે લાલ મધરાસિયાની આંટીયાળી ગોળ પાઘડી, પાઘડીને આભલાં ભરેલ લીલા પટ્ટાનું બંધણું, કેડે રંગીલી ભેટ, વધારે રંગીલો હોય તો રાસની વચમાં બબ્બે હાથમાં બે છત્રીઓ ઝુલાવતો જાય. છત્રી પણ કેવી ? અપરૂપ ભરત ભરેલી, સોળ સોળ સળિયાની અને સળિયે સળિયે લાલ, પીળા, લીલા રેશમી રૂમાલ ફરકતા હોય. બહુ લાંબા નહીં બહુ ટૂંકા નહી એવા શેલરા જેવા પાતળી કાઠીના શરીર અને પાછા અજબ ચેતનવંતા કોળીઓનુ રંગીલાપણું જોવું હોય તો થાન પાસેના તરણેતર (ત્રિનેત્રેશ્વર)ના મેળામાં જોવા મળે છે.

સ્ફૂર્તિલા રાસનૃત્યો તો કોળી જાતિના લોકોના જ. આ અજબ સ્ફૂર્તિનું કારણ એમનો જીવન વ્યવસાય છે. શિકાર કરવામાં કોળી પ્રવીણ ગણાતાં. પગલું દબાવવું, પગલું પકડી પાડવું અને ખબર ન પડે એવી ચુપકીથી સ્ફૂર્તિથી, પગલાં ઉપાડવાં એ કોળીઓને મળેલો વારસો છે. આમ, કોળીઓમાં શિકારના સંસ્કાર ઉતર્યા આ વારસામાંથી-ધાવણમાંથી જ મળેલ તરલ ગતિ, ઝડપી વેગ, અજબ સ્ફૂર્તિ અને ચુપકીદીભરી ચાલ એમનાં રાસનૃત્યોમાં ઉતરી છે. રાસ લેતા હોય ત્યારે દોરી શકાય એવું એમનું પ્રવાહિત રેખાંકન હોય છે. આકારો તો બદલતા રહે છે, પણ જયારે દાંડિયાના સામસામા આઘાતો કરીને અડોઅડ રહેલા હોય

તે ચાર-પાંચ ફૂટના અંતરે જઈને ઊભા રહે છે ત્યારે એમની તાલબદ્ધ પગલાં ઉપાડીને ચપચપ જમીનને ચોંટી રહેવાની વિરલતા અને ભ્રુકુટિ જેવાં તીરછાં શરીર અનુપમ દશ્યો રચી જાય છે. જેટલી સ્ફૂર્તિથી દાંડિયાનો આઘાત કરીને દૂર જઈ ઊભા રહે છે, એટલી જ સ્ફૂર્તિથી પાછા ભેગા થઈ જાય છે. દાંડિયાના સામસામા આઘાતો ખરા, પણ એમાંય ઝટકો મારે છતા ઝટકા જેવું ન લાગે. થાકનું તો નામો નિશાન ન મળે, ગતિમાં ફેર ન પડે,લય તૂટે નહિં અને વિવિધ આકારો રચવા છતા વર્તુળના સમાન રેખાંકન દોરતા આવે. દોરા માત્રનો તેમાં ફેર નહીં. ત્યારે ગીતમાં તાલની ઝમક અને નૃત્તમાં વેગના દર્શન થાય છે. ગોહિલવાડમાં કોળીઓ રાસમાં કાપણી જેવાં દશ્યો ખડાં કરે છે. પહેલાં ગોળાકારે ફરે, ફરતાં ફરતાં ગોળકારમાં તાલબદ્ધપણે પીઠ બહાર રાખીને સામા મુખે થઈ જાય અને પગના તાલ સાથે કાપણી કરતા હોય એમ હાથ હિલોળતા જાય. પછી વર્તુળ સંકોચતા જાય, હાથને શરીરના ઝટકા મારતા નજીક નજીક થઈ જાય. વર્તુળ તદ્દન સંકોચાય જાય એ વેળાએ દ્રુત ગતિમાં આઠેક માત્રાના ચારેક ઝાટકા મારી પાછા સ્વસ્થાને આવી જાય ને ફરી પાછા એ જ ચલન શરૂ કરે છે. કોળીઓના રાસમાં ચપળતા અને તરલતા વિશેષ જોવા મળે છે.

સૌરાષ્ટ્રના કોળીઓના રાસ અને ગીતમાં ઢાળ અને તાલ જુદા હોવા છતા એક સરખા વેગ અને સ્ફૂર્તિ વિવિધ આકારે પણ દેખાય છે. જયારે કચ્છના કોળીઓના રાસગીત એથી ઠીક ઠીક જુદાં પડે છે. કંઠ પણ જુદા, સૌરાષ્ટ્રના કોળીઓનાં ગીતમાં તાલની ઝમક અને નૃત્યમાં વેગ હોય છે, ત્યારે કચ્છના કોળીઓ મધ્યમ લયથી રાસની બાંધણી કરે છે. અવાજ સહેજ ઊંચા ને કંઠ થોડા ઘુંટેલા લાગે છે.

કોળીઓમાં એક તાલીનો કે ત્રણ તાલીનો રાસ લેવાતો હોય તો પણ સ્ત્રી અને પુરુષો સાથે મળીને રાસ લે છે. દાંડિયારાસ સામાન્ય રીતે પુરુષો લે છે. સ્ત્રી અને પુરુષના સમૂહરાસમાં સ્વરનો-નાદનો-નૃત્યનો વંટોળ ઉડતો ઉડતો ગગન ગભારો ચડાવે છે. જયારે કચ્છમાં મધ્યમ ગતિને એક સરખી પકડી રાખે છે. એમના ગીતની રચના અને તાલ નૃત્યના જ અંગો છે.

કચ્છના કોળી ભાઈઓ અને બહેનો દ્વારા લેવાતા એકતાળીના રાસમાં ગવાતું પ્રચલિત ગીત, પ્રાદેશિક ભેદે રાગ-ઢાળ-તાલ અને શબ્દ તથા ઉચ્ચારના સ્વરૂપો કેવા ફરી જાય છે, તેના ઉદાહરણો જોઈએ:

કચ્છ વાગડમાં આવેલી ગજુની વાંઢના કોળી ભાઈ-બહેનો ગાય છેઃ

**સાયબા મોરા ત્રાંબાની હેલે પાણી નહિં ભરૂ જીરે,**
**સાયબા મને રૂપા બેડાની ઘણી હામરે...**

વાંસના જંગલમાં પવન ભરાતા વાંસળી વાગતી આવે, એવા સ્વરો ઘુંટાઈ ઘુંટાઈને ચાલ્યા આવે. શબ્દો પણ ફર્યા . :

**સાયબા મોરા ત્રાંબાની હેલે પાણી નહિ ભરૂ જીરે**
**સાયબા મોરા રૂપા બીડલીએ ઘણી હામ રે...**
**સાયબા મોરા મુંબઈમાં રે બંગલા ચણાવજો રે જીરે....**

જે તાલમાં ગવાય એવા તાલની માત્રાઓમાં ગીતની રચના ન હોય તો તાલને અનુરૂપ લયમેળ અને રૂપમેળને રે , જી અને લાંબી-ટૂંકી ખટકથી મેળવાય છે.

ગીત ગવડાવતો ગાયક ગવડાવતો જાય, રાસ લેવાતો જાય અને પોતે તાલબદ્ધ અંગભંગથી નાચતો જાય છે. ગીતના તાલ અને લય એટલા અપીલ કરનારા હોય છે કે સાંભળનારને પણ રાસે રમવાનું મન થઈ જાય.

એવું જ એમનું મધ્યમ લયનું, સહેજ લાંબા ને ઢળકતા ઢાળનું બીજું ગીત જોઈએ:

**જાંબુડુ તે વાવ્યુ રે રસિયા બાગમાં રે,**
**જાંબુડાની ડાળથી રે લળી લળી જાય.**

કચ્છી રાસ-ગીતોમાં જાડેજી ઢંગ તો છે જ ઉપરાંત પ્રાદેશિક અને પ્રણાલિકાગત એવી મુસ્લિમ છાંટ પણ છે. એમનાં ગીતોનો લહેકો, કરુણતાની છાંટવાળુ રંગીલાપણું ને સ્વરની બંધેશ છતાં બેફિકરાઈ તથા સાથે વાગતા ઢોલના ઢંગ ઉપરથી એ પરખાઈ આવે છે.

આમ, એમની તરલ ગતિ, ઝડપી વેગ, અજબ સ્ફૂર્તિ અને તેમને વારસામાં મળેલી ચુપકી ભરી ચાલ એ બધું એમના લોકનૃત્યમાં ઉતરેલ છે.[૨૧]

### ભરવાડોનો ડોકા રાસ :

આ લાસ્યનો જ પ્રકાર છે. ગોપ સંસ્કૃતિના વારસદાર ભરવાડો જયારે આખી પરોણી કે દાંડિયા સાથે ગીતના શબ્દો વગર ઢોલના તાલ સાથે લાક્ષણિકતાથી રાસનર્તન કરે છે તેને ‘ડોકા’ કહે છે. આ રાસ લેતી વખતે અંગની બંકી છટા અને તીરછા પગ નાખવાની એક વિશિષ્ટ ખાસિયત રહેલી છે. દાંડિયા કે પરોણીના આઘાત મુખ્ય ન રહેતા અંગની મોહક ફીરત એમાં મુખ્ય રહે છે. ફીરતની સાથે ફુદરડી પણ મારે છે ને બેઠક પણ કયારેક લઈ લે છે પણ મુખ્યત્વે તો ધનુષ્યની કામઠીની જેમ તાલબદ્ધ પગ ફેંકીને અંગને પાછુ નાખી માથુ પણ તીરછું રાખીને દાંડિયા લે છે ત્યારે અદ્ભુત પ્રાચીન યુગના નર્તનની ઝાંખી થાય છે. આ નર્તન ભેંસો દોહતા, હંકારતા, આળપંપાળ કરતાં, તાલબદ્ધ રીતે અંગ મરોડતાં, હરતાં-ફરતાં, રમાડતાંની નિત્ય ક્રિયાઓમાંથી રચાયું હોય એમ લાગે છે.

### ભરવાડોનું રાસનૃત્ત :

ગોપ સંસ્કૃતિના વારસદાર ભરવાડો તાલરાસક અને લતારાસકના સુંદર પ્રકાર તરીકે રાસનૃત્ત રમે છે.

સાતમ-આઠમના તહેવારોમાં ભરવાડો અને ભરવાડણો સાથે મળીને ત્રણ તાળી અને એક તાળીના રાસ રમતા હોય છે. એક ભરવાડ અને એક ભરવાડણ, એક-એક ગોપી અને એક એક કાનની જેમ સંયુક્ત રીતે રમાતા રાસને સમૂહરાસ કહેવામાં આવે છે. આવું વર્તુળ ત્રીસથી માંડીને સાઠ સુધીની સંખ્યામાં હોય છે. એમાં પણ ગીત નથી ગવાતા હીંચ સાથે ત્રણ તાળીના રાસ સાથે શરીર વળાંક લેતીં ફંગોળાઈ જતાં હોય છે. દરેક રમનારા એકસરખી ઝુક બોલાવતા હોય છે, પણ દાંડિયાને બદલે પગના તાલ, અંગના આંચકા અને હાથના હિલોળા સાથે, બંને હાથે એક સ્ત્રી અને એક પુરુષ સામસામા તાલ દેતા જાય છે. આ રીતે તાલ દેતું અંગ હિલોળાતું અને પગના ઠેકા દેતું વર્તુળ ફર્યા કરે ને ઢોલની ગતિ પ્રમાણે રાસ લેતું જાય. આમાં સસરો અને વહુ પણ હોય, સ્ત્રી અને પુરુષ પણ હોય, દિયર ને જેઠ પણ હોય, હાથ હાથના ઘૂમટા તાણ્યા હોવા છતાં એક સરખી ઝુક બોલાવતા હોય છે. એક ગોપી અને એક ગોપ એ નરસિંહ મહેતાના રાસને સાદૃશ્ય કરે છે.[૨૨]

### ભરવાડોનો હુડો રાસ :

ભાદરવા સુદ ત્રીજ, ચોથ, પાંચમ દરમિયાન કંકુવરણી પાંચાળ ભૂમિ (થાન)માં તરણેતરના મેળામાં હુડો રાસ રચાય છે. તરણેતરના મેળામાં કોળી અને રબારી લોકજાતિઓ તો ખરી જ પણ વિશેષ રૂપે ભરવાડો દ્વારા સ્ત્રી-પુરુષ સામસામે બે ઘેટાં માથા ટકરાવીને લડે તેમ હુડો લેવાય છે. તેને હુલ્લારો પણ કહેવાય છે. સ્ત્રી-સ્ત્રી, પુરુષ-પુરુષ, સ્ત્રી-પુરુષ પણ રમે છે. હીંચ, હમચી, હુડો ખેલાય છે. આ રાસમાં બેઠક આવતી નથી. જે યુવક-યુવતીઓનો એક-બીજા સાથે નજીકનો સબંધ હોય, તેઓ હુડા રાસમાં ભાગ લેવા આકર્ષાય છે. એમાના લગભગ બધા રબારી અને ભરવાડ કોમના હોય છે. જો આ યુવક-યુવતીઓ એક-બીજાને પસંદ કરે તો લગ્નથી જોડાઈ જાય છે

ભરવાડ અને ભરવાડણ સામ સામે બે હારમાં ત્રીસથી સાંઈઠની સંખ્યામાં દાંડિયાને બદલે પગના તાલ અને અંગના આંચકા અને હાથના હિલોળ સાથે, બન્ને હાથે એક સ્ત્રી અને એક પુરુષ સામસામા તાલ દેતા જાય છે. ગીતના શબ્દો વગર ઢોલની ગતિ પ્રમાણે તાલ દેતાં, અંગ હિલોળતા અને પગના ઠેકા દેતાં રમાતા હુડામાં નર્તનની શરૂઆતમાં લય ઘણી જ ધીમી હોય છે. એ પછી લયની ગતિ ધીમે ધીમે વધારવામાં આવે છે. સમાન વેગ, સમાન અંગભંગ, સમાન સ્ફૂર્તિ સાથે તાલબદ્ધતા અને લયબદ્ધતા નૈસર્ગિક રીતે જળવાતી રહે છે. હુડોમાં હાથ નર્તન અને પદ ગતિ જ મુખ્ય હોય છે. નર્તનમાં મસ્તીભરી તેજીલી ગતિ, જો અંગના લળાંક, વળાંક, ડોલન, પગના પડછંદાનો અજબ પ્રકારનો લયનો ઉઠાવ, તાલી પ્રહારનો ધ્વનિ, શરીરની હીચભરી હિલ્લોળતા, કુદરતી રીતે સહજ સ્વાભાવિક હોય છે. જે તાલરાસક અને લતારાસકનો સર્વોતમ પ્રકાર છે. રાજશેખરના 'કર્પુર મંજરી' ગ્રંથમાં રાસના અર્ચરી પ્રકારમાં બે પંક્તિએ સામસામા ઊભા રહીને નર્તન કરનાર તાલબદ્ધ ને લયબદ્ધ નર્તન વર્ણવેલ રાસ સાથે હુડો સામ્યતા ધરાવે છે.[૨૩]

હુડો રાસમાં ગવાતા ગીતો વડછડના ગીતો હોય છે.

ગીત :

**લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો,**
**ફુલ કેરે દડુલીએ સીતાએ વેર વાળ્યાં જો.**

o

**કૃષ્ણ ભગવાન ચાલ્યા દ્વારિકા ને કાંઈ**
**લીધો મણિયારા કેરો વેશ**
**કે હું તો તુને વારી જાઉં હો મણિયારા.**

o

**અમે મૈયારા કંસરાજાના, કોઈને ન દઈએ**
**દાણ**
**મારગડો મારો મેલી દિયો ને કુંવર કાન.**

o

**ભલા ભાણેજડાં, સરોવર જાઉ ત્યાં ઢોલે**
**રમે,**

o

**નટવર નાનો રે, કાનો રમે છે મારી કેડમાં**





**તરણેતરના મેળાનો રાસઃ-**

તરણેતરના મેળામાં પુરુષો બે હારમાં ગોળ ફરતાં, નાચતાં, ફાળિયા ઉલાળતાં આગળ વધે છે ને ફરી એ જ રીતે પાછા ફરે છે. આ નર્તન પ્રમાણબદ્ધ, તાલબદ્ધ વિલંબિત હોય છે. રાસનું ગીત મણિયારાના ઢંગમાં અતિ વિલંબિત લયમાં ગવાય છે. આવાં અસાધારણ લય અને નર્તન તરણેતરના મેળા સિવાય જોવા મળતું નથી

**કાનુડો માંગ્યો દેને યશોદા મૈયા,**
**આજની રજની રંગભેર રમશું,**
**પરભાતે પાછો લે ને યશોદા મૈયા ...કાનુડો.**

o

**ઊંચી રબારણ પાંદડીયાળો હાર**

o

**હાલો માનવીયું મેળે મેળામાં મારો મનનો માનેલ છે.**

o

**હાં હાં રે ઘડુલિયો ચડાવને ગીરધારી,**
**ઘેર વાટું જુએ મા મોરી, ઘડુલિયો ચડાવને ગીરધારી**

**ગોફ ગૂંથન રાસઃ-**

અઠંગા અને સોળંગા નૃત્ય તરીકે જાણીતું આ નર્તન એક વિશિષ્ટ પ્રકારનો મનોહર ગોપરાસ છે. સૌરાષ્ટ્રમાં ભરવાડોનો 'અઠંગો' વિશેષ પ્રચલિત છે. ગોફ ગૂંથન સોળંગામાં કણબી પણ ખૂબ ચગે છે. રાસમાં કલાધરની છટા, તરલતા, સ્ફૂર્તિ અને વીજળીક વેગ અસાધારણ હોય છે.

ભગવદ્ ગોમંડળમાં ગોફ અંગે વિસ્તૃત વિગત આપવામાં આવી છે. એ અત્રે ઉલ્લેખનીય છે : ગોફ એ એક જાતની રાસક્રિયા અઠંગો, દાંડીઓના ખેલની પેઠે ગોફ ગૂંથીને દાંડીઓથી રચવાનો પ્રકાર દ્વાપર યુગથી ચાલુ છે. ભગવાન શ્રીકૃષ્ણ મોરલી બજાવતા અને ગોપ તથા ગોપીઓ ગોફ ગુંથતા હતા. 'રાસક્રીડા'એ શબ્દ રાસ અને ક્રીડા એવા શબ્દોનો બનેલો છે. રાસ એટલે દોરી અને ક્રીડા એટલે ખેલ. એટલે દોરીથી રમવાનો ખેલ એવો તેનો અર્થ થાય છે. દોરીને બદલે જુદા જુદા રંગના કાપડના લાંબા ચીરા લઈને પણ દાંડી રમતાં રમતાં તેનો ગોફ ગુંથાય છે. ગોફ ઘણા પ્રકારે ગૂંથાય છે. ગૂંથતી વખતે જેવી ક્રિયા કરેલ હોય તેનાથી ઉલટી ક્રિયા કરતા ગૂંથેલ ગોફ ઉખેળી શકાય છે.

**ગોફ તૈયાર કરવાની રીત :**

છ ઈંચ પહોળા અને દશ ફૂટ લાંબા એવા કાપડના કટકા અથવા ચીરા રમનારાની સંખ્યા જેટલા તૈયાર કરવા. સંખ્યાના પ્રમાણમા બે-ત્રણ કે ચાર રંગનું કાપડ તે માટે લેવું. જુદા જુદા રંગના કટકા લેવાથી ગોફ રંગબેરંગી થાય છે અને રમનારને પોતાની જોડી સમજવામાં તથા જુદી જુદી હિલચાલ કરવામાં અનુકુળતા થાય છે. છ રમનાર હોય તો બે રંગનું કાપડ લેવું. ત્રણ કટકા લાલ રંગના અને ત્રણ કટકા ધોળા રંગના બનાવવા. આઠ હોય



તો ચાર રંગનું કાપડ લેવું. છ ઈંચ પરીઘનું અને એક ઈંચ જાડાઈનું લાકડાનું ગોળ પાટિયું લેવું, તે પાટિયાને એક ઈંચ વ્યાસના રમનારની સંખ્યા જેટલા કાણા પાડવા, તે કાણામાંથી પરોવીને કપડાના એક કટકો તે પાટિયાની ઉપરના ભાગમાં લઈ તેને ગાંઠ બાંધી લેવી જેથી રમતી વખતે તે નીચે સરી આવે નહીં. પાટિયાના ઉપરના ભાગમાં એક બીજો આંકડીયો લગાવવો અને 'જી' આકારનો એક બીજો આંકડિયો લઈને તે આંકડિયામાંથી મકાનની એક પાટડીને જોડેલા કડાની સાથે તે પાટિયાને લટકાવી દેવી. એક જ રંગના કટકાએ પાટિયામાં એક મેકની સાથે રખાશે તો ગૂંથેલો ગોફ રંગબેરંગી દેખાશે નહીં. પછી ગોફ ગૂંથનારના ડાબા હાથમાં એક એક કટકો આપવો અને તેની સાથે એક એક દાંડી રાખવી. એ રીતે એક કટકો હાથમાં રાખીને ઊભા રહ્યા પછી તેમણે દાંડીઓ વિંઝતા વિંઝતા ગોફ ગૂંથવાનો હોય છે.

આ પ્રમાણે બધાયે રમવું, આ રીતે રમવાથી ગોફ ગૂંથાઈ જાય છે. ગોફ ગૂંથાઈ જાય પછી બીજા ભેરૂએ ગોફ છોડવા માટે રમવું જોઈએ.

પ્રારંભમાં ગરબી લેવાય છે. ત્યાર બાદ રાસ ધીમી ગતિએ ચગે છે, મધ્યભાગમાં ચલતી પકડીને વળી પાછી મંદગતિ સાધે છે. કેટલીક કોમમાં બેઠા બેઠા અને અંતે સૂતા સૂતા અઠંગો ગંઠાય છે ત્યારે ગતિ મંદ થાય છે. બેઠક કુદડી ને ટપ્પા પણ લેવાય છે. ગૂંથણી એ આ નર્તનનું મહત્ત્વનુ અંગ છે.

આ અટપટાં ને મનોરંજક રંગીન લોકનર્તનમાં સંગીત સાદુ, સરળ હોય છે. ઢોલ કે તબલાની સાથમાં વાંસળી કે ઝાંઝ ને મંજીરાનો ઉપયોગ થાય છે.

રાસના લોકગીતો કૃષ્ણલીલાના જ હોય છે.[૨૪]

**મહેરરાસ-મેરાણીઓના રાસ :**

સૌરાષ્ટ્રનાં લોકનૃત્યોમાં ક્ષાત્રજીવનમાં મહેરરાસ નૃત્ત એક અનોખું સ્વરૂપ ધરાવે છે. પોરબંદર, ઘેડ-બરડા વિસ્તારમાં વસતા મહેર જ્ઞાતિના લોકનર્તન દાંડિયારાસમાં મરદાનગીની પ્રણાલિકા વ્યકત થાય છે.[૨૫]

લાંબી ભૂજાળા, મુછાળાં ને થોભાળાં , ઊંચા પડછંદ શરીર, સિંહ સમા સીના, ડાંખરા ને કરડા મુખ, ચોરણા માથે પાસાબંધી કેડિયાં અને ઉપર કસકસાવેલી ભેટ, કપાળથી આગળ વધી છાજવું કરતી પેચદાર અને પટાદાર પાઘડિયું એવા અઢાર વર્ષના દૂધમલિયા જુવાનોથી માંડીને એંસી એંસી વરસના ધોળી ધજા જેવી દાઢિયું ફરકાવતાં વૃદ્ધો રાસના મેદાનમાં ઉતરે ત્યારે મધ્યયુગનાં દૃશ્યો ખડા થાય છે.

હલ્લીસક રાસનું સ્વરૂપ મેર લોકોમાં ઉતરતાં તાંડવનું સ્વરૂપ ધારણ કરે છે. મેર પ્રજાના બાહુબળ અને ખમીર રાસમાં રૌદ્ર છટા ધારણ કરે છે.[૨૬]

મહેરરાસમાં દાંડિયા ફેરવીને સમરાંગણમાં ખેલાતી શમસેરની જેમ અત્યંત તેજીલી ગતિ સાથે અને સૌષ્ઠવભર્યા અંગમરોડ સાથે તાકાતભર્યા રાસ રમાય છે. મેર લોકોના પગલાં લસરતાં નથી. એ તાલબદ્ધ હોવા છતાં એમાં તરલતા પણ હોતી નથી. રાસમાં જે ખમીરવંતુ જીવન ઉછળે છે તે ઢોલના તાલે શિસ્તબદ્ધ સિપાહીના પગલાં જેવાં ઉપડે એમ પગ ઉપડે છે. સિપાહીનું પગલું યંત્રવત ગતિ જેવું લાગે છે, જયારે મેરના પગલાં ચાર- ચાર માત્રાનો ગાળો મૂકતા જાય, તીરછા તોળેલા શરીર અને તોળેલા દાંડિયા તલવારના ઝાટકાની જેમ વીંઝાય ને પાછું પગલું ઉપડતાંની સાથે તલવાર






ખેચે એમ દાંડિયા અર્ધે માથે ઊંચા તોળાય, દાંડિયો વિંઝતાની સાથે શરીર ટટ્ટાર બને, સાવઝ જેવા સીના ખેંચાઈ રહે અને પાછું પગલું ઉપાડતાં અંદરના ભાગે થોડું શરીર ને માથું નમે, પણ એ નહીં જેવાં જ. વેગપૂર્વક તરલ ગતિએ વર્તુળમાં ફરતા એક એક શરીરને તારવવા થોડા મુશ્કેલ પડે છે. મેરના પગલાં ઉપડે અને દાંડિયા વીઝાય એની વચ્ચે ચાર-ચાર માત્રાનો ગાળો પડે ત્યારે શરીર અને દાંડિયા તોળવવાની સાથે શ્વાસ પણ અદ્ધર તોળાઈ રહે છે અને પછી સોઈ ઝાટકીને દાંડિયા વીંઝે છે.

મહેરરાસ દ્રુત ગતિમાં આવે ત્યારે પણ ગતિ વધવા છતાં ચાલ તો એક જ સરખી રહે છે. પરિણામે બબ્બે માત્રાના ગાળા પડતા આવે છે, પરંતુ શરીર અને દાંડિયાનો વેગ બમણો થઈ જાય છે. દ્રુત ગતિમાં મહેર લોકો સામ સામી ચાબખી, ફુદરડી મારે છે, પણ દાંડિયાની જેમ જ ફુદરડીમાં શરીરને ભારે જોરથી વિંઝતા ફુદરડી મારી, બેઠક લઈને અથવા ફુદરડીની સાથે ત્રણ-ત્રણ ફૂટ ઊંચા અને કયારેક ચાર ચાર ફૂટ ઊંચા ઉછળે છે. એટલે કે ફુદરડીની સાથે જ ત્રણ-ચાર ફુટ કુદકાની ઠેક લે છે. એક સાથે સામસામા આવી ઠેક લે ત્યારે એક દાંડિયો તો અદ્ધર તોળાયેલો જ રહે છે અને પગ ઠેરવવાની સાથે જ બમણાં જોરથી સામસામો વીંઝાય છે ત્યારે એક જ સમયે અદ્‌ભુત રસ, વીરરસ અને રૌદ્રરસની પ્રસન્ન ગંભીર છટા ઊભી કરે છે.[૨૭]

દાંડિયા વીંઝવાની છટા એ તલવારના ઝાટકાની જ કલામય છટા છે. કયારેક એ રૌદ્ર ગંભીર અને રૌદ્ર ભયાનક પણ લાગે છે, કારણ કે સામાન્ય રાસમાં બે રમનારા સામસામા આવીને દાંડિયાના આઘાતો કરતા હોય છે ત્યારેય દિલ ને આંખો હસતાં હોય છે ને પરસ્પર રસની છોળો ઉડાડતા હોય તેમ લાગે છે. મેરના રાસમાં રાસ ચગે ત્યારે સામસામા આવી જનારા દ્વંદ્વ યુદ્ધમાં ઉતર્યા હોય એવા લાગે છે. આખા વર્તુળની જોડીઓ પ્રતિસ્પર્ધી યુદ્ધવીરો જેવી બની રહે છે.

આ દાંડિયારાસની વિશિષ્ટતામાં ગીતોના શબ્દો નથી ગવાતા, પણ એકથી વધુ ઢોલ અને એક અથવા એકથી વધુ શરણાઈઓ વાગતી હોય છે. આ એકથી વધુ ઢોલ મણિયારો તાલ વગાડતા અને એકથી વધુ શરણાઈઓ સૂરમાં રાસગીતો અથવા મણિયારો ગાતી હોય છે. એક ગાય અને બીજા ઝીલે એવું સમૂહ ગાન મેર લોકોના રાસમાં નથી હોતું. દાંડિયા પરોણીના નહીં, પણ જાડા પરોણાના અને બીજાઓની સરખામણીમાં સહેજ લાંબા હોય છે.

મહેર લોકોએ પોતાના જીવનમાં વીરરસના સંસ્કારોને પણ કલામય બનાવ્યા છે. વીરત્વમય કલા અને કલામય વીરત્વ એ મેર રાસની વિલક્ષણતા છે.[૨૮] ગુજરાત રાજયમાં

સૌરાષ્ટ્ર, ઝાલાવાડ, હાલાર, કચ્છ, અને વાગડ એમ વિવિધ પ્રાંતોના જુદા-જુદા મણિયારા ગીતો ગવાય છે.

**સૌરાષ્ટ્ર :**

**આભમાં ઉગેલ ચાંદલો ને જીજાબાઈને આવ્યા બાળ રે,**
**શિવાજીને નિંદરૂં ના'વે, માતા જીજાબાઈ ઝૂલાવે.**

o

**દરિયો ડોલે રે માઝમ રાતનો,**
**પારણે ઝુલે માડી જાયો વીર રે.**

o

**માળવેથી પોઠું હાલી રે વણઝારા વાલમ લોલ,**
**આવી ગુજરાત દેશમાં રે, તાંડાના નાયક લોલ.**

o

**મારૂ સંદેશો મોકલે ઢોલા વાંચી વેલો આવ**
**કેમ વિસારાં સાયરાં અમે નગણા નો'તા નાર.**

o

**ઝાલાવાડ :**

**નાથ બાવાને ખીજડે બાંધ્યો, કુંચીયુ કીધી હાથ**
**ભરમલના ભાટીયા રાણા, નાગને આણે મેલ.**

**હાલાર :**

**આજરે - જોધાણા**

**કચ્છ :**

**ભર્યાં સરોવર હલકે રે, ઓલો વડલો લેર્યુ લે,**
**કાયાણી જંગીએ રહેવા દે, જંગીના ઝાડવા વાલા રે**
**કાંઠાની માયા લાગી રે. મરદોની વાત છે રૂડી,**
**દોડી વાટ રણની લેવી.**

**વાગડ :**

**કેરડા રે વાઢી બાવળીયા રોપ જ,**
**માંય ખોદાવો વણજારા એક વાવરે,**
**દરબાર દુલારાજી એકવાર સોચર ના,**
**મેળે આવજો ચારભાઈઓનો રે ચોરલો,**
**કાથડ ચારભાઈઓનો રે ચોરલો,**
**પાંચમો ભાવદરપીર,**
**કાથડનાં જુમલારે વાગડને રે'વા દે.**

**કાઠીયાવાડ :**

**છેલ જાડો ન મારીએ કાઠીયા (૨)**
**છેલ જાડો છે વીર કાઠીડા છેલ જાડો ન મારીએ**

**ઢાલ તલવાર રાસ :**

વૈદિક યુગમાં આપણા પૂર્વજો નાદ અને છંદનો ઉપયોગ દુશ્મનો ઉપર ધાક બેસાડવા માટે કરતા, યજ્ઞો રચાતા, શંખવાદ્યો ફૂંકાતા, ભૂમિ દુંદુભિ ગાજતાં, સામગાન ગવાતા અને એના ઉત્સવમાં જોમ પ્રગટ કરવા નાટારંભ ખેલાતા. નાદ અને છંદ વડે જે ચેતના પ્રગટ થતી તે નૃત્યરૂપે અભિવ્યક્ત થતી. જુસ્સો પેદા કરવા અને તાકાત ટકાવી રાખવામાં નૃત્ય એ યુદ્ધની તાલીમ અને કુલાભિમાનની રક્ષા કરવાનું અનિવાર્ય અંગ બની રહેતું.[૨૯]

ઢાલ-તલવાર રાસ એ ક્ષત્રિયોની શૌર્યની પ્રણાલીકા અને યુદ્ધ નર્તનનું તાંડવ વ્યકત કરતું લડાયક ખમીરનું લોકનર્તન છે. હાલારના ક્ષત્રિયો, આહિરો એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઢાલ લઈ પ્રખર જુસ્સા અને તાકાતથી ગોળાકાર રાસ ખેલતા, પવિત્રા લેતા જઈ સામ સામા પ્રહારો કરતા જાય છે.આ તાંડવ પ્રકારનું લોકનૃત્ય છે. આ રાસમાં ક્ષત્રિયોનું લડાયક ખમીર,શૌર્યરસપ્રેરક ચપળતા, એમની સ્ફૂર્તિ, શિસ્તબદ્ધતા અને મરદાનગીભર્યું વ્યક્તિત્વ અજબ રીતે ઉપસી આવે છે. યુદ્ધનું અનોખું વાતાવરણ ખડું થાય છે



અને પગલાં શિસ્તબદ્ધ સૈનિકની અદાથી ઊઠે છે. રાસ જામતાં તેની ગતિ ગરમી અને ઉશ્કેરાટભરી રમઝટમાં સામસામા આવી જનારા દ્વંદ્વ યુદ્ધમાં ઉતર્યા હોય એવા લાગે છે અને આખા વર્તુળની જોડીઓ પ્રતિસ્પર્ધી યુદ્ધવીરો બની રહે છે.[૩૦]

યુદ્ધોમાં શૌર્ય રસ ઉત્પન્ન કરવા માટે તેમજ શૌર્યરસ જમાવવા માટે નોબત (નગારા) ડાકલું, શિવનુ ડમરૂં, ખંજરી, ઢોલ, ત્રાંસા વગેરે ચર્મવાદ્યો તૂઈ, તૂરી, ભૂંગળ ને રણશીંગા વગેરે પણ યુદ્ધના પડકારજનક સુષિર વાદ્યો તો ખરા જ. એ જ રીતે ઝાલર, ડંકા જેવા ઘન વાદ્યો પણ યુદ્ધના જ પ્રતિક છે. જાગૃતિ આણવા, જુસ્સો પ્રગટાવવા અને રસ-જમાવટ કરવાના આ બધા સાધનો છે. આ બધા એક યા બીજા પ્રકારનાં સંગીતનાં સાધનો બન્યાં છે. સામગાનનું ત્રણ સ્વરથી માંડીને સપ્ત સ્વરો સુધી યુદ્ધનું સંગીત પણ ખૂબ વિકાસ પામેલું છે.

ઢાલ-તલવાર રાસમાં ઢોલ અને શરણાઈ પણ એમના શૂરાતનને બિરદાવતાં હોય એવાં વાગે છે. આ રાસમાં તલવારની પટાબાજી, એના દાવપેચની રમત, શરીર બચાવવાની ચાલાકી, સમગ્ર શરીરની અને આંખોની સ્ફૂર્તિ, મણિયારાનો તાલ, ઢાળ અને શરણાઈના સૂરો એ એની લાક્ષણિકતાઓ છે. રાસનો પ્રારંભ ધીમી ગતિએ રમતાં રમતાં થઈ, ધીમે-ધીમે વેગ વધતો જાય છે. રાસમાં ગવાતાં ગીતો શૌર્યગીતો હોય છે. સિંધુડો તાલ પર ઢોલ સાથે કવિ-ગાયકો તાલબદ્ધ રીતે ગતિવેગ વધારતા ઘટાડતા આગળ પાછળ ખસતા ગાય છે.

લાઠી, તલવાર, ભાલા, બરછી, તીર, કટાર કે ગદાથી યુદ્ધ ખેલતાં, ઘા ઝીલવાકે ઘા મારવા પ્રમાણબદ્ધ રીતે શરીર તોળવા પડે, આગળ-પાછળ ડગલા ભરવા પડે. એમાં અંગની સમતુલા સંકોચ-વિકાસ, અમુક અંશના અંગ મરોડ, પગલાંનું વધતું ઘટતું પ્રમાણ, વધતા-ઓછા ગતિવેગ અને સ્ફૂર્તિ જળવાય તો જ ધાર્યા પ્રહારો કરી શકાય અને ઝીલી પણ શકાય. આમ, યુદ્ધોની - વિગ્રહોની પ્રાથમિક તૈયારીઓ અને તાલીમ માટે સંગીત, વાદ્યો અને તાલબદ્ધતા માટે સહજ ભાવે નૃત્યો નીપજી આવ્યા છે.

મનોરંજનનાં નૃત્યો તો બહુ મોડાં આવ્યાં ત્યાં સુધીનાં નૃત્યો પછી તે ઉત્સવોના હોય કે યુદ્ધોના હોય, શૌર્ય રસ પ્રેરક જ રહ્યાં છે.

બંદૂકો આવી ને બહાદુરો રડયા. તોપો શોધાણી ને મરદાનગીના મોકા ખોવાણા. સામસામી છાતીએ ખેલાતાં યુદ્ધોને દિલેરીને દાટા દેવાઈ ગયા. લડાઈઓમાંથી લલકાર ઊઠી ગયા. રાજતંત્રો સ્થિર થતા ગયા, યુદ્ધો ઘટતાં ગયાં પણ યુગ યુગોથી શૌર્યના જે સંસ્કારો સિંચાયેલા તે રમતોમાં અને નૃત્યોમાં રહી ગયા છે.

પહેરવેશ પણ આ રાસને અનુરૂપ ક્ષાત્રત્વના સંસ્કારવાળો હોય છે.[૩૧]



**પઢાર રાસ :**

પઢાર એટલે 'પૂજારી' એનો અર્થ થાય છે. તેઓ પોતે હિંગળાજ માતાને માને છે તથા તેના ભકત કહેવડાવે છે. એક દંતકથાનુસાર તેઓ સિંધમાં સિંધુ નદીને કાંઠે વસતા હતા ત્યાંથી તેઓ મેવાડ તરફ ગયા અને ત્યાં દુકાળ પડતા ફરી સિંધમાં જઈ વસ્યા. વર્ષો પછી પરિસ્થિતિ બદલાતાં સિંધ છોડી સૌરાષ્ટ્રમાં આવીને વસ્યા હતા.

સૈકાઓ પહેલાં સૌરાષ્ટ્ર એક બેટ હતો અને તે સમયે સિંધુ નદી ખંભાતના અખાતમાં મળતી ત્યારથી આ વિભાગમાં પઢાર પ્રજા વસતી હશે, હોડકાં રાખતી હશે, સમુદ્ર ખેડતી હશે, કાળે કરીને ભૂસ્તર રચના બદલાતા તેઓ આ પ્રદેશમાં ઘેરાઈ ગયા હોય તેમ જણાય છે. આમ, દ્વિપકલ્પ થતાં નળસરોવર રચાયું અને પઢારો નળકાંઠાના કાયમી વસવાટી બન્યા.

પ્રાથમિક ઢબે જીવન વિતાવતી કોમોમાં પઢાર કોમનું નામ સૌરાષ્ટ્રમાં સૌથી મોખરે છે. પઢારો સૌરાષ્ટ્રમાં જ જોવા મળે છે. સુરેન્દ્રનગર જિલ્લાના નળ સરોવરના કાંઠાની આજુબાજુના ગામોમાં વસે છે. પઢારો રંગે શ્યામ, મધ્યમ કદના, શરીરે કદાવર, કસાયેલા મજબૂત બાંધાના તથા સખત મજૂરી કરી શકે તેવા હોય છે. સ્વભાવે શાંત, શિકારી વૃત્તિવાળા, પ્રમાણિક, સંતોષી તથા સંપીલા હોય છે.

આજે પઢાર ખારવા નથી રહ્યા, પણ એમના રાસ નૃત્યોમાં સાગર સંસ્કૃતિનો સંસ્કાર ઊંડો ઉતરી ગયો છે.

પઢારોના રાસનૃત્યની શિસ્ત સૌરાષ્ટ્રની અન્ય કોમોના રાસનર્તનમાં સર્વોપરી છે. પહેલાંના સમયમાં આફત આવે ત્યારે દેવીને રિઝવવા કે પોતાની ભકિત બતાવવા જે પ્રકારના ખલાસી નૃત્યો કરવામાં આવતાં તેનું પ્રતિબિંબ આ લોકોના નૃત્યમાં જણાતું.

નૃત્યમાં વહાણ હંકારતી સમયે શરીરના અવયવો ને જે રીતે વાળવામાં આવે છે, કસરત અપાય છે તથા અવાજ કરવામાં આવે છે તેનું પ્રતિબિંબ પઢારોના નૃત્યોમાં તરી આવે છે. આજે પણ આ લોકોમાં ખલાસી અને નાવિકના ગુણો ડોકિયાં કરી રહેલ છે.પઢાર રાસમાં સાગરકાંઠાના લોકોની જીંદગીની અસરોમાં હલેસાં મારવાં, દરિયાના મોજાં પ્રસારવા વગેરે દૃષ્ટિગોચર થાય છે. માછલી સાગરના મોજાઓમાં ઊંચી-નીચી તરે, સરે અને લળાંક-વળાંક લે છે તે પ્રકારે તેનાં રાસનર્તન રમાય છે. નર્તનમાં સાગરમાં માછલીની તરલ ગતિ, ચાપલ્ય અને સ્ફૂર્તિ સ્વાભાવિક છે. રાસમાં એમના શરીરનો વીજળીક વેગ, આંખને આંચકો આપ્યા સિવાય લસરતા રહે છે અને વિશેષ મોહક બની રહે છે. પગની સ્ફૂર્તિ અજબ હોય છે. ચપ ચપ ચપ પગ ઉપડતા જાય છે. એટલા લયબદ્ધ અને તાલબદ્ધ છતાં એ કયાંય આંચકો ખાતા નથી અને નર્તનના વર્તુળાકારમાં સમાન સરળ રેખાઓ દોરતા આવે છે. દાંડિયા લેતાં લેતાં દોડતા લાગે, પણ એ દોડ તો રાસની લયબંધી સાથે ઝડપ વધારે છે. અંગના હીલોળ એમાં ઓછા આવે છે. પછડાટ ખાધા વગર સાગરની સપાટી ઉપર પાણીના મોજા દ્રુત ગતિએ લસરતા હોય એવી એમની ગતિ હોય છે. રાસની ગૂંથણીઓમાં વહાણવટા, હલેસાં મારવાની આખી પ્રક્રિયા પ્રયોજે છે. સમૂહગત હલેસા ગોળાકારમાં તેમજ સામસામા લેવામાં આવે છે તેમજ સુતા સુતા પણ હલેસા લેવામાં આવે છે. પઢાર રાસમાં જે વિવિધ આકારો રચાય છે. તે સૌરાષ્ટ્રના અન્ય રાસનૃત્યોથી વિશિષ્ટ છે. નૃત્યનો સમાન વેગ, સમાન અંગભંગ, સમાન ગતિ અને સમાન સ્ફૂર્તિથી પઢારો વધારે પ્રકાશમા આવ્યા છે.

પઢારોની સૌથી અનેરી વિશિષ્ટતા 'મંજીરા રાસ'માં છે. સૌરાષ્ટ્રમાં ભજનિકો ભાવાવેશમાં આવે ત્યારે અંગ વિક્ષેપથી મંજીરાના તાલ સાથે શરીરના ઝુલા અને હાથના હલનચલનથી મનોરમ અને ઉત્સાહજનક આકારો રચે છે. પઢારો આ મંજીરાને રાસમાં ઉતારીને એનાં અદ્‌ભુત દૃશ્યો ખડા કરે છે.પઢારોનું મંજીરા નર્તન એક વિશિષ્ટ પ્રકારનું લોકસંગીત નર્તન છે. પહેલાં વર્તુળકારે અંદરના ભાગમાં લાંબા પગ કરીને બેસે છે. હાથમાં મંજીરાના તાલ સાથે શરીર પાછું જમીન સરસું નાખી દઈને તાલબદ્ધ બેઠા થાય છે. એકસરખી ગતિમાં, લાંબા પગ ઉપર, કેડ ઉપરનું શરીર ઝુલાવતા જાય છે. ઢીંચણ સુધી માથા નમાવીને જમીન સરસા પાછા જાય છે. મોજા ઉપડે ને વીખાય, વીખાય ને ઉપડે એવા દ્રશ્યો દેખાય છે. એ પછી એ જ વર્તુળમાં એકની પાછળ બીજો એમ બેઠા બેઠા જ ગોઠવાય છે. ઢીંચણ સુધીમાં આગલો આદમી બે પહોળા પગ વચ્ચે ગોઠવાય છે. આખુ વર્તુળ આ પ્રમાણે રચાય છે. તાલબદ્ધપણે મંજીરાં વગાડતાં સરળ ગતિથી શરીરને સુવડાવીને બેઠુ કરતા જાય છે. વર્તુળ આકાર હોવા છતા સાગરની છાતી ઉપર વહાણ હિલોળા લેતું જતું હોય એવા સુંદર દૃશ્યો ખડાં કરે છે. સ્ફૂર્તિલા, લસરતા વેગમાં એમના મંજીરા, ઝાંઝ અને તબલાની લય એકધારી, અભંગ રહીને ગીત, નૃત્ય અને વાદનને એકાકાર બનાવી દે છે. આ ગીત, નૃત્ય અને વાદનની એકરૂપતામાં એમનો સહેજ તીણો, મધુર કંઠ રસની ભરતી ચડાવે છે.કંઠ સ્હેજ તીણો હોવા છતાં જરા યે નબળો નહી પણ નકકર, રણકતો, મીઠો ને મધુર હોય છે.

રાસમાં કાનુડાનાં ગીતો તો તમામ લોકનૃત્યોમાં ગવાય છે, પણ રાસમાં ભજનને પઢારોએ ઉતાર્યું છે.

૦૦૦



**તમે ભાંગો મારાં દલડાની ભ્રાતા, ગુણપતિ બાપા**

ooo

**સવા બશેરનું મારૂં દાતરડું રે લોલ;**
**ઘડ્યું ઓલ્યા લાલિયે લુહાર,**
**મુંજા વા'લમજી હો, હવે નહીં જાઉં**
**વીડ વાઢવા રે લોલ...**

જેવાં ગીતો પણ પઢાર નૃત્યમાં ગવાય છે.

**પાદટીપ :**

(૧) મારો ગરબો ઘૂમ્યો પૃ. ૨૭-૨૮
(૨) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૦૯-૨૧૨
(૩) આપણાં રાસ ગરબા - પૃ. ૬૫-૬૬
(૪) આપણાં રાસ ગરબા - પૃ. ૬૬-૬૯
(૫) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૧૨
(૬) મારો ગરબો ઘૂમ્યો પૃ. ૨૮-૨૯
(૭) આપણાં રાસ ગરબા - પૃ. ૭૦
(૮) આપણાં રાસ ગરબા - પૃ. ૭૩-૭૪
(૯) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૧૩-૨૧૪
(૧૦) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૬૧
(૧૧) આપણી લોક સંસ્કૃતિ પૃ- ૯૩
(૧૨) આપણી લોક સંસ્કૃતિ પૃ- ૯૪
(૧૩) આપણાં રાસ ગરબા - પૃ. ૭૫-૭૬
(૧૪) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૬૨-૨૬૩-૨૬૪
(૧૫) આપણાં રાસ ગરબા - પૃ. ૭૬-૭૯
(૧૬) સૌરાષ્ટ્ર સત્યં શિવમ્ સુંદરમ-પૃ. ૧૭૪
(૧૭) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૨૬-૨૨૭
(૧૮) આપણી લોક સંસ્કૃતિ પૃ. ૧૧૩-૧૧૪
(૧૯) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૨૭
(૨૦) આપણાં રાસ-ગરબા - પૃ.૧૧૩
(૨૧) આપણાં રાસ-ગરબા - પૃ. ૧૦૫ થી ૧૦૭
(૨૨) આપણી લોક સંસ્કૃતિ પૃ. ૧૧૧ - ૧૧૨
(૨૩) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૬૫
(૨૪) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૨૭ થી ૨૨૮
(૨૫) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૨૫
(૨૬) આપણાં રાસ ગરબા - પૃ. ૯૯
(૨૭) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૨૫-૨૨૬
(૨૮) આપણાં રાસ ગરબા - પૃ. ૧૦૦
(૨૯) આપણાં રાસ ગરબા - પૃ. ૧૬૧
(૩૦) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૩૦
(૩૧) આપણાં રાસ ગરબા - પૃ. ૧૬૧-૧૬૨
(૩૧) આપણાં રાસ ગરબા - પૃ. ૧૦૨ થી ૧૦૪



# ગરબા - ગરબી

૬

“તમે ગઈકાલની કે આજની નારીનું ચિત્ર જરાક કલ્પી જુઓ. ચાર દીવાલની વચ્ચે એ અનેક જવાબદારીઓથી ઘેરાયેલી હોય છે, પણ એ ઘર છોડીને સમૂહમાં ગરબો ગાવા જાય છે ત્યારે અચાનક એને ગરબાની એ ક્ષણોમાં મુક્તિનો કોઈક અનોખો પ્રદેશ મળી રહે છે. એ તન્મય થઈને ગરબે ઘૂમતી હોય છે ત્યારે એ કોઈની પત્ની કે માતા હોવા છતાંય એ કશું જ નથી. તમામ સંબંધોથી પર, એ તો છે કેવળ સ્ત્રી-પોતાના મુક્તિધામમાં મ્હાલતી...”

**-કલ્લોલિની હઝરત**

ગરબો એ ગુજરાતી પ્રજાની સંસ્કૃતિનું સૌભાગ્ય છે. ફરી પાછી આપણી પ્રજા આ સ્વરૂપની સ્વિકૃતિ યથા સમજણથી કવિતા અને સંગીતના સુમેળ સાથે કરશે તો ગરબો-ગરબો પણ રહેશે અને ગરવો પણ રહેશે.

**- કલ્લોલિની હઝરત**

ગરબી એ પુરુષ પ્રધાન સમૂહગીતનું સંઘનૃત્ત છે. તાલ અને સ્વર ગરબીના પ્રધાનસ્તંભો છે. આ બે સ્તંભો સંપૂર્ણ અને સમર્થ બનતાં ગરબી એનું પૂર્ણાંગ, અનુપમ, બેનમૂન કલાસૌંદર્ય પ્રગટ કરે છે.

**- લક્ષ્મણભાઈ ગઢવી**

**ગરબો :**

નાદ અને નર્તન આદિમાનવના આંતરિક આવેગ અને ઉર્મિઓની અભિવ્યક્તિ છે. ભય અને રક્ષાભાવમાંથી આદિમાનવ પૂજા કે ધર્મ તરફ વળ્યો ત્યારે એ ધર્મ કે રક્ષાભાવ એણે બલિદાન, નાદ અને નર્તન રૂપે જ વ્યક્ત કર્યો. ગરબો સર્વાંશે ધર્મનું પ્રતિક છે. ગરબા સાથે શક્તિની પૂજા, શક્તિનું મહાત્મ્ય જોડાયેલું છે. નવરાત્રીનો ગરબા ઉત્સવ એ શક્તિપૂજાનો જ ઉત્સવ છે. [૧]

કોઈપણ ગુજરાતીને અમસ્તો પણ પ્રશ્ન પૂછીએ કે ગરબો એટલે શું ? તો એનો સામાન્ય રીતે આવો જવાબ રહેવાનો: સ્ત્રીઓ ગાતાં ગાતાં તાળી-ચપટી સાથે વર્તુળાકાર ઘૂમે તે. સહેજ વધુ જાણકારને પૂછીએ કે તમારી દ્દષ્ટિએ ગરબો એટલે શું ? તો કદાચ એવો જવાબ મળે કે, ગરબો એ નૃત્યનો પ્રકાર છે, લોકનૃત્યનો પ્રકાર છે.

નૃત્યની પણ એક ભાષા છે. એ ભાષા આંગિક અભિનય દ્વારા ક્યારેક સંગીત સાથે તો ક્યારેક શબ્દ અને સંગીતના સુમેળમાં મનોભાવને પ્રગટ કરે છે. સંક્ષેપમાં કહેવું હોય

તો કહી શકીએ કે ગરબો એટલે શબ્દ, સંગીત અને નૃત્યાભિનયની છટાઓના સંવાદનો લાલિત્યલય.

પ્રત્યેક પ્રજાને પોતાની કોઈને કોઈ સાંસ્કૃતિક વિશેષતા હોય છે. પ્રજા તરીકે ગુજરાતીઓનું ગુજરાતીપણું અનેક બાબતોમાં હોઈ શકે પણ કલામુદ્રાને લાગે વળગે છે ત્યાં સુધી આપણે નિઃશંકપણે કહી શકીએ કે ગરબો એ ગુજરાતી પ્રજાનો જુદો તરી આવે એવો ઉન્મેશ છે.[૨]



### 'ગરબો' શબ્દનો અર્થ :

ભગવદ્ ગોમંડળ, ઈ.સ.૧૯૪૬ મુજબ 'ગરબો' શબ્દનો અર્થઃ- ગરબો(૧) (સં.ગર્ભદીપ)(પું)અંદર દીવો હોય એવો કાણાં કાણાંવાળો માટીનો કે ધાતુનો નાનો મોરિયો. દીવો ઠરી ન જાય અને તેના કિરણો ચારે બાજુ નીકળી શોભે તે માટે તેને ઘણા કાણા રાખવામાં આવ્યા હોય છે. દેવીપ્રસાદન માટે નવરાત્રિમાં ઘરમાં પૂજાર્થે રાખવામાં આવે છે. (૨)(પું) તાળીઓ પાડતાં દીવા કે માંડવીની આસપાસ ફરતાં ગાવું તે (૩)(પું) મોટી ગરબીઃ લહેકાવીને ગાવાનો એક રાગ, રાસડો તરીકે આપવામાં આવ્યા છે.

'ગરબો ' શબ્દની વ્યુત્પતિ માટે આપણા વિદ્વાનો હજી સુધી પૂરેપૂરા એકમત નથી થયા. નરસિંહરાવ, કેશવ હર્ષદ ધ્રુવ, વિજયરાય વૈદ્ય, જે.સી.રોય, કે.કા.શાસ્ત્રી, અરૂણોદય જાની- આ બધાએ ગરબાની વ્યુત્પત્તિ વિશે પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. **दीपगर्भो घटः / दीपगर्भो / गर्भो / गरभो / गरबो.** આ ક્રમે ગરબો શબ્દ વ્યુત્પન્ન થયો.[૩]

### 'ગરબો' - પ્રકાર :

ગરબાને તાલરાસકનાં પ્રકાર તરીકે સ્વીકારતાં શ્રી ગોવર્ધન પંચાલ લખે છે કે, "ઐતરૈય આરણ્યક પરંપરાના અનુસંધાનરૂપે તાલરાસક તાલ વગાડીને થતો કોઈ નર્તન પ્રકાર ઉષાના સમયમાં પ્રચલિત હોવાનું સમજાય છે. ઉષાનું લાસ્ય તાલરાસક કે ગરબા જેવો કોઈ પ્રકાર તો નહી હોય ? ઈ.સ.ની ૧૩મી સદીના શારદાતનય રાસક ને લાસક પણ કહે છે ને એ રાસક કે લાસક લાસ્ય સાથે સામ્ય ધરાવે છે અથવા તો જો બન્ને સ્વીકારીએ તો ઉષાના લાસ્યને ગરબા જેવા નર્તન પ્રકાર સાથે જોડી શકાય, કારણ કે ઉપર કહેલી ઐતરૈય આરણ્યકની પ્રણાલિકા સ્ત્રીઓના તાલરાસક જેવા પ્રકારનો ઉલ્લેખ તો કરે છે. વળી ઉષા પોતાના લાસ્યને સ્વાભાવિક રીતે જ ગોપસ્ત્રીઓમાં પ્રચાર કરે છે. આમ જોતાં ગરબા જેવા કોઈ પ્રકારની નર્તન પ્રણાલિકા ગુજરાતમા જ પ્રથમ ઉષા દ્વારા પ્રચારમાં આવી હોય એમ દેખાય છે."

### ગરબો - નર્તન :

ગરબા નર્તન અંગે ડો.મંજુલાલ ર.મજમુદાર લખે છે કે, "મધ્યમાં રાખી પૂજેલો ગરબો ભક્તિનો આવેશ વધતાં માથે



મૂકી ઘૂમવાની વૃત્તિ જાગી, પોતાની પૂજય વસ્તુને આપણે માથે જ ચડાવીએ છીએને ! એટલે પ્રત્યેક સુંદરી પોતાના ગરબા માથે સ્થાપી, ગોળ ગોળ ઘૂમવા માંડી પછી ભાવનો આવેશ વધતા એ આવેશને પ્રગટ કરવાની સહજવૃત્તિ થઈ આવી એટલે આવેશને પ્રગટ કરવાને સુંદરીના કંઠમાં સૂર નિકળ્યા એ સૂરને ભાષાએ મદદ કરી, પરંતુ તેટલેથી હૃદયનો આવેશ પૂરેપૂરો વ્યક્ત થઈ શકયો નહીં. સંગીત ગાતાં અને ગરબો માથે લઈને ઘૂમતાં ઘૂમતાં હાથ, પગ, નેત્ર, વાણી-બધુંયે નાચવા માંડયુ એટલે એ નૃત્યનો - ગરબાના ગીતનો તાલ ઘૂમવાની સાથે જ આપોઆપ ગોઠવાઈ ગયો અને ગરબે રમવાની આપણી ગુજરાતણોની પ્રિય રમત આમ સહજ રીતે શોધાઈ હતી.

નવરાત્રિના દિવસો દરમિયાન ગરબી લેતાં માતાનું જે સ્થાનક મૂકવામાં આવે છે તે લાકડાનું મઢેલું, શણગારેલું નાનકડુ મંદિર હોય છે એને કયાંક મઢ કહે છે, કયાંક માંડવડી (નાનો મંડપ-માંડવો) કહે છે. મોટે ભાગે એને પણ ગરબી કહેવામાં આવે છે. એના ઉપર કાં તો ગરબો મૂકવામાં આવે છે અથવા તો રામપાતર-મોટું કોડિયું(ઢાંકણી જેવું) મૂકવામાં આવે છે. એમાં કપાસિયા અને તેલ નાખી સળગાવવામાં આવે છે; કારણ કે સળગતા કપાસિયા તેલ સાથે લાંબો વખત પ્રજવળે છે.

સૌરાષ્ટ્રનો ગરબો તે આ નવરાત્રીનો જ.નવરાત્રીના ગરબામાં માતાજીની ઉપાસના, કથા અને વર્ણન હોય છે. ગર્ભદીપ સાથેનો ગરબો એ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં જ લેવાય છે.[૪]

'ગરબો' સંજ્ઞાની અર્થછાયાઓ ક્રમશઃ વિસ્તાર પામતી રહી (ગરબો લખાય, ગરબો છપાય, ગરબો ગવાય, ગરબે ઘુમાય, ગરબો કુંભાર પાસેથી ખરીદાય-આવા બધા અર્થો ગરબા શબ્દમાં સમાયેલા છે) નવરાત્રીમાં છિદ્રવાળા માટીના ઘડામાં દીપ પ્રગટાવીને એની સ્થાપના કરીએ, એ ઘટ તે ગરબો. આ ઘટને મધ્યમાં મૂકીને, એની આસપાસ સ્ત્રીઓ ગોળાકાર ઘૂમે તે નર્તન પ્રકાર પણ 'ગરબો' તરીકે ઓળખાયો પછી આ નર્તન સાથે ગવાતું ગીત પણ 'ગરબો' સંજ્ઞા પામ્યું અને ધીરેધીરે આપણે એ ભૂમિકાએ પણ પહોંચ્યા કે મધ્યમાં ગરબાની સ્થાપના ના થઈ હોય છતાંયે આ વર્તુળાકાર થતું સામૂહિક નર્તન અને એની સાથે ગવાતું ગીત 'ગરબો'તરીકે પ્રચાર પામ્યાં.[૫]

પ્રારંભમાં નવરાત્રિના દિવસો દરમિયાન માતાજીની ઉપાસનામાં ગરબાના બે સ્વરૂપો હતાં. કાણાવાળો માટીનો ગરબો, અંદર દીવો મૂકી સરખે સરખી કન્યાઓ ગરબો માથે મૂકી ઘેરઘેર જઈ ગરબો નીચે મૂકી અને ગરબા ગાતી ને ગરબામાં તેલ પૂરાવતી. આ એક સ્વરૂપ હતું અને બીજા સ્વરૂપમાં માતાજીના મઢ, મંદિર, ફળા કે સ્થાપનાના સ્થાનકે ગરબાનું સ્થાપન કરી સ્ત્રીઓ સાંજે સાથે મળી બેઠાં બેઠાં ગરબા ગાતી આ બન્ને સ્વરૂપમાં માતાજીની ભકિત મુખ્યત્વે કેન્દ્રસ્થાને હતી. વર્તુળાકારે ગરબા નર્તનની ક્રિયા એ તે વખતનું ગરબાનું વિશિષ્ટ લક્ષણ ન હતું. શ્રી નંદકુમાર પાઠકના મતે કુંડાળામાં ફરીને ગરબા ગાવાની પ્રથાને રાસડા સાથે સંબંધ હોવાનું મનાય છે. રાસડામાં તાલ, લય, પ્રમાણે તાલી અને પગના ઠેકાને સ્થાન હતું. ભુજવિન્યાસ કે કરવિન્યાસ તેમજ લલિત અંગમરોડને પણ સ્થાન હતું. સમય જતાં આ બધાં લક્ષણો ગરબામાં પ્રવેશ પામ્યાં હશે.[૬]





**ગરબાનું મૂળભૂત સ્વરૂપ :**

ગરબાનું સ્વરૂપ જ એવું છે કે, એને કંઠ અને ઠેસ સાથે સંબંધ છે.

ગરબામાં સ્ત્રીઓ દ્વારા વર્તુળકારે ગતિદર્શીકલા તરીકે સમૂહમાં ઘૂમવામાં આવે છે. ગરબામાં ઘૂમતી સ્ત્રીઓમાંથી એકાદ બે સ્ત્રીઓ હલકદાર અને મીઠા કંઠથી ગવડાવતી હોય અને બીજી સ્ત્રીઓ બુલંદ અવાજે ઝીલતી હોય છે. ગરબો એ ગીત, તાલ, લય અને નર્તન પ્રધાન છે. વર્તુળાકારે નર્તનમાં સમૂહમાં ગવાતો, ઝીલાતો અને રમાતો હોય, લયાનુસાર અને અર્થાનુસાર સમૂહગત ભાવાભિવ્યકિત હોય, સ્વર બાંધણી અને તાલનો સુભગ સુમેળ હોય, લોંચ ને ઝોક અનુરૂપ તાલ હોય. ગરબાની તાલી, પગનો ઠેકો-ઠેસ અને ફરવાની લોચ (લચક) માંથી એક પ્રકારનો લય પ્રગટતો હોય. ગરબે ઘૂમનાર એક સૂરે બંધાઈને અવિરત ઘૂમતા હોય, ઘૂમતા જ હોય... તલ્લીનતા સધાઈ એકરૂપ, એકાકાર બની જઈ ભાવનું એક દિવ્યચક્ર બને છે તે ગરબો ! [૭]

ગરબાનો પ્રકાર જ એવો કે દિવસે વરવો લાગે અને રાત્રે રળિયામણો લાગે. પોળ કે શેરીઓમાં ગવાતા-ઘૂમાતા ગરબાઓની લાક્ષણિકતા એ હતી કે, એ extempore હતા. સહજ અને સ્વાભાવિક હતા.જેટલા કવિની શાહીમાં હતા એટલા જ ભાગ લેનારના લોહીમાં હતા. એમ પણ કહી શકીએ કે એમાં તૈયારી વિનાની તૈયારી હતી. હાર્મોનિયમ, તબલા કે એવા કોઈ વાદ્ય નહી, માઈકની લાચારી નહી, કોઈ ઠાઠમાઠ નહી, કેવળ કંઠ, કવિનો શબ્દ, સરળ અને તરલ લય, તાળી, ચપટી અને ઠેસ -ડાળ પરના ફૂલો જેટલી એમાં સ્વાભાવિકતા હતી. [૮]

ડૉ.મંજુલાલ ર.મજમુદાર ગરબાની સાંસ્કૃતિક વિશિષ્ટતાઓ જણાવતા લખે છે કે: "ગરબાના શબ્દોનું લાલિત્ય, તેના સુંદર, સુસ્પષ્ટ ઉચ્ચાર, સુસંગત રીતે વહી જતા અનુકૂળ રાગ-લય ઢાળ સાથે તાળીઓના નાદ, કુદરતી કંઠ, મધુરતાથી ઉપડતું અને ઝીલાતું ગાન, ઉપરાંત સુંદર અંગમરોડ, આ સર્વે ગુજરાતી ગરબાની સાંસ્કૃતિક વિશેષતાઓ છે."

**ગરબાના પ્રકારો :**

ગરબાના બે પ્રકાર છે.

(૧) પ્રાચીન ગરબો (૨) અર્વાચીન ગરબો

**(૧) પ્રાચીન ગરબો :**

લોકવાદન, લોકસંગીત અને લોકનર્તનમાંથી પ્રાચીન ગરબો પ્રગટે છે. આ નર્તનમાં સહિયારા સમાનવેગ, સમાન અંગભંગ, સમાનગતિ, સમાનસ્ફૂર્તિ, હાથની તાળી અને હાથના હિલ્લોળની સાથે લયબદ્ધતા અને તાલબદ્ધતા હોવી જરૂરી છે. પ્રાચીન ગરબામાં ઢાળની હલકનું, ફીરતનું, ગાનાર તથા ઝીલનારના કંઠની બુલંદીનું અને એક સરખી તાલીના ધ્વનિનું વિશિષ્ટ જોમ હોય છે. ગીત, લય, સૂર અને તાલની હૃદયંગમ મિલાવટ હોય છે. ગરબે ઘૂમનાર તન અને મનથી, ઉલ્લાસ અને ઉમંગથી ગીતમાં તરબોળ બની સૂર, તાલ અને લયમાં લીન થઈ અવિરત, નૈસર્ગિક ઘૂમતાં ઘૂમતાં ને ગીત ગાતા અને ઝીલતા નર્તન કરે છે. માત્ર તાલીઓના તાલ આપી સંગીતપૂર્વક પગના ઠેકા સાથે સ્ત્રીઓ-સ્ત્રીઓ, પુરુષો-પુરુષો અથવા સ્ત્રીઓ-પુરુષો ગોળાકારે સાથે ફરીને રાસ નર્તન કરે છે તેને તાલીરાસક કે મંડલરાસક કહેવામાં આવે છે. જે હલ્લીસકનૃત્તનો એક પ્રકાર છે. 'અભિનય દર્પણ' ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે પાર્વતીજીએ બાણાસુરની પુત્રી ઉષાને લાસ્ય શીખવ્યું, ઉષાએ દ્વારકાની ગોપીઓને શીખવ્યું અને દ્વારકાની ગોપીઓ એ સૌરાષ્ટ્રની સ્ત્રીઓને શીખવાડયું અને આ રીતે પરંપરાગત રીતે લાસ્યનૃત્ય લોકજીવનમાં પ્રતિષ્ઠિત બની ગયું છે.એક અનુમાન પ્રમાણે શ્રીકૃષ્ણના હલ્લીસકનૃત્તના પદગતિ અને હલનચલનમાં ઉષાએ હાથતાળીનું નર્તન ઉમેર્યુ તેમજ પુરુષોને તેમાંથી દૂર કર્યા કારણ કે એકલી સ્ત્રીઓ હશે તો લાસ્ય સવિશેષ લલિત, લાવણ્યમય અને સૌદર્યયુકત પ્રસ્તુત થશે. તાલ, તાલી, ચપટી, લચક, ઠેસ, લાસ્ય અને વર્તુળાકાર તાલી રાસના મુખ્ય અંગો ગણાય છે. [૯]

ગરબા વિશેનો એક ગરબો જોઈએ. જેમાં પરંપરાગત આદર્શ ગરબો કઈ રીતે ગવાવો, ભજવાવો જોઈએ તેનો ખ્યાલ આપ્યો છે.

ભારે હાથે તે બ્હેનો તાળીઓ રે પાડજો
તાળીઓની રીતે ન્હોય આવી રે બ્હેન.
સરખી ગતિએ બ્હેન પગલા રે માંડજો
લટકો કરતા તાળી ચુકશો રે બ્હેન.
તાળી ચૂકતા બ્હેન રંગભંગ થાશે.
રાસના લલિત રાગ તૂટશે રે બ્હેન.
ખુલ્લા અવાજે બ્હેન ગરબો ગવાડજો
ઉરના ઉલ્લાસ ભેર ઝીલજો રે બ્હેન.
ડોળને દમામ બ્હેન ઘેર મૂકી આવજો,
ગરબામાં એક ચિત રાખજો રે બ્હેન.
પગનો ઠેકો દિયો તો હળવેથી દેજો
ઘમ ઘમ અવાજના કરશો રે બ્હેન
નીચા નમીને બ્હેન ! તાળીઓ પાડજો
રાસમાં સૂરેખ રંગ પૂરજો રે બ્હેન.[૧૦]

**(કવિયિત્રી શ્રી જયોત્સનાબહેન શુકલ)**

ગરબામાં એક તાલી, બે તાલી, ત્રણ તાલી અને તાલી સાથે ચપટીના ને સંઘોર્મિના અનેક પ્રકાર પ્રચલિત છે. તાળી, ચપટી અને પગની ઠેસના વિવિધ પ્રકારો તેને તાલ અને લય આપે છે એટલે વાદ્યની જરૂરત રહેતી નથી. વાદકોની રમતને ઝાઝો અવકાશ રહેતો નથી. નર્તન ગોળાકારે પૂર્ણ હોય છે. કયારેક ચાર-ચારની ગૂંથણી, કયારેક બબ્બેની ગૂંથણી, કયારેક અર્ધવર્તુળમાં રચાતાં રચાતાં ગોળાકાર થાય. આમ વિવિધ નર્તન રચનામાં એનું સ્વાયત્તપણું દર્શાવે છે. આ લોકનર્તન ગોળાકારનું સ્વરૂપ જાળવી રાખતાં રાખતાં તેની પ્રવેશ અને પ્રસ્થાનની રચનાઓ અનેકવિધ તાલ, શબ્દ અને તેમાંથી ઊઠતા વિચારો દ્વારા સર્જાતું રહે છે. આવું પ્રવેશ ને પ્રસ્થાનનું નાવીન્ય વિશ્વના કોઈ લોકનર્તનમાં જોવા મળતું નથી. તાલી, ચપટી લેવાની વિવિધ રચનાઓ દ્વારા કેટલાક કાળથી ગરબાએ પોતાનું આગવું સ્થાન જાળવી રાખ્યું છે. પ્રાચીન ગરબામાં હાથતાળી નર્તન મુખ્ય છે. આ ઉપરાંત એકથી વધુ બેડા માથે લઈ, ગરબી, માંડવડી માથે લઈ, દીવા, દીવડી, દાંડિયા, મંજીરા લઈ, વિવિધ અંગમરોડ સાથે ચાલવૈવિધ્ય અને ગીતનર્તન જોવા મળે છે.[૧૧]

તાલીરાસની મોટામાં મોટી વિશિષ્ટતા હોય તો તે તેની અંદર રહેલો તાલ છે. આ માત્ર તાલને આધારે કરવામાં આવતું નર્તન છે. તેમાં તાલ સિવાય બીજા કોઈ પણ પ્રતિબંધ હોતા નથી. મુખ્ય વજન જે અક્ષર ઉપર હોય તે અક્ષર જે માત્રા ઉપર પડે તે હંમેશા સમ ગણાય છે. સમ પ્રત્યેક તાલમાં કોઈ એક ઠેકા ઉપર તાલનું રાખવામાં આવતું મુખ્ય સ્થાન છે. લોકનર્તનમાં ગીતોનો સમ તેના તાલના લયથી જુદો હોય છે. ઘણી વખત ગીતના કે તાલના સમને બદલે સમને વિકલ્પે તાલી રજૂ થાય છે. એ લોક સંગીતની શાસ્ત્રીયતા પ્રગટ કરે છે. લોકોના તાલ તેની ક્રિયા પરથી આવે છે. સમ પછી પણ ગરબા, રાસડાની શરૂઆત થાય છે. તાલમાં વપરાતું બળ સમ પછી પણ વપરાય છે. લોકના તાલ શાસ્ત્રમાં બેસાડતાં શાસ્ત્રવાળા છ માત્રાની નીચેના તાલ સ્વીકારી શકતા નથી. ત્યારે લોકમાં ત્રણ, ચાર માત્રાના તાલ હોય છે. તાલીરાસમાં ગવાતા વૃંદગીતોમાં વિલંબિત, મધ્ય અને દ્રુતલય આવી શકે છે. એકનું એક ગીત તાલીરાસમાં ઘૂમતી વખતે પ્રથમ વિલંબિત પછી મધ્ય અને ત્યાર પછી દ્રુતલયમાં સામાન્ય રીતે લેવાય છે.

### પ્રાચીન ગરબાનું વિષયવસ્તુ :

પ્રાચીન લોકકૃતિ, લોકગરબા, લોકગીત અથવા દયારામ સુધીના કવિઓની કૃતિઓનો સમાવેશ પ્રાચીન ગરબામાં થાય છે. પ્રાચીન ગરબાઓનું વિષયવસ્તુ ભકિતપ્રધાન વિશેષ હોય છે. શકિતની આરાધના, શ્રીકૃષ્ણની લીલાઓ તેમજ લોકજીવનને સ્પર્શતા વિષયોના સાધારણ લોકસમુદાય સહજતાથી ગાઈ શકે તેવા ગેયતા પ્રધાન લોકઢાળના વૃંદગીતો જ હોય છે





મહાકાળી, અંબા, બહુચર, ચાચર, આશાપુરા અને અસંખ્ય દેવીઓનું સ્મરણ કરીને ગરબો તથા ગરબી ગવાય છે. ઈ.સ.૧૭૨૧ની સાલમાં ભાણદાસજીએ ગરબી રચી હતી.

**ગગનમંડળની ગાગરડી ગુણ ગરબી રે,**
**તેણી રમિ ભવાની રાસ ગાઉં ગુણ ગરબી રે;**
**દિનમણિ સૂર્ય દીપક કર્યું ગુણ ગરબી રે,**
**માંહિ ચંદ્ર તણું પરકાસ ગાઉં ગુણ ગરબી રે;**
**પૃથ્વીપાત્ર ત્યાંહા કોડી ગુણ ગરબી રે,**
**વાતી પરવત મેર, ગાઉં ગુણ ગરબી રે;**
**સાતિ સાગર તેલ ભર્યું, ગુણ ગરબી રે,**
**માંહિ મુગતાફલ ચુફેર, ગાઉં ગુણ ગરબી રે;**

**- ભાણદાસજી**

(...તે સુંદર અને એક દષ્ટિએ ભવ્ય છે. ભવાની આખી સૃષ્ટિરૂપી ગરબો માથે લઈ રાસ રમે છે. પૃથ્વીએ કોડિયું છે. તેમાં સમુદ્રરૂપી તેલ ભર્યુ છે. મેરુ પર્વતની તેમાં વાટ છે. સૂર્યરૂપી દીવો છે. પૃથ્વીને ધારણ કરનાર કચ્છપ તેમાં ગાદીની જગ્યાએ છે અને શેષનાગ ઈંઢોણી છે...)

શકિતની એ વિરાટ કલ્પનાને વધારે ભવ્ય રીતે આલેખે છે, વલ્લભ મેવાડો. ઈ.સ.૧૭૮૦માં ગુજરાતનો તળપદો શબ્દ મધ્યયુગથી અસ્તિત્વમાં આવ્યો.

**ગગનમંડળ કરી ગાગરીરે મા,**
**સકલ શોભા ભરી રે મા.**
**આપે ભવાની ઉમંગ શું રે મા,**
**રાસ રમે મધ્ય રંગ શું રે મા.**
**નવગ્રહોમાં સૌથી વડો રે મા,**
**આદિત્ય અખંડ કર્યો દિવડો રે મા.**
**ઝળહળ જયોતિ બિંબ ગોળશું રે મા,**
**આદિત્ય અખંડ કર્યો દિવડો રે મા.**

આ પ્રસિદ્ધ રચનાની પહેલા ગરબા કે ગરબી શબ્દ સાથે સંબંધ ધરાવતું કાંઈ હજી સુધી આપણને નથી મળ્યું. વલ્લભ મેવાડો એટલે ગરબાનો પર્યાય. એમની પાસેથી આપણને મળે છે. પાર વિનાનું વૈપુલ્ય અને વૈવિધ્ય અને છતાંય વલ્લભના ગરબાનું કેન્દ્ર માતાની પ્રકટ ભક્તિ છે. **મા તું પાવાની પટરાણી કે કાળી કાળિકા રે લોલ,** આ વલ્લભનો અતિપ્રસિદ્ધ ગરબો છે. આમ પણ ગરબો શકિત અને ભકિતના મહિમાને કારણે ધાર્મિક રંગ પામ્યો છે. એ જમાનાના કવિઓને શબ્દ દ્વારા ધાર્મિકથી આધ્યાત્મિક સુધી પહોંચવું એ કયારેય દુષ્કર નહોતું.[૧૪]

ગરબો ને ગુજરાતણ એકાકાર બની બ્રહ્માંડને ચકરાવે ચડાવે છે. ગરબો શકિત, શીલ અને સૌદર્યનું પ્રતીક બને છે. કડીના સાંકળેશ્વર, જૂનાગઢના રણછોડજી દીવાન, શામળ, પ્રેમાનંદ, દયારામ, પ્રીતમ આપણને ગરબા તથા ગરબી આપે છે.[૧૫]

મધ્યકાલીન રચનાઓમાં માતાની ભકિત તથા કૃષ્ણભકિતથી પ્રેરિત ગરબા-ગરબીઓ છે. તેમાં ધાર્મિક ઓચ્છવનું પ્રતિબિંબ જોવા મળે છે.

ધાર્મિક ગરબો ધીમે ધીમે સામાજિક થતો ગયો. એની પ્રક્રિયા સમજવા માટે આપણું લોકસાહિત્ય પૂરતું છે.

લોકગીત કંઠે કંઠે ઉછરે છે. વિકસે છે-બાહ્ય ઠાઠમાઠ વિના લોકબોલીના લહેકામાં પ્રગટ થતો ભાવની સચ્ચાઈનો રણકો એ એની મહામૂલી મૂડી છે. લોકગીતમાં કોઈકને કાવ્યત્વનો પૂરોપૂરો વિકાસ ન દેખાય કે કસબનો અભાવ પણ લાગે, આ સ્વાભાવિક સરળતા એ તો એની સિદ્ધિ ગણાય છે.

આપણા લોકગીતોમાં સાંસારિક જીવનનાં કેટલાય ઉલ્લાસ, નાની નાની કેટલીય મથામણો, રોજીંદા જીવન સાથે સંકળાયેલા કેટલાય પર્વો અને તહેવારો અને આ બધી ઘટનાઓની ભીતર વહેતી નારી હૃદયના ભાવની ગુપ્તગંગા શબ્દોમાં સાહજિક રીતે મુખરિત થઈ ઊઠી છે.



લોકગીતમાં પહેલીવાર નારી હૃદય આટલી આસાનીથી પ્રગટ થયું. એમાં એનો રોષ, રીસ, આક્રોશ, આનંદ, દુઃખ, જીવનની હળવી ક્ષણોની મજાક-મશ્કરી આ બધાને પ્રગટ થવાનો અવકાશ મળ્યો-છોછનિષેધ વિના અરીસામાં ચહેરો જોઈએ એટલી સ્વાભાવિકતાથી આ સંવેદનોમાં સમાજનો ચહેરો પણ દેખાય છે. એમાં ભદ્રતા-અભદ્રતાની લક્ષ્મણરેખા નથી.

ગરબો એ સામૂહિક સાંસ્કૃતિક આનંદનું સર્વોતમ માધ્યમ છે. વિશાળ પટ પર આપણા સંસાર જીવનનું જેમાં આલેખન થયું છે.[૧૬]

પ્રાચીન ગરબાનું લોકસંગીત લોકોના જીવન વ્યવહારમાંથી સર્જાયેલું હોય છે. તેના તાલોમાં એકતાલ, દાદરા, દીપચંદી, કેરવા, ઘુમાળીને હીંચ વિશેષ લેવાય છે. ત્રણ-ચાર માત્રાના પણ લોકતાલો હોય છે. રાગોમાં સારંગ, ઝીંઝોટી, બાગેશ્રી, માંડ, કાફી, કાલીંગડા, દેશ, ગારા, ખમાજ વગેરેની છાયા હોય છે. રાગની સંપૂર્ણતા નહીંવત્ હોય છે. આ પ્રકારના પ્રાચીન ગરબાને અનુરૂપ સાદા લોકતાલ, લોકરાગ, લોકઢાળ હોય છે. એવાં જ સાદાં લોકવાદ્યો હોય છે. ડૉ.શ્રી મંજુલાલ ર. મજમુદારના જણાવ્યા પ્રમાણે, અંતરની ઉર્મિઓનો ઉછળતો ઉલ્લાસ વ્યકત કરવા માટે ગરબા ગવાય છે. એટલે ગરબાનું પ્રાણતત્વ - જે ઉલ્લાસ અને અદમ્ય આનંદનો તેની અભિવ્યકિત, ગીત, અભિનય અને તાલ દ્વારા થતી હોય છે. ગુજરાતના આ પ્રાચીન મંડલાકાર નૃત્યમાં માર્દવ, લાલિત્ય, લય,અંગડોલન અને વેશભૂષાની સાથે તળપદા દેશી સંગીતનો સુમેળ સધાય છે. [૧૭]

**ગરબાઓનાં કેટલાંક ઉદાહરણો :**

**મા તું પાવાની પટરાણી કે, કાળી કાળીકા રે લોલ,**
**મા તારો ડુંગરડે છે વાસ કે, ચડવું દોહ્યલું રે લોલ.**

o

**રંગતાળી, રંગતાળી; રે રંગમાં રંગતાળી,**
**માંહે અત્રીસ બત્રીસ જાળી રે, રંગમાં રંગતાળી**

o

**આઠ કૂવા ને નવ વાવડી રે લોલ, સોળસે પનિહારીની હાર,**
**મારા વ્હાલાજી ! હો હાવાં નહીં જાઉં મહી વેચવારે લોલ.**

**(૨) અર્વાચીન ગરબો :**

માણસની પ્રકૃતિગત વૃત્તિઓને ધ્યાનમાં રાખીએ તો, એ મૂળભૂત રીતે એકનો એક રહ્યો છે, છતાંયે સમયની સાથે એના જીવનના આદર્શો, જીવનની રીતરસમો બદલાતા રહ્યાં છે. તેવી જ રીતે મનુષ્યની સાથે સંકળાયેલા કલાસ્વરૂપો મૂળભૂત રીતે એના એ જ રહે છે, છતાં એના સંદર્ભો બદલાતા રહે એ સ્વાભાવિક છે.

ગામડાંના ઘર આંગણાના ચોકમાંથી શેરીમાં આવેલો ગરબો નગરસંસ્કૃતિના વિકાસની સાથે રંગમંચ પર આવ્યો. આંગણુ, શેરી અને રંગમંચ-આંગળી ચીંધીને બતાવી શકાય એવા આ ત્રણ તબકકાઓમાં ગરબો સમયની પ્રક્રિયામાંથી કઈ રીતે પસાર થતો રહ્યો છે એનું નિદર્શન મળે છે. ઘર આંગણાના ચોકમાંથી એ શેરીમાં આવ્યો. ગરબાની યાત્રાનો આ પ્રથમ તબકકો છે. આંગણું છોડયું છે અને છતાં નથી છોડયું કારણ કે શેરીમાં પણ એ કોઈકને ત્યાં આંગણે તો હતો જ. સહિયારી સંપત્તિ જેવો ગરબો પ્રારંભથી જ એક આંગણેથી બીજે આંગણે, એક શેરીથી બીજી શેરીએ ઘૂમતો રહ્યો છે અને એની આંતરિક ગતિશીલતા સાથે તાલ મેળવતો રહ્યો છે.

ગરબો શેરીમાંથી રંગમંચ પર રાતોરાત નથી આવ્યો. અહીં હવે જયારે શેરીની વાત કરીએ ત્યારે આંખ સામે શહેરની શેરી છે. આ શેરીમાં ગવાતા ગરબાનું એક અલાયદુ વ્યકિતત્વ હતું. કોઈકનો સારો કંઠ ગરબો ઉપાડે અને અન્ય સ્ત્રીઓ ઘૂમતાં ઘૂમતાં એને ઝીલતી જાય. આમાં દેખીતી રીતે કોઈ વ્યવસ્થા નહોતી. ગરબો સ્ત્રીના લોહી સાથે સંકળાયેલો



હોય એ રીતે સૌને આવડતો. અનાયાસે આપમેળે વર્તુળ રચાતું, કોઈ પ્રયત્ન નહોતો. કશુંક અપૂર્વ કરીએ છીએ એવી સભાનતા નહોતી. સહજ સંસ્કાર રૂપે ગરબો આવિષ્કાર પામ્યો છે. [૧૮]

લોકસંગીતમાં શાસ્ત્રીય પ્રયોગ કરતાં તાલીનું સ્થાન રંગભૂમિના તખ્તાએ બદલાવ્યું. તેને પરિણામે સર્જનાત્મક અર્વાચીન ગરબો અસ્તિત્વમાં આવ્યો. વાઘજી આશારામ જેવા સોરઠી રંગભૂમિના તેજસ્વી કલારત્ને પ્રેક્ષકોને આકર્ષવા માટે અને નાટકમાં નાવીન્યતા દર્શાવવા માટે રંગભૂમિના તખ્તા ઉપર ગરબા-રાસડાનો પ્રયોગ દાખલ કર્યો. પ્રેક્ષકોનો સારો પ્રતિભાવ મળ્યો, ત્યાર પછી અન્ય નાટક કંપનીઓએ તેમના નાટકોમાં ગરબાને સ્થાન આપ્યું. આ રીતે અર્વાચીન ગરબો રંગભૂમિના આંગણે પ્રાદુર્ભાવ પામ્યો છે.

કન્યા કેળવણી, કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળતાં શાળા, પાઠશાળા અને વિદ્યાલયોમાં કન્યાઓ શાસ્ત્રીય સંગીતની વિદ્યાભ્યાસી બની. એ શાસ્ત્રીય સંગીતથી શિક્ષિત કન્યાઓએ શુદ્ધ રાગના ગીતોને ગરબામાં ઉતારવાનું નવુ પ્રસ્થાન આરંભ્યું. પરિણામે શુદ્ધ રાગના ગીતો ગરબે ફરતા ગાવાનો ગરબાનો નવો પ્રકાર અસ્તિત્વમાં આવ્યો. તે અર્વાચીન ગરબા તરીકે ઓળખાયો.

શ્રી નંદકુમાર પાઠક અર્વાચીન ગરબાની રચના અંગે લખે છે કે, રચનાની દૃષ્ટિએ પ્રાચીન વિષય હોવા છતાં વિષય પ્રત્યે નૂતન અભિગમ હોય, રચના પાછળ ધાર્મિક ભાવના નહીં પરંતુ કાવ્યભાવના હોય, નવા કલ્પનો, પ્રતીકો, અલંકારો કોઈ કોમળ ભાવનાને સ્પર્શે, કોઈ એક સૂક્ષ્મ અનુભૂતિનો રણકો, કોઈ એક રમણીય વિચારનો ઝબકારો અને આ બધું સર્જનાત્મક પ્રક્રિયામાંથી પસાર થઈ આકાર લે અને સહજ સુંદર ગેયકૃતિ ગરબો સર્જાય. અર્વાચીન ગરબામાં આ લક્ષણો પ્રધાનપણે દેખાય છે. એનામાં ઉર્મિકાવ્યોના તત્વો ભારોભાર છે.

અર્વાચીન ગરબો સ્ત્રી સહજ લાલિત્યનું, માધુર્યનું અને સર્જનાત્મક સૌદર્યનું નર્તન છે. અર્વાચીન ગરબામાં સંગીતકાર ઉપર મોટી જવાબદારી હોય છે. અર્વાચીન ગરબામાં ધર્મભાવના કરતાં કલાભાવના વિશેષ પ્રતિષ્ઠિત થઈ છે. અર્વાચીન ગરબો બુધ્ધિપૂર્વકનું સર્જનાત્મક નર્તન હોવાથી તેમાં નિજાનંદ નથી, સાતત્ય નથી, રચના બની જાય છે. શાસ્ત્રીય રાગ, તાલ, સરગમ, તાનથી અર્વાચીન ગરબો શાસ્ત્રીય નૃત્ય બની જતો નથી, પરંતુ અર્વાચીન ગરબો શ્રમમાંથી ઉત્પન્ન થયેલો સર્જનાત્મક નર્તન પ્રકાર છે. ગુજરાત અને સૌરાષ્ટ્રના અર્વાચીન ગરબા જુદા પડે છે. તેમાં પ્રાદેશિક ભિન્નતા કારણભૂત છે. અર્વાચીન ગરબાની પ્રક્રિયા સર્જનાત્મક હોવાથી દરેકના વ્યકિતગત દૃષ્ટિકોણ અલગ અલગ હોય છે. તેથી દરેકનું કલાકૌશલ્ય ભિન્ન ભિન્ન જોવા મળે છે. નિજાનંદ કરતા પ્રેક્ષકોના આનંદને વિશેષ મહત્ત્વ આપવામાં આવતું હોવાથી અર્વાચીન ગરબાને કલાત્મક અને હૃદયસ્પર્શી બનાવવાના સતત પ્રયોગો થતા રહે છે. [૧૯]

નારીવૃંદોએ ક્રમશઃ ગરબાની પ્રવૃત્તિને ઉત્તેજન આપવા માટે મંડળો સ્થાપ્યાં. આ મંડળોને કારણે ગરબા સાથે થોડી વ્યવસ્થા આવવા માંડી, બાહ્યરીતે ગરબો વિશેષ સજ્જ થતો



ગયો. વેશભૂષામાં એક પ્રકારની એકરૂપતા આવવા માંડી. એ જમાનામાં તુઈ લગાડેલા, આછા રંગના સાળુઓનો મહિમા વિશેષ હતો. શરૂઆતમાં કેરવો, હીંચ કે દીપચંદી તાલવાળા તેમજ સાખીવાળા ગરબા વિશેષ ગવાતા. પછીથી સારંગ, ખમાજ, ધનાશ્રી , દુર્ગા, તિલકકામોદ, ભૈરવી એવી રાગરાગીણીઓ પણ પ્રવેશી અને હારમોનિયમ, તબલા, સારંગી, દિલરૂબા તો કયારેક વાંસળી પણ : એમ ગરબો સાજસજ્જ થયો. તાળી અને ચપટીની સાથે ગરબાના વૈભવરૂપે નહીં, પણ એ જમાનાની જરૂરિયાત અને લાક્ષણિકતારૂપે ખંજરી, ડાંડિયા, મંજીરા, દીવો, ઘડુલો આ બધી સામગ્રીઓ જોડાઈ ગઈ. આ બધાને કારણે ગરબો ગરબો હોવા છતાંયે ગરબાના પણ અનેક પ્રકાર થવા માંડયા. આમ, પ્રકારવૈવિધ્ય ફૂલતું અને ફાલતું રહ્યું.

ગરબો એ સહજકલા હોવા ઉપરાંત કંઈક વિશેષ કસબ માંગી લે એવો થતો ગયો. એમ પણ કહી શકીએ કે આવા વિવિધ મંડળો દ્વારા ગરબો જાહેર રંગમંચ પર આવવાની પાત્રતા કેળવતો હતો.

રંગમંચની સાથે માઈક, પ્રકાશ યોજના, રંગમંચ સજાવટ, આકર્ષક વેશભૂષા, વાદ્યસંગત, કોરિયોગ્રાફી આ બધુ એકાએક નહી પણ ક્રમશઃ આવવા માંડયુ. ગરબો રંગમંચ પર રજૂ થતા પહેલા પૂર્વ તૈયારી (પ્રેકિટસ) પણ માંગતો રહ્યો.

રંગમંચને કારણે ભાગ લેનાર કલાકારોની સંખ્યા મર્યાદા નિશ્ચિત થવા લાગી. એને લીધે વર્તુળો પણ પ્રમાણમાં નાના થવા લાગ્યા. કલાકાર અને પ્રેક્ષક-શ્રોતા વચ્ચે એક લક્ષ્મણ રેખા દોરાઈ.

ગરબો જેમ જેમ વિકાસ પામતો ગયો તેમ તેમ તેના સંગીત અને કોરિયોગ્રાફીનું તત્વ પ્રાધાન્ય ભોગવવા લાગ્યું. આમ, ગરબો વિષયની દષ્ટિએ અને રજૂઆતની દષ્ટિએ કાયાકલ્પ પામતો ગયો. કોઈકને એમ પણ લાગે કે ગરબો Sophisticated થતો ગયો છે.- આપણા સૌના જીવનની જેમ.[૨૦]

આ બધાનો નિચોડ માત્ર એટલો જ છે કે કલાસ્વરૂપ તરીકે ગરબો વાળ્યો વળી શકે એવો કલા પ્રકાર છે અને યુગે યુગે એમાં આવતા પરિવર્તનોએ, જેમકે શેરીમાં ગવાતા ગરબા, ગામડાંમાં ગવાતા ગરબા, રંગમંચ પર ગવાતા ગરબા, રંગભૂમિના ગરબા, સંગીતકારોના ગરબા- આ હકીકતને સિદ્ધ કરી બતાવી છે.

**ગેયતા :**

પ્રત્યેક ગરબો પ્રથમ તો ગીત હોય છે. પ્રત્યેક ગીત એ ગરબો નથી હોતું; તો પછી ગીતને ગરબો બનાવનાર નિર્ણાયક તત્વો કયાં ? આની કોઈ નિશ્ચિત વ્યાખ્યા ન આપી શકાય. કાળના સંદર્ભ સાથે સાથે વિકસતાં કોઈ પણ સ્વરૂપની વ્યાખ્યા બાંધો તો એ વ્યાખ્યા સમય જતા સંકુચિત થઈ જાય; બહુ બહુ તો આપણે એના લક્ષણો તારવી શકીએ અને અહી એ લક્ષણો તારવવાનો પ્રયાસ છે.

એમ કહી શકાય કે જેમાં નારીના ભાવ અને ભાવનાનું સ્વની ભૂમિકાથી સર્વની ભૂમિકાએ પહોંચતું સંવેદન હોય; એનું શબ્દલય, ભાવલય ને સંગીતની છટા અને છાકને અંકિત કરે એવું કાવ્યમય નિરૂપણ હોય અને તાળી અને ઠેક સાથે ગરબે ઘૂમવાનો પૂરતો અવકાશ હોય એવું ગીત તે ગરબો.

પ્રત્યેક ગરબો એ ઊર્મિકાવ્યનો, ઊર્મિગીતનો કલાપ્રકાર છે અને ઉત્તમ ઊર્મિગીતની કરોડરજ્જુ એ કવિતા છે. ગરબો એ Performing art છે અને Performing art ના જે કોઈ ભૂષણો કે દૂષણો હોય તે એને પણ સ્પર્શે છે અને એટલે જ કેવળ શબ્દોના ઠાઠમાઠવાળી કૃતિઓ કે સંગીતની ભભકવાળી કૃતિઓ એ સાચા અર્થમાં ગરબો નથી. કારણ કે કવિતાથી જે કૃતિ વેગળી જાય છે તે સામૂહિક મનોરંજન આપતી હોય તો પણ એકડા વિનાના મીંડા જેવી છે. આ હકીકતને એના દુષણરૂપે ગણાવી શકીએ; તો કલાકૃતિને સંગીત અને લોકનૃત્યના માધ્યમ દ્વારા પ્રજા સમક્ષ લઈ જઈ શકીએ છીએ એ એનું ભૂષણ છે.

ગરબે ઘૂમતી વખતે એમાં ભાગ લેનાર કલાકારો વ્યક્તિગત આનંદ તો લે જ છે, પણ એમની કલાને જોનારા-માણનારા સદસ્યો હોય તો એમનો આનંદ બેવડાય. જો કે

આમાં No audience no drama એ રીતે પ્રેક્ષકો હોવા જ જોઈએ ને તો જ ગરબો થઈ શકે એવી કોઈ ચુસ્ત શરત નથી. જેમને પ્રેક્ષકો અને શ્રોતાઓ સુધી પહોંચવું છે અને આનંદનું વિસ્તરણ કરવું છે એવું કલાકારજૂથ પ્રેક્ષકો-શ્રોતાનો આગ્રહ રાખે એમાં કશું ખોટું નથી.

ગરબો ખાસ તો સ્ત્રી સાથે અને એના નાજુક સંવેદનો સાથે સંકળાયો છે. એટલે એના લાલિત્ય અને ગાંભીર્ય બન્ને જળવાઈ રહે તેવી, ચિંતન હોય પણ ચિંતનનો ભાર ન હોય તેવી ગીત રચના-ગરબા તરીકે ઉપકારક બને, નભી શકે. ગરબા સાથે આનંદ-ઉલ્લાસનું તત્ત્વ સંકળાયેલું છે, તેથી ઘેરા કરુણ ભાવને વ્યકત કરતા કાળા વિષાદી ગીતો પણ ગરબા તરીકે, લયની ક્ષમતા હોવા છતાંય જતા કરવા પડે [૨૧]

છેલ્લાં થોડાંક વર્ષોમાં જેમણે ગુજરાતને ગાતું અને ઘૂમતું કર્યું છે એ પ્રસિદ્ધ સંગીતકાર અવિનાશ વ્યાસે વર્ષોથી ગરબા સ્વરૂપના સંગીત સાથે સક્રિય રીતે સંકળાયેલા સમૃદ્ધ અનુભવના આધારે ગરબા માટે કહ્યું, "કોઈ પણ ગીત ગરબામાં ગાઈ શકાય. માત્ર એમાં સૂરને તાલની જટિલતા બહુ ન જોઈએ...ભાવ કે વિચાર એવો હોવો જોઈએ કે જે વર્તુળાકારે ઘૂમતાં સરળતાથી ઉપાડી શકાય".

દલપતરામનો એક ગરબો જુઓ :

**ગુણવંતી ગોહિલવાડ છે, ભાવભેર ભાળો રે;**
**જ્યાં ઝાઝાં રસકસ ઝાડ છે, ભાવ ભેર ભાળો રે.**
**પણ ભાવનગર સૌથી ભલું, ભાવ ભેર ભાળો રે;**
**એના જેવું એ એકલું, ભાવ ભેર ભાળો રે.**
**તખતે ત્યાં તો તખતેશ છે, ભાવ ભેર ભાળો રે;**
**જે વિદ્યાવંત વિશેષ છે, ભાવ ભેર ભાળો રે.**

રાસ-ગરબાની વાત કરીએ એટલે પંડિતયુગના ન્હાનાલાલનો અવાજ આ સ્વરૂપમાં જુદો તરી આવે છે. એક મોટા ગજાનો કવિ જયારે આ સ્વરૂપને સ્પર્શે છે ત્યારે એની ગુંજની પહોંચ કેટલી વ્યાપક અને ઊંડી હોય છે તેનો પરિચય થાય છે. અલબત્ત આપણે એક વાત ખાસ નોંધવી જોઈએ કે ન્હાનાલાલના અત્યંત પ્રશંસાપાત્ર ગરબાની ભોંય લોકગીત છે જો કે એ ગરબાનો કલાવિકાસ ન્હાનાલાલનો પોતાનો છે. ન્હાનાલાલના ગરબામાં લોકગીતનો સાહજિક ઉછાળ અને દયારામની રસિકતાની સાથે નર્યા સૌંદર્યાનુભવનું નિરૂપણ માણવા મળે છે.

ગાંધીજીને કારણે નારી પોતાના નારીત્વ વિશે ને પોતાના અધિકારો વિશે કંઈક જાગૃત થઈ. પંડિતયુગની સાથે કેળવણીનો યુગ બેઠો હતો, છતાં એ કેળવણી પુરુષો સુધી જ રહી. ગાંધીયુગમાં સ્ત્રીઓ સુધી કેળવણી વિસ્તરી. અત્યાર સુધી પુરુષોએ સ્ત્રીઓ પાસેથી કામ જ લીધું પણ તે ભણી અને અપેક્ષા રાખતી થઈ, એટલે પંક્તિ આવી-

**મેટ્રીકમાં પાસ હું તો થઈ,**
**મારાથી હવે કામ થશે નહીં.**

સમજી શકાય એમ છે કે આ ઉકિત પરિસ્થિતિના પ્રત્યાઘાતનું પરિણામ છે. કામ થશે નહીં એમાં શ્રમ સામેનો વિરોધ નથી, એ સહેજે સમજાય એવું છે. નકાર છે તે વૈતરાં સામેનો છે. આ રીતે ગરબા ગાનાર સ્ત્રી પણ ગાંધીજીને કારણે બદલાઈ, તેથી ગરબાની અભિવ્યકિત બદલાઈ. ગાંધીજીના આંદોલનનાં પ્રભાવે ગરબાને ત્રિરંગી રાષ્ટ્રધ્વજનો રંગ લાગ્યો.

ત્રીસીની આસપાસ અઢળક કૃતિઓ લખાઈ અને ગવાઈ-ભજવાઈ, જેમાં આ રાષ્ટ્રીય ચેતનાનું પ્રતિબિંબ જોઈ શકાય છે:

**હું તો જાગું જોઉને દેશી સાંભરે રે,**
**મારૂ ધન તો વિદેશ વહી જાય રે,**
**મને સ્વપ્નાં મહીં દેશી સાંભરે રે,**
**મારા હિંદનું કલંક કેમ જાય રે, દેશી**

o

**જોયા જગત ઘૂમી એક જોગીરાજને**
**પુરાતન ભારતને ચોક અલબેલડી**
**મુકિતને પંથ એવા એક ગાંધીરાજ એ**
**સતાનત ભારત ચોક અલબેલડી.**

o

## એવા ગાંધી ગુજરાતે ઉતર્યા રે...

**એવા ગાંધી ગુજરાતે ઉતર્યા રે,**
**એનું સુકું શરીર જાણે લાકડી રે,**
**માંહે જોરાવર છે જીવ...**
**એવા ગાંધી....**

**એણે ઘેર ઘેર રેંટિયા મોકલ્યા રે,**
**લેવા સૂતરને તાંતણે સ્વરાજ્ય...**
**એવા ગાંધી....**

**એણે સાદાઈથી શીખવી દેશને રે,**
**દારૂ તાડી કરાવ્યાં દૂર...**
**એવા ગાંધી....**

**લોક વાટ જુએ છે પ્રભુ આવશે રે,**
**નવ જાણે આવ્યો અવતાર...**
**એવા ગાંધી....**

**એનો ધન્ય જનમ ધન્ય જીવવું રે,**
**માતાએ ઉપાડ્યો ધન્ય ભાર...**
**એવા ગાંધી....**

**એનો મોંઘો આદેશ લોકો ઝીલતા રે,**
**બોલી ભારતનો જયજયકાર...**
**એવા ગાંધી....**

ગરબાની બોલી, લય, અને અભિનય કલામાં સમયે સમયે પરિવર્તન થતું રહ્યું છે. **ગાડી આવી ગુજરાત, અગન કેરી ગાડી આવી** (નવલરામ) કે ગુજરાતનો જળપ્રલય (કે.હ.શેઠ) કે આગળ જોયું તેમ રાષ્ટ્રીય ભાવનાના પણ ગરબા મળે છે.[૨૨]

અર્વાચીન ગરબાનું નિર્માણ દયારામ પછીના કવિઓની આધુનિક કાવ્યકૃતિ અથવા તો વિષયવસ્તુ નક્કી કરી તેને અનુરૂપ પદ્યરચના-ગીતરચના લખાવવી, તેને અનુરૂપ નિષ્ણાંત તજજ્ઞ સંગીતકાર પાસે ધીર અને પ્રવાહબદ્ધતા પ્રમાણે સ્વરાંકન, સ્વરરચના શાસ્ત્રીય સંગીતબદ્ધ કરાવવું ,તે સંગીતને અનુરૂપ લાસ્ય પ્રધાન, તરંગમય, લયાનુસાર અને અર્થાનુસાર, સમૂહગત વૈવિધ્યસભર કોરિયોગ્રાફી-નર્તનરચના નૃત્યદિગ્દર્શક પાસે કરાવવી ત્યાર બાદ ગરબાના વિષયવસ્તુ, કલ્પનો, પ્રતિકોને અનુરૂપ આકર્ષક વેશભૂષા તૈયાર કરાવવી, દિવસોના દિવસો સુધી સંગીત, નર્તન, ગાયન, વાદનની દરેકને તાલીમ આપ્યા (સઘન અભ્યાસ) પછી નયનરમ્ય વેશભૂષાથી સુશોભીત, ભાવપ્રવાહિતા, સરળતા અને મધુરતાથી ગવાતો, ઝીલાવાતો,ઘૂમતો,દશ્ય અને શ્રાવ્ય બનતો અર્વાચીન ગરબો છે. [૨૩]

### કેટલાક અર્વાચીન ગરબાઓ :

○

**ગુણવંતી ગુજરાત !**
**અમારી ગુણવંતી ગુજરાત !**
**નમીએ નમીએ માત !**
**અમારી ગુણવંતી ગુજરાત !**
**સંત-મહંત-અનંત વીરોની વ્હાલી અમારી માત !**
**જય જય કરવા તારી જગતમાં અર્પણ કરીએ જાત !**
**અમારી ગુણવંતી ગુજરાત**

**- ખબરદાર**

○

**મીઠાં લાગ્યા તે મને આજના ઉજાગરા,**
**જોતી'તી વાલમની વાટ રે**
**અલબેલા કાજે ઉજાગરા.**

**- પ્રભુલાલ ત્રિવેદી**

○

**અલી રાજવણ તારે મોલ દીવડો શેણે બળે રે લોલ,**
**મારો રંગરસિયો નહીં ઘેર, દિવડો શેણે બળે રે લોલ.**

**- ઈંદુલાલ ગાંધી**

○

**મારી વેણીમાં ચાર ચાર ફૂલ,**
**અંબોડલે સોહે સોહામણી એ ઝુલ**

**- અવિનાશ વ્યાસ**

જયાં માણસ પોતે જ પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકૃતિની અવસ્થામાંથી પસાર થતો રહ્યો છે, તો મનુષ્ય સાથે સંકળાયેલા કલા સ્વરૂપો પણ એમાંથી સાવ ઉગરી કેમ શકે ?

ગરબો એ ગુજરાતી પ્રજાની સંસ્કૃતિનું સૌભાગ્ય છે. ફરી પાછા આપણી પ્રજા આ સ્વરૂપની સ્વીકૃતિ યથા સમજણથી, કવિતા અને સંગીતના સુમેળ સાથે કરશે, તો ગરબો ગરબો પણ રહેશે અને ગરવો પણ રહેશે. [૨૪]

### ગરબી :

સૌરાષ્ટ્રમાં ઓઝલ પડદા યુગનો પ્રારંભ થયો. સ્ત્રીઓ નર્તનથી વંચિત રહેવા લાગી ત્યારે ઉપાસનાર્થે ગરબીનો પ્રાદુર્ભાવ થયાનું મનાય છે. ગરબીએ પુરુષ પ્રધાન સમૂહગીતનું સંઘનૃત્ત છે. હરિવંશમાં તાલરાસક રાસનો પ્રકાર દર્શાવેલ છે, એ જ પ્રમાણે વિક્રમના તેરમાં શતકમાં જૈન સાહિત્ય 'તાલરાસ' 'તાલારાસ' એક પ્રકારનો રાસભેદ તરીકે દર્શાવે છે. તાલરાસક કે તાલારાસક તાલી પાડીને કે ગીત ગાઈને મંડલાકાર થતું એક પ્રકારનું સમૂહ નૃત્ત છે. આ નર્તનના વિકાસમાંથી ગરબીનો પ્રાદુર્ભાવ થયો છે. આ નૃત્ત કેવલ તાલલયાશ્રય છે.

સૌરાષ્ટ્રમાં નવરાત્રી પ્રસંગે ચોકમાં માતાજીની એક મંડપિકા મૂકવામાં આવે છે. એ માંડવીમાં દીવા સાથેનો છિદ્રોવાળો ગરબો મૂકવામાં આવે છે, તેની પ્રદક્ષિણા કરવામાં આવે છે ત્યાર બાદ ગોળાકારે પુરુષો ઊભા રહે છે. ગરબા પાસે બેઠેલી વ્યકિત ગીતનો ઉપાડ કરે છે. ગરબી ગીત ઉપાડનાર વ્યકિત શરૂ કરે છે. ગવડાવનાર કડી પૂરી કરે ત્યારે ઝીલનારથી રમત શરૂ થાય છે. ગરબીમાં ગાનાર અને રમનાર જુદા જુદા હોય છે. રમનાર ફરતાં, તાલી દેતાં અને પગથી તાલ દેતાં ઊર્મિ ગીત ગાતા જે નર્તન કરે છે તેને 'ગરબી' કહેવામાં આવે છે. ગરબીનું નામ નારીજાતિ સૂચક હોવાથી ઘણા નારીનર્તન સમજે છે, પરંતુ હકીકતે ગરબી એ પુરુષોનું સમૂહનૃત્ય છે.

ગરબીમાં હાથનું કાર્ય માત્ર તાલી દેવા પૂરતું જ મર્યાદિત રહે છે. ગરબીમાં ઊર્મિગીત નાનું, ભાવવાહી અને નર્તન સામાન્ય સાદા પ્રકારનું, સરળ લયમાં હોય છે. એક જ તાલ અને ત્રણ-ચાર સ્વર ગરબીના પ્રધાન સ્થંભો છે. ગરબીના બંધારણમાં સતત ગતિશીલતાની આવશ્યકતા રહે છે. પુરુષોએ ફરતાં ફરતાં તાલ અને ઘૂમતાં ઘૂમતાં ગાવાના ઢાળને સાચવવાનો હોય છે. તેને ગરબી લેવી કહેવામાં આવે છે. ગરબીના નર્તનમાં વૈવિધ્ય પ્રમાણમાં ઓછું જોવા મળે છે. કેટલીક ગરબીઓ ફરતા ફરતા મંડલાકારે લેવાય છે. તો

કેટલીક ઊભા ઊભા હાથના હિલોળથી તાલી દેતા ગવાય છે. એકતાલી અને ત્રણતાલી આગળ પાછળ, સમૂહમાં એક સાથે ગોળાકારમાં અંદર બહાર રજૂ થાય છે. જયારે કેટલીક જ્ઞાતિઓમાં ગરબીઓ લેતા ધીમેથી માત્ર હાથ ભેગા કરવામાં આવે છે ત્યારે સશબ્દ તાલી બિલકુલ પડતી નથી. ભરવાડોમાં ગરબી કલાત્મક રીતે રમાય છે. મૂળ ગરબીમાં દ્રુત, વિલંબિત લય ઓછી રહેતી, સામાન્ય એક સરખી લયથી ગરબીઓ લેવાતી, પણ રાસનું પ્રભુત્વ વધતાં દ્રુત અને વિલંબિત લય દાખલ થયા. પુરુષોના સમુદ્રના મોજાં જેવા મરદાનગીભર્યા પગલાંના ગતિ મરોડને ગરબી નર્તને ભારે શોભાવ્યા છે. ગરબીમાં ગીત ગવડાવનાર ગાયક રમત ઘૂમરે ચડે છે ત્યારે ગરબીનર્તનની સાથે ઘૂમે છે, રમે છે, ગરબી ચગતાં જે નર્તક થાકી જાય તે નીકળતા જાય અને બીજા રમનારાઓ આવતા જાય છે. ગાનારા ગરબીગીત પૂરાં કરે છે ત્યારે ગરબી પૂરી થાય છે. ગરબીનો મુખ્ય સંબંધ કૃષ્ણભકિત સાથે છે. ઈશ્વર વિવાહ પણ ગરબીમાં લેવામાં આવે છે.

પોરબંદરમાં ભદ્રકાલી ગરબી મંડળ ૭૫થી પણ વધારે વર્ષોથી ગરબી લે છે. જેમાં કલાત્મક ટોપી પહેરવી ફરજિયાત છે. જામનગરમાં નવરાત્રી દરમિયાન લાલકેસરી મુગટા પીતાંબરધારી નાગર, બ્રાહ્મણ, વણિક, સોની, કચ્છી લોહાણા અને ઈતર સમાજ ગરબીમાં ઈશ્વરવિવાહ ગાતા હોય છે. સૌરાષ્ટ્રમાં ઘણી જ્ઞાતિઓમાં ગરબીનર્તનમાં પ્રાદેશિક ભિન્નતા જોવા મળે છે.

સાહિત્યિક દષ્ટિએ અતિ પ્રસ્તારી ન હોય એવી ઊર્મિમય આત્મલક્ષી અભિવ્યકિતવાળાં પદોની પદ્યરચનાને ગરબી કહેવામાં આવે છે. સૌ પ્રથમ ગરબીની રચના ભાણદાસે કરી છે ત્યાર પછી પ્રીતમરાજે અને સ્વામીનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ, પ્રેમસખી, પ્રેમાનંદ, રાજકવિશ્રી પિંગળશીભાઈ નરેલા વગેરેની ગરબીઓ પ્રચલિત છે પરંતુ ગરબીઓમાં સર્વોપરી સર્જન તો દયારામનું જ ગણાય છે.

ગરબીમાં ભાવની સઘનતા અને ઉત્કટતા અનુભવાતી હોય છે. ગેયતા પ્રધાન રચના, શૃંગારરસરાજ, વર્ણલય, લય માધુર્ય, ટેક અથવા ધ્રુવપદની મધુરતા એ ગરબીના સહુથી મહત્ત્વના અંગો ગણાય છે.

ગરબીના લોક સંગીતમાં દાદરા, હીંચ, ધૂમાળી, કેરવા,ત્રિતાલ જેવા લોકતાલોને કાફી, બિલાવલ, ખમાજ, આશાવરી થાટની છાયાવાળા લોકરાગો વિશેષતઃ પ્રયોજાય છે.

તાલ અને સ્વર ગરબીના પ્રધાન સ્થંભો છે. આ બે સ્થંભો સંપૂર્ણ અને સમર્થ બનતા ગરબી એનું પૂર્ણાંગ અનુપમ બેનમૂન કલા સૌંદર્ય પ્રગટ કરે છે.

પુરુષો ગરબીમાં હીંચતાલ પ્રયોજે છે ત્યારેં તે ગરબી પ્રકારને અઠિયો કહેવામાં આવે છે. હીંચતાલ ગરબીમાં વાગતાં જ પુરુષો ચાર ચારના જૂથમાં નર્તન કરવા માંડે છે. ગરબીની લય જલદ-ઉતાવળી હોય છે. ગરબીનો તાલ હાથની તાલીઓના અવાજથી, પગના ઠેકાથી કે શરીરના હલન-ચલનથી વ્યકત થઈ શકે છે.[૨૪]

**પાદટીપ :**

(૧) આપણી લોક સંસ્કૃતિ - પૃ. ૭૭-૭૮
(૨) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૨૧
(૩) ગરબાની વ્યુત્પત્તિ, ઉત્પત્તિ અને રહસ્ય, સ્વાધ્યાય - દિપોત્સવી અંક -પૃ. ૮૪-૮૫
(૪) આપણાં રાસ ગરબા - પૃ. ૬૧
(૫) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૨૪
(૬) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૪૪
(૭) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૪૪
(૮) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૮
(૯) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૪૬
(૧૦) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૩૬
(૧૧) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૪૬-૪૭
(૧૨) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૩૫
(૧૩) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૪૮
(૧૪) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૨૭
(૧૫) આપણા રાસ-ગરબા - પૃ. ૬૨-૬૩
(૧૬) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૩૪-૩૫
(૧૭) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૪૭-૨૪૮
(૧૮) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૩૭
(૧૯) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૫૦-૨૫૧
(૨૦) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૩૮-૩૯- ૪૧
(૨૧) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૩૧-૩૨
(૨૨) મારો ગરબો ઘૂમ્યો - પૃ. ૩૩-૩૪-૩૫
(૨૩) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૫૧-૨૫૨
(૨૪) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૫૯ થી ૨૬૧ સત્યમ્ શિવમ્ સુંદરમ્ - પૃ. ૧૮૩-૧૮૪



## સૌરાષ્ટ્રનાં લોકનૃત્યો ૭

"લોકનૃત્યોએ ભદ્ર સંસ્કૃતિનાં સત્ત્વશીલ એવાં ઘણાં તત્ત્વો અપનાવ્યાં છે. એ બધાના સુમેળમાંથી પોતે જે સંસ્કારો પચાવ્યા છે તેને જ નૃત્યસંગીત દ્વારા વ્યક્ત કરે છે. લોકજીવનનું આવું સોહાલું ઘડતર થતાં એનાં નૃત્યોમાં આદિવાસીઓની જેમ ઝનૂન નથી હોતું, તેમ શાસ્ત્રીય નૃત્યોનું બાંધેલાપણું પણ નથી હોતું.

યુવાનો કે યુવતીઓમાં શિસ્તબદ્ધતા લાવવા માટે, જોમ પ્રગટાવવા માટે અને સહજભાવે કસાયેલાં શરીર બનાવવા માટે રાસનૃત્યો-લોકનૃત્યો એ સર્વશ્રેષ્ઠ સાધન છે, જેમાં થાક કરતાં આનંદ વિશેષ મળે છે."

**-જયમલ્લ પરમાર**

### (૧) ટિપ્પણી નૃત્ય :

ગુજરાતના લોકનૃત્યોમાં જો કોઈ ઉત્સવ, પર્વ કે ધર્મ સાથે સંબંધ ન હોય તેવું શ્રમપ્રધાન નર્તન હોય તો તે ફક્ત ટિપ્પણી નૃત્ય જ છે. જે દૈનિક શ્રમજીવનની વાસ્તવિક કામગીરી સાથે સંકળાયેલું ભારતનું એકમાત્ર લોકનર્તન છે. જેમાં જીવનનો કાળો શ્રમ, અવિરત થાક અને પરસેવાના ટીપાંઓનુ સંગીત, તાલ અને નર્તનના કલાસ્વરૂપમાં પરિવર્તન કરવામાં આવે છે.[૧]

શ્રમમાંથી આનંદ મેળવવા અને થાક વિસારવા નીપજેલી કલામયતા એટલે ટિપ્પણી નૃત્ય. લોખંડ અને સિમેન્ટની સંસ્કૃતિની શરૂઆત નહોતી થઈ અને મંદિરો તથા મહાલયો અને સુખી કુટુંબોના ઓસરી ઉતાર ઓરડા ને માઢ-મેડીઓમાં લાદીઓ જડાવી શરૂ નહોતી થઈ ત્યાં સુધી એવા દરેક ખંડોના ભોં-તળને સારી રીતે પકવેલા-પીસેલા ચૂના, કાંકરી અને વિવિધ ચીકાશવાળા પદાર્થ મિશ્રિત ચૂનાના રેડથી મજબૂત બનાવવામાં આવતા. ભોં-તળ માથે પથરાતા આ ચૂનાના થરને ખૂબ નકકર અને સ્થાયી મજબૂત બનાવવા લાકડા વતી એ થરને ટીપવામાં આવતો. આ ભોં-તળ જેને 'છો' કહેવામાં આવતી તેને આ પ્રક્રિયાથી ધરબાવવામાં આવતી, ધરબી ધરબી ને નકકર થાય, આભલાં જેવી ઉજળી અને લીસી થાય ત્યા સુધી 'છો' ધરબાવવામાં આવતી. આ ભોંયને-છો ને ધરબે તેને 'ધ્રાબો' કહેવામાં આવતો. ધરબવું એટલે ટીપવું, ક્રમશઃ વિકસતી વિધિમાંથી ઊભા ઊભા ટીપી શકાય, એક સાથે વધુ માણસો ટીપી શકે એટલા ખાતર લાકડાના ડટ્ટામાં પૂરા માપની

પરોણીઓ કે પરોણા જડવામાં આવતા હતા. આ સાધન-ટીપવાનું સાધન તે જ 'ટિપ્પણી.' છાતી સમાણા પરોણા કે જાડી લાકડીઓમાં ઓરસચોરસ ત્રણ ત્રણ ઈંચ પહોળાઈ-લંબાઈના કે એટલા જ ગોળ લાકડાના મજબૂત ટૂકડા જડવામાં આવતા, તેને ટિપ્પણી કહે છે.[૨]

ખૂણા-નેખમથી માંડીને રજ-રજ ભોંય ટીપવી પડતી. ધ્રાબો એક સરખા તોલથી અને સરખા માપથી નંખાતો આવે એટલે ભોંય એક સરખી ટીપાય, તેને માટે એક સાથે વધુ માણસો ટીપે, પણ આગળ-પાછળ ટિપ્પણી નાંખે એટલે કે એક સાથે ટિપ્પણી ન નાખે તો તેના ઉડજૂડ આઘાતથી માણસનુ માથું ફરી જાય, સપ્રમાણતા પેદા જ ન થાય માટે ટિપ્પણી ટીપનાર (નાંખનાર) બહેનો ગોળાકાર અથવા સમાન અંતરે ઊભી રહે ને ધ્રાબો નાંખે છે. અમુક જગ્યાએ સરખા વજન અને માપથી ટિપ્પણી વડે ભારે કાળજીપૂર્વક અને ચોકસાઈથી ટીપવા માટે ટિપ્પણીના સમાન આઘાતો નખાતા થયા. ટિપ્પણી નાંખતા આઠ કે સોળ એવા સામટા આઘાતોની લય બંધાઈ જાય. તાલ અને લય જયાં બંધાય, ત્યા સંગીત આપોઆપ પેદા થાય છે. આમ, ધ્રાબો ટીપવાની કામગીરી ઘણા દિવસો સુધી ચાલતી. એકધારું ટપ ટપ ટપ ટીપ્યા જ કરવાથી કંટાળાજનક પરિસ્થિતિ ઊભી થતી, જેને દૂર કરવા બહેનો ગીતો, રાસડા, લોકગીતો ગાવા લાગે, તાલ તો ટિપ્પણીનો મળ્યા જ કરે. ગાવાની સાથે કામ કરવાથી થાક ઓછો લાગે, કંટાળો ન આવે અને સમય સહેલાઈથી પસાર થાય. પછી તો ટિપ્પણી અને તેના તાલબદ્ધ આઘાતના ગતિ-વેગ, ધ્રાબા-ધાબાની પકવતા પ્રમાણે ઓછા-વધતા થતા રહ્યા. દિવસ ઉપરાંત રાત્રે પણ ધ્રાબો ટીપવો પડતો એટલે ધીરે ધીરે તેમાં ઢોલ પણ આવતાં ધ્રાબો ટીપનાર બહેનોએ નર્તનની ગતિ પકડી અને એમાંથી એકધારી ટિપ્પણીમાં જુદી-જુદી ચાલ શરૂ થઈ અને જુદી-જુદી ચાલમાંથી ટિપ્પણી નર્તનનો પ્રારંભ થયો.

### નર્તન(નર્તન ગુંથણી) :

ટિપ્પણીમાં કલાકો સુધી તાકાત બતાવવાની હોય છે. એટલે ટિપ્પણી ટીપતાં ટીપતાં બેળે બેળે જે અંગઅભિનય સર્જાયો તે પણ એવો  જ જોશીલો અને સ્ફૂર્તિલો બન્યો. તાકાત હોય તો જ અંગોને એવી હલક, એવો જોશીલો ઝાટકો આપી શકાય અને અજબ તાકાતથી અંગોને મરોડદાર ઝટકા આપીને સુંદર નર્તન સર્જી શકાય.[૩]

ટિપ્પણી નાખતી બહેનો સામાન્ય રીતે બે સામસામી હારમાં ગોઠવાય છે. પછી ધીરે ધીરે ખસતી જાય છે, ટિપ્પણીની શરૂઆત થાય અને ગોળાકારે અથવા સામસામે ઊભેલી બહેનો ઝાંઝ, મંજીરાની તાલબદ્ધતા સાથે ટિપ્પણી ચગાવે છે. ટિપ્પણીમાં ઢોલ વાગતાં ટિપ્પણી ચગતી જાય ચગતાં-ચગતાં એકધારી ટિપ્પણીમાં જુદી જુદી ચાલ શરૂ થઈ જાય છે. એ જુદી જુદી ચાલમાંથી ગીત અને ઢોલ સાથે ટિપ્પણીનું નૃત્ય શરૂ થાય છે. બહેનો બન્ને હાથમાં ટિપ્પણી



ઊંચકીને નીચે પટકાવે ત્યારે ડાબા હાથનું મરોડથી ધકેલાવું અને જમણા હાથની ટિપ્પણી સાથે શરીરના હિલોળથી સુંદર અંગમરોડ રચાય છે.

ટિપ્પણીમાં વીસ જેટલી ચાલ હોય છે, જેમાં મુખ્યત્વે ગોળાકાર ફરતાં-ફરતાં આજુબાજુ આગળ-પાછળ ટિપ્પણી ફેરવતા ને તેના છેડા વતી દાંડિયારાસ રમવામાં આવે છે . તેમાં પણ ટિપ્પણીનો એક તાલ તો જમીન પર પડયા વગર રહેતો જ નથી. તેમાં ઓછા-વધતા થતા ગતિ વેગ દ્રુત વિલંબિતમાં લેવાય છે. સામે, પાછળ, બન્ને પડખે, અર્ધગોળ, ગોળ એકથી બીજી ટિપ્પણી નાખતા વચ્ચેના સમય દરમિયાનમાં વિવિધ રીતે અંગોને હિલોળ આપી ટિપ્પણીને પણ એ જ રીતે ઝુલાવો લેવામાં આવે છે. આ નર્તનમાં અતૂટ તાલબદ્ધતા, ઝડપી ગતિ, વીજળી વેગે હલનચલન અને શ્રમ હોવા છતા કલાને લયકારીના ઊભા થતા આનંદને તેની વિશિષ્ટતા ગણી શકાય. ટિપ્પણી નર્તનમાં સ્ફૂર્તિ, ગતિ,લય ને તાલ વચ્ચે એકરૂપતાનું જે અતૂટ બંધન છે, તેવું ભાગ્યે જ અન્ય નર્તનમાં જોવા મળે છે. ટિપ્પણી ગુજરાતનું ગૌરવવંતુ લોકનૃત્ય છે.

**લય :**

લયની એકધારીતા કંટાળાજનક બને અને ટિપ્પણી લેનારના અંગોને શિથિલ બનાવે છે એટલે ગીત જેમ દ્રુત-વિલંબિતમાં ચાલે, એમ ટિપ્પણી પણ દ્રુત-વિલંબિત પડે. આ બન્ને લયમાં ટૂંકા પગલાંને બદલે સ્હેજ લાંબા પગલાંનો ઉઠાવ અંગની અભિનય છટામાં-મરોડમાં પગના તાલને, હાથના હિલોળને અને જોમને ગતિપૂરક બનાવે છે. ઢોલની દાંડી ઉપર અને તાલ ઉપર ટિપ્પણી લેવાતી હોય છે ત્યારે ચાર ચાર માત્રાનો ગાળો પડે તે દરમિયાન અવનવી રીતે ટિપ્પણીને હિલોળીને પછી જમીન ઉપર ધરબાય છે. એ ટિપ્પણી હીલોળવાની ચાલ એટલી કલામય હોય છે કે જે દાંડિયામાં એકધારા આઘાતો કરતા વધારે મનોહર અને આકર્ષક લાગે છે. એ જ રીતે આગળ-પાછળ ટિપ્પણી નાખવાની ચાલમાં શરીરનું સુંદર લળાંક, વળાંક, અંગભંગને મરોડ અને ચાર ચાર માત્રાના ગાળામાં ટિપ્પણીથી દાંડિયારાસ રમતા-રમતા ટિપ્પણી જમીન ઉપર પડતી જાય છે. ટિપ્પણીની એક ચાલમાં પગલા ઉપર એક પગલું ઝપાટે ઉપડે છે. એક-બે, એક-બે,એક-બે, ત્રણ,ચાર, એક,બે,ત્રણ,ચાર એવા પગલાનો ઉપાડ જોવા મળે છે. ઢોલ વાગે ગતિ ઉપડે અને પગલાં ધીમે અને પછી દ્રુત ગતિએ ઉપડતા જોવા મળે છે. એ પછી ગીત અને ઢોલ ગતિવેગથી ઉપડતા એક છેડેથી બીજા છેડે લય પકડે છે. તાલ સાથે માત્રામેળ સધાય છે. અંગઝુલે, અંગના વળાંક એક સરખા લેવાય, એમાં સ્પર્ધા થાય, ઢોલ, શરણાઈ અને રાસમાં એકાગ્ર બનેલી બહેનોમાં અજબ ચેતના પ્રગટે તેવું જોશીલું પ્રકૃતિપરાયણ શ્રમયુકત અને લોકજીવનને રજૂ કરનારું આ એક વિશિષ્ટ લોકનૃત્ય બની રહે છે.[૪]

કોઈ પણ નૃત્યની રમણિયતા એનું લાવણ્ય સાંગોપાંગ જળવાતું આવતું હોય એમાં હોય છે. નૃત્યની શરૂઆતથી તાલના પ્રત્યેક બોલ વચ્ચે જે અવકાશ રહેલો હોય છે તે કદી ખાલી નિષ્ક્રિય ન રહે અને અંત સુધી નર્તન ક્રિયાથી ભરી દે એમાં જ Grace-લાવણ્ય રહેલું હોય છે. ટિપ્પણીના આ પ્રચંડ આઘાતો વચ્ચે ટિપ્પણીમાં જે લાવણ્ય પ્રગટ થાય છે તે અંત સુધી જાળવી રાખે છે. એમાં જ એના સૌંદર્યનો આત્મા પ્રગટ થાય છે. ટિપ્પણી એ આ રીતે શ્રમમાંથી નૃત્યની મહત્તા પ્રાપ્ત કરી છે અને માત્ર નૃત્ય ન બની રહેતા શ્રમની સિદ્ધિ પણ પ્રાપ્ત કરી છે.[૫]

**તાલ :**

ટિપ્પણીમાં મોટેભાગે બે તાલ વપરાય છેઃ મુખ્ય તાલ હીંચ અને દ્રુત ગતિમાં કરવો અનિવાર્ય ગણાય છે. એ સિવાય વણનોંધાયેલા ઓછી-વધતી માત્રાના તાલો પણ વપરાય છે. ટિપ્પણી ઢોલની ધડૂકતી દાંડીએ શરૂ થાય છે, ધીરે ધીરે ગીત ચગે, ઢોલ ધબકે, ગીત પડતું મૂકાય ને ટિપ્પણીની ધબકારી બોલે, ઢોલની સાથે તાલમાં શરણાઈ, ઝાંઝ સાથે ટિપ્પણીઓ અતૂટ તાલબદ્ધતા ઊભી કરી દે છે. આમ, ટિપ્પણી વેગમાં આવે ત્યારે ગીત બંધ થઈ જાય છે અને ઢોલના વેગભર્યા તાલે ટિપ્પણી ટીપાતી હોય છે. એ પછી થોડીવારે પાછો વિલંબિત તાલ આવી જાય છે અને ફરી પાછું ગીત ઉપડતાં, ગીતનો દોર સાંધી લે છે. ટિપ્પણીમાં તેની તાલબદ્ધતા વધારવી કે ઘટાડવી એ બધું ઢોલીના હાથમાં હોય છે. જે મુખ્યત્વે ગીત ગવડાવનાર તથા તાલ આપનાર હોવાથી આખી નર્તન પ્રક્રિયાના નેતારૂપ ઢોલી રહે છે. નર્તનની શરૂઆતમાં લય ધીમી હોય છે પછી લયની ગતિ ધીમે ધીમે વધારવામાં આવે છે.[૬]

**વાદ્યો :**

ટિપ્પણીમાં મુખ્યત્વે ઢોલ,ઢોલક, ઝાંઝ અને શરણાઈનો વાદ્ય તરીકે ઉપયોગ કરવામાં આવે છે. ટીપાતી ટિપ્પણી સાથે ઢોલનું વાદન ભળતાં આ શ્રમ પ્રક્રિયાએ નર્તનનું સ્વરૂપ ધારણ કર્યું છે. શરણાઈ પણ ટિપ્પણીને ચગાવવા અને રસીલી બનાવવાનું એક સાધન બન્યું છે.

થાકમાં દરેક વખતે એકસરખું ગાઈ શકાતું નથી, શરણાઈ બહેનોના કંઠને રાહત આપવાનું કામ કરે છે. ઝાંઝનો રણકાર, ખાસ કરીને ચલતી લયમાં અનેરી



તાલબદ્ધ લયકારી ઊભી કરે છે. આમ, પ્રાચીન લોકવાદ્ય ઢોલ, સ્વતંત્ર લોકવાદ્ય શરણાઈ અને કર્ણાટકનું વાદ્ય ઝાંઝ ટિપ્પણીના ધમધમાટને તાલ અને ગતિ આપી સુરીલો બનાવે છે.

**ગીત :**

ધાબો ટીપવાનું ઘણા દિવસો સુધી ચાલતાં આ એકધારાં શ્રમકાર્યમાં ટીપાતી ટિપ્પણીનો તાલ લઈ, કંટાળો દૂર કરવા ટિપ્પણી ટીપનાર બહેનોએ ગીતો ગાવા શરૂ કર્યાં. આ ગીતોમાં ભજન, લોકગીત અને લોકરાસ મુખ્ય હોય છે. ટિપ્પણીના કોઈ વિશેષ કે ચોક્કસ ગીતો રચાયાં નથી, પણ જે તે સમયે જે ગતિલયમાં ક્રિયા થતી હોય તે ગતિલયમાં એકના એક ગીતને બંધ બેસાડવામાં આવે છે.

મીઠા-મધુર શરણાઈ જેવા હલકદાર કંઠે રાસ કે ભજન ઉપડતાં ઢોલની ધડકતી દાંડીએ ટિપ્પણી શરૂ થાય છે. ધીમે ધીમે ગીત ચગે, ઢોલ ધબુકે ગીત પડતું મૂકાય ને ટિપ્પણીનો ધમધમાટ શરૂ થાય. લય વધી જાય, આગળ-પાછળ ટિપ્પણી ફેરવતાં અને ટિપ્પણી નાંખીને પાછી ઉપાડતાં અંગનો એવો તો વળોટ લેતી જાય, કે એનું અનુસંધાન કુદરતી રીતે ગીત સાથે જોડાઈ જાય છે. એક ટિપ્પણી પૂરી કરીને બીજી ઉપાડે ત્યારે ફરી પાછુ હલકદાર ગીત શરૂ થાય છે. એક ગવરાવે અને બીજી બહેનો ઝીલે ત્યારે બધાના ગળામાં શરણાયુંના સૂરો વહેતા હોય તેમ એક સરખા સંઘેડા ઉતાર સૂરીલાં ગળા ગુંજતા લાગે છે.[૭]

રાતભર ચગતા ટિપ્પણી રાસના તાલ, લય કે ગીતના શબ્દોમાં કયાંય ઉચ્છૃંખલતા કે ઉત્તેજના નથી હોતી, સાત્વિકતા હોય છે. મસ્તી જરૂર હોય છે, પણ તમામ ગીતો ભકિતરસે રસાયેલા હોય છે. ગીતોમાં કયારેક શૃંગાર કે વરણાગી જરૂર હોય છે, પણ તેનું રસાયન તો રાધા અને કૃષ્ણ જ હોય છે. પોતાની તૃપ્તિ, અતૃપ્તિ, લાગણીઓ કે ભાવોને પ્રભુમાં ગાળી નાખવાની કરામત લોકગીતોને અજબ રીતે વરી છે. લોકોએ એમાંથી નિજાનંદ મેળવ્યો છે.[૮]

**નર્તકીઓ :**

ટિપ્પણી રમનાર બહેનોનું શરીર જરાય નબળું ન ચાલે. શ્રમકાર્યમાથી નિપજેલું નૃત્ય હોવાથી નર્તકીઓના અંગમાં પૂરતી તાકાત અને ભારે સ્ફૂર્તિ હોય તો જ એટલા વેગથી પગના થંભને અને કેડને વેગપૂર્વક હિલોળીને વળોટ આપી શકાય. ટિપ્પણી ટીપનાર કોમના વારસારૂપે એકસરખી ઊંચાઈ ધરાવતા, લીલા સોટા જેવા સપ્રમાણ ઘાટીલા શરીર વાળા ભાગ લે છે. ટિપ્પણી રમનાર બહેનોની દેહયષ્ટી પણ આવી જ સરખી હોવી જોઈએ.

**પોષાક :**

ટિપ્પણી લેતી બહેનોના પોષાકો શરૂઆતમાં તો શ્રમ કામમાં પહેરાતાં કપડાં જ રહેતાં. ટિપ્પણી જ્યાં સુધી શ્રાવ્ય રહી ત્યાં સુધી ટિપ્પણીવાળી બહેનોને સારા કપડાં પહેરી ચુનાથી કપડાં ખરાબ કરવાનું કોઈ કારણ ન હતું. વળી અપરિણિત અને પરણેલી બહેનો જ ટિપ્પણી લે એવું પણ ન હતું. વિધવા અને ઉંમરલાયક બહેનો પણ ટિપ્પણી લેતી અને એમાં વિશેષ કરીને ગામડાંઓમાંથી જે બહેનો ટિપ્પણી લેવા નજીકના શહેરોમાં જતી તે મોટે ભાગે જુવાન

અને આધેડ વયની હોય છે. શહેરોની શ્રમિક બહેનોના પોષાકમાં એકવાકયતા ન હોય ત્યારે ગામડાઓની અને એક જ કોમની બહેનો એકવિધ ને રંગીન પોષાક જ પહેરતી આવી છે, એ એમનો પરંપરાગત પોષાક હોય છે.

ટિપ્પણીની દષ્ટિએ પોષાકનો વિચાર કરીએ તો નાઘેરની લીલી ભોમકા માથે દોઢ વેંતનો ઊભો સોનેરી થાપો મુકેલા શ્યામલ થેપાડા, સોનેરી મોળિયા વાળેલા લીલા કમખા, કોથમીર ભાતની લાલ ચટક ચોરસા રોખી (જેવી)અંગે લપેટી લીધેલી ચુંદડી હોય છે. આભૂષણમાં વિશેષ પગમાં ખણકતી રૂપાની કાંબીઓ હોય છે. [૯]

**ટિપ્પણી વૈવિધ્ય :**

અસલમાં ટિપ્પણી આખા સૌરાષ્ટ્રમાં બાંધકામનું શ્રમ કરતી તમામ બહેનો લેતી. ચોરવાડની કોળી બહેનો, ગોહિલવાડના કાંઠાળની ખારવણ બહેનો, રાજકોટની ભીલ બહેનો, જામનગરની સીદી બહેનો, અન્ય સ્થળોની સીદી સિપાહી અને એવી જ કોમની બહેનો, કડિયા, કુંભાર વગેરે જાતિઓની બહેનો તો ખરી જ.

**કોળી બહેનોની ટિપ્પણી :**

જૂનાગઢ પાસેનું ચોરવાડ એટલે સૌરાષ્ટ્રનો ફળદ્રુપ પ્રદેશ. લીલી નાઘેરનું હૈયું. એ ચોરવાડ ગામની બહેનોની ટિપ્પણીને જૂનાગઢના નવાબનું પ્રોત્સાહન મળ્યું અને ટિપ્પણી વધુ કલામય બની. એક તો લીલી નાઘેર, એમાં લીલા સોટા જેવા હલકતાં શરીરવાળી કોળી જાતીની બહેનો, નમણા મુખ અને આછો વાન, મોરલી જેવા કંઠે હલકદાર રાસડો કે ભજન ટીપણીમાં ઉતારે. ઢોલની ધડકતી દાંડીએ ટિપ્પણી શરૂ કરે, અંગના એવા તો સુંદર વળોટ લેતી જાય કે બે ઘડી શાસ્ત્રીય નૃત્યના અદ્‌ભુત અંગ મરોડ પણ ભુલી જઈએ.

ટિપ્પણીમાં પગલાં પણ એવા જ સુંદર નાખે છે. મૃદુ, મંજુલ અને નીરવ છતાં તરલ અને આકર્ષક, દ્રુતમાં અને વિલંબિતમાં -બેય ચાલમાં જરાય ટૂંકાં પગલાં નહીં, પણ સ્હેજ લાંબા. અન્ય નૃત્યોથી ટિપ્પણીના પગલાં એ રીતે જુદા પડે છે. [૧૦]

એકવડિયા અંગવાળી સરખી ઊંચાઈની આ બહેનો જયારે ઉત્સવ માટેના તખ્તા ઉપર ટિપ્પણી લેવા ઉતરે છે, ત્યારે ગીરની હરિયાળી વનરાઈ માથે ફાગણિયો સાગર ફંગોળાતો લાગે છે. [૧૧]

આજે પણ ચોરવાડની કોળી બહેનોએ ટિપ્પણી નૃત્યની તાકાત, અંગાભિનય જાળવી રાખ્યા છે. ૧૯૫૯માં સૌરાષ્ટ્ર સંગીત-નાટક એકેડમી તરફથી સુરેન્દ્રનગર ખાતેના સંમેલનમાં ચોરવાડની કોળી બહેનોનું ટિપ્પણી નૃત્ય ચાલતુ હતું. તેમના અંગની ફીરત, મરોડ, જોઈને દુલાભાઈ કાગ બોલી ઊઠેલા કે, “આ દીકરીઓની કેડમાં બેરિંગ હશે ? એ સિવાય આટલી ચપળતા કેવી રીતે સંભવે ? કેડની આટલી લચક હોઈ શકે ?” [૧૨]

**ભીલ બહેનોની ટિપ્પણી :**

રાજકોટની ભીલ બહેનોની ટિપ્પણીનો ઉલ્લેખ કવિ નાનાલાલે પણ કર્યો છે.ચોરવાડની કોળી બહેનો પહેલાથી રાજકોટની ભીલ બહેનો ટિપ્પણી નૃત્ય લેતી અને તેમાં ખૂબ પારંગત બનેલી.

ટિપ્પણીના વીસ જેટલા પ્રકાર રાજકોટની ભીલ બહેનો



લેતી. ટિપ્પણી લેતી વેળા પગલાં નાખવાની ભીલ બહેનોની કળા અનુપમ અને મનોહારી હતી. ભીલ બહેનોના કંઠમાં કુદરતી રીતે સુંદર રણકો હોય છે. આમ, રાજકોટની ભીલ બહેનોની ટિપ્પણીમાં મસ્તીભર્યો ઉછરંગ ઉછળતો.

**ખારવણોની ટિપ્પણી :**

ગોહિલવાડના સાગરકાંઠાની ખારવણ બહેનોની ટિપ્પણીમાં મસ્તી અને કરૂણતા બન્ને હોય છે. આ બહેનો ખૂબ સરસ ટિપ્પણી નાંખતી અને સાથે એમના ગીતો ગાતી; પણ રજવાડા ગયા, સાગરકાંઠા પર ને કાંઠાના મથકો ઉપર જે મહેલો બંધાતા તે બંધ થયા. એટલે ખારવણોની ટિપ્પણી અસ્ત પામી છે.

**ટિપ્પણી ગીતો :**

**જોબનિયું આજ આવ્યુ ને કાલે જાશે,**
**જોબનિયું કાલ જાતું રહેશે.**

o

**કચ્છમાં અંજાર મોટા શે'ર છે હો જી રે,**
**ત્યાં જેસલના હોય મોટા મોલ રાજ,**
**હો રાજ, હળવે હાંકો ને જેસલપીર ઘોડલા હો જી રે,**

o



**મહેંદી લેશુ, મહેંદી લેશુ, મહેંદી મોટા ઝાડ,**
**ડાળ હલાવું એક ત્યાં તો હલે બે ચાર સૈયર,**
**મહેંદી લેશું રે,**

**(૨) ચારણઆઈઓનું દૈવી રમત નાનો બાબીઓ અને મોટો બાબીઓ :**

જામનગર જિલ્લાના જામખંભાળિયા, કલ્યાણપુર અને દ્વારકાની આજુબાજુના ચારણ જ્ઞાતિના ગામોમાં ચારણ બહેનો દૈવી નર્તન રમત રમે છે. તેને મોટો બાબીઓ અને નાનો બાબીઓ તરીકે ઓળખાય છે.

મહાશક્તિએ ચંડ, મુંડનો વધ કર્યો ત્યારે સર્વત્ર આનંદ ઉત્સવ મનાવ્યો. ચોર્યાસી ચારણ આઈઓ અને નવલાખ લોબડિયાળી માતાજીઓએ આ આનંદોત્સવમાં સહજ રીતે આ નર્તન કર્યું હોવાની લોકમાન્યતા છે. નર્તનનો પ્રારંભ બે હારમાં બહેનો ધીર, ગંભીર ધીમે ધીમે પગલાં ભરતાં એક પગલું આગળ ભરી ઊભા રહી એ રીતે ચાલતાં ચાલતાં બે હાથ ખુલ્લા ત્યારબાદ બન્ને હાથ ઓવારણા, દુઃખણા લેતા આશીર્વાદ દેતા હોય એવા ભાવ સાથે રમત આગળ વધે છે. બબ્બે ઢોલ અને બબ્બે શરણાઈયું લાંબા ઢાળથી ગીત ગાતી હોય છે. ઢોલ વગાડવાની પણ અનોખી ચાલ હોય છે. ઢોલ ત્રણ ડાંડીથી વગાડવો પડે છે. નર્તન બે હાથ બન્ને બાજુ ખુલ્લા, ત્યાર બાદ બન્ને હાથે ઓવારણા, ત્યાર બાદ ડાબી બાજુ ઓવારણા, એ પછી જમણી બાજુ ઓવારણા, એ પછી એક હાથ કમર ઉપર અને બીજો હાથ માથા ઉપર અને પછી ઓવારણા લેતા હોય એ રીતે વર્તુળ પૂરું કરે છે. પગની પેની અને પગના પોંચા ઉપર આ રમત રમાય છે. આ રમતનું સ્વરૂપ શબ્દોમાં ઉતારવું ઘણુ કઠિન છે. આ રમતને નાનો બાબીઓ કહેવાય છે.

મોટા બાબીઓમાં રમતનું સ્વરૂપ નાના બાબીઓ જેવું જ હોય છે. માત્ર મોટા બાબિયામાં ઢોલ હીંચના લાંબા તાલથી વગાડવામાં આવે છે. જેમ જેમ હીંચ ચગવા માંડે તેમ તેમ ગીત ને ઢાળ બદલાતા રહે છે. ઢોલ એ આ રમતનું મુખ્ય અંગ છે. ઢોલ અને શરણાઈ ઉપર જ આ રમતો રમાય છે. આ રમતો અલૌકિક દિવ્યતાનું દર્શન કરાવી જાય છે. આ રમતો જાહેરમાં રમાતી ન હોવાથી તેનું દર્શન પણ એક લ્હાવો બની જાય છે. સોનલ બીજના ઉત્સવમાં દર વર્ષે જામખંભાળિયામાં સોનલ મા મંદિરના પટાંગણમાં દિવસ દરમિયાન આ રમતો રમાય છે. [૧૪]

### (૩) ટીટોડો નૃત્ત :

ટીટોડી એ પાણીકાંઠાનું પંખી છે. લાંબા પગ, શરીર થોડુ આગળ ડોલતું આવે તેવી તેની ચાલ હોય છે.

ટીટોડીના આકાર તથા તેના હલન-ચલનના ઢંગ અને વર્તનનું અનુકરણ આ ટીટોડા નૃત્યમાં સુંદર રીતે કરવામાં આવે છે. આ ટીટોડો નર્તન સ્ત્રી અને પુરુષ બન્ને સાથે કરે છે, પરંતુ તેનું પ્રચલન કોળીભાઈઓમાં વિશેષ જોવા મળે છે. [૧૫]

ટીટોડા લોકનૃત્યમાં એક પગની ઠેક લ્યે અને બીજો પગ પાછળ જાય, બીજા પગની ઠેક લ્યે અને પહેલો પગ પાછળ જાય. કેડથી દિલ સહેજ આગળ નમે, એક હાથની હથેળી બીજા હાથની કોણી ટેકવીને આંગળાંનો ચાંચ જેવો આકાર રચીને ટીટોડી ચાંચ ડબકાવતી હોય તેમ હાથનો લહેકો કરી પગની બબ્બે માત્રા ઠેક લેતા આવે અને ગીત ગાતા જાય છે. બે, ચાર, છ સ્ત્રી અને પુરુષ સાથે નાચતાં અને ગાતાં જાય છે. ટીટોડીમાં પોતાનામાં વેગ નથી હોતો તેમ નર્તન પણ એવું જ છે કે વેગમાં શરીર ન ફરે કારણ કે ટીટોડામાં અંગભંગ ઓછું છે. આ નર્તનમાં વેગ ઓછો છે. નર્તનમાં પહેલી માત્રાએ તાલી સાથે કૂદકો લેવાય છે અને ડાબો પગ આગળ પડે છે. બે વખત કૂદકો લેવાય છે. જમણો પગ પાછળ પડે છે પછી ત્રણ વખત કૂદકો અને પગ ભેગા થાય છે. ચાર વખત ડાબો પગ પાછળ પડે છે એટલે કે જુદી રીતે નર્તન થાય છે. લય વધતાં ઝડપ વધે અને શરીરના ઉપરના ભાગનો વળાંક પણ વધે એ રીતે ત્રણ વખત શરીર જમીન તરફ વળે તેમ ચાર વખત પાછળ ઢળે છે. જેટલી લય વધે શરીર તેટલું વધુ ઝુકે છે, એ આ નર્તનનો વિશેષ આનંદ છે.[૧૬]

આ થોડાંક અંગભંગ અને અભિનયવાળું ટીટોડો નૃત્ય કોળીભાઈઓમાં વધુ પ્રચલિત છે. ગીત ઉપરથી આપણને ટીટોડાના ગીત-તાલના વેગનો ખ્યાલ આવે છે.

**એક તરીહ વરાહનો ટીટોડો**

**એના મોમાં દુધિયા દાંત-બોલે ટીટોડો.**

ગીત આખું માર્મિક છે. ટીટોડાના જીવનમાંથી દાંપત્યજીવન ઉપર બે સ્ત્રીના ઘર સંસારનું ચિત્ર ઉઠાવ્યું છે. [૧૭]

### (૪) મટકી નૃત્ય :

સૌરાષ્ટ્રના આ મટકી નૃત્યમાં ખાલી ઘડા હાથમાં ઝુલાવીને બહેનો તથા ભાઈઓ જે ઘડા નર્તન કરે છે તેમાં મટકી ભારે ચગે છે. એવરત અને જીવરતના જાગરણની રાતે ઘડા કે પિતળની તાંબડી સાથે બહેનો રાસ ચગાવે છે. એમાં મુસલમાન બહેનો આગળ પડતો ભાગ લે છે. લગ્નના દિવસોમાં ભરવાડ અને રબારી (માલધારી) બહેનો હાથમાં માટીના કે પિત્તળના ઘડાને ઝુલાવવાની સાથે તાલ દેતી આવે છે. મારવાડા અને મારવાડી ભીલો જે સૌરાષ્ટ્રમાં છે તે આ મટકી ઘણી સરસ ચગાવે છે.

મટકીનો હીંચ સૌરાષ્ટ્રમાં સામાન્ય છે. ગોહિલવાડના કેટલાક ગામોમાં કોળી મંડળીઓ જેમ દાંડિયાથી રમે છે તેમ મટકી પણ બહુ સરસ રીતે લે છે. [૧૯]

મટકી નર્તનમાં બન્ને હાથમાં લોઢાના કે રૂપાના કડાં પહેર્યા હોય અને હાથમાં તાંબા-પિત્તળના ઘડા હોય, હીંચ સાથે ઘડા ઝુલાવતા જાય ઉપર, નીચે અને પાછા ખભેથી સરકાવીને માથા ઉપરથી હિલોળીને નીચેલાવતા જાય અને ઘડા સાથે તાલબદ્ધ કરડા વગાડતા જાય છે. માલધારી કોમોની સ્ત્રીઓ પણ મટકી રાસના પ્રકાર તરીકે પગના ઠેકા સાથે,કમરની લચક લઈને તાંબડીમાં કાંકરા નાખી મટકી રાસ રમે છે. મટકી નર્તનમાં ગીત હોતું નથી ફકત ઢોલ અને મટકીના તાલે હીંચ લેવાય છે. [૨૦]

### (૫) હમચી :

હમચી નર્તન સૂર્યપત્ની રાંદલમાના વ્રત સાથે જોડાયેલું છે. શુભ પ્રસંગે રાંદલ તેડવાનો રિવાજ અનેક પરિવારોમાં છે. રાંદલ-રન્નાદે ને સુખ, સંપતિ અને સંતતિ આપનાર માતા ગણવામાં આવે છે.

સૂર્યપત્ની રાંદલમાનું વ્રત રાખે ત્યારે બહેનો સાથે મળીને રાંદલમાની સ્થાપના સમક્ષ હમચી લે છે. એને બીજા શબ્દમાં ‘રાંદલનો ઘોડો ખૂંદવો’ પણ કહે છે. સૂરજ ભગવાનને સાત ઘોડા છે. સવારે અરૂણ રથમાં ઘોડા જોડાતા હશે ત્યારે ઉતાવળા થતા ઘોડા રાંદલમાને નમણું કરતાં કરતાં આંગણા ખૂંદતા હશે.

આ હમચી અથવા રાંદલનો ઘોડો ખૂંદતા પહેલા એક બાજોઠ કે પાટ ઉપર રાંદલમાની સ્થાપના કરવામાં આવે છે. એમાં ચિત્ર દોરીને ઘરેણા પહેરાવે છે. ઘીનો દીવો કરે અને એની સામે કેડમાંથી બેવડ વળીને માથું નીચું નમાવીને ઘોડા જેવો આકાર રચીને, ઘોડાની જેમ બબ્બે પગે ઠેકતી ઠેકતી કૂદ લઈ હાથના તાળોટા પાડતી-‘રાંદલ ગીતો ’ગાય છે.

હમચી ખૂંદવામાં ઠેક, વેગ અને તાળીઓ સાથે ગવાતા ગીતોથી એવું વાતાવરણ સર્જાય છે કે કાચાપોચા માણસો ધૂણી (ધ્રુજી) ઊઠે છે. રાંદલમાની હમચી સાંભળવાથી એક અનોખો ધમધમાટ અનુભવાય છે.

રાંદલમાનું વ્રત લગભગ તમામ હિન્દુવર્ણમાં લેવાય છે. [૨૧]

**રાંદલના ગીતો :**

આકાશમાંથી ઉતર્યા રે, ભોળી ભવાની મા
ઉતર્યા એવા નોતર્યા રે, ભોળી ભવાની મા

o

એકે છંદે, બીજે છંદે, ત્રીજે છંદે ઓરા,
ચોથે છંદે રમે રાણી રાંદલ ગોરા

o

લીપ્યું ને ગુપ્યું મારૂ આંગણિયું,
પગલીઓ પાડનાર દ્યોને રન્નાદે
વાંઝીયા મેણા મારે દોહ્યલાં

o

ચક્કરડી - ભમરડી મારે ઘેર ઝાઝી રે ભવાની મા
ચક્કરડી નો ખેલનાર દેજો રે ભવાની માં

તેને વાર્તા તરીકે આ નૃત્યમાં દેખાડવામાં આવે છે. જેમ કે ખેતર ખેડવું, બીજ રોપવું, ખડ વાઢવું, અનાજ કાપણી, લણવું અને ખળાવડમાં ખળુ કરી, ધાનના ઢગલા કરવા. વર્ષભરની મહેનતને અનાજની ઉપજ હરખ, ઉલ્લાસ અને આનંદમાં નૃત્ય સ્વરૂપે વ્યકત થાય છે. આ શ્રમહારી, સંઘનૃત્ત લત્તારાસકનો પ્રકાર છે. સમૂહનર્તન જેવું જ તેનું પ્રાકૃતિક સૌદર્ય હોય છે. એક સ્ત્રી એક પુરુષ એમ સાથે મળીને લણણીનો આનંદ નર્તનમાં વ્યકત કરે છે. કાપણી નર્તનમાં ગતિ, વેગ, અંગમરોડ બેઠક અને ફુદરડી અંગેના





**(૬) કાપણી નર્તન :**

કાપણી એ કૃષિ વ્યવસાયકારો માટે આનંદ - ઉલ્લાસનો ઉત્સવ છે. કૃષિ સંસ્કૃતિના વારસદાર મુખ્યત્વે કણબી હોવાથી કાપણી નર્તન કણબી જાતિના સ્ત્રી-પુરુષો વિશેષ રમે છે. મબલખ અનાજ પાકે ત્યારે ખેડૂતો આનંદ-વિભોર થઈને નાચી ઊઠે છે. આ ઉત્સવ ટાણે સહુ સાથે મળીને લણણીનો આનંદ નર્તનમાં વ્યકત કરે છે. આ કૃષિ નૃત્તને 'ખળાવડ' પણ કહેવામાં આવે છે.

ખેડૂતો ખેતી કરે તે આખી પ્રક્રિયાનો અણસાર લઈને તાલબદ્ધ નર્તન અને હિલ્લોળનો એક વિશિષ્ટ લય જોવા મળે છે. પુરુષના હાથમાં દાતરડું અને સ્ત્રીના હાથમાં સુંડલાળ સાથે ખેતરમાં કાપણી કરતા હોય તેવાં દ્રશ્યો આબેહૂબ રમાય છે.

બેઠક અને ફુદરડી આ નર્તનની લાક્ષણિકતા છે. ઝૂલતાં શરીર વીજળીક ગતિએ ફરે છે અને ટપ્પા લેવા માંડે છે. ટપ્પાની ફીરતમાં એક પાછળ બીજાં બીજાં પાછળ પહેલાં એમ દોડ પકડ રમતા જાય છે, ને શરીરના અંગ વિક્ષેપ સાથે તાલબદ્ધ ગતિએ ચડે છે. ટપ્પા જુદા જુદા સ્થળે જુદી

જુદી રીતે લેવાય છે. આ નર્તનમાં તરલતા ઓછી અને હીલોળતા વધારે હોય છે. આ નર્તન મુખ્યત્વે ગોળાકાર, અર્ધગોળાકાર, બબ્બેની હરોળમાં કે એક એકની હરોળમાં લેવાય છે.

કાપણી નર્તન અત્યંત ભાવવાહી અને તાલ પ્રધાન હોય છે. તેના ગીતો સરળ, સ્વરો ભાવવાહી અને એને જ અનુરૂપ તેવા તાલ હોય છે. વિશેષ રૂપે કૃષ્ણલીલાના અને લોકઢાળના પ્રાચીન લોકગીતો ગવાય છે. તબલા અને ઝાંઝ એમાં મુખ્ય વાદ્યો છે. [૨૨]



ગીત :

**કાંગ ને ખેતર ગ્યાં'તાં રે ગોરી, કાંગ લ્યો !**
**ઉભાં ઉભાં કાંગ લ્યો, બેઠાં બેઠાં કાંગ લ્યો !**

o

**મારે ખેતરડાં ખેડવાં આજ રે,**
**ખળાવડ ચાલો ને જઈએ ખેતરે,**
**ઓલી આવી અષાઢી બીજ રે,**
**ચાલો ને જઈએ ખેતરે,**
**મારે ધોરીડા જોતરવા આજ રે**
**લણજો લણજો બાજરી ને જાર કેરા મોલ રે**
**ઢગલે ઢગલા થાય અણમોલ રે**

### (૭) ઢોલોરાણો :

ભાવનગર જિલ્લામાં ચોમાસા પછી ખેતરમાં ખળું તૈયાર કરતી વખતે કોળી સ્ત્રી-પુરુષ હાથમાં સૂંપડા, સૂપડિયું, સાવરણી, સૂંડલા, સૂંડલી, સાંબેલું વગેરે લઈ અનાજ ઉપણતા ઉપણતા, ઝાટકતાં ઝાટકતાં ને ખાંડતા ખાંડતા વર્તુળાકારે ફરીને નર્તન કરે છે.

ગીત :

**'રાય ઢોલો રાણો ખાંડે ચોખલાં અને**
**ઓલી ગૌમતી સાળ્ય મગ દાળ્ય'**

ગીત મંજીરાં, કાંસી જોડાને તબલાને તાલે ગાતા હોય છે જે લતા રાસકનો પ્રકાર છે તેને ઢોલોરાણો નર્તન કહે છે. [૨૩]



### (૮) ચોકારો :

મુસ્લિમોનું મહાપર્વ મહોરમ શ્રેષ્ઠ શહીદીને દર વર્ષે અંજલિ આપતું વિલાપ પર્વ છે. સેંકડો વર્ષોથી ઉજવાતી એ સંવત્સરીમાં હજી પણ વિલાપનું જ પુનરાવર્તન પ્રધાન પદે રહ્યું છે.

દર વર્ષે મુસ્લિમો ૧૩૦૦ વર્ષ પહેલાં કરબલાના રણમેદાનમાં મહમદ પયગંબરના નવાસા (દીકરી ફાતમાના પુત્ર:દોહિત્ર) ઈમામ હુસેન શહીદ થયા એ પાક પ્રસંગને



મહોરમના દિવસોમાં સંભારે છે. મહોરમના પહેલાં ચાંદથી દસમાં ચાંદ સુધીમાં શહાદતે કરબલાનો ભવ્ય ઈતિહાસ રચાઈ ગયો.

**તાજિયાની શરૂઆત :**

તુર્કસ્તાનનો સમ્રાટ તૈમુરલંગ દર વર્ષે મહોરમના આ દિવસો કરબલામાં ગાળતો, પણ એથી ઘણા દિવસ સુધી એ રાજકાજમાં પૂરું લક્ષ્ય ન આપી શક્યો. આથી ગેબી વાણીના કથન અનુસાર કરબલાના મેદાનમાં ઈમામ હુસેનની તુરબત (કબરો) પર આવેલ મકરબાનો નમૂનો દર વર્ષે પોતાની રાજધાનીમાં જ ફેરવી મહોરમના દિવસો વિતાવી, કરબલા જવાનોએ સંતોષ લીધો અને ત્યારથી મુસ્લિમોમાં આ દિવસોમાં તાજિયા ફેરવવાનો રિવાજ શરૂ થયો. હિંદ પર એણે ચડાઈ કરી ત્યારે સૌ પ્રથમ એણે દિલ્હીમાં આવા રત્નજડિત તાજિયા કાઢયા અને હિંદના મુસ્લિમોએ આ પ્રથાને આપનાવી લીધી. મુસ્લિમો બિરદારોમાં તાજિયામાં લેવાતા ચોકારા માતમનો જ એક પ્રકાર છે.

**પુરુષોના ચોકારાના પ્રકાર :**

પુરુષો પહેલા ચાંદથી દસ દિવસ સુધી તાજિયા રચાતા હોય તેની પાસેના કોઈ ચોકમાં ચોકારો લેવો શરૂ કરે છે.વચમાં નોબત,ઢોલ અને શરણાઈ વાગતા હોય છે. નોબત પર પ્રથમ દાંડી અમુક કુંટુંબના સભ્ય જ મારે તેવું હોય છે. નોબતના આ બોલને કોઈ કોઈ ઠેકાણે તળપદી ભાષામાં 'અભાભુ'કહેવામાં આવે છે. નોબતના તાલે તાલે પુરુષો ગોળગોળ ફરતા જાય, અંદર બહાર આવતા જાય અને હાથના સ્નાયુઓ (બાવડે) પર કૂટતા જાય છે. જયારે ચોકારો પૂરો કરવો હોય ત્યારે 'દૂધ મલીંદર, મસ કલીંદર' એવા વહેતા તાલે નોબત વગાડે અને સહુ ચોકારો મુકી એક પગે લાંબી ડાંફે દોડતા-કૂદતા ચકરાવા ફરવા લાગે છે અને ચોકારો પૂરો થાય છે. નોબતના અન્ય બોલોને 'ચોકારાના ચંગચોક' 'ટન્ડામુન્ડા ત્રણ ચોક' એવા શબ્દો અપાય છે.

નોબતની સાથે શરણાઈઓવાળા માતમના સૂરો ઘુંટતા જાય છે. શરણાઈઓવાળાને આ દસે દિવસ રોકી રખાય છે. જયારે ચોકારાને ચગાવવો હોય ત્યારે માતમના ઢાળ મુકી તેઓ એક સૂરે ઊંચા અવાજે શરણાઈ ફૂંકે છે, તેને સિંધૂડો કહે છે. છેલ્લે દિવસે શરણાઈઓવાળાને ખૂબ ગળું ખેચવું પડતું હોઈ ઘી પાવામાં આવે છે.

ગામમાં બે-ત્રણ ઠેકાણે ચોકારો લેવાતો હોય તો એક ચોકવાળા બીજા ચોકે જાય, પણ જતા પહેલાં સહુ એક સ્થળે ભેગા થાય પછી ઢોલના તાલે તાલે પાછા પગે કૂદતા જાય, હવામાં હાથ વીંઝતા જાય અથવા હાથમાં લીધેલ લાકડીઓ વગેરે ઘૂમાવતા જાય છે. આને 'ખાંડુ મોકલ્યુ' એમ કહે છે.

નવમા ચાંદની મધરાત વીત્યે તાજિયા ચોક વચ્ચે લાવીને

મૂકવામાં આવે છે. આને 'તાજિયા પડમાં આવ્યા' કહે છે. એ સમયે વિશેષ જોરથી ચોકારો લેવાય અને કૂટાય છે. આ રાતને કતલની રાત કહે છે, કારણ કે તે દિવસે ઈમામ હુસેન શહીદ થયા હતા.

દસમા ચાંદની સવારે તાજિયા પાસે આવેલી માનતાઓ પતી ગયા પછી તાજિયાને સરઘસ કાઢી ગામમાં ફેરવવામાં આવે છે. આ સરઘસમાં સૌ પ્રથમ 'ઝૂલ્ફીકાર' ફેરવવામાં આવે છે. ઝૂલ્ફીકાર ઈમામ હુસેનની તલવારનું નામ હતું. આ સોનાની અથવા રૂપાની ઝૂલ્ફીકાર ને હાથમાં લઈને એક પછી એક મુસ્લિમો છલાંગ મારતા એક પગે ગોળ ચકકર ફરતા જાય છે અને એની આસપાસ યુવાનો ચોકારો લેતા જાય છે.



તેની પાછળ અન્ય મુસ્લિમોના સમૂહો ચોકારો લેતા હોય છે. ચોકારામાં હુસો...હુસો..ચૈયક...ચૈયક...એલી....એલી.... એવા અસ્પષ્ટ શબ્દો બોલતા જાય છે. એ પછી લાકડી, પટ્ટા, બનેટી, ભાલા, તલવારો, જમૈયા વગેરે મર્દાની રમતો ખેલાય છે. રમતની શરૂઆત તાજિયાના ગુંબજને સલામ કરીને જ સહુ કરે છે. જો રમતાં રમતાં પાઘડી પડી જાય તો એ પાઘડી ઢોલીને આપી દેવી પડે છે. રસ્તામાં કયાંક કયાંક વિસામો ખાતા જાય છે. એક સ્થળે આરામ લીધા બાદ ઉપડતી વખતે 'યા હુસેન' ના પોકાર સાથે ચાલવું શરૂ કરે છે. દેશી રાજય હોય તો દરબાર ગઢમાં જઈને હુલ ચોકારો વગેરે લે. નાનું ગામ હોય તો પ્રતિષ્ઠિત માણસને



ત્યાં જઈ ચોકારો લે. ઈસા (સાંજ)ની નમાઝ બાદ તાજિયા ગામ બહાર લઈ જવાનું શરૂ કરે છે. જેમ જેમ તાજિયાને અટકવાના સ્થળ પાસે આવતા જાય તેમ તેમ પુરુષોનો ચોકારો જોર પકડતો જાય છે.

દસમા ચાંદ બાદ એક દિવસ આરામ લઈને બારમા ચાંદને દિવસે ઈમામ હુસેનનો 'જયારત'નો દિન આવે છે. 'શેષઃ ન્યાજ 'વગેરે વહેચે છે અને રોંઢા ટાણે (બપોરે) ચાર-પાંચ વાગે ચોકારો લે છે. [૨૪]

### (૯) સીદી ધમાલ :

સીદી ધમાલ ગુજરાતનું આગવું ગૌરવપ્રદ નર્તન છે. જે આફ્રિકાના 'ગિલનર્તન' પ્રકારનું મનાય છે.

વિશાળ આફ્રિકા ખંડના વિવિધ દેશોમાંથી વિચરણ પામેલી હબસી-સીદી જાતિ વિશ્વના દરેક દેશમાં વસવાટ કરે છે. ખડતલ કોમ હોવાથી કાળા રંગના સીદીઓને સૈનિક તરીકે, સાહસિક વહાણવટી તરીકે અને ગુલામો બનાવીને આ જાતિનું જગતનાં જુદા-જુદા દેશોમાં સ્થાન રહ્યું છે.

ભારતમાં 'સીદી'ઓનું આગમન ઈ.સ. ૧૨૯૭માં અલાઉદ્દીન ખીલજીનાં આગમન સાથે લડાયક સૈનિકો તરીકે થયેલું હતું. ભારતમાં આવેલા સીદી ઉત્તર આફ્રિકાથી આવેલા છે, જેમાં સુદાન, અલ્જીરિયા, મોરેક્કો, ટયુનિશિયા, લિબિયા, તાન્ઝાનિયા, યુગાન્ડા અને ઝાંઝીબારથી સીદીઓ દરિયા માર્ગે વહાણવટી તરીકે આવેલા છે.

તેમાનાં કેટલાક પોતાની વફાદારી, શિકારની પ્રવીણતા, હોશિયારી તથા બુદ્ધિચાતુર્યથી મુસ્લિમ રાજકર્તાઓ, નવાબો યા સૂબાઓના મન હરી લઈ ઊંચી પાયરીએ પહોંચી, સૂબા તથા સેનાપતિ તરીકે કામ કરતા થયા હતા. નિઝામુમુલ્કના સમયમાં સીદી અંબર બીન સાનક એક મોટા સરદાર હતા. જંજીરા, સચીન અને જાફરાબાદ રાજ્યો છેક શિવાજીના સમયથી સીદી નવાબોની હકૂમત નીચે હતા.

ગુજરાતમાં સીદીઓનો વસવાટ ઈ.સ. ૧૪૦૭માં મુસ્લિમ સંત મશહૂર બુઝર્ગ શેખ સૈયદી મુબારક હજરત 'બાવાગોર' રફાઈ (રહે.અલ) નાં આગમનથી થયેલો છે. તેઓ મૂળ સુદાન (આફ્રિકા) ના કસબાનાં ગામ ગૌરીનાં વતની હતાં. તેથી તે સંતનું નામ બાવા ગૌરી તરીકે પ્રસિદ્ધ છે. તેઓ હબસનાં હોઈ તેમનાં ભાઈ હજરત શેખ બાબા ગાઝી હબસથી 'હબસી' તરીકે રહેલ છે અને તેમનાં બહેન બીબી માય મીસરા તરીકે ઓળખાય છે. પશ્ચિમ ભારતનાં તમામ સીદીઓનાં 'ગુરુ' પીર બાવાગૌર છે.

હજરત બાબાગોર (રહે.અલ) દક્ષિણ ગુજરાતમાં ભરૂચ પાસે 'ઝઘડિયા' ગામની બાજુમાં રતનપરની ખાનકા સ્થાનકથી થયેલ છે અને સીદીઓ ગુજરાતમાં સ્થાયી વસવાટ કરી પશ્ચિમ ભારતમાં ફેલાયેલા છે.

ગુજરાતમાં ભરૂચ, અમદાવાદ, વડોદરા (ઝઘડિયા-રતનપુર-રાજપીપળાનાં જંગલો), સૌરાષ્ટ્રમાં રાજકોટ, ગોંડલ, જામનગર વગેરે તથા ગીર જંગલમાં જાંબુર તથા સિરવાણ, કચ્છમાં ભુજ, માંડવી, ભચાઉ, રાપર, વાગડમાં તેમની વસ્તી જોવા મળે છે. ગુજરાતનાં ભરૂચમાં તેમનાં





મોટા સંત બાવાગોર સાહેબની તથા તેમનાં પરિવારજનોની દરગાહ (છિલ્લા) આવેલી છે. સૌરાષ્ટ્રમાં જામનગરમાં સૌથી મોટી નાત આવેલી છે.

ભારતમાં સીદી જાતિનાં લોકોમાં ૯૦% ઈસ્લામ ધર્મ પાળે છે અને જે જે પ્રદેશમાં રહે છે તેની પ્રાદેશિક ભાષા બોલે છે.

સીદી જાતે મુસલમાન, પીર-પેગંબરમાં જ માને, પણ આ ભૂમિના વસવાટે તેમજ હિંદુઓ સાથેના લાંબા સંપર્કે એમની રહેણીકરણીમાં અહીંનો પણ વળોટ આવી ગયો છે. હિન્દુઓના દેવ-દેવીઓમાં પણ તેઓ માને છે. કેટલાક સીદીઓના શરીરે હજી હબસીઓનુ અસલી તોખમ જાળવી રાખ્યું છે, પણ મોટાભાગના લોકોના શરીર, વાળનો વળાંક અને મુખરેખાઓમાં પણ ઠીક ઠીક ફેરફાર થઈ ગયો છે. આ સીદીઓએ જંગલનું નૃત્ય સ્વરૂપાંતરે જાળવી રાખ્યું છે. સીદીઓએ વંશપરંપરાની આગવી અને ભાતીગળ નૃત્ય (Folk Dance) ગોમા (ધમાલ)ની કળા જાળવી રાખી છે. સીદી ધમાલ નૃત્ય-શ્વાસ, રોકાઈ જાય તેવું, તલ્લીન કરી દેતું અને તલ્લીન બનીને થતું નૃત્યગાન છે.

સીદી લોકો જે નર્તન કરે છે તેને 'ધમાલ' કહેવામાં આવે છે. દર ગુરૂવારે કે પીરના વાર-તહેવારે, દર મહિનાની અગિયારસે કે સુદ બીજને દિવસે નર્તન કરે છે. નર્તન કરનારા પશુઓના જુદા જુદા ચામડાઓ પહેરે છે. પક્ષીઓના પીછાં માથે અને હાથે બાંધે છે, શરીરે મેશ અને રંગ લગાડે છે, ઢોલક, શરણાઈ, મોટા ઢોલ, મુસીરા સાથે ગોળાકાર ધમાલ નર્તન કરે છે.

મશીરા કે મુસીરા એટલે નાળિયેરની આખી કાચલીમાં કોડીઓ ભરી એના પર લીલું કપડું વીટાળીને એ તાલબદ્ધ ખખડાવે છે, તેને મશીરા/મુસીરા કહે છે. નાના ઢોલકાને ધમાલ, સારંગી જેવા વાદ્યને ઝૂન ઝૂન અને સ્ત્રીઓના વાદ્યને 'માઈમીસરા' કે 'લેલાની' કહેવામાં આવે છે. શ્રી ઈન્દ્રશંકર રાવળના જણાવ્યા પ્રમાણે, 'મુલંગો' સીદીઓનું તાંત અને પાતળી લાકડીનું ધનુષ જેવું વાદ્ય છે. સીદીઓના ગાયન અને નર્તનમાં તાલ અને સ્વર આપવાનું કામ કરે છે. તેની પાછળની તુંબડીનો પવાલો તેના વાદનમાં જુદા જુદા ધ્વનિના ચમત્કારિક આભાસ આપી વાદનને જોમવંતુ બનાવે છે.

મોરપીંછનો ઝૂડો અને નાનાં નાનાં ઢોલકાં એ એમનાં સાધન છે. એમનું નૃત્ય પણ ગોળાકારનું જ છે. ગોળ ગોળ



ફરતા જાય, એક સરખા અવાજે ઢોલકાં વગાડતા જાય અને હોકારા કરતા ગાતા જાય.

સહુની આગળ સીદીઓનો મુખી ગાતો ને ગવરાવતો જાય, ઠેક મારતો જાય અને બધા સીદીઓની માથે મોરપીંછનો ઝૂડો ફેરવતો જાય છે. બધા સીદી ગીત ઉપાડતા જાય ને ઢોલકાં વગાડતા જાય છે. સીદીઓના કંઠ પણ ઘોઘારી હોય છે. એક સામટા ગાતા હોય ત્યારે પહાડ-જંગલમાંથી ઘેરા પડછંદા ઉઠતા હોય એવા ટૂંકા આરોહ-અવરોહનો 'હો' 'હો' નાદ ઘોરતો હોય છે. એક તો એમના શરીરનો વાન, બીજું એમનાં શરીર, ત્રીજો એમનો નાદ અને ધમાલમાં વાગતાં ઢોલકાંઃ આ બધુ એક સાથે શરૂ થાય ત્યારે જોનારાને સાંભળનારાના રૂવાડાં ઊભા થઈ જાય છે.

હોકારાના ગાન સાથે વર્તુળમાંથી એક સીદી બગલમાં ઢોલકું દબાવતો, માથે થાળી મારતો ફરંટી ખાઈને વચમાં કૂદે છે. એક પગ ઉપર આહુ શરીર નાખી ફરંટી ખાતો ખાતો હમણા જાણે પડશે, હમણા પડશે એવો દેખાવ કરતો, કૂદકો લઈને ભરતનાટ્યમના પોઝમા ઊભો રહી કેડ અંદર વાળી, છાતી, દાઢી ને ગરદન ટટ્ટાર રાખી મુખના ચિત્રવિચિત્ર હાવભાવ કરતો આગળ વધે છે. ઢોલકા વાગતા રહે છે. સમુદ્રગાનના હોકારા સાથે મશીરા ખખડતા રહે છે ને વચમાં વિચિત્ર હાવભાવ કરતો સીદી ઠેક મારતો અને ફરંટીઓ ખાતો જ રહે છે.



એક થાકે અને ઢોલક માથે અંતરે અંતરે વિચિત્ર મુખાકૃતિ સાથે ઠેક મારતો મારતો પાછો ફરે ત્યા બીજો સીદી છલાંગે છે. આમ એક પછી એક સીદીઓ પોતાની તાકાત અને વિચિત્રતાનું દર્શન કરાવતા રહે છે. એમની પ્રચંડ તાકાત, શરીર ઉપરનો અસાધારણ કાબુ, પશુઓ અને પંખીઓ જેવી એમની ચાલ અને વિચિત્ર મુખમુદ્રાઓ ભયાનક રસ ઊભો કરે છે. ઘણીવાર સીદીઓના પડછંદા પાડતા ધોધ જેવા હોકારથી નબળા દિલનો પ્રેક્ષક ધ્રૂજવા પણ માંડે છે.

થોડીવારે સીદીઓનો મુખી કે આગેવાન મેદાનમાં આવે છે. હાથમાં મશીરો ઢોલકના તાલ સાથે વગાડતો ,ગાતો જાય ને ગોળ ગોળ અને આગળ-પાછળ નાચતો જાય છે. ધમાલના એમના ગીત પણ તદ્દન ટૂંકા, પ્રાથમિક ને બેથી ત્રણ સ્વરના હોય છે.

એક જણો ગવરાવે કે, લે લે લોંકડી !

બીજા બધા બાકીની કડી બોલે : લેતી જા !

પાછો મુખી ગાયઃ પટેલના ચીભડા !

બીજો પુરું કરેઃ ખાતી જા !

પટેલના વાડામાં લોંકડી ચીભડા ખાતાં કયાંક સલવાઈ રહી હશે ને પછી લોંકડીની જોયા જેવી દશા થઈ હશે (સૌરાષ્ટ્રમાં એને 'લોકંડી ખબેડે પડી' કહે છે) આવી સ્થિતિમાંથી આનંદ લેવાનું ગીત ઊભુ થયું ને એમની ધમાલમાં ઉતર્યુ. આમ ગીતની સાથે ધમાલને

જોઈએ તો હાસ્યમિશ્રિત ભયાનક લાગે. વિચિત્ર મુખમુદ્રામાં પ્રયત્નો બધા કથકલી જેવા હોય છે. મુખના એક એક અવયવનું ચલન સીદીઓ કરે છે. નેણ હલાવે, ડોળા હલાવે, નાક ને કાન પણ હલાવે, ગાલની પેશીઓ અને હોઠ પણ હલાવે અને સાથે સાથે વિચિત્ર અવાજો પણ કરે છે. એમના શરીરની છટા, વર્ણ અને હાવભાવની એકરૂપતા જંગલના જીવનની યાદ આપે છે. આ ધમાલમાં ચલન અને હાવભાવને થોડુંક શાસ્ત્રીય સ્વરૂપ આપ્યું હોય તો કથકલીનું તાંડવ સ્વરૂપ સર્જાય, અલબત રૌદ્ર-ભયાનક તો રહે જ છે.

આફ્રિકામાં વસતા આદિવાસીઓ શિકાર કરવા જતાં પહેલાં તથા શિકાર મળ્યા પછી આનંદમાં આવી જે પ્રકારનું નૃત્ય તથા હાવભાવ કરે છે, તેની ઝાંખી સીદી લોકોના ધમાલ નૃત્યમાં દેખાય છે. અગાઉના સમયમાં રાજવીઓ ધમાલ નૃત્યને પ્રોત્સાહન આપતા. સ્ત્રી-પુરુષોની અલગ અલગ ટુકડી સમૂહમાં જુદી જુદી પદ્ધતિએ નૃત્ય કરતાં હોઈ, ધમાલ નૃત્ય ભવ્ય બને છે. [૨૫]

### (૧૦) ગેરનર્તન-ઘેરૈયા નર્તન :

'ગેર' શબ્દ કયાંક 'ઘેર' પણ કહેવાય છે. આ ગેર નૃત્ય મારવાડમાં વધારે લેવાય છે અને મારવાડમાંથી ઉતરીને જયાં જયાં વેપારી સિવાયના મારવાડીઓ પહોચ્યાં ત્યાં ત્યાં ગેર નૃત્ય પહોચ્યું છે. એ રીતે કચ્છમાં, સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં પણ જયાં મારવાડી રહે છે, ત્યાં ગેર લેવાય છે.

ઘેરૈયા શબ્દનું મૂળ પણ કાંઈક એમાં જ છે. ગેર, ઘેર, ઘેરાવો, ઘેરો, ગોળ, ગોળાવો એ રીતે વિચારીએ તો ગોળાકાર અને ઘેરો અથવા ટોળું એમ એનો અર્થ નીકળે. ગોળાકાર એટલે વર્તુળાકારે લેવાતા નૃત્યો. સામાન્ય રીતે થોડાંક નૃત્યોને બાદ કરતા લગભગ બધાં લોકનૃત્યો ગોળાકારે જ લેવાય છે.

રાજકોટના ભીલો મૂળ બસો વર્ષ પૂર્વે મારવાડ તરફથી આવીને વસેલા છે. એ વાસની ભીલ બહેનો ગેર સાથે જે ગીત ગાય છે તે સાંભળવાથી ગેરની ગતિ-લયનો થોડો ખ્યાલ આવે છે.

**ઝાંઝરિયા ઘડાવો દેવર**
**વાહ વાહ દેવર મારો રે.**

આ ગીત ગેર લેવાતો હોય ત્યારે ઢોલની સાથે ગવાય છે. ગેરનું નૃત્ય આખી પરોણીથી લેવાય છે. આખા શરીરને આગળના ભાગમાં ફેરવવું, તોળીને એક, બે, ત્રણ-ચાર એમ છટક સાથે પગલાં ઉપાડે છે. પગે ઘુઘરા બાંધ્યા હોય છે. તીરછા તોળેલા શરીરમાં પાછળ ચાલ્યા આવતા ગેરૈયા પરોણીના તાલમાં જે અંગભંગ કરે છે તે એટલું અદ્‌ભુત અને મનોરમ્ય હોય છે કે શાસ્ત્રીય નૃત્યવાળાને પણ થોડું વસમું પડે. કેટલીક બહેનો સીધી ચાલે અંગને અર્ધ ગોળાકારે સુંદર ઝટકાથી ફેરવતા જઈને શરીરને સ્થિર રાખીને ગેર લે છે. એની ફીરત દીલ બહેલાવવાની હોય છે. ભીલ જુવાનો પણ ગેર નૃત્યમાં પ્રવીણ હોય છે. બહેનો અને ભાઈઓમાં વેગને બાદ કરતા નૃત્ય પદ્ધતિ એક સમાન હોય છે.

ગેરની અદામાં અને અંગભંગમાં થોડા થોડા પ્રાદેશિક ભેદ આવી ગયા છે, પણ ચુડા-રાણપુરના ઘાંચી અને વોરા લોકોમાં ગેરનો આખી પરોણીથી લેવાતો નૃત્યપ્રકાર કયાંથી આવ્યો તે સંશોધન માગી લે છે.[૨૬]

**પાદટીપ :**

(૧) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૦૧
(૨) આપણી લોકસંસ્કૃતિ - પૃ. ૧૦૮
(૩) આપણા રાસ-ગરબા - પૃ. ૮૬
(૪) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૦૨
(૫) આપણા રાસ-ગરબા - પૃ. ૮૭
(૬) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૦૨ - ૨૦૩
(૭) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૦૩
(૮) આપણા રાસ-ગરબા - પૃ. ૮૬
(૯) આપણા રાસ-ગરબા - પૃ. ૯૦-૯૧
(૧૦) આપણી લોકસંસ્કૃતિ - પૃ. ૧૦૯
(૧૧) આપણા રાસ-ગરબા - પૃ. ૯૧
(૧૨) આપણા રાસ-ગરબા - પૃ. ૯૪
(૧૩) આપણા રાસ-ગરબા - પૃ. ૯૩-૯૪
(૧૪) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૦૩-૨૦૪
(૧૫) આપણા રાસ-ગરબા - પૃ. ૯૫
(૧૬) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિ વૈભવ - પૃ. ૨૦૪-૨૦૫
(૧૭) આપણા રાસ-ગરબા - પૃ. ૯૫
(૧૮) આપણા રાસ-ગરબા - પૃ. ૭૨
(૧૯) આપણી લોકસંસ્કૃતિ - પૃ. ૧૦૮
(૨૦) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૦૫
(૨૧) આપણા રાસ-ગરબા - પૃ. ૯૬
(૨૨) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૦૦
(૨૩) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - પૃ. ૨૦૦-૨૦૧
(૨૪) આપણી લોકસંસ્કૃતિ - પૃ. ૩૪૮ થી ૩૫૫
(૨૫) આપણા રાસ-ગરબા - પૃ. ૧૦૯ થી ૧૧૨
(૨૬) આપણા રાસ-ગરબા - પૃ. ૯૬-૯૭



# કચ્છનાં લોકનૃત્યો ૮

“સંસ્કારસેતુ સમાન કચ્છ પ્રદેશમાં જુદા-જુદા સમયે, જુદી જુદી અનેક માલધારી તથા લડાયક જાતિઓ આવીને સ્થિર થઈ. સરહદી અને પછાત છતાં સંસ્કૃતિની દૃષ્ટિએ વિશિષ્ટ એવા આ મુલકની જુદી જુદી લાક્ષણિકતાઓ અને તેના લોક જીવનનાં વિવિધ પાસાંઓમાં આગવું અને અનોખું એવું ભાતીગળ રૂપ ધરાવે છે - અહીંના લોકનૃત્યો.”

**- કચ્છ અસ્મિતા**

“ઢોલવાગે ને અંગ ચમકે તેમજ ઢોલ વગર અંગ ન વળે એવી રાસ રમનારાઓની ઢોલવાદ્ય તથા તેના વાદનની અનિવાર્યતા સાથે વણાયેલો હૃદયનો ભાવ છે. રમનારાઓનું ઢોલ અને તેના તાલવાદન સાથેનું તાદાત્મ્ય એટલું બધું હોય છે કે અન્ય જગ્યાએ ઢોલ વાગતો હોય તો રમી શકનારના અંગો તે સાંભળીને ચમકી ઊઠે.”

**- મીરાંબહેન આહિર**

કોઈ પણ પ્રદેશની અસ્મિતાને શબ્દોની ટૂંકી વ્યાખ્યામાં કેદ કરવી મુશ્કેલ છે. જે તે પ્રદેશની ભૌગોલિક વિશિષ્ટતાઓ અને આબોહવાની ભિન્નતાનાં પ્રભાવ હેઠળ એનાં લોકજીવનની અલગ તરાહ ઘડાય છે અને સમય જતાં એમાંથી લોકસંસ્કૃતિ જન્મે છે. એનાં અસંખ્ય પાસાં અને પેટા પાસાં છે. આ બધાં પાસાં જેમ રંગીન કાચના ટુકડા કેલિડોસ્કોપમાં નાખતાં જ એક સુંદર, સુવાંગ ભાત સર્જાય છે તેમ ભેગા મળીને સંબંધિત પ્રદેશની એક આગવી પિછાણ ઊભી કરે છે. આ પિછાણ એ જ એનું અલગ વ્યક્તિત્વ કે પ્રદેશપણું છે. એ જ એની અસલીયત છે અને એ જ તો છે એની અસ્મિતા.

સંસ્કાર સેતુ સમા કચ્છ પ્રદેશમાં જુદા જુદા સમયે અનેક લોકો આવી વસ્યા છે. કચ્છ એટલે મૂળે તો માલધારીઓની વસાહત. અહીં પુષ્કળ ચરીઆણ મળી રહેતું તેથી જુદા જુદા લોકો પોતાનાં પશુધન સાથે અહીં આવતા રહ્યા. ત્યાર પછી જુદી જુદી અનેક લડાયક જાતિઓ જુદા જુદા સમયે સિંધ, થરપાકર, રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને ગુજરાતથી અહીં આવી અને સ્થિર થઈ. સરહદી અને અંતરિયાળ છતાં સંસ્કૃતિની દૃષ્ટિએ વિશિષ્ટ એવા આ મુલકની જુદી જુદી લાક્ષણિકતાઓ



અને તેના લોકજીવનનાં વિવિધ પાસાંઓમાં આગવું અને અનોખું એવું ભાતીગળ રૂપ ધરાવે છે, અહીંના લોકનૃત્યો.[૧]

જામનાં રાજ્ય વખતથી કચ્છનાં મૂળ લોકનૃત્યો કચ્છી ચક્કર, કચ્છી ચોતાલો, ચક્કર ભમેટી અને ચક્કર ગદકા અસ્તિત્વમાં છે. કચ્છનાં વિસ્તારોમાં વસતી વિવિધ જાતિઓએ પોતાના રીત-રિવાજ અને પરંપરા પ્રમાણે તેનું રૂપ બદલ્યું છે.

કચ્છનાં મૂળ લોકનૃત્યો કે જે કચ્છી ચક્કર, ચક્કર ચોતાલો, ચક્કર ભમેટી અને ચક્કર ગદકા તરીકે જાણીતા છે તે બધાં જ નૃત્યો માત્ર પુરુષો દ્વારા જ કરવામાં આવે છે.

**કચ્છી તાલ :**

કચ્છમાં લોકનૃત્યમાં ખેલાતા જુદા-જુદા દાવ ને ‘રાંધ’ અથવા ‘રમત’ તરીકે ઓળખવામાં આવે છે. આ રમતો કચ્છના જુદા-જુદા ૩૬ (છત્રીસ) તાલ પૈકી, ૨૮ (અઠ્યાવીસ) તાલ પર રમવામાં આવે છે. બાકીના ૮ (આઠ) તાલ માત્ર ગાયકીના તાલ છે, જેના પર રમી શકાતું નથી. અઠ્યાવીસ તાલ પર રમાતી રમતોનું વર્ગીકરણ આ પ્રમાણે છે.

૪ રમત મૂળ કચ્છી ચક્કર
૭ રમત આયરોની
૭ રમત જતની
૩ રમત ક્ષત્રિયો - જાડેજા - ભાયાતોની
૭ રમત દરેક જ્ઞાતિમાં લગ્ન વખતે ઘડી ભરાય ત્યારે લેવાતી ‘ઘડી રાંધ’

કુલ - ૨૮

**કચ્છી ચક્કર :**

આ એકલ નૃત્ય છે. એક વ્યક્તિ રમે છે, ઢોલ અને શરણાઈની સંગત સાથે છ માત્રાનો તાલ અને આ તાલનું નામ જ કચ્છી ચક્કર. મહોરમનું પર્વ, મેળા, દિવાળી પર્વ તથા અમુક જ્ઞાતિઓમાં લગ્ન પ્રસંગે પણ રમાય છે. કચ્છી ભજન અથવા કચ્છી કાફી જે છ માત્રાનાં હિસાબે વગાડવામાં આવે છે અને તિહાઈ સાથે પૂરું થાય છે.

યુદ્ધ ભૂમિમાં આઠ દુશ્મનોના ઘેરા વચ્ચે ઘેરાઈ જાઓ ત્યારે પોતાનો બચાવ કેવી રીતે કરવો, તે સમયે તલવાર કે લાઠી એવી રીતે ફેરવવામાં આવે છે કે ઘેરાનો, સામેવાળાનો કે દુશ્મનનો પ્રહાર રોકી શકાય અને પોતાની જાતને સુરક્ષિત રાખી શકાય તે ધ્યાનમાં લઈને રમત રમાય છે. જેને મહાભારતનાં યુદ્ધમાં અભિમન્યુએ પસાર કરેલા સાત કોઠાના સંગ્રામ સાથે સરખાવી શકાય. કચ્છમાં સ્થળાંતર કરી આવેલી એક બીજી જાતિ વચ્ચેનો સંગ્રામ હોય કે ‘કચ્છ જો કુરૂક્ષેત્ર જારો’ ઝારાના યુદ્ધમાં વતન પ્રેમ માટેનો સંગ્રામ હોય, એકલવીર દ્વારા ખેલાતી આ કચ્છી ચક્કરની રમતને કચ્છની ૯૧૫ જાતિઓના વતન પ્રેમનું નૃત્ય કહી શકાય. દરેક જાતિ પોતપોતાની વેશભૂષામાં આ રમત (તાલ) રમે છે.



**ચક્કર ચોતાલો :**

વીર રસનો અનુભવ કરાવતું આ નૃત્ય, સ્વજાતિ પરંપરાગત વેશભૂષામાં એક તથા એકથી વધારે એમ સાત વ્યક્તિ સુધી આ રમત

રમાય છે, જેમાં સાતે સાત એક-બીજા સાથે લડતા રહે છે અને પોતપોતાનો બચાવ કરે છે. ૧૪ (ચૌદ) માત્રાના તાલમાં ઢોલ અને શરણાઈ સાથે કથ્થક શાસ્ત્રીય નૃત્ય શૈલીનો પ્રભાવ જોવા મળે છે. શાસ્ત્રીયતાનાં બંધન સાથે આ નૃત્ય થાય છે. 'ઝૂમરા' નામનો તાલ વગાડાય છે. એક વ્યક્તિ ચક્કર ચોતાલો (રમત) લેતો હોય તો ૧૪ (ચૌદ) ને બદલે ૭ (સાત) માત્રાનો તાલ થઈ જતાં ૮ (આઠમી) ખાલી બતાવવી પડે, ફેરી આવે (પુનરાવર્તન) ત્યારે ૮મી ખાલી માત્રાથી પાછું ફરવું પડે છે. (પાંચાળ - તરણેતરનાં મેળામાં રમાતા હુડોની જેમ) વાદ્યમાં ઢોલ, નોબત અને શરણાઈની સંગત હોય છે. આડો ચોતાલો પણ રમાય છે. લોક અને શાસ્ત્રીય શૈલીનું મિશ્રણ થતાં તેનું મૂળ સ્વરૂપ ફરી ગયું છે. વર્તમાન સમયમાં ચક્કર ચોતાલો ખૂબ જ રમાય છે.

**ચક્કર ભમેટી :**

ભમેટી એટલે ભ્રમરી અથવા ભ્રમણ કરવું. બે લાકડીની ચોકડી બનાવી, વચ્ચેથી બાંધીને લાકડીના ચારે છેડા પર કપડાં બાંધીને, તેલ રેડીને આગ લગાડવામાં આવે છે. તેને વચ્ચેથી પકડીને ફેરવવામાં આવે છે. પોતાનાં અંગને કે દર્શકોને અડકે નહીં અને કોઈ ઈજા-હાની ન સંભવે તેની સાવધાની સાથે આ નૃત્ય કરવામાં આવે છે. ચક્કર ભમેટીને સળગતી લાકડીનો દાવ કહી શકાય.

યુદ્ધ સમયે અમુક સિપાહીઓ યુદ્ધ મેદાનમાં લડી રહ્યા હોય ત્યારે અમુક સિપાહીઓ તે લડનારા દુશ્મન પર નજર રાખી રહ્યા હોય. દૂર ટેકરી ઉપર ઊભેલા પહેરેગીરો દ્વારા આગની ચોકડી ફેરવીને દુશ્મનોના દળોના આવવાનો દિશા નિર્દેશ કરવામાં આવતો, દુશ્મનોની દિશા સ્થિતિની જાણ કરવામાં આવતી. વળી, છળકપટ કે દગાબાજીથી સૂતેલા દુશ્મનો પર રાત્રીનાં સમયે પ્રહાર કરતી વખતે પણ આ ભમેટી દ્વારા દિશા નિર્દેશ મળતો અને કરવામાં આવતો. પોરો આપનાર સિપાહી જ ભમેટી દ્વારા દિશા નિર્દેશ આપતા જેથી સૈન્યને જાણ થઈ જતી અને તે પ્રમાણે યુદ્ધ ખેલાતાં.

ચક્કર ભમેટીમાં વિશેષ રૂપે ઢોલમાં ૮ (આઠ) માત્રાનો તાલ જ સંગતમાં હોય છે. શરણાઈ સંગતનો કોઈ બાધ નથી, બંધન પણ નથી.

**ચક્કર ગદકા :**

ગદકાનો અર્થ છે ઉમંગ - હરખ, વારે - તહેવારે ભરાતા મેળાઓમાં સમૂહ વચ્ચે ચક્કર ગદકો વિશેષ કરીને ખેલાય છે. યુદ્ધમાં ન જઈ શકેલા કે ન ગયેલાનો યુદ્ધ ભૂમિ પર લડવાનો ઉમંગ કે હરખ આ નૃત્ય પૂરો પાડે છે. યુદ્ધ માટે યોદ્ધાઓને જે-તે પ્રદેશ કે ગામનો સેનાપતિ જે અભ્યાસ કરાવતો અથવા શિખવાડતો, યુદ્ધનું શિક્ષણ આપતો તે આ ચક્કર ગદકા. જેમાં ખાસ કરીને સામેવાળા - દુશ્મન પર પ્રહાર ન થઈ શકે તેમ હોય, ત્યારની સ્વબચાવની પદ્ધતિઓ શિખવાડવામાં આવતી.

દ્વન્દ્વ યુદ્ધની પ્રતિકૃતિ રૂપે હોઈ આ ચક્કર (રમત)માં એક વ્યક્તિ પણ નહીં અને ત્રણ વ્યક્તિ પણ નહીં, અનિવાર્યપણે બે અથવા બેકી સંખ્યામાં જ આ દ્વન્દ્વ રમત ગદકા ખેલાય છે. એક સમયે તેમાં હરણનાં શિંગડાં, દેશી ધોકા અને ભાલાનો હથિયાર તરીકે ઉપયોગ થતો, પરંતુ અત્યારે માત્ર લાકડીથી જ ખેલાય છે.

વાદ્ય સંગત ઢોલ અને શરણાઈની રહે છે તથા આ નૃત્ય (રમત)માં આઠ માત્રાનો સિંધૂડો તાલ જ વાગે છે.

**તાલ અને રાસની ઉચ્ચત્તમ અનુભૂતિની ઘટના : વ્રજવાણી**



યદુકુળનાં યાદવો સાથે જેની ઉત્પત્તિ કથા પુરાણ જોડે છે તે અહીં નાગનાં વંશજ, શ્રી કૃષ્ણ સાથે મથુરા છોડીને સૌરાષ્ટ્રમાં જતાં કેટલાક આહિરો કચ્છના વાગડના પ્રાથળ વિસ્તારમાં રોકાઈ ગયા અને વ્રજવાણી નામે ગોકુળિયું ગામ ત્યાં વસાવ્યું હતું.

આજથી પાંચસો વર્ષ પૂર્વે વ્રજવાણીમાં ગાયો, ભેંસો વગેરે વિપુલ પશુધનનાં માલિક આહિરોની વસ્તી પુષ્કળ હતી.

અક્ષય તૃતિયા એટલે આવતા વર્ષનાં વરસાદનાં શુકન જોવાનો શુભ દિવસ. વરસાદના વરતારાનાં શુભ શુકનને ઉત્સવની જેમ વધાવવા આહિર રમણીઓ ઢોલીના ઢોલ પર રાસની રમઝટ બોલાવતી હતી.

ગોકુળની ગોપીઓ જેમ કનૈયાની બંસી પર ઘેલીતૂર હતી, તેમ વ્રજવાણીની આહિરાણીઓ ઢોલીના ઢોલ પર દિવાની હતી. ઢોલીના ઢોલનો અવાજ કાને પડતાં એમનાં હૈયાં હાથમાં રહેતાં નહીં.

ઢોલનો બજાવનાર ઢોલી વ્રજવાણી ગામનો જ હતો. ઢોલની તાલીમ એને ગળથૂંથીમાંથી જ મળી હતી. ઢોલની બોલી પર બાળપણથીજ એને અજબ જેવો પ્રેમ બંધાઈ ગયો હતો. ઢોલ પાસેથી જાત જાતની બોલી બોલાવી શકતો, હસાવી શકતો, રડાવી પણ શકતો. ઢોલના તાનમાં તે સંસાર ભૂલી જતો.

સાંજ પડી ને ગોધન સીમમાંથી પાછું ફર્યું. આહિરો પણ પોતપોતાનાં ઘરે પહોંચી ગયા અને અહીં રહી માત્ર રાસ રમનારી રાસ રમણીઓ! એમની દુનિયા આજે જુદી જ હતી. ગળે વળગેલી સાંસારિક જવાબદારીઓ આજે કોઈને યાદ આવતી ન હતી.

અર્ધી રાત વીતી ગઈ, પરંતુ અહીં તો એ જ ઘડી ચાલતી હતી. ગામના પાદરે ઢોલીનો ઢોલ અનેક તાન પલટા લેતો ધ્રુસકી રહ્યો હતો. આ અલૌકિક આનંદને છોડી દઈને ઘરની ઝંઝટમાં પડવાનો ખ્યાલ સુદ્ધાં આજે એમને આવતો ન હતો. વ્રજવાણીએ આજે જાણે વ્રજભૂમિનો અવતાર ધારણ કર્યો હતો. કનૈયાની બંસીને બદલે આજે અહીં ઢોલીનો ઢોલ ગાજતો હતો.

પ્રભાતનો ઉજાસ થવા છતાં પણ ગોકુળની ગોપીઓ પેઠે ઘેલી બનેલી વ્રજવાણીની આહિરાણીઓ ઢોલીના ઢોલ પર ઘૂમી રહી હતી. કોકિલકંઠી રસ-રાણીઓનો તીણો અવાજ દશે દિશાને ગજવી રહ્યો હતો.

વ્રજવાણીમાં ઘેર ઘેર અવ્યવસ્થા સર્જાઈ ગઈ હતી. આહિરોની ધીરજ ખૂટી. આ ઢોલી આજે 'અઢી અખરો' દેખાતો હતો. પોતાની ભોળી ભામિનીઓને ભમાવી રહેલા ઢોલીના કટકા જ કરી નાંખવાનો ભયંકર નિર્ણય લેવાઈ ગયો.

ગાનતાનમાં મસ્તાન બની મહાલી રહેલી આહિરાણીઓ એક જ તાલે ઢોલ પર ઝૂલી રહી હતી અને ઢોલી પણ ઝૂલી રહ્યો હતો.

આહિર યુવાનોએ તક સાધીને એક જ ઝાટકે ઢોલીનું મસ્તક ઉડાડી દીધું. રણમેદાનમાં લડતો શૂરો પુરુષ જેમ લડતો રહે તેમ ઢોલીના હાથ થોડો વખત ઢોલ પર પડતાં રહ્યા; પણ તાલમાં ભંગ પડી ગયો.

તાલમાં ફેર પડતાં આહિરાણીઓએ બેતાલ જતા ઢોલી પર એકી સાથે દૃષ્ટિ ફેંકી, પણ અહીં તો ઢોલી પોતે જ ક્યાં હતો ? રંગમાં ભંગ પડ્યો. માથા વગરના ધડનાં હાથમાં રહેલી દાંડી હજુ રહી રહીને ઊંચે ઉપડતી હતી અને નીચે પડતી હતી. દુનિયાથી દૂર થઈ ગયેલો ઢોલીનો આત્મા હજુ જાણે ઢોલ વગાડી રહ્યો હોય એમ લાગતું હતું. જેના ઢોલ પર જીવનભર આનંદ માણ્યો હતો, એવા એમના સાચા પ્રેમના પાત્ર ઢોલીને અહીં આ સ્થિતિમાં પડતો મૂકીને એકે આહિરાણી ઘેર જઈ, ઘરની જંજાળમાં જોડાવાને તૈયાર ન હતી. ઢોલીનાં મૃત્યુએ એમનાં જીવનના આનંદને ઉડાડી દીધો. ઢોલી વગરનું એમનું જીવન એમને શૂન્ય જણાવા લાગ્યું.

સાત વીસું (એક સો ચાલીસ) સતીઓનાં શરીરે હવે સત ચડ્યું. તમામ આહિરાણીઓએ એમના જીવનભરનાં પવિત્ર મિત્ર ઢોલી પાછળ અગ્નિસ્નાન કરવાનો દારૂણ નિર્ણય લીધો. ગામને પાદરે આવેલા સરોવરનાં કિનારા પર આ રાસ રમતનાં મેદાનમાં જ મોટી મોટી ચિતાઓ ખડકાઈ અને આહિર સુંદરીઓ પોતાનાં પવિત્ર પ્રેમપાત્ર ઢોલી સહિત અગ્નિદેવની ગોદમાં સમાઈ ભસ્મીભૂત બની થઈ !

**સ્થળ નિર્દેશ :**

વ્રજવાણી ગામ કચ્છમાં ગણાતી વૈરાટનગરી ગેડીથી બેલા જવાના રસ્તા પર રણને કિનારે આવેલું છે. અહીં સરોવરની બાજુમાં આવેલા વિશાળ મેદાનમાં ઊંચા-ઊંચા પાળિયા આજે પણ ઊભેલા દેખાય છે. વચ્ચોવચ સૌથી ઊંચો, ઢોલના નિશાનવાળો ઢોલીનો પાળિયો ખડો છે. એની આસપાસ ચારે તરફ આહિરાણીઓનાં પાળિયા કોટનાં કાંગરાની માફક આવેલા છે. ઢોલની ખાંભી પર સંવત ૧૫૧૧ના વૈશાખ સુદ-જની તિથીવાંચી શકાય છે. ભસ્મીભૂત બનેલાં સ્નેહસદન સમુ આ સ્થાન આજે 'ઢોલીથર'ના નામે ઓળખાય છે.[૨]

**કાનુડા રાસ :**

યાદવકુળનાં વંશજ આહિરો કચ્છમાં વાગડનાં પ્રાથળ વિસ્તારમાં વસેલા, જે પ્રાથળિયા આહિર તરીકે ઓળખાયા. ગુજરાતમાં વસતાં આહિરોની જુદી-જુદી અન્ય શાખાઓનાં પરિવાર પોતાની પ્રાદેશિક ઓળખને જાળવી રાખતા મચ્છુકાંઠા પરનાં મછોયા, જૂનાગઢ વસેલા સોરઠિયા, ચોરાડ વિસ્તારમાં (સાંતલપુર) ચોરાડા અને બોરીચા તરીકે કચ્છમાં આવી વસ્યા છે.

કૃષ્ણકુળનાં વંશજ હોઈ કૃષ્ણભક્તિના રંગે રંગાયેલા આહિર સમાજમા કૃષ્ણ જન્મ- ગોકુળ આઠમનું અદકેરું મહત્ત્વ છે. જન્માષ્ટમીના દિવસે આહિર જ્ઞાતિ દ્વારા યોજાતા 'ગોકુળિયા લગ્ન' કચ્છની ભાતીગળ સંસ્કૃતિનું એક વિશિષ્ટ અંગ છે. તેમનું તળપદું લોક-જીવન જન્માષ્ટમીનો ઉત્સવ તથા ગોકુળિયા લગ્ન જેવા દ્વિગુણિત અમૂલા પ્રસંગે ઓર ખીલે છે. ગોકુળિયા લગ્નની વિશેષતા એ છે કે, લગ્નો મધ્યાહનના સમયે ગોઠવાતા હોય છે. બપોરના સમય સુધીમાં લગ્ન ઉકલી જતાં આહિરો જન્માષ્ટમીની ઉજવણીમાં પરોવાય છે.

આહિર પટ્ટીનાં ગામોમાં જન્માષ્ટમી પ્રસંગે રમાતો દાંડિયારાસ ખાસ ધ્યાનાકર્ષક હોય છે. કથા, સતસંગ વગેરે અવસરોએ સ્ત્રી-પુરુષ બન્ને કાનુડા રાસ રમે છે.

દેશી ઢોલ પર રમાતી સાત રમતોમાં ઢોલી વર્તુળની વચમાં ઊભો રહે છે. આ સાત રમત માત્ર બહેનો જ રમે છે. જેમાં તાળી, દાંડિયા, હેલ તથા ત્રાંબડીનો ઉપયોગ કરી રાસ રચાય છે.



ઢોલીનાં બદલાતા તાલે રમાતી સાત રમતો આ પ્રમાણે છે.

**(૧) ત્રેતાળી :-** (ત્રણ તાળી) તાળી સામે લેવાની અને કમરે બન્ને તરફ હાથ દેવાનો

**(૨) ચાર તાળી :-** આજુ-બાજુ અને સામે તાળી લેવાની.

**(૩) બે તાળી :-** સામ સામે બે બહેનો તાળી લે છે.

**(૪) એક તાળી :-** એક હાથે તાળી લઈ ફરવાનું, આજુ-બાજુમાં ચુડીવાળો હાથ, ખાલી હાથને અને ખાલી હાથ ચુડીવાળા હાથને (ક્રોસમાં) તાળી આપતા જાય અને આગળ વધતા (વર્તુળમાં) જાય છે.

**(૫) સાત તાળી :-** બે હરોળમાં ઊભા રહીને સામ સામી છ તાળી આપવાની અને એક અલગ લઈને રમવાનું.

**(૬) લૂલી :-** તાળી નહીં લેવાની માત્ર ચપટી અને વાંકા વળીને ગોળ ચક્કર કરતા જઈને રમવાનું.

**(૭) ત્રાંબડી :-** ત્રાંબાની કે ઠીકરાની ત્રાંબડી બંને હાથેથી પકડી, માથા પરથી બન્ને તરફથી ફેરવવાની, હાથની આંગળીઓમાં પહેરેલા કરડાં-વીંટી તે ન હોય તો અથવા બે આંગળી વચ્ચે નાનો પથ્થર રાખીને તેને ત્રાંબડી સાથે ભટકાડી અવાજ આવે તેમ તાલની સાથે વગાડીને રમવાનું.

ઢોલ વાગે ને અંગ ચમકે તેમજ ઢોલ વગર અંગ ન વળે તેવી રાસ રમનારાઓની ઢોલ વાદ્ય તથા તેના વાદનની અનિવાર્યતા સાથે વણાયેલો હૃદયનો ભાવ છે. રમનારાઓનું ઢોલ અને તેનાં તાલવાદન સાથેનું તાદાત્મ્ય એટલું બધું હોય છે કે કોઈ અન્ય જગ્યાએ ઢોલ વાગતો હોય, તો રમી શકનારનાં અંગો તે સાંભળીને ચમકી ઊઠે છે. સાત રમત પૂર્ણ પણે દેશી ઢોલ પર જ રમાય છે. તેમાં તાલનું મહત્ત્વ છે. ગીતો ગવાતા નથી.

**ગોરમાતા :**

શ્રી કૃષ્ણ જન્મોત્સવનો આ પ્રસંગ આહિરો ગાતાં-ગાતા અને નાચતાં ઉજવે છે.

બાજોઠમાં જશોદા માતાજીનાં સ્વરૂપે ગાર-માટીમાંથી બનાવેલી ગારાની ગોરનું સ્થાપન કરવામાં આવે છે. તેનો શણગાર ચણોઠી, જુવારનાં દાણાં તથા ફૂલ વગેરેથી કરવામાં આવે છે. સ્ત્રીઓ પોતાને પહેરવાનાં પરંપરાગત સાચા ઘરેણાઓથી પણ ગોરમાંનો શણગાર કરે છે. તેનાં વસ્ત્રો પણ ચુંદડી અને કાંચળી પરંપરાગત રંગો અને ભાતનાં ધારણ કરાવે છે. બાજોઠમાં સ્થાપન કરી માતાજીને નાકો બનાવે છે. (આહ્વાન કરવાનું) ગોરમાની સાથે કાનુડા માટે



એક ઘોડો બનાવી અને તેની ઉપર કાનુડાને બેસાડવામાં આવે છે.

જેનાં ઘેર કૃષ્ણ-જન્મ કરાવવાનો હોય ત્યાં સાંજે ગોરજ સમયે સ્થાપન કરવામાં આવે છે. પધરાવવાનું સ્થાપન લેવા જાય ત્યારે ગાતાં-વગાડતા અને નાચતા જાય છે. સ્થાપન માટેનું ઘર જેટલું દૂર એ પ્રમાણે શેરીમાં વચ્ચે-વચ્ચે ઉપર મટકીઓ બાંધવામાં આવે છે, જેમાં પંચામૃત, ફૂલ, કંકુ, રૂપિયાનો હાર તથા લીલા કપડાંથી બાંધેલું હોય છે. યુવાનો મટકી ફોડ કરતાં-કરતાં કૃષ્ણ જન્મ જે ઘેર થવાનો હોય ત્યાં પહોંચે છે. ઉગ્યા દિવસ સુધી બધાં જાગરણ કરે છે. દાંડિયા રાસ - રાસની રમઝટ જામે છે...

**મટુકી રમાં મા, જારગોળી રમાં મા,**
**આંઉ ઢોલ મથે રમાં....**

o

**મોહન આંજી મોરલી મિઠ્ઠી કેડા કામણ કયાં**
**કેડા, કામણ કયાં ભલા ભલા ભાન ભૂલી વ્યા...**

o

**ગોરમાતાનાં ગીતો :**

**મેતા સોનેરી પાટ ઢરાવ્યાં...,**
**ઉપર શ્રીફળ મેલ્યાં સાત,**
**સૈયર ચાલો તો જાઈએ માતા પૂજવા...**

**કૃષ્ણ જન્મ :**

મધ્યરાત્રીએ 'ગધેડું ભૂંકાવે અને કૃષ્ણજન્મ થાય, પંજરી વહેંચાય...'

**રંગ રાસ રેલ્યા ગોકુળમાં**
**કાનકુંવર જનમ્યાં મથુરાની જેલમાં**

કીર્તન-ભજન અને હાલરડાની રમઝટ વચ્ચે ચડાવો લેવાય એટલે કે નાના બાળકને લાલો બનાવી સૂંડલામાં સુવાડવામાં આવે અને સૂંડલો બધા માથે લે છે. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી' ના ગાન સાથે સૌ વારાફરતી ચડાવો લે છે. સામાન્ય રીતે સંતાનની કામના પૂર્તિ માટે ચડાવો લેવાય છે.

પીંગલો (પારણું) બનાવી તેમાં લાલો ઝૂલાવે, હીંચકો નાંખે, લાલો દોરડીએ બેસે, દોરડી નાંખતા-નાંખતા હાલરડા ગવાય.

**મહાવીર પ્રભુ જૂલે, પારણિયામાં જૂલે,**
**પારણિયું પ્રિતે જડયું, માંય સોના**
**સાંકરડાની કડિયું...**

પરોઢ થતાં જળને આરે સહુ વાજતે-ગાજતે જઈને ગોરમાતાને વધાવી વિસર્જન કરી આવે છે.

**પોષાકો અને આભૂષણો :**

આહિરજ્ઞાતિના ભાઈઓ : વાંજણી (ચોરણી) કરડિયો (કેડિયું) માથે બાંધણો, કાનમાં કુંકણુ, ભુંગળિયું હાથમાં વીટીંઓ પહેરે છે અને બહેનો પાંચ મીટરનાં ઘેરવાળું સીવેલું કાળા રંગમાં છીંટની ભાતવાળું પે'ણું. જુદા-જુદા રંગનાં કટકાઓ જોડી સીવેલી લાંબા પેટવાળી કાંચળી પહેરે છે.

ચુંદડી લાલ રંગની જુદી-જુદી ભાતવાળી, જેમાં હાથીડા ભાત, દાળિયા ભાત, દાંડિયારાસ, આંબાડાળ, ખાજલા (ગલ) ભાત, પાંચ ખાજલા ભાત વગેરે હોય છે. લગ્ન પ્રસંગે કરમલ અને નવખંડી પહેરાય છે. કાંચળીમાં આભલાં અને હીરનું ભરત ભરેલું હોય છે, જેમાં દેશી રેશમ સાચો ડાબારો, મૂર માંડવો અને સાચો ફૂલમોરો વિશેષ ભરાય છે.

**આભૂષણ :**

ગળામાં પાંદડા, રામનામી, ઝરમર, વગેરે, નાકમાં - વીંટી, કાનમાં - પાંદડીઓ, વેઢલા, તગલ, કણકું,હાથમાં - દોઢ વેંતની ચાંદીની ચૂડ, અઢિયું, ડાબા હાથે સૌભાગ્ય ચુડી, પગમાં - ઝાંઝર અને કાંબી, હાથની આંગળીમા - કરડો, જોડલો, કરકરીઓ પહેરે છે.

**જત રાંધ :**

સિંધ પ્રાન્તમાં છેક બારમી સદી પૂર્વે વસતી કાકેશાઈ પ્રજા લગભગ પાંચસો વર્ષ પહેલા ઈરાન અને ઈરાક વચ્ચેનાં પ્રદેશ 'હલફ' થી સિંધ થઈ રણ પાર કરીને કચ્છમાં આવી હતી. જૂના સમયમાં કચ્છનાં અમુક વિસ્તારોમાં તેમનું વર્ચસ્વ હતું, પરંતુ સમાવંશી રાજપૂતો એ કચ્છ આવીને તેમની સાથે લડાઈઓ કરીને તેમને ઉત્તર કચ્છમાં ધકેલી દીધા હતા.

કચ્છમાં આવ્યા બાદ જે જત માલધારીઓ જ રહ્યા તે 'ઘાણેટા જત' તરીકે ઓળખાયા, જે જત સ્થિર વસવાટ કરી ખેતી કરવા લાગ્યાં તે 'ગરાસિયા જત' તરીકે જાણીતા થયાં અને જે જત ખુદાની ખિદમત કરી ફકીરી જીવન ગાળવા લાગ્યા તેઓ 'ફકીરાણી જત' તરીકે ઓળખાવા લાગ્યા. આ ઉપરાંત 'સાવલાણી જત' 'છેલાણી (દાણેતા) જત' અને 'કાંઢી જત' જેવા સ્થાયી તથા અસ્થાયી (વણઝારા) પણ કચ્છ પ્રદેશમાં વસવાટ કરી રહ્યાં છે.

જત લોકો સિંધી મિશ્રિત કચ્છી ભાષા બોલે છે. ધર્મે તેઓ સુન્ની મુસ્લિમ છે. તેઓ શક્તિમાતાનાં સ્વરૂપમાં હિંગળાજ અને જીજીમાં, આઈ ઘધેરીને માને છે. ફકીરાણી જત, કાંઢી જત, સાવલાણી જત દરિયામાં આવેલ 'સાવલોપીર'ને માને છે.

વર્ષ દરમિયાન ભરાતાં જુદા-જુદા મેળા દરમિયાન તથા ઘરમાં વિવાહ પ્રસંગે નૃત્યો (રમત) રમાય છે. કચ્છમાં વસતો સમગ્ર જત સમાજ એકઠો થાય છે. જેમાં સમાજમાં ઊભા થયેલાં વિવાદોનાં સમાધાન તથા પરણવા યોગ્ય સંતાનોની સગાઈ પણ થાય છે. આ મેળો મહા મહિનાનાં પહેલા સોમવારની સાંજથી બુધવાર ત્રણ દિવસ સુધી ભરાય છે. કચ્છ પ્રદેશમાં સુરખાબ જેવા યાયાવર પક્ષીઓ વર્ષે એક વખત આવે છે. તેની હલન-ચલનનું અનુકરણ આ મેળાઓમાં જત લોકો પોતાની કચ્છી ડોકા રમતમાં કરે છે.

રમત રમનારા સામ સામી હરોળ બનાવીને એક બીજા સામ-સામે પસાર થાય છે. જેમાં પક્ષીની જુદી-જુદી ચાલને હાથ, ડોક અને પગનાં સંચાલન દ્વારા દર્શાવે છે. વળી કુંજોની જેમ કતારમાં હાથ રાખીને મુદ્રા બનાવી રમે છે. બેસણી પણ એક પગે બેસીને લે છે.

**ગીત :**

**પક્ષી ઘેલ (પ્રેમ) કરે યાં**
**રસ્તા રેલ હલાવ્યાં**
**મુંજા જોગી અસાણાં, પક્ષી ઘેલ કરે યાં...**

**ભાષાંતર :-** યાયાવરી પક્ષીઓની જેમ, પ્રેમ કરતાં સ્વજનો, રિશ્તેદાર તથા દોસ્તો પોતાનો રસ્તો પકડીને વતનથી દૂર થઈ ગયા છે.

**પક્ષી ચૂણ ભૂણ કન્ન**
**મુંજા વિછડીયા, મોહે મિલન ભ**
**મુજો દિલ મથા, પક્ષી ચૂણભૂણ કન્ન...**

**ભાષાંતર :-** જે પક્ષીઓ અહીં વસવાટ કરીને ઉડી ગયાં તેમનો સ્વર (કલબલાટ/કલરવ) મારા કાનમાં ગુંજે છે, તે મારાં દિલથી વિસરાતા નથી, દિલથી ઉતરી શકતા નથી.

અહીં યાયાવરી પક્ષીઓ જે વરસમાં એક વખત કચ્છ આવે છે તેની સાથે જે કચ્છી માડુંઓ અન્ય પ્રાન્તોમાં કે વિદેશ વસવાટ કરી રહ્યા છે અને વરસમાં એક વખત આવે છે તેની સાથે સરખામણી કરી છે અથવા તેનું રૂપક પ્રયોજ્યું છે. જ્યારથી કચ્છી માંડુઓનું અન્ય પ્રાન્તમાં કે વિદેશ જવાનું વધી ગયું ત્યારથી આ લાગણીવાળા ગીતો સ્વજનોને જતાં રોકવા માટે ગવાવા માંડયા છે.

સંઘોર્મિની અભિવ્યક્તિ રાંધ (રમત, નૃત્ય) દ્વારા થાય છે.

**(૧) ગરાસિયા જત રાંધ :**

સાત રમતો રમે છે, જેમાં ચાર રમત ભાઈઓની અને ત્રણ રમતો બહેનોની હોય છે.

**સિંધી ડોંકો :-** જેમાં અવળી - સવળી એમ બેવડી ફીરી લેવાય છે. એટલે કે અર્ધવર્તુળ રચીને વર્તુળ પૂરું કરવામાં આવે છે. આ રમતમાં ઢોલ પર છ માત્રાનો ચાલખી તાલ વાગે છે. તેના પર ગવાતી કાફી આ પ્રમાણે છે.

**મુંજો મન મારૂ તન મે તવારૂ**
**અમી હાણે વરયું ઉતર હવારૂ**
**મુંજા મન મારૂ**

**ભાષાંતર :** મારૂ મન મારા માણસોની સાથે છે. મારા તન એટલે દિલમાં રટણ છે અને હવે આવીને ઉત્તરના પવનના વાવડ વાય છે.

**કચ્છી ડોંકો :-**

જેમાં ભાઈઓ સવળી ફીરી (વર્તુળ) ફરે છે. આ રમતમાં બોલ પ્રમાણે આઠ માત્રાનો તાલ ઢોલ પર વગાડાય છે. તેનાં પર ગવાતી કાફી આ પ્રમાણે છે.

**મુંજા કાચ્છી કચ્છ અચત મુંજા વિછડેયા**
**મોહિતી મિલન ભેંણીયુ ત મુજે ભાવરન જીયુ**
**વરેયો છાલ વસત  અલ્લા, મુજા કાચ્છી**
**કચ્છ અચન....**

**ભાષાંતર :** - મારા ભાઈઓ કચ્છ મુકી ગયેલા છે. તે માટે આ કાફી છે. મારા કચ્છી ભાઈઓ કચ્છ આવે તેઓની મકાન જગ્યાઓ પર ફરી વસવાટ કરે તેમ ઈચ્છું છું

**ચાલખી :** જોડી સામ સામા અને આજુ બાજુ અદલ-બદલ થતાં વર્તુળ બનાવી રાખીને રમે છે. અરસ-પરસ પણ બદલાય છે. આ રમતને સૌરાષ્ટ્રમાં રમાતા ગોફગુંથન જેવી રમત સાથે સરખાવી શકાય. રમત ચાલખી ઉપર ગવાતી કાફી આ પ્રમાણે છે.

**અલ્લા અલ્લા હિં દિલ માંધી**
**ત મારનલા માંધી ત મારનલા**
**સેત કીર ગડિયું હિત ગારે અલ્લા અલ્લા કે**
**અય અલ્લાહ આ દિલ મારન**

**ભાષાંતર :-** માણસો, મારાં માણસો માટે બિમાર છે. મારો દિલ એટલો છે કે મારા માણસો વગર ઘડી હું ગુજારી શકુ તેમ નથી.

**મોટર રાંધ :** આ એક જ રમત તેઓ દાંડિયા હાથમાં લઈને રમે છે. બે હરોળમાં સામ સામે નિકળીને ચક્કર પૂરું થતાં ભેગા થઈ જાય છે. જેને કચ્છી ડોંકો પણ કહેવાય છે. આ રમતના બોલ પ્રમાણે તેમાં ચાર માત્રાનો તાલ વાગે છે. મોટર રાંધ પર ગવાતી કાફી આ પ્રમાણે છે.

**કેડો સંગ સિયાકો જીજા તની જતન સાં**
**જીજા તની જતન સાં હાળે તીન હોતન સા**

**ભાષાંતર :** કેવા સગપણ તેઓ તો સિયા એટલે ગેર છે. માતાજી જત તેમજ હાળો ડુંગર છે. સસઈ કહે છે કે આ ડુંગરમાં વસવાટ કરનારા સાથે કેવા સગપણ.

**વાદ્યો :-** ઢોલ ઉપર એક બાજુ જાડી દાંડી અને બીજી બાજુ ખાલી હાથની થાપીથી સંગત લેવાય છે.

**બહેનોની ત્રણ રમતો :-**

બહેનો મેળામાં રમતી નથી રમતાં ઘર આંગણનાં લગ્ન પ્રસંગો કે અન્ય ઉજવાતા અવસરોએ બહેનો 'રાસૂડા' લે છે. રમત દરમિયાન ઢોલ સંગતનો તાલ પણ 'રાસૂડો' વાગે છે.

**ત્રાંબડી રાંધ :** બહેનો હાથમાં પિત્તળની ત્રાંબડી લઈને રમે છે, જેમા બેવડી ફીરી (વર્તુળનું પુનરાવર્તન) લેવામાં આવે છે.

**થાળી રાંધ :** બહેનો હાથમાં થાળી (ત્રાંબાની) લઈને રમે છે. બન્ને હાથમાં  અથવા એક હાથમાં થાળી હથેળીને આંગળાનાં આધારે રાખે છે. જેમાં ફીરી નથી આવતી પણ સામ-સામે ચાલતા વર્તુળમાં રમે છે.

**રાસૂડા :** 'રાસૂડા'  નામના તાલ પર લેવાતી આ તાલી રાંધ છે. જેમાં લય બદલતા તાલ પ્રમાણે એક તાલી, બે તાલી અને ત્રણ તાલી એમ લય વધતો આવે છે. ફીરી પણ લેવામાં આવે છે.

**(૨) ફકીરાણી જત અને  (૩) સાવલાણી જતઃ** સાવલા ફકીરનાં વંશજોમાં ગરાસિયા જતની સાત રમતોમાંથી એક રમત માત્ર સિંધી ડોંકો જ રમાય છે. આમ, તો વાવલ, જે રમત મારવાડા રમે છે તેને મળતી આવે છે. તેમાં  વાવલ રમતમાં ગવાતા ગીતો અને એ જ તાલ વગાડાય છે. ફકીરાણી જતમાં સુરંદો વિશેષ કરીને સંગત કરવામાં આવે છે. બેસીને સિંધી મૌલુત (કાફી) પણ પઢે છે.

**(૪) દાણેતા જત :-** જાગીરદારોની જમીનમાં પશુઓ ચરાવીને દાણ આપનારાં 'દાણેતા જત' સમગ્ર કચ્છમાં વસવાટ કરે છે.

**(૫) છેલાણી જત :** છેલ્લા ફકીરનાં વંશજો છેલાણી જત તરીકે ઓળખાય છે.

**(૬) કાંઢી જત :** સવાલા પીરને માનનારા કાંઢી જત - કાંઢી એટલે વણઝારા જે પોતાના પશુધન સાથે આખાય ગુજરાતમાં અને આબુ સુધી ફરે છે, વિચરે છે. મેળા અને ઉરસ વખતે ભેગા થાય છે. વતન પાછા ફરે છે.

ઉપરોક્ત ત્રણય જત રમત રમતા નથી તેઓનો 'ઢોલ નથી' તેમ કહેવાય છે. તેઓ બેઠા-બેઠા કાફી બોલે છે.

**અલ્લા અલ્લા હિં દિલ માધીં મારનલા**
**ન ત કેર ગડી એલ ગાડે**

**ભાષાંતર :** તમારા આવવાની રાહમાં અમે બેઠા છીએ, નહીંતર અહીં એક ક્ષણ માટે પણ કોઈ ન બેસે.

**પોષાક : પુરુષો**

જતના બધા જ પુરુષો એક જ સરખો પોષાક પહેરે છે. સફેદ આભો (ખમીસ), સિંધી પઠાણી સલવાર, અજરખ

ભાતવાળુ માથા બાંધણું અથવા કચ્છી પાઘડી, જે મર્યાદા સ્વરૂપે પહેરવામાં આવે છે. ખમીસમાં એક જ દોરની સેરમાં બટન ટાંકીને પહેરે છે. જેને "આભે જો ભૂટાન" કહે છે. પુરુષો આભૂષણો પહેરતા નથી.

**પોષાક : મહિલાઓ**

જત જાતિની બહેનોનાં પોષાક વૈવિધ્ય પરથી તેમની ઓળખ, ગરાસિયા જત, ફકીરાણી જત, સાવલાણી કે કાંઢી જત થઈ જાય છે. રાતો રંગ (લાલ રંગ) રતો ઘઘો (ચણીયો) પહેરાય છે. ઓઢણી અલગ-અલગ પહેરે છે.

ગરાસિયા જત મહિલાઓ લાલ રંગની ગોટ, આગળ ભરત ભરેલી ચોળી હોય છે. જે કોઠા સુધીનું ભરત હોય છે. આમ તો આખો આભો પહેરાય છે. જેને કોણી સુધીની બાંય હોય છે અને ગળાથી લઈ ગોઠણ સુધી ભરેલું હોય છે. નીચે સલવાર પહેરાય છે. માથે ઓઢણું (ખોંભી) ઓઢાય છે. જે લાલ, પીળો, ગુલાબી, ગૂઢો લાલ રંગની, કચ્છી ફૂલવાળી ભાતની હોય છે. તેનાં બે છેડા છૂટ્ટા રહે છે અને બે છેડા આગળ ખોસવામાં આવે છે અને આભૂષણોમાં ચાંદીની હાંસડી (હંસીપોંચી) સોનાનાં ચીરમાં પગમાં, ગળામાં પહેરાય છે. કાનમાં વાલડી અને પાંદડી, યુગમાં ત્રોડા, કડી, જેર, કાંબી વગેરે હાથમાં ચાંદીનો ચૂડ, બંગડીઓ, નાકમાં સોનાની ચૂંક અથવા સળી પહેરે છે.

ફકીરાણી જત મહિલાઓ કાળા રંગનો પોષાક પહેરે છે. નાકમાં સોનાની બાંધેલી મોટી નથ પહેરે છે.

સાવલાણી જત મહિલાઓ કાળા રંગનો પોષાક પહેરે છે. નાની નથ પહેરે છે.

કાંઢી જત મહિલાઓ કાળા રંગનો પોષાક, નીચે પટ્ટો જેમાં મોટા કાચ (આભલાં) મોટી ભાતવાળું ભરતકામ હોય છે. ઉંઢણી (ઓઢણી) ઓઢે છે અને આભૂષણોમાં ગળામાં વારલો, આંગળીઓમાં ભૂરિંડો અને મોતીનાં ગુંથેલા દાગીના પહેરવામાં આવે છે.

છેલાણી જત મહિલાઓ કાળા રંગનો પોષાક, બાંધણી ભાતની કાળા રંગની ઉંઢણી (ઓઢણું) ઓઢે છે.

**તલવાર રાસનૃત્ત :**

ધીંગી ધરા કચ્છની ક્ષાત્ર સંસ્કૃતિનું જોમવંતું તલવાર-ઢાલ- દાંડિયા સાથે ખેલાતું આ રાસ નૃત્ત આજે પણ એની ક્ષાત્રવટ જાળવીને ખેલાઈ રહ્યું છે.

અર્બુદ ગઢ (આબુ) પર બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ઈન્દ્રાદિ દેવે અસુર સંહાર તથા સત્ય-ધર્મનો જયકાર થાય તેથી યજ્ઞ કર્યો. યજ્ઞકુંડ માંથી ચૌહાણ, સોલંકી, પઢિયાર અને છેલ્લે પરમાર નિપજ્યા.

યજ્ઞકુંડમાંથી જ 'માર-માર' કરતાં નિકળ્યા તે પરમાર કહેવાયા. અન્યાય થતો હોય તે સહન ન કરી શકતા તેઓ યુદ્ધ કરે છે અથવા તે સ્થાન છોડીને ચાલી નીકળે છે. આમ, પરમારો આબુથી રાજસ્થાનનાં બાડમેર અને અમુક મૂળી ચોવીસી (ઝાલાવાડ) આવ્યા. બાડમેરનાં બાળરાયના પુત્ર છારરાય ને લોકવાયકા મુજબ ફરીથી



ત્રણ સંતાનો સાંખલાજી, સતી આઈજી અને સોઢોજી થયાં. વચનભંગ થતા ફરી સ્વલોક ગયાં અને સોઢોજીને આથમણી દિશાએ ચાલી નિકળવા કહ્યું. થરપારકરનાં સિંધ પ્રાન્તમાં અમરકોટ (જિલ્લો) ગામમાં પરમાર સોઢાજીની ૩૬ પેઢીઓએ શાસન કર્યું હતું.

**જહાઁ પરમાર વહાઁ ધાર (ધરીણી)**
**ધાર બીના નહીં પરમાર.**

રાજવંસીઓને ગુરુકુળમાં શિક્ષણ રૂપે ગુરુજનો તલવાર, ભાલા, પટ્ટાબાજી વગેરે શસ્ત્રની તાલીમ આપતા હતા.

અગાઉનાં સમયમાં ગાય, ભેંસ, બકરાં, ઘેટા, ઊંટ, (માલ) વગેરે દુધાળા પશુઓ સંપત્તિ કહેવાતી. આમ, આ માલધારી પોતાના માલની રક્ષા માટે તલવારનો જોટો રાખતા. (બન્ને હાથમાં તલવાર) સમયાંતરે તેઓ સ્થાયી થઈ ખેતી વ્યવસાયમાં જોડાયા.

યુદ્ધો અને યુદ્ધભૂમિનાં અભાવમાં ક્ષાત્ર પરંપરા રૂપે તલવાર કૌશલ્ય જાળવી રાખવા પુત્રનાં લગ્ન પ્રસંગે 'વાના બેસાડે' ત્યારથી તલવાર રાસ રમાય છે. 'વાનાની રાત' એટલે કે લગ્નની આગલી રાત્રે આખી રાત તલવાર રાસ રમાય છે. આ તલવાર રાસ જુદા જુદા પ્રકારે ઓળખાય છે.

**ત્રાહુ તલવાર :** એક વ્યક્તિ બે હાથમાં તલવાર લઈને દાવ રમે છે.

**ત્રાહુ ચક્કર :** બે કે તેથી વધારે જોડી / બેકી સંખ્યામાં ઢાલ સાથે તલવાર લઈને દાવ નૃત્ય કરે છે.

**ચાલખી તલવાર :** જોડી-જોડી સામ-સામે તલવાર લઈને રમે છે.

**સમૂહ તલવાર :** સિંધી દાંડિયો રાસ, જોડી માં તલવાર અને દાંડિયો બન્ને લઈને વર્તુળાકારે રમે છે.

યોદ્ધાઓ યુદ્ધમાં ઘા કરે અને ચુકવે તેવા દાવો હોય છે. મરદાનગી ભર્યા આ નૃત્યમાં નૃત્ય કરનાર તથા જોનાર બંનેની આંખો તલવાર દાવપર મંડાયાતી રહેતી હોવાથી કોઈને ગીત ગાવા કે ગવડાવવાનું સૂઝતુ નથી. 'ગાનો ગાતો બંધ થઈ જાય' એવું વીરરસ, અદ્‌ભુત રસનું દશ્ય અને વાતાવરણ સર્જાય છે.

ઢોલ પર ભાવલ તાલ તથા અન્ય પ્રકારનો જુસ્સો વધારે તેવા તાલ વગાડાય છે. લગ્ન પ્રસંગ ઉપરાંત કુળદેવ પીથોરાદાદા દેવસ્થાને (મીરજાપુર, ભુજથી ૩ કિ.મી.) ચૈત્ર સુદ બીજનાં મેળામાં, અબડા અડભંગનો (જાડેજાનાં સુરાપુરા/શહીદની ખાંભી) અબડાસામાં ફાગણવદ - ત્રીજનાં મેળામાં આવતા હજારો શ્રદ્ધાળુઓની હાજરીમાં રાસ ખેલાય છે. આ ઉપરાંત ભાગવત કથા - સતસંગમાં સંતોની તિથિ તથા શૂરવીરોને બિરદાવવા તેમની જગ્યામાં આ રાસ ખેલાય છે.

**પોષાક : પુરુષો :**

કેસરી, પંચરંગી સાફો, દાઢી ફરતે વીંટેલી બુકાની, ભરત ભરેલી હોય અથવા માત્ર કેસરી પટ્ટી વડે દાઢી બાંધવામાં આવે છે. ખમીસ લાંબી બાંય અને લાંબી ચાળવાળું હોય છે. ત્રેટો (સાડા પાંચ મીટરનો મારવાડી ધોતિયો) પછેડી / ધોતીની જેમ પૂરક કમર ઉપર બાંધે. શિયાળો હોય તો કાળો અથવા ખાખી કોટ પહેરે. બાકીનો પોષાક સફેદ હોય છે. આને 'પૂરી પોષાક' કે 'થરી પોષાક' તરીકે ઓળખાય છે. આભૂષણો નથી પહેરતા, પણ કપાળે ગુલાબ કે કંકુનું તિલક કરે છે.

સોઢાણી બહેનો લગ્ન પ્રસંગે મંગળગીતો ગાતા અને ગવરાવતા 'રાસૂડા' લે છે. બે-ચાર વડીલ બહેનો બેસીને ગવડાવે છે અને બાકીનાં બહેનો રાસૂડા લે છે. સંગતમાં માત્ર ઢોલ જ વગાડાય છે.

**પોષાક : મહિલાઓ :**

સોળવાર કે હવે ચારવારનો ઘાઘરો, કાંચળી અથવા આંગિયો તેનાં ઉપર કૂર્તિ, ઓઢણો - ચોરસો (દોઢો પનો હોવાથી ચોરસ હોય છે.) તેનાં ઉપર ફૂલ, ગોટા, તૂઈ - ચંપાનું કટાઉ કામ કરેલું હોય છે. ઓઢણાનાં રંગો કેસરી, પીળો, લાલ, ગુલાબી, પોપટી તેમાં મોઠડો, લહેરિયો, ભુપાલશાહી, બાંધણી તથા પટોળાની ભાત હોય છે.

**આભૂષણ :**

બાવડાથી કાંડા સુધી પહેરાતો ચડ-ઉતર ચૂડો, ચૂડિયો, ગજરા, હાથમાં - હાથ સાંકળા, આંગળીઓમાં મુંદરડી (વીંટી), કેડમાં કંદોરો, ગળામાં હાર, નિંબોળી, કાનમાં -પાંદડીઓ, ટોડિયા, ઝુંબર અથવા દુલગણાં, નાકમાં - નથડી, ભૂલી, વાળી, પાંદડીવાળી નીચે ઘૂઘરીઓ લટકતી હોય જે હોઠને અડકે છે.માથા પર બોરિયું, શરવાળું, પગમાં - નેવર, કડિયું, કાંબિયું, પોલરી અને ઝેર (ઝાંઝર) પહેરે છે.



ગીતો :

**નીલો નીલો વાલેજી રો લીંબડો રે લોલ**
**નીલી નાગર વેલ**
**મને જાવો સીતાજીનાં સંગમાં...**

o

**સોનાનો જડ્યો ને**
**હીરાનો મઢ્યો બાજોઠિયો,**
**બાજોઠિયો બેસી તેલ ચડયો (પીઠી)**

o

**ઢોલો ચડયો દરબાર, ઢોલો ચડયો સરકાર**
**ગોરલ બેઠી રે મેહલાં માં એકલી...**
**ઢોલો વાદળ માંથલો ગાજ રે,**
**ગોરલ વાદળ ની વિજળી રે...**
**ઢોલો હાથા માંયલો હીરલો રે,**
**ગોરલ હાથા ની ચુંદડી રે...**

**(દામ્પત્ય જીવન)**

આમ, કાંગડી, ચીરમી અને મેંદી માંડવાનાં સમયે ગવાતા મંગળ ગીતો પર બહેનો રાસૂડા લે છે.

**વાવલ રાસ :**

મારવાડ પ્રાંતમાંથી આવીને મારવાડીઓ કચ્છનાં બન્ની વિસ્તારમાં વસ્યા. ઘરના તથા પોતાના સમાજના લગ્ન પ્રસંગે ભાઈઓ જ આ રાસ રમે છે. આખીય રાત ચાલતા રાસમાં બધાં જ રમી શકે તેવી રીતે રમાય છે. પ્રસંગનાં ઉલ્લાસમાં રમાતા રાસમાં ગાવા-વગાડવાવાળા સાજીંદાઓની સંખ્યા નક્કી હોય છે. એક ગાયકની સાથે કચ્છી ઢોલ તથા ઘડો ધબેલો વગાડનાર સંગીતકારો બાજુમાં બેસીને સંગત કરે છે.

વાવલ રાસની લય ધીમી હોય છે.ગીત ગાઈને ચલતીની બરાબર લયમાં રમાય છે. પગની ડાંફ અડધી મારે ને રમે, ફુદરડી ફરે. તે કચ્છી અને સિંધી ભાષામાં ગવાય છે.

ગીત :

**કચ્છી : પંખી દિલ કરે વ્યા**
**રસ્તા રેલ હલાવ્યાં**

(પક્ષી ઉડીને બીજા દેશમાં જશે, આપણો દેશ સૂનો થઈ જશે)

**કચ્છી :**

**કાનૂડો ખેદે પડયો સે**
**કૂકન કાળો કાનૂડો**
**મારી ખેદે પડ્યો સે**

(કૂકન - વાસુકી ફૂંક મારી હોય તેવો કાળો)

કચ્છી :

**ઉમર અધા (ભાઈ !)**
**આંગણ કૂવો ખડાય દે,**
**પાણી ભરે નતી જાણે...**

(ભાઈ ! આંગણમાં કૂવો ખોદાવી દે, પાણી ભરવા નહી જાઉ)

સિંધી :

**અજ્જ મિઠાં માણું વ્યાં**
**મો મટી અલ્લા ફરી**
**આણે મુંજો ભાગ ખટે,**

(આજે સારા માણસો અમારાથી રિસાઈ ગયાં હવે અમારૂ નસીબ જીતે તો)

o

રાસડા : (કન્યા વિદાય)

**દૂરતી વંજા પરદેસ તી વંજા**
**નમી સફર કુંજ મે પરદેસ તી વિંણ્ગા**

(દૂર જાઉ છું, પરદેશ જાઉ છું, મારી સફર લાંબી છે, પણ હું જાઉં છું.)

o

**કુંજલ ન માર રે વીરા**
**ઈરે કુંજલ વેંજી દરિયા પાર**

(કુંજ પક્ષીને ન માર વીરા, એ કુંજલ પક્ષી દરિયા પાર તેનાં બચ્ચાં પાસે જશે.)

પોષાક :

ભાઈઓ જ આ રાસ રમતા હોય છે અને તેમનો પરંપરાગત પોષાક સફેદ રંગનાં સલવાર-ખમીસ, માથા પર પછેડી (ધોતલી) બાંધવાની, વાદળી રંગ ભરત ભરેલી નેરણ, ચોકડી જેવી ભાત હોય અથવા બાવળિયા અને આભલા ભરત, પાકું (આખું) ભરત ભરેલું હોય છે. આભૂષણ પહેરવાનો રિવાજ નથી.

**ગડધા રાંધ :**

કચ્છનાં પશ્ચિમ બાજુનાં નખત્રાણા આસપાસ વસેલા કાંસી રબારીઓ 'ગડધા રાંધ' નામથી ઓળખાતો રાસ રમે છે. આ જાતિ માલધારી વિચરતી હોઈ ને વિવિધ સ્થળોએ ભ્રમણ કરતાં હોવાને કારણે તેમની અભિવ્યક્તિને અનુકૂળ થતો એવો આ રાસ એમણે અપનાવ્યો છે.

'ગડધા' એટલે રાસનાં દાવ પરસ્પર આપે અને ઝીલે - ઝીલે અને આપે તેને 'ગડધા' કહેવાય છે. 'રાંધ' એટલે રમત. આમ, રાસ ખેલતી વખતે અપાતા અને ઝીલાતા દાવની રમત એટલે 'ગડધા રાંધ.'

આ રાસ માતાજીની સ્થાપના, ઉત્સવો કે લગ્ન પ્રસંગે રમાય છે. વળી, લગ્ન પ્રસંગ હોય ત્યારે ઘરના આંગણામાં કે ચોકમાં રાસ રમાય છે.

સમૂહ નર્તન પ્રકાર હોવાથી સંખ્યાની કોઈ મર્યાદા નથી. ભાઈઓ-બહેનો અથવા એકલા બહેનો કે એકલા ભાઈઓ પણ રાસ રમે છે. પ્રારંભે બધાં સાથે ઊઠીને રાસ શરૂ કરે છે. માત્ર ઢોલનું વાદન જ રમવાની લઢણ નક્કી કરે છે. તાલનો ઠેકો આવે ત્યારે અડધી ફૂદરડી જગ્યાએ જ ફરે છે અને નીચા વળીને તાળીથી રમે છે. ધીમે-ધીમે લય વધતી જાય છે અને એક પછી એક કરીને એમ રાસમાંથી નીકળતા જાય છે. તાલ મોટે ભાગે હીંચતાલ પર જ રાસ રમાય છે.

**પોષાક : પુરુષો :**

પરંપરાગત પોષાકોમાં સજ્જ પુરુષો સફેદ રંગનું કેડિયું જે તેની ઘેરદાર સીલાઈથી અન્ય કોમોનાં કેડિયાથી અલગ પડે છે તે પહેરે છે. છ મીટરનું ધોતિયું લાંધવાળીને પહેરે છે.

**આભૂષણો :**

કાનમાં ગોખું તથા ગળામાં કાળા અથવા જરીવાળા દોરામાં ડોડી પહેરે છે.

**પોષાક : મહિલાઓ :**

રબારી હાથ ભરતની નાનાં-નાનાં આભલાં ટાંકેલી કાળા રંગની ઉનની લૂડી (ઓઢણી) ઓઢે છે. તેમાં માથા પર (મથરાવટીએ) તથા થાપા પર હાથ ભરતનાં લાલ-પીળાં-લીલા તથા સફેદ રંગોનાં ગલ (ગોળ મોટા ચક્કર) પેચવર્કથી (થીગડાની જેમ) અલગ રીતે જડવામાં આવે છે. ઓઢણીનાં છેડા ભરેલાં અને છૂટ્ટા-ઢળકતા રાખવામાં આવે છે. કાળા રંગની આગળથી લાંબા પેટવાળી કાંચળી પહેરવામાં આવે છે, જેમાં પેટ અને ધાડી (પડખાં) ખાંપનું અલગથી ભરત ભરીને અલગ પાડવામાં આવે છે. ક્યારેક સળંગ-આખા ભરતની પણ પહેરાય છે. થેપાડો કે જેને 'કાળિયું' કહેવાય છે. ચાર મીટરનું આ કાળિયું પાછળથી ઘેર વગરનું સપાટ અને આગળ ઝીણી-ઝીણી પાટલીઓ વાળીને પહેરાય છે. પાછળ નીચે પગની પાની પાસે ભરત ભરેલું ચોરસ પેચ જડવામાં આવે છે.

આભૂષણો :

કાળા દોરામાં ડોડી, માદળિયું અને સરઈ (દાંત, કાન ખોતરવાની અને મેલ કાઢવાની સળીઓ) પહેરે છે. સોનાની કંઠી પણ પહેરાય છે. કાનમાં નાગલાં, ગોખું અને કુંણકુ પહેરાય છે. હાથમાં ચાંદીનો દોઢ વેંતનો ચૂડ પહેરાય છે. પગમાં કડલા, જેર અને પટા જે ઘૂઘરીઓવાળાં હોય છે તે પહેરાય છે.

**સપ્તરમત :**

દક્ષિણ મધ્ય કચ્છનાં માંડવી તાલુકાનાં કાઠડા ગઢવીનો રાસ 'સપ્તરમત' થી પણ ઓળખાય છે.

સન ૧૯૪૧માં વિજયવિલાસ પેલેસમાં પુનસિંહ ગઢવી વિજયરાજ બાપુની દરબારી નોકરી કરતા હતા. તેમણે રાજમહેલમાં રાખવામાં આવેલા આદમકદ અરીસાની સામે 'સપ્તરમત' ની શોધ કરી. તેઓ હાથથી જ આ રમત ખેલતા જે અત્યારે દાંડિયારાસ સ્વરૂપે રમાય છે. કહેવાય છે 'સપ્તરમત' પણ આ રમતમાં આઠ દાવ લેવામાં આવે છે. પુરુષો દ્વારા જ આ રાસ લેવામાં આવે છે.

સપ્તરમત રાસની શરૂઆત જમાલા (તખ્તા પ્રવેશ)થી થાય છે. સૌ પ્રથમ એક કલાકાર - રમતવીર હાથેથી ચાલીને પ્રવેશ કરે છે, જેને મોરપગલાથી પ્રવેશ કર્યો કહેવાય. જમાલોને લોકરાગ સાથે સંગીતમય પ્રવેશ કરાવામાં આવે છે. ત્યાર પછી એક પછી એક આઠ દાવ લેવામાં આવે છે. સપ્તરમતનાં આઠેય દાવ ઢોલનાં તાલ પર બદલે છે.

**પ્રથમ દાવ :** પ્રથમ દાવની શરૂઆત સલામી (સેલ્યુટ) સાથે શિસ્તબદ્ધ સિપાહીઓ વર્તુળાકારે ફરતા કરે છે.

**બીજો દાવ :** ઉપર દાંડિયા, મંડપ, ભેટ, નમન લેવામાં આવે છે.

**ત્રીજો દાવ :** ટપલાં : ગોઠણથી પગ વળે ત્યારે કાટખૂણો બને તે દાવ ટપલાં રમતવીરોનો એક સરખો કાટખૂણો બનતાં ગોઠણ પાસે ડાંડિયાની ટીચકી લેવામાં આવે છે.

**ચોથો દાવ :** ચલતી : અંદર-બહાર બે વર્તુળ બનાવી જોડીમાં એક જ દાંડિયાથી રમે છે.

**પાંચમો દાવ :** બેવડા દાંડિયા : બન્ને હાથે દાંડિયા અડાડે છે, બેવડો અવાજ આવે છે.

**છઠ્ઠો દાવ :** સાત ડાંડિયો : ઠેક અચાનક ઢોલનાં તાલે બેસીને સાત વખત 'ઠેક' લ્યે છે. પંજા પર બેસીને, એક ઠેક લઈને કૂદકો મારે છે.

**સાતમો દાવ :** 'બખ' : બખ એટલે ભેંટવું, (કચ્છમાં નવવર્ષની બધાઈ આપતી વખતે ભેંટવામાં આવે છે, એ સંદર્ભ)

**આઠમો દાવ :** 'ધમાલ' : ઉત્તરોત્તર લય વધતા ખેલૈયાઓ રમત રમવાની ઝડપ વધારી દે છે. ઝડપી રીતે અંદર-બહાર ખેલે છે.

**વિશેષતા :**

ઢોલનો તાલ બદલતા દાવ બદલે છે અને ઉત્તરોત્તર લય વધતી જાય છે.

ગાયનમાં કોઈ એક ગીતનો સળંગ ઉપયોગ નથી થઈ શકતો. એક ગીતનું સાતત્ય લયનાં, તાલનાં વૈવિધ્યને અને ઉત્તરોત્તર વધતી લયને કારણે જાળવી શકાતું નથી. આથી ગાયનમાં દુહા-છંદનો વિશેષતઃ ઉપયોગ થાય છે. ક્યારેક ભજન-સાખી વગેરે પણ ગવાય છે. વાદ્યોમાં ઢોલ, ખંજરી, મંજીરા અને શરણાઈ વગાડવામાં આવે છે.

આ 'સપ્તરમત' વિશેષ પ્રકારનો રાસ અન્નદાતા અને આરાધ્ય દેવીમાં સોનલ આઈને પ્રસન્ન કરવા કે રિઝવવા માટે જ અસ્તિત્વમાં આવ્યો છે. નવરાત્રી ઉત્સવમાં તો ખરૂં જ પણ વિશેષ કરીને પોષસુદ બીજે સોનલ આઈના પ્રાગટ્યોત્સવ દિને ખાસ રમાય છે. વળી, સમય જતાં તે દંડ રાસક (દાંડિયા રાસ) નાં સ્વરૂપે થતાં જન્માષ્ટમીનાં પર્વે પણ આ લોકનૃત્ય થવા લાગ્યું. સપ્તરમત દાંડિયા રાસ પુરુષો દ્વારા જ ખેલાય છે.

**પોષાક :**

સફેદ રંગની ચરણી (ચોરણી), આભો (ખમીસ), વાદળી રંગનું કેસરિયા રંગની ઝાલરવાળી ભેટ તથા ગુલાબી રંગનું માથા બાંધણું (રૂમાલનો ફટકો) હોય છે. આભાની ચાળ ભેટની અંદર આવી જાય છે.

**આભૂષણ :**



માતાજીની આરાધના તથા શાસક સમક્ષ વિનીત ભાવે કરાતાં આ નૃત્તમાં પુરુષો આભૂષણો પહેરતા નથી. સંપત્તિનો ભભકો પણ નહીં, નૃત્ત આરાધનામાં સાદગી ભાવે જોડાય છે.

**ગીત :**

સપ્તરમતમાં દુહા, છંદ, ભજન, સાખી ગવાય છે.

અન્નદાતા સમક્ષ રજુ કરાતું હોવાથી માતૃભૂમિ કચ્છ અસ્મિતા પ્રશસ્તિ દુહો -

**ચોમાસે વાગડ ભલો,**
**ઉનાળે ગુજરાત,**
**શિયાળે સોરઠ ભલો,**
**કચ્છડો બારેમાસ.**

જન્માષ્ટમી પર કૃષ્ણભક્તિ, ગોપીભાવ, સખીભાવથી કૃષ્ણની મોરલીથી મોહિત થઈને.....

**મોહન આંજી મોરલી મિઠ્ઠી કેડા કામણ ક્યાં,**
**કેડ ! કામણ ક્યાં ભલા ભલા ભાન ભૂલી વ્યાં...**

મા આશાપુરા - કચ્છ પ્રાન્તનાં અધિષ્ઠાત્રી દેવી છે. તેની આરાધનાનો ગરબો ગવાય છે.

**કચ્છી દાંડિયા - તલવાર રાસ :**

વિજય ઉલ્લાસનું વીરરસ પ્રધાન આ રાસ નૃત્ત કચ્છનાં રાજપૂત વંશીઓ આજે પણ એવા જ ઉમંગથી ખેલે છે.

ગોધન બચાવવા, કનડગત રોકવા કે સત્તાઓ-સીમાઓ સાચવવા થતાં ધર્મયુદ્ધોમાં રાજપૂત વંશ આગેવાની કરતો. યુદ્ધ સમયે રણ મેદાનમાં જે શહીદ થાય તે વીરની ખાંભી મૂકાતી અને વિજયોત્સવ સ્વરૂપે રાસ રમાતો. ભગવાન રામચંદ્રજી લંકા વિજય કરી બેસતા વર્ષે અયોધ્યામાં આવ્યા તેની વધામણીએ રાસ રમાય છે. ઢોલ અને શરણાઈ તેનાં મુખ્ય વાદ્યો છે. લોકસ્વર, લોકતાલ તથા લોકરાગનો ત્રિવેણી સંગમ પરંપરાગત સંગતનો આનંદ આપે છે.

રાજપૂતવંશી રાસનાં ખેલૈયાઓ એક હાથમાં દાંડી (દાંડિયો) અને એક હાથમાં તલવાર લઈને ખેલે છે. ઢોલી વચમાં ઊભો રહે છે અને ફરતે વર્તુળમાં જોડીદાર સામ-સામે ઊભા રહીને જોડી-જોડી રમે છે. ૨૦ થી ૩૦ પુરુષો આ વિજય ઉલ્લાસનું વીરરસ પ્રધાન રાસનૃત્ત ખેલે છે.

**પોષાક :**

પરંપરાગત વેશભૂષામાં સફેદ રંગનાં વસ્ત્રો પહેરે છે. સુરવાલ (ચોરણી)-ઝભ્ભો તથા ભેટ બાંધે છે. ટૂંકી બંડી લાટ (સાદી) પહેરે છે. માથે કેસરી રંગની લહેરિયા ભાતની પાઘડી પહેરે છે. યુદ્ધ નૃત્ય હોઈ દાગીના પહેરવામાં આવતા નથી.

ગીતો યુદ્ધ ભૂમિનાં વીર પ્રશસ્તિ કરતાં હોય તેવાં ગવાય છે.

કચ્છી રાગ 'આસા રાગ' માં પ્રારંભે રાગના સૂરનો આલાપ બાંધવામાં આવે છે, જેને સાદ બાંધવો કહેવાય છે. ત્યાર પછી આરાધ્ય દેવી માતાજીની સાખી અથવા માનવ જીવન બોધની સાખી ગવાય છે.

**ગુજરાતી :**

**અરજ સુની અમ તણી માં ભગવતી રેજો ભેર,**
**દૈત્ય વિદારણ દેવીયા, મા તું કરજો મેર**

**કચ્છી :**

**જીવો તાં જેર મથીયો**
**સક્કર થિયો સેણ**
**મરી વેધાં માડુ વા**
**રેધાં ભલી જા વેણ**

(જીવો ત્યાં સુધી મીઠપથી જીવો, જિંદગીને કડવી ઝેર ન કરો, દરેકને મરી જવાનું છે, પણ સારૂં - મીઠું બોલ્યાં-જીવ્યાં હશે તે અમર રહેશે.)

**રાસ ગીત :**

**ઉંના તે રણમાં ઉડે જીણી રેત**
**કાળા તે રણમાં ઉડે જીણી રેત**
**આયો સાંઢિડો જાડેજાનો ઝુલતો**
**વાળી લે તું ઉમરસંગ**

**તારા ઘોડલિયાને બાંધજે ઘોડારમાં**
**તારા સાંઢણિયાને બાંધજે તું**
**વાળી લે તું ઉમર સંગ**

**સીદી ધમાલ :**

કચ્છના સીદીઓ ગુજરાતી અને 'કચ્છી' ભાષા બોલે છે. તેઓ બાવાગોરનાં અનુયાયી મુરીદો હોય ગોમા (રફાઈ) ધમાલની જકરિયો (શાયરી રૂપે સ્તુતિઓ) તળપદી ઉર્દુમાં ગાય છે. જેમાં હમ્દે બારેત્આલા (સ્તુતિ) નાતે રસુલ (સ.વ.) મુનાજાત, શયરે ઈલ્તેજા વિ. ગોમી લય અને ઝલકની શૈલીમાં ધીમા સંગીતમાં તેમજ ધમાલમાં 'જકરિયો' પુરુષો ગાય છે અને સ્ત્રીઓ ઝીલે છે. કેટલાક સીદીઓ જેઓ વહાણવટી તરીકે આવ્યા છે તેઓ કેનિયા, તાન્જાનિયાની સ્વાહીલી (સવાલી) ભાષામાં થોડા થોડા શબ્દો બોલે છે. કચ્છનાં સીદીઓ ઈસ્લામ ધર્મ પાળે છે. કચ્છનાં મુખ્ય શહેરોમાં 'બાવાગોર' ના છીલ્લા આવેલા છે. ત્યાં ઉર્ષ યોજવામાં આવે છે.

સન્ ૧૮૮૭ થી લાલ મહોમ્મદભાઈ સીદીનાં પહેલાનાં સમયથી કચ્છ પ્રાંતમાં સીદી ધમાલ નૃત્ય રમાતું આવ્યું છે.

લોકો એક સમૂહમાં રહી, ઢોલ વગાડી, નૃત્ય કરી, તેની સાતત્ય પૂર્ણ પ્રસ્તુતિ કરે તેને 'ધમાલ' કહેવાય છે, જેમાં તેમના સંત બાવાગોર સાહેબનાં રટણ સાથે તેમને આ નૃત્ય સમર્પિત કરવામાં આવે છે. - આમ આ ભક્તિ પ્રધાન નૃત્ય છે.

**સીદી ધમાલનાં પ્રકારો આ પ્રમાણે છે.**

(૧) સૂફી ધમાલ (બેઠી ધમાલ)
(૨) કવ્વાલી
(૩) ઊભી ધમાલ
(૪) ઝૂલૂ નૃત્ય (રંગમંચ પ્રસ્તુતિ)

**(૧) સૂફી ધમાલ (બેઠી ધમાલ) :**

આ ધમાલમાં સૂફી કલામ ગવાતા હોઈ તેને સૂફી ધમાલ પણ કહેવામાં આવે છે. સ્ત્રી-પુરુષો સફેદ વસ્ત્રો, માથે રૂમાલ બાંધીને ધીમા તાલે બિસ્મીલ્લાહથી શરૂ કરવામાં આવે છે. અલ્લાહતાલા, પૈગમ્બર સાહેબ, સંત બાવાગૌર સાહેબ તથા તેનાં પરિવારજનોની જીક્રી (જક્કરી, જીકર) રટણ કરવામાં આવે છે. સવાલી ભાષાનાં શબ્દો વપરાય છે. જેમ કે મૌજે, લહેરે, ઈત્યાદી.

**(૨) કવ્વાલી :**

જુદા જુદા કલામ બનાવે છે, જેમાં ગીત, સ્તુતિ, સ્તવન દ્વારા આરાધના કરવામાં આવે છે.

**(૩) ઊભી ધમાલ :**

પીર બાવાગૌર સાહેબનાં ઉરસ નિમિત્તે, ધાર્મિક વાતાવરણમાં પુરુષો, સ્ત્રીઓ તથા સ્ત્રી-પુરુષો સાથે મળીને કુળપીરની આરાધના સ્વરૂપે સંગીતમય લયથી જીક્રી કરે છે. સીદીઓનાં નૃત્યમાં વિશિષ્ટ વાજીંત્રો હોય છે. તેના તાલ અને લયમાં સંગીતવાદકો ઓતપ્રોત થઈ ભાતીગળ મદ્ગલ નાચ કરે છે. તેમાં પુરુષો અથવા મુખ્ય એક વ્યક્તિ જીક્રી ગાય છે અને બાકીના સ્ત્રી-પુરુષો કોરસ સ્વરૂપે ઝીલે છે. પુરુષો ઘૂમરીઓ લે છે અને ઢોલક ખંભે રાખી વગાડતા વગાડતા ગોળાકાર રમે છે. ગોમા માટે વચ્ચે ચોકમાં સંગીતનાં વાજીંત્રો -સાઝો રાખે છે. જેમાં નોબત અને મુસીંદો (મોટો ઢોલ) વગાડીને લય આપે છે. તેમાં મુગરમાના વાજીંત્ર ને થાપ આપીને તાન અને તાલમાં આવી ઉત્સાહમાં ઘૂમરીઓ મારીને ગાય છે.

પુરુષો મોહક મુદ્રાઓમાં રમુજી ચહેરા કરીને જોશ તથા આવેગમાં અંગ મરોડથી ઝૂમે છે. ભાવમય અભિનય, સંવાદ અને સંગીતના સ્વરોમાં નાચે છે. તેમાં 'મીસરાની' (વાજીંત્રની) ઘૂઘરીઓના અવાજ તથા મુરગો (વાજીંત્ર)ની તીણા અવાજમાં સંગીતમય બનાવી વચ્ચે વચ્ચે 'નફીલ' શીંગા (શંખ) ફૂંકે છે તેમાં જેને વાસો આવે તેને મુખ્તો (લાલ દંડો), પીછી (મોરપીચ્છ) આપે છે જેનાથી ધૂણે છે. વાસાને તળપદીમાં 'હાલ' કહે છે. આ સમયે ઘણા મુરીદો બાવાગોર (રહે. અ) ના સીજરાનું પઠન પણ કરે છે.

### (૪) ઝૂલુ નૃત્ય :

આ નૃત્ય મેળાઓ દરમિયાન મેદાનમાં તથા ખાસ તો લોકકલાને પ્રોત્સાહિત કરનારા ઉત્સવોમાં સીદી નૃત્ય સંસ્કૃતિને રંગભૂમિ પર પ્રદર્શિત કરવાની હોય છે ત્યારે કરવામાં આવે છે.

પક્ષીઓનાં પીછાં, પશુઓનાં ચામડાં તથા મહોરા - શિંગડાનો પહેરવેશ તે ઝૂલુ નૃત્યની આગવી ખાસિયત ગણાવી શકાય. રંગભૂમિ પર પ્રસ્તુત થતાં આ સીદી ધમાલ ઝૂલુ લોકનૃત્યમાં બહેનો ભાગ લેતી નથી.

પ્રકૃતિનાં પાંચેય તત્વોની તથા અરણ્ય (આશ્રય-નિવાસ સ્થાન)ની આરાધના માટે થતાં આ નૃત્યમાં તેમનાં જીવનના જુદા-જુદા પ્રસંગો તથા જુદા-જુદા શિકારો દર્શાવવામાં આવે છે.

રંગમંચ પ્રસ્તુતિને ધ્યાને લઈને બારથી સોળ વ્યક્તિઓની સંખ્યામાં આ નૃત્ય કરવામાં આવે છે. જેમાં ચાર જણા/વ્યક્તિ વાદ્યોથી સંગત કરનાર હોય છે. નૃત્ય કરનારી મંડળીમાંથી એક વ્યક્તિને મુખી (મુખિયા) તરીકે દેખાડવામાં આવે છે. બધાં એક હરોળમાં તથા ચાર-ચારની હરોળમાં સામસામાં કાટખૂણે ગોઠવાઈ જાય છે અને ધમાલ કરે છે. આને બાંટુકુળ ભાષાનો શબ્દ - 'ગોમા' નૃત્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નૃત્યમાં તાલ બહુ જ અગત્યનો અંગ ગણાય છે. મુખ્યત્વે બે જાતની બીટ્સ વગાડાય છે. સાથે જીક્રી પણ ગવાતી જાય છે. જીક્રી બદલાતી જાય અને સાથે બીટ્સ અને એની લય પણ બદલાતો જાય છે.

(૧) બીટ્સ - ડૂમ ડૂમ ડૂમ (એક જ થાપી આપી વગાડાય છે.)

જીક્રી - બાના જાંબો બાના (આવો, આવકાર નો ભાવ)

(૨) બીટ્સ - ધૂમ્પાક ધૂમધૂમ (બે ગણીલય)

જીક્રી - સો બિલાલે સો બિલાલે (પૈગમ્બરનાં ગુલામને યાદ કરવામાં આવે છે.)

(૩) બીટ્સ - ધૂમ્પાક ધૂમધૂમ (ની ઝડપ ધીમે ધીમે ખૂબ જ વધતી જાય છે.)

જીક્રી - કાંગા મેવા મિસરી (કપડાં, ખાંડ, ફળ)

**સવાલી ભાષામાં એક ક્રી**

સાલ મીની સાલ મીની સાલ મીની મિસ્કીની
સાલ મીની યા મલુંગો

(બચાવો બચાવો બચાવો અમને સલામતી બક્ષો, અમારા વાદ્યોને સલામતી બક્ષો)

ઈશ્વર આરાધના માટેનું સહાયક સાધન-વાદ્ય તેની પણ સલામતી માટે પ્રાર્થના કરવામાં આવે છે જેથી કપરા કે સારા સમયમાં તેની મદદથી બંદગી થઈ શકે, ઈશ્વરનાં આભારી બની શકાય

**સીદી મામા સીદી મામા સીદી મામા સીદી મામા સાલ મીની યા મલુંગો.**

o

**સીદી મામા સીદી ઢો ઢો સીદી મામા સીદી ઢોઢો સાલ મીની યા મલુંગો**

o

**ઝંગબારી હપા ગેમ, ઓ ઝંગબારી હપા ગેમ**
**ઝામતીડી તીડી ઝામ તીડી તીડી**
**ગોરી શાહ કા હે ગોમા**
**ગોરી શાહ કા હે ગોમા**
**ઝામતીડી તીડી ઝામ તીડી તીડી**

**ઓ મિશર કા હે ગોમા, મિશર કા હે ગોમા**
**ઝામતીડી તીડી ઝામ તીડી તીડી**

**બા અબસ કા હે ગોમા,**
**આ અબસ કા હે ગોમા**
**ઝામતીડી તીડી ઝામ તીડી તીડી**

**પોષાક :**

ભાઈઓ કમર પર સફેદ કપડાનું પોત વાળે છે. શરીર પર દિપડા, ચિત્તા કે સિંહના ચામડાની ભાતનાં કપડાં પહેરે છે. કમર પર મોર અથવા અન્ય પક્ષીઓનાં પીછા બાંધે છે. માથા પર મુકુટ પહેરે છે, જેમાં મોતીઓ તથા વિવિધ પક્ષીઓનાં પીંછા ખોસવામાં આવે છે.

માટીનાં રંગો કે ચોક પાઉડર વડે મોઢું, હાથ, પગ, પેટ, પીઠ વગેરે પર ટપકાં, ચોરસ વગેરે આકારોનું ચીતરામણ કરવામાં આવે છે. હાસ્ય, રહસ્ય અને ભય મિશ્રિત વાતાવરણ ઊભું કરવા માટે ચહેરો આખો સફેદ અથવા કાળા રંગનો કરવામાં આવે છે. કેટલાક અડધું મોઢું કાળું અને અડધું સફેદ રંગથી રંગે છે.

**વાદ્યો :**

સીદીઓનાં ભાતીગળ સાંસ્કૃતિક આધ્યાત્મિક નૃત્યમાં વંશપરંપરાગત રીતે જાળવીને રખાયેલા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

(૧) મુસીંદો (મોટો ઢોલ)
(૨) મુગરમાનો (સેલાની)
(૩) નોબત
(૪) ઢોલકીઓ
(૫) મીસરા
(૬) મુખ્તો (દંડો)
(૭) નફીલ (શંખ)
(૮) મુરગો
(૯) પીંછી વગેરે સામગ્રીનો સંગીત વાદ્યો તરીકે ઉપયોગ
(૧૦) મલુંગા (સંગીત કમાન)

નૃત્ય પ્રસ્તુતિ વખતે કેન્દ્રમાં જે ઢોલ રાખવામાં આવે છે તેને સીદીમામા (મુસીંદો-મોટો ઢોલ) અને મુરમાન પણ કહેવાય છે. માઈ મિસરા જે બાવાગોરનાં બહેન માઈ સાહેબમાંની નિશાની તરીકે ઓળખવામાં આવે છે. તે નાળિયેરના કાચલામાં કોડીઓ અથવા રત્નો (ચમકતા પથ્થર) ભરીને બનાવવામાં આવે છે. નસીલ-શંખનો ધ્વનિ ધમાલનાં પ્રારંભે બિસ્મીલ્લાહ વખતે તથા વચ્ચે-વચ્ચે પણ વગાડવામાં આવે છે. મલુંગા-ઘેટાં, બકરાની તાંત (આંતરડા) માંથી બનાવેલી સંગીત કમાન પણ વગાડવામાં આવે છે.

**પાદટીપ :**

(૧) કચ્છની અસ્મિતા - કચ્છ મિત્ર વિશેષાંક
(૨) કચ્છના કવિઓ અને સંતો - શ્રી દુલેરાય કારાણી

## અભ્યાસ તથા સંદર્ભગ્રંથ સૂચિ


(૧) આપણા રાસ ગરબા - શ્રી જયમલ્લ પરમાર
(૨) આપણી લોકસંસ્કૃતિ - શ્રી જયમલ્લ પરમાર
(૩) સૌરાષ્ટ્ર : સત્યમ્ શિવમ્ સુંદરમ - શ્રી લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
(૪) સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ - શ્રી લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
(૫) મારો ગરબો ઘૂમ્યો - કલ્લોલિની હઝરત
(૬) રાસ અને ગરબા - રા.વિ. પાઠક, ગોવર્ધન પંચાલ
(૭) લલિતકલા દર્શન - જ્ઞાનગંગોત્રી શ્રેણી
(૮) મણિપુરી નર્તન - શ્રી ગોવર્ધન પંચાલ
(૯) ભારત કે લોકનૃત્ય - ડો. શ્યામ પરમાર
(૧૦) આદિવાસી લોકનૃત્યો - રેવાબહેન તડવી, શંકરભાઈ તડવી.
(૧૧) યોજના માસિક
(૧૨) અર્થાત્ સામયિક
(૧૩) એતદ્ સામયિક
(૧૪) ગરબાની વ્યુત્પત્તિ, ઉત્પત્તિ અને રહસ્ય (સ્વાધ્યાય દીપોત્સવી અંક) - શ્રી અ.ન. જાની
(૧૫) લોકસાહિત્ય કી ભૂમિકા - ડો. કૃષ્ણદેવ ઊપાધ્યાય
(૧૬) ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાહો - શ્રી હરકાંત શુક્લ
(૧૭) ગરબો : પૂજા અને પ્રદક્ષિણા - ડો. શરદ વૈદ્ય
(૧૮) રાસડાનો રંગ - શ્રી ખોડીદાસ પરમાર
(૧૯) લોકસાહિત્ય - ડૉ. બળવંત જાની / ડૉ. અંબાદાન રોહડીયા
(૨૦) કચ્છની અસ્મિતા - કચ્છ મિત્ર વિશેષાંક
(૨૧) કચ્છના કવિઓ અને સંતો - શ્રી દુલેરાય કારાણી
(૨૨) પ્રા. નિષ્ઠા દેસાઈની કચ્છ મુલાકાત















**પ્રકાશક :** માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ● **મુદ્રક :** સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ